સીટી માટે....

પાનાં : ૨૦+૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૩ નવેમ્બર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

વાંચન વિશેષ

સહિયર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૯ વર્ષ : ૯૪, અંક : ૨૯૯ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

### આંધ્ર ઉપરાંત ઓડિશા, તેલંગણા અને છત્તીસગઢમાં તોફાન સાથે ભારે વરસાદ

# મુરાસુ વાવાઝોડું આંધ્રમાં ૧૨૦ કિ.મી.ની ઝડપે ટકરાશે

(પીટીઆઈ)

ચેન્નાઈ, તા. ૨

બંગાળની ખાડીમાં એક જ સપ્તાહમાં બીજી વખત વાતાવરણ પલટાતાં વાવાઝોડું સર્જાયું હતું. હજુ તો અર્નબ વાવાઝોડું માંડ શાંત પડ્યું અને તેની રાહત-બચાવ કામગીરી ચાલી રહી છે ત્યાં જ મુરાસુ નામનું વાવાઝોડું ત્રાટક્યું છે. આંધ્રપ્રદેશના કાંઠે ૨જી તારીખે મધરાત પછી કે ૩જી તારીખે વહેલી સવારે નેલ્લોર અને નરસાપુરની વચ્ચે મુરાસુ વાવાઝોડું ટકરાશે. તેના કારણે ભારે પવન ફૂંકાશે, દરિયાના મોજાં ૧૦-૧૨ ફૂટ સુધી ઊંચા ઉઠશે. તીવ્ર પવન અને ભારે વરસાદની આગાહી હોવાથી ઘણી ફ્લાઈટ્સ કેન્સલ કે ડાઈવર્ટ કરવી પડી હતી. આંધ્ર ઉપરાંત તેલંગણા, ઓડિશા અને છત્તીસગઢમાં આ વાવાઝોડાંની વધારે અસર થશે. તે સિવાયના ઘણાં રાજ્યોમાં હળવાથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.



## દક્ષિણ ભારતના દરિયાકાંઠે ૧૦-૧૨ ફૂટ ઊંચા મોજાં ઉછળશે : આંધ્રમાં બે ડઝનથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ, દિલ્હીથી રાહત-બચાવ ટૂકડીઓ બોલાવાઈ

આંધ્રપ્રદેશના નેલ્લોરથી ૧૦૦ કિલોમીટર, કવાલીથી ૧૨૦ કિલોમીટર, ચેન્નાઈથી ૧૫૦ કિલોમીટર દૂર દરિયામાં મુરાસુ વાવાઝોડું પહોંચી ગયું છે. ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આગળ વધી રહેલું આ વાવાઝોડું આંધ્રના કાંઠે નેલ્લોર નજીક ટકરાશે. ૧૨૦ કિલોમીટરની પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે અને વાવાઝોડાંની સાથે ભારે વરસાદ પણ થશે. નીચાણવાળા વિસ્તારોમાં ને કાંઠાં વિસ્તારોમાં રહેતા હજારો લોકોને ખસેડીને આશ્રયગૃહોમાં લઈ જવાયા હતા. આંધ્રની સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ઉપરાંત દિલ્હીથી પણ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્ટ ફોર્સને બોલાવીને રાહત-બચાવ કામગીરી સોંપવામાં આવી હતી. આંધ્ર ઉપરાંત ઓડિશામાં પણ લોકોનું સ્થળાંતર કરાવાઈ રહ્યું છે. આ બંને રાજ્યોમાં હજુય થોડા દિવસ પહેલાં જ ત્રાટકેલા અર્નબ વાવાઝોડાંના કારણે જે નુકસાન થયું હતું તેની રાહત-બચાવ કામગીરી ચાલી રહી છે ત્યાં આ નવી આફત આવતા લોકો ત્રસ્ત બન્યાં છે. હજારો લોકો હજુય અર્નબ વાવાઝોડાંના કારણે વીજળી ગુમાવીને અંધારપટ્ટમાં રહેવા મજબૂત બન્યાં છે. તેમને વીજળી પહોંચાડવા માટે કામગીરી ચાલી રહી છે ત્યાં ફરીથી હજારો લોકોના ઘરોમાં વીજળી ગૂલ થવાની દહેશત છે. અર્નબ વાવાઝોડાંથી આંધ્રમાં જ ૧૫૦૦ વીજ પોલ પડી ચૂક્યા હતા ને તેને ફરીથી શરૂ કરવાની મથામણ શરૂ થઈ હતી.

આંધ્ર અને તેલંગણાની વચ્ચેના ભૂભાગમાં જઈને આ વાવાઝોડું ટકરાશે. તેની અસર કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને છેક મધ્યપ્રદેશ, બિહાર સુધી થશે. આ રાજ્યોમાં પણ વાતાવરણમાં પલટો આવી શકે છે અને હળવાથી ભારે વરસાદની આગાહી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ દિલ્હીની મુલાકાત રદ્ કરીને રાહત બચાવ કામગીરીની સમીક્ષા કરી

(અનુસંધાન ૧૧મે પાને)

**કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર સુધી વરસાદ થવાની ધારણા**

**આંધ્ર-ઓડિશાના વિસ્તારોમાં શાળા-કોલેજો બંધ રાખવાનો આદેશ**




છેલ્લા ઘણા સમયથી એઆઈનું વધતું પ્રભુત્વ દરેક ક્ષેત્રમાં જોવા મળી રહ્યું છે. ઘણાએ ઈમેઈલ જેવા મોટાભાગના કામ ઓટોમેટ કરી દીધા છે. ત્યારે, ઘટતા ક્રિએટિવીટીના સ્તરને લઈને ચર્ચાઓ થઈ રહી છે. આ વચ્ચે ચીન તેના હ્યુમનોઈડ્સને વિશ્વના બજારમાં મૂકવા માટે મહેનત કરી રહ્યું છે. હ્યુમનોઈડ્સ માટે અનેકવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સોમવારે હ્યુમોઈડ્સ માટે માઉન્ટેન ક્લાઈબિંગનો ઈવેન્ટ યોજાયો હતો. આ ઈવેન્ટ પરથી અંદાજ લગાવી શકાય કે, આવનારા સમયમાં માણસ ફિટ રહેશે નહીં, તે ફિટ રહેવાનું કામ રોબોટને સોંપશે. તેને જ જીમમાં મોકલશે, દોડાવશે, પર્વત ચઢાવશે, મેરોથોન દોડાવશે. માણસ માટે પ્રવૃતિમય બન્યા રહેવું ચેલેન્જિંગ બનશે. જેમ, હાલ બધા ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, યુટ્યુબ જેવી એપ્સ દરરોજ ૩-૪ કલાક સુધી યુઝ કરી રહ્યા છે. તેવી જ રીતે હ્યુમનોઈડ્સને કામ સોંપવામાં બિઝી થઈ જશે. પરંતુ, સૌથી મોટો સવાલ એ કે, હ્યુમનોઈડ્સને કામ સોંપીને પોતે શું કરશે? કોઈ કામ શરૂ કરવાથી લઈને તેને પૂર્ણ કરવા સુધીની પ્રવૃતિમાંથી મળતો આનંદ ક્યાંથી લાવશે?

### કેલિફોર્નિયામાં ૨૦ હજાર મતો રદ્ કરવા ટ્રમ્પ સરકાર કોર્ટમાં

# અમેરિકામાં આજે મિડ-ટર્મ ઈલેક્શન હારની ધારણા વચ્ચે ટ્રમ્પની વીટોની ધમકી

વૉશિંગ્ટન, તા. ૨

અમેરિકામાં મિડ-ટર્મ ઈલેક્શનના ભાગરૂપે અમેરિકન કોંગ્રેસના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ બેઠકો, ઉપલા ગૃહ સેનેટની ૨૫ બેઠકો અને ૩૭ રાજ્યોના ગવર્નરની ચૂંટણી માટે મતદાન થશે. મતદાનના કલાકો પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે જો તેમની પાર્ટી ચૂંટણી હારી જશે તો એ વીટો વાપરીને પણ પોતાનું ધાર્યું કરશે. દરમિયાન કેલિફોર્નિયામાં ૨૦ હજાર મતો કે જે મેઈલથી મળ્યાં છે તેને રદ્ કરવા ટ્રમ્પ સરકારે કોર્ટમાં અરજી કરી છે.

**સેનેટમાં હારી જઈશ તો મિસ્ટર વીટો બની જઈશ, પણ ડેમોક્રેટ્સને ધાર્યું નહીં કરવા દઉં : ટ્રમ્પ, ઈરાન યુદ્ધના કારણે પ્રમુખ સામે સ્થાનિક સ્તરે ભારે અસંતોષ**

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીનું વોટિંગ શરૂ થાય તે પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે જો તેમની પાર્ટી ચૂંટણી હારી જશે તો શું થશે? ટ્રમ્પે કહ્યું હતું કે હું હારી જઈશ તો મિસ્ટર વીટો બની જઈશ, પરંતુ ડેમોક્રેટ્સનું ધાર્યું તો નહીં જ થવા દઉં. હું ડેમોક્રેટ્સને બધું બરબાદ કરવા નહીં દઉં. અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણી પહેલાં રજૂ થયેલા સર્વેક્ષણોમાં કહેવાયું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી ચૂંટણી હારી જશે. ખાસ તો અમેરિકન કોંગ્રેસના નીચલા ગૃહની તમામ બેઠકોની ચૂંટણી થઈ રહી છે. અત્યારે ૪૩૫માંથી ૨૧૮ બેઠકો રિપબ્લિકન પાર્ટી પાસે હતી. ૨૧૮ બેઠકોથી બહુમતી સાબિત થાય છે. વિપક્ષ ડેમોક્રેટ્સ અને ગઠબંધન પાસે

(અનુસંધાન ૧૧મે પાને)

**બેધડક** -મંજુલ



આ દેખાવો કરનારા પોલીસ કર્મચારીઓનું આપણે શું કરીશું ? તેમની અટકાયત કરીને તેમની પાસે પીસ બોન્ડ સાઈન કરાવીએ !

### મોંઘવારીથી નારાજ મતદારોને રિઝવવા પ્રયાસ

# ટ્રમ્પે ચૂંટણીઓમાં મફત રેવડીનો પ્રારંભ કર્યો : ખેડૂતોને ૧૫ અબજ ડોલરનો વાયદો

સિઓક્સ ફોલ્સ(અમેરિકા),તા.૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નિષ્ફળ ગયેલી ટેરિફ નીતિ અને ઈરાન સામેના યુદ્ધમાં પણ ખાસ સફળતા ન મળવાથી બધી રીતે રેવડી દાણાદાળ થઈ ગઈ છે. તેથી હવે તેમણે મિડટર્મ ઈલેક્શન જીતવા માટે અંતિમ દાવ ઉતરતા અમેરિકન ખેડૂતોને ૧૫ અબજ ડોલરની મફતની રેવડીનું વચન આપ્યું છે. તેનો હેતુ ડીઝલ અને ખાતરના ઊંચા ભાવના લીધે ખેડૂતોને પડેલા ફટકાની સામે વળતર આપવાનું રહેશે. તેમને આ ફટકો પણ ટ્રમ્પના ઊંચા ટેરિફ અને ઈરાન સામેના યુદ્ધના કારણે પડ્યો છે.

**ડીઝલના આકાશને આંબતા ભાવ સામે રાહત માટે ખેડૂતોને વન ટાઈમ પેમેન્ટ તરીકે આઠ અબજ ડોલરની સહાય જાહેર**

આ બતાવે છે કે મફતની રેવડી હવે ફક્ત એશિયાઈ, આફ્રિકન કે અવિકસિત દેશોનો જ ઈજારો રહી નથી. અમેરિકા જેવી મહાસત્તામાં પણ સત્તા ટકાવવા માટે આ પ્રકારની રેવડીનો ઈજારો લેવામાં આવે છે. સામાન્ય રીતે ખેડૂતોને પરંપરાગત રીતે રિપબ્લિકન મતદારો માનવામાં આવે છે. પણ આ વખતે ડીઝલના ભાવ ઊંચા જતા અને એન્ટિ ઈમિગ્રેશનની કવાયતના લીધે વિદેશી ખેતમજૂરો ભાગી જવાના કારણે ખેડૂતોની સ્થિતિ કપોડી થઈ છે ત્યારે તે કઈ બાજુ ઢળે તે કલ્પવું અકળ છે.

ટ્રમ્પ તંત્રએ જાહેર કરેલી કુલ ૧૫ અબજ ડોલરની સહાયમાંથી આઠ અબજ

(અનુસંધાન ૧૧મે પાને)

**કૃષિ મંત્રાલયે ૨૦૨૫ના પાક વર્ષ માટે ૧૩.૮ અબજ ડોલરનો સેફ્ટી નેટ પ્રોગ્રામ પણ જાહેર કર્યો**

### સેન્સેક્સમાં ૧૨૩૩ પોઈન્ટની છલાંગ

# ભારતીય રોકાણકારોની સંપતિમાં રૂ.૭.૯૨ લાખ કરોડનો વધારો

અમદાવાદ, તા. ૨

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થતા આજે અમેરિકી શેરબજારમાં કામકાજના પ્રારંભિક તબક્કામાં તેજી જોવા મળી હતી. જેના પગલે ડાઉજોન્સમાં પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

**પશ્ચિમ એશિયામાં વાટાઘાટોની આશાથી ક્રૂડ તૂટી ૧૦૫ ડોલર થતાં ડાઉજોન્સમાં ઉછાળો**

આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ૬% થી વધુ ઘટીને પ્રતિ બેરલ આશરે ૧૦૫ ડોલર પર ઉતરી આવ્યા હતા. તેવી જ રીતે, યુએસ ફ્યુચર્સના ભાવ પણ ૬% થી વધુ ઘટીને લગભગ ૯૭ ડોલર પર રહ્યા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો ફરી શરૂ થઈ શકે છે તેવી આશાઓ વચ્ચે તેલના ભાવમાં ફેરફાર જોવા મળ્યો હતો. વોશિંગ્ટન આ સંઘર્ષનો ઉકેલ 'શાંતિપૂર્ણ રીતે' લાવવા ઈચ્છે છે. ઈરાનના સરકારી મીડિયાએ પણ અહેવાલ આપ્યો છે કે જો અમેરિકા સદભાવના દર્શાવે તો બંને દેશો વચ્ચે સમજૂતી શક્ય છે.

આ અહેવાલો પાછળ આજે અમેરિકી શેરબજારમાં તેજી જોવા મળી હતી. જેના પગલે ડાઉજોન્સમાં ૫૪૧ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તે ૫૨,૩૧૧ પર કાર્યરત હતો. જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ ૧૯૨ પોઈન્ટ વધી ૨૫,૬૨૯ પર કાર્યરત હતો.

દરમિયાન ક્રૂડ તેલમાં કડાકો, એલટીસીજી નાબૂદ કરવા સેબીની તરફેણ તેમજ સારા કોર્પોરેટ રિઝલ્ટની અસર પાછળ આજે ભારતીય શેર બજારોમાં ફરી તેજી તરફી વલણ રહ્યું હતું. ઈરાન સાથે યુદ્ધ અંત માટે કતારમાં વાટાઘાટના અહેવાલોએ ક્રૂડ ઓઈલના ભાવ તૂટવાનું પોઝિટીવ પરિબળ પણ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં તેજીને વેગ આપનાર નીવડ્યું હતું. આ સાથે અમેરિકી

(અનુસંધાન ૧૧મે પાને)

**UPI થકી રૂ. ૩૧.૬૩ લાખ કરોડના વિક્રમી વ્યવહાર વાંચો વ્યાપાર પાને**

### દરેક ટેલિકોમ ઓપરેટરે એઆઈ પોલિસી બનાવવી પડશે

# એઆઈ કંપનીઓની પ્રોડક્ટની જવાબદારી ટેલિકોમ કંપની પર : ટ્રાઈનો નવો ડ્રાફ્ટ

નવી દિલ્હી,તા.૨

ટ્રાઈ (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ના નવા નિયમે ટેલિફોન ઓપરેટર કંપનીઓમાં હડકંપ મચાવી દીધો છે. ટ્રાઈનો નવો ડ્રાફ્ટ નિયમ છે કે થર્ડ પાર્ટી એઆઈ નિષ્ફળતા માટે પણ ટેલિકોમ ઓપરેટરની જ જવાબદારી ગણાય. બીજી બાજુએ એઆઈ બનાવનારી એન્થ્રોપિકે પોતે તેને પ્રોડક્ટ નહીં પણ સર્વિસ ગણાવીને કોઈપણ પ્રકારની જવાબદારીને સ્વીકારવા ઈન્કાર કરી દીધો છે.

**દરેક એઆઈ સિસ્ટમ્સને હાઈ, મીડિયમ અને લો રિસ્ક કેટેગરીમાં વિભાજીત કરાશે, તેના પછી વર્ગીકરણ પણ કરાશે**

આ અત્યંત આંચકાજનક ઘટનાક્રમમાં ટેલિકોમ ઓપરેટરોની સ્થિતિ ઘંટીના બે પડ વચ્ચે પીસાવવા જેવી થઈ છે. એકબાજુએ રેગ્યુલેટર તેમના પર એઆઈ અંગે આકરા નિયંત્રણો લાદીને તેમને જવાબદાર ઠેરવી રહ્યું છે. બીજી બાજુએ એઆઈ કંપનીઓ તેને પ્રોડક્શન નહીં સર્વિસ ગણાવીને કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. તેના પગલે પરિસ્થિતિ એવી છે કે કોઈપણ એઆઈ પ્રોડક્ટ્સનો ઈન્શ્યોરન્સ પણ ઉતારી શકાતો નથી. બજારમાં દરેક વસ્તુનો વીમો છે, પરંતુ એઆઈ પ્રોડક્ટ્સનો કે એઆઈ એજન્ટ્સનો વીમો નથી, તેના વીમાની વાત આવે તરત જ એઆઈ કંપનીઓ કહે છે કે અમારી સર્વિસની તમને જરુર હોય તો લો અને ન જરુર હોય તો ન લો.

તેથી ભારત બહારના કાર્યક્ષેત્રમાં ઓપરેટરો પણ હવે કોઈને કોઈ રીતે આ એઆઈ કંપનીઓ પાસેથી જવાબદેહિતાની માંગ કરે અથવા તો તેમની સર્વિસ જ લેવાની બંધ કરે.

ટ્રાઈના આ નવા ડ્રાફ્ટ નિયમ મુજબ

**કોઈપણ એઆઈ પ્રોડક્ટ્સ કે સર્વિસનો વીમો હોતો નથી અને વીમા કંપનીઓ તેનો વીમો ઉતારતી પણ નથી તે મોટું જોખમ**

આવતી કંપનીઓને જવાબદાર બનાવવા માટે ટ્રાઈએ તે એઆઈનો ઉપયોગ કરવાનું પ્લેટફોર્મ પૂરુ પાડતા ટેલિકોમ ઓપરેટરોને જવાબદાર બનાવવાનો નિર્ણય લીધો છે. તેથી આ ટેલિકોમ દરેક ટેલિકોમ ઓપરેટરે એઆઈ પોલિસી બનાવવી પડશે. તેને બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવશે. દર વર્ષે તેની કમસેકમ એક વખત સમીક્ષા કરવામાં

(અનુસંધાન ૧૩મે પાને)

### એમઆઈટીના સંશોધકોનો સફળ પ્રયોગ

# કેન્સરની સારવાર માટે વ્યક્તિગત વેક્સિન : નેનોપાર્ટિકલ્સ ડેવલપ કર્યા

વોશિંગ્ટન, તા.૦૨

અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સંશોધકોએ વ્યક્તિગત કેન્સર વેક્સિન તૈયાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી છે. સંશોધકોએ ખાસ પ્રકારના નેનોપાર્ટિકલ્સ વિકસાવ્યાં છે, જેની મદદથી દર્દીના ટ્યૂમરમાં રહેલા ચોક્કસ પ્રોટીનને ઓળખીને તેની સામે શરીરની રોગપ્રતિકારક શક્તિને સક્રિય કરી શકાય છે. આ ટેકનોલોજી ભવિષ્યમાં દર્દીના કેન્સરના પ્રકાર અને ટ્યૂમરની વિશેષતા અનુસાર અલગ-અલગ વેક્સિન તૈયાર કરવામાં ઉપયોગી થઈ શકે છે.

**દર્દીના કેન્સરના પ્રકાર અને ટ્યૂમર અનુસાર અલગ અલગ વેક્સિન તૈયાર કરવામાં ઉપયોગી સાબિત થશે**

આ સંશોધનમાં વૈજ્ઞાનિકોએ એમ-૧૩ નામના હાનિકારક ન હોય તેવા બેક્ટેરિયોફેજ (બેક્ટેરિયાને ચેપ લગાડતો વાયરસ)નો ઉપયોગ કર્યો છે. આ વાયરસને ખાસ રીતે મોડિફાય કરીને નેનોફાઈબર એટલે કે અત્યંત સૂક્ષ્મ તંતુના સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યો છે. તેની સપાટી પર કેન્સરના ચોક્કસ પ્રોટીન એટલે કે એન્ટિજન લગાવવામાં આવે છે. આ એન્ટિજન શરીરની રોગપ્રતિકારક શક્તિને કેન્સરના કોષો ઓળખવામાં મદદ કરે છે.

સંશોધનની ખાસિયત એ છે કે વૈજ્ઞાનિકો આ નેનોપાર્ટિકલ્સની સપાટી પર કેટલા પ્રમાણમાં એન્ટિજન રાખવા તે નિયંત્રિત કરી શકે છે. આ પ્રયોગ દરમિયાન સંશોધકોએ એન્ટિજનની ઘનતા ૬ ટકાથી ૭૦ ટકા સુધી રાખવામાં સફળતા મેળવી હતી. ઉંદરો પર કરવામાં આવેલા પરીક્ષણમાં ૩૫ ટકા એન્ટિજન

(અનુસંધાન ૧૩મે પાને)

**દિલ્હીની વાત**

**લાલુ - તેજસ્વી દિલ્હીમાં સોનિયા ગાંધીને મળ્યા**

નવીદિલ્હી, તા.૨

દિલ્હીના રામલીલા ખાતે યોજાયેલી વિશાળ રેલી પછી ઘણા રાજકીય સમીકરણો બદલાયા છે. વિરોધપક્ષોએ મળીને જ્યારે ઈન્ડિયા ગઠબંધન બનાવ્યું

(અનુસંધાન ૧૧મે પાને)

### જેન-ઝીના પ્રદર્શનો રોકનારી પોલીસ ખુદ પ્રદર્શન પર ઉતરી

# દિલ્હીમાં પોલીસ સામે જ પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીમાં દિલ્હી પોલીસ સામે દિલ્હી પોલીસ આવી ગઈ હતી, પ્રથમ વખત દિલ્હી પોલીસના એક નિર્ણય સામે ખુદ દિલ્હી પોલીસના જવાનો અને અધિકારીઓ વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઉતર્યા હતા, અને પોલીસ હેડક્વાર્ટર્સ પર એકઠા થયા હતા. વકીલો સાથે વિવાદમાં બે



પોલીસ અધિકારીની ટ્રાન્સફરના વિરોધમાં આ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

૨૩મી ઓક્ટોબરના દિલ્હીના એક વકીલ સાથે મારપીટ તેમજ બંદુક દેખાડવા સહિતના આરોપો ટ્રાન્સફર કરાયેલા પોલસ અધિકારીઓ સામે લગાવવામાં આવ્યા હતા. મારપીટમાં એક વકીલ ઘાયલ થતા બાદમાં તમામ વકીલો વિફર્યા હતા અને સ્ટ્રાઈક કરી હતી. જેથી બાદમાં દિલ્હીના શાહદરા

(અનુસંધાન ૧૧મે પાને)

**વકીલ સાથે મારપીટના આરોપો બાદ બે પોલીસ અધિકારીની ટ્રાન્સફરના વિરોધમાં પ્રદર્શનો**









### હરણીકાંડ બાદ જાન્યુઆરી-૨૦૨૪થી સુવિધા બંધ હતી

# કાંકરિયા તળાવમાં આજથી ફરી બોટિંગ શરૂ, ત્રણ વર્ષથી નાના બાળકોને નો એન્ટ્રી



અમદાવાદ, સોમવાર

અમદાવાદના ફરવાના સૌથી લોકપ્રિય સ્થળ કાંકરિયા તળાવમાં આવતીકાલે મંગળવારથી ફરી વખત બોટિંગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે સલામતીના પાસાને ધ્યાને લઈને ત્રણથી નાના બાળકોને બોટમાં એન્ટ્રી આપવામાં આવશે નહીં. વડોદરાના હરણી તળાવના બનાવ બાદ જાન્યુઆરી-૨૦૨૪થી અહીં બોટિંગની સુવિધા બંધ કરી દેવામાં આવી હતી. ફરી વખત શરૂ કરાયેલા બોટિંગમાં અગાઉના જૂના દર પ્રમાણે રૂ.૬૦થી ૩૦૦ સુધીનો વ્યક્તિગત ચાર્જ યથાવત રહેશે.

## જૂના દર પ્રમાણે રૂ.૬૦થી ૩૦૦ સુધીનો ચાર્જ યથાવત્ સલામતીના તમામ પાસાઓનું કડક પાલન કરાવાશે

અમદાવાદના કાંકરિયા તળાવે વર્ષે ૪૦થી ૪૫ લાખ મુલાકાતીઓ આવે છે. તળાવની પાળે ઉભા કરવામાં આવેલા વિવિધ આકર્ષણોમાં બોટિંગ પણ એક મહત્વનું આકર્ષણ છે. પરંતુ વડોદરાના હરણીકાંડ બાદ લગભગ પોણા ત્રણ વર્ષથી અહીં બોટિંગ બંધ કરી દેવામાં આવ્યું હતું. દિવાળીના તહેવારોને ધ્યાને લઈને આવતીકાલે ૩ નવેમ્બરથી ફરી વખત બોટિંગ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ અંગે વિગતો આપતા મ્યુનિ.ની સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે નિયત કરેલી સલામતીની તમામ માર્ગદર્શિકાઓનું ચુસ્ત પાલન કરાવવામાં આવશે. ગોવાની એજન્સી દ્વારા સલામતીના પાસાઓની ચકાસણી કરીને તેનું ક્લીયરન્સ આપ્યું છે.

**સલામતીની કડક માર્ગદર્શિકા**

* ૩૬૦ ડિગ્રી વ્યુઝ ગ્લાસ સાથે ઈમરજન્સી સેન્ટર
* ત્રણ વર્ષથી નાના બાળકો પર પ્રતિબંધ
* બોટની ક્ષમતા કરતા દોઢ ગણા લાઈફ જેકેટ
* બે હાઈસ્પીડ રેસ્ક્યુ બોટની તૈનાતી
* વોકીટોકી સેટ્સનું કમ્યુનિકેશન
* તળાવની પાળે ફરતે સીસીટીવી કેમેરા
* કુશળ તરવૈયાઓ તૈનાત કરાશે
* રૂ.૧૦ લાખનો વ્યક્તિગત વિમો
* રૂ.૨ કરોડનો ગ્રુપ વિમો
* ૨૪ કલાક માટે એમ્બ્યુલન્સ

**બોટિંગ માટેનો ચાર્જ**

| બોટ | વ્યક્તિદીઠ |
|---|---|
| સ્પીડ બોટ | રૂ.૧૬૦ |
| પોન્ટૂન બોટ | રૂ.૧૬૦ |
| શિકારા | રૂ.૧૫૦ |
| પેડલ બોટ | રૂ.૬૦ |
| ફ્લોટિંગ કેફે | રૂ.૩૦૦ |

મુલાકાતીઓની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં. સરપ્રાઈઝ ચેકિંગમાં જરા પણ ખામી દેખાશે તો ગમે ત્યારે એજન્સી સામે કડક પગલાં લેવાશે. અત્યારે તહેવારોને ધ્યાને લઈને નવી ટેન્ડર પ્રક્રીયા સહિતનો સમય ન હોવાથી જૂની એજન્સીને જૂના દર મુજબ જ જૂન-૨૦૨૭ સુધી કામ આપવામાં આવ્યું છે. બાદમાં નવી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી મુલાકાતીઓ કાંકરિયા તળાવે બોટિંગની મજા માણી શકશે.

**ટિકિટના ૧૫ ટકા મ્યુનિ.ને મળશે આમ્રપાલી પાસે ૨૦૦૪થી કોન્ટ્રાક્ટ**

કાંકરિયા તળાવમાં બોટિંગ માટે આમ્રપાલી એજન્સીને ૨૦૦૪માં ૨૦ વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ મુજબ ટિકિટના ૧૫ ટકા રકમ મ્યુનિ.ને મળશે. આ કોન્ટ્રાક્ટ ૨૦૨૪માં પૂર્ણ થઈ રહ્યો હતો. પરંતુ વચ્ચે કોરોનામાં બોટિંગ બંધ રહેતા, જેતે સમયે સ્થાયી સમિતિએ જૂન ૨૦૨૭ સુધી કોન્ટ્રાક્ટ લંબાવી આપ્યો હતો. જે મુજબ આ એજન્સીને યથાવત રાખવામાં આવી છે.

### જમીન પર પ્રોજેક્ટ મુકવાની લાલચ આપી હતી

# જમીનનો વિવાદ ઉકેલવાના નામે ત્રણ બિલ્ડરોની રૂ.૫૯ કરોડની છેતરપિંડી

અમદાવાદ,સોમવાર

શહેરના જજીસ બંગલોઝ રોડ પર આવેલા સમર્પણ બંગ્લોઝમાં રહેતા વ્યક્તિની સરખેજ અને ઓકાફમાં આવેલી કરોડો રૂપિયાની જમીનનો વિવાદ ઉકેલી આપવાનું અને તે જમીન પર મોટી સ્કીમ મુકવાનું કહીને ત્રણ બિલ્ડરોએ ૫૯ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે.

## બોપલની મણિરત્નમ સોસાયટીમાં રહેતા દિપક હિરપરા અને તેમના પુત્ર હર્ષલ-જિગ્નેશે જમીન ક્લીયર કરવાના નામે ૯૦ કરોડ માંગ્યા

બોડકદવે જજીસ બંગ્લોઝ રોડ પર આવેલા સમર્પણ બંગ્લોઝમાં રહેતા ચિંતનભાઈ રામીએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમના પિતા અને દાદા દ્વારા સરખેજ અને ઓકાફમાં જમીન મળી હતી. જે જમીન તેમના પિતા દ્વારા ગેરેજ તેમજ અન્ય કામ કરતા લોકોને ભાડે આપ્યા હતા. પરંતુ, તે લોકો જમીન ખાલી કરતા નહોતા. આ વિવાદાસ્પદ જમીન ક્લીયર કરી આપવા માટે દિપકભાઇ હીરપરા, તેમના પુત્ર હર્ષલ હીરપરા અને જીગ્નેશ હીરપરા (તમામ રહે. મણીરત્ન સોસાયટી, બોપલ-આંબલી)એ ખાતરી આપી હતી. દિપકભાઇ હીરપરા બોડકદેવમાં શિલ્પ એટીટોમ નામની બિલ્ડીંગમાં રશ્મિ બિલ્ડર અને એજન્ટ તરીકે કામ કરતા હતા. તેમણે સરખેજ પાસે આવેલી રૂપિયા ૪૦ કરોડની જમીન ઉચક ભાવથી વેચાણ આપવાનું નક્કી કરાયું હતું. જેના ચેક પણ ચિંતનભાઇને આપ્યા હતા.

તેમજ ચિંતનભાઇના ભાઇની જમીન પણ ક્લીયર કરાવી આપવાનું કહ્યું હતું. જેનો રોકડ વ્યવહારનો ખર્ચ હાલ તેમના દ્વારા કરશે. તેમ પણ ખાતરી આપી હતી. બાદમાં બંને ભાઇઓને ઓફિસમાં બોલાવીને જણાવ્યું હતું કે ૫૬૦૦૦ ચોરસવાર જમીન તે ક્લીયર કરી આપશે. જેની સામે અડધી જમીન વેચાણે આપવાની રહેશે અને જે ખર્ચ થશે તે પણ અડધો આપવો પડશે. જેના સમજૂતી કરાર પણ કરાયા હતા. સાથેસાથે ૪૦ કરોડની જમીનની અવેજ રકમ ૨૫ કરોડ કરવાનું અને બાકીને રકમ ક્લીયર ખર્ચ પેટે હિસાબ કરવાનું કહ્યું હતું. જ્યારે ૫૬ હજાર ચોરસવારની કિંમત ૧૨૦ કરોડ નક્કી થઇ હતી. જે પૈકી ૫૦ ટકા જમીનના ૬૦ કરોડ થતા હતા. તે પૈકી ૩૩ કરોડનું પેમેન્ટ આપ્યું હતું.

સાથેસાથે તેમણે આ તમામ વિવાદી જમીન ક્લીયરનો ખર્ચ ૯૦ કરોડ થયાનું કહીને તેમજ જમીન પર મોટો પ્રોજેક્ટ મુકવાની લાલચ આપીને કુલ ૫૯ કરોડ જેટલી માતબર રકમ મેળવીને છેતરપિંડી આચરી હતી. આ અંગે પોલીસે જરૂરી દસ્તાવેજ અને પુરાવાઓને આધારે તપાસ શરૂ કરી છે.

### નિકોલ-નરોડા રોડ પર મોડી રાતની ઘટના

# ફોર્ચ્યુનર કારના ચાલકે અનેક લોકોને અડફેટે લીધાઃ એકનું મોત, ત્રણ ગંભીર

અમદાવાદ,સોમવાર

શહેરના નિકોલ નરોડા રોડ પર આવેલી અક્ષર હોસ્પિટલ પાસે સોમવારે મોડી સાંજે એક ફોર્ચ્યુનર કારના ચાલકે બેકાબુ રીતે ચલાવીને ફુટપાથ પર સુઇ રહેલા ચાર લોકોને અડફેટે લીધા હતા. જેમાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે અંગે આઇ ડીવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## કારમાંથી બિયરની બોટલ મળી આવીઃ સ્થાનિકોએ નબીરાને મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો

નરોડાથી નિકોલ તરફ જતા અક્ષર હોસ્પિટલ ચાર રસ્તા પાસે સોમવારે રાતના સમયે એક કાર પુરઝડપે આવી હતી. જેમાં કારચાલકે કાબુ ગુમાવતા રોડ પરથી ફુટપાથ પર ચઢાવી દીધી હતી અને રસ્તા પર સુતેલા ચાર લોકો સાથે અકસ્માત કર્યો હતો. બાદમાં કાર ઝાડ સાથે અથડાઇ હતી. અચાનક બનેલી આ ઘટનાને પગલે નાસભાગ મચી ગઇ હતી અને ઈજાગ્રસ્તોને સ્થાનિક લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ મોકલ્યા હતા. જ્યાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે ત્રણ વ્યક્તિની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવની જાણ થતા આઇ ડીવીઝન ટ્રાફિક પોલીસે સ્થળ પર પહોંચીને કારચાલકને ઝડપીને કાર્યવાહી કરી છે. સાથેસાથે કારમાંથી બિયરની બોટલ પણ મળી આવી હોવાનું જાણવા મળ્યું છે. જેથી તે નશામાં કાર ચલાવતો હોવાની શક્યતા છે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, પાયલોટિંગ, સેગમેન્ટ લગાવવા માટે

# ચીમનભાઇ પટેલ બ્રિજ આજથી બે દિવસ રાત્રે ૧૨થી ૫ બંધ

અમદાવાદ, સોમવાર

ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેકટનું બાંધકામ સાબરમતીથી વટવા સુધીનું પાયલોટિંગ તથા સેગમેન્ટ લગાડવાની કામગીરી કરવાની હોવાથી તા. ૩ને મંગળવાર અને તા. ૪ને બુધવારના રોજ રાતના ૧૨થી સવારના ૫ વાગ્યા સુધી ચીમભાઇ પટેલ બ્રિજ ઉપર તમામ પ્રકારનો વાહન વ્યવહાર બંધ રહેશે. વાહન વ્યવહાર માટે આપાયેલી વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી છે.

## આરટીઓથી પાવર હાઉસ જવા આવવા માટે વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે

ચીમનભાઈ પટેલ બ્રિજ ઉપર સ્ટીલના બ્રિજ ખસેડવાની કામગીરી હાથ ધરવાની હોવાથી આ સ્ટીલનો બ્રિજ વધુ વજન ધરાવતો અને મોટી સાઇઝમાં હોવાથી કામકરતી વખતે કોઇ જાનહાની કે બનાવ બનાવા ન પામે માગે બ્રિજ પરના માર્ગને ટ્રાફિ માટે ડાયવર્ઝન કરવામાં આવ્યો છે.

ટ્રાફિક ડાયવર્ઝનમા ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર તથા ફોર-વ્હીલર વાહનો માટે સાબરમતી, વાડજ, ગાંધીઆશ્રમ, ગાયત્રી મંદિર, ચાંદખેડા અને રાણીપ તરફના વૈકલ્પિક માર્ગો સૂચવવામાં આવ્યા છે. જ્યારે ભારે વાહનો માટે પણ પાવર હાઉસથી આરટીઓ તરફ જવા જનપથ ત્રણ રસ્તા થઇ વિસત સર્કલ થઇને ચાંદખેડા ચાર રસ્તા ઝુંડાલ સર્કલ થઇ ત્રાગડ અંડર પાસથી જગતપુર ઓવર બ્રિજ થઇ ગોદરેજ ગાર્ડન ચાર રસ્તાથી ન્યું રાણીપ બ્રિજથી બલોલનગર ચાર રસ્તાથી રાણીપ ડી-માર્ટ ચાર રસ્તાથી આરટીઓ તરફ જઇ શકાશે.

### ભાજપ-AIMIM ભાઈ ભાઈ...

# અમદાવાદમાં AIMIMના શહેર પ્રમુખને મ્યુનિ.ના જીમ, વાંચનાલયનો કોન્ટ્રાક્ટ

અમદાવાદ, સોમવાર

અમદાવાદ મ્યુનિ.માં ભાજપના એકહથ્થા શાસનમાં એઆઈએમઆઈએમના શહેર પ્રમુખ ફાવી ગયા હોય તેવો તાલ જોવા મળે છે. મક્તમપુરામાં કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા મ્યુનિ.ના જીમ અને વાંચનાલયના સંચાલનનો કોન્ટ્રાક્ટ એઆઈએમઆઈએમના શહેર પ્રમુખને આપી દેવાયો છે. જેને લઈને ભાજપ-એઆઈએમઆઈએમ ભાઈ ભાઈ... જેવી ચર્ચા જાગી છે.

## બે વખત ટેન્ડર કર્યા પણ બીજું કોઈ મળ્યું નહીં, રૂપિયા ૬ લાખ વાર્ષિક ભાડું મ્યુનિ. વસૂલ કરશે

અમદાવાદ મ્યુનિ.ની રિક્રિએશનલ, કલ્ચરલ અને હેરિટેજ કમિટીની આજે મળેલી બેઠકમાં લેવાયેલો નિર્ણય ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. મક્તમપુરામાં મ્યુનિ. દ્વારા તૈયાર કરાયેલ જીમ અને વાંચનાલયનો કોન્ટ્રાક્ટ એઆઈએમઆઈએમ એટલે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના શહેર પ્રમુખ એજાઝખાન હમીદખાન પઠાણને રૂ. ૬.૦૧ લાખના વાર્ષિક ભાડે આપી દેવાયો છે. પાંચ વર્ષ સુધી તેઓ મ્યુનિ.ના જીમનું સંચાલન કરશે. નોંધનીય છે કે, જીમ અને લાઈબ્રેરીના સંચાલન માટે મ્યુનિ. દ્વારા બે વખત ટેન્ડર બહાર પડાયા હતા. પરંતુ આશ્ચર્યજનક રીતે એક સિવાય કોઈ બિડર ટેન્ડરની શરતો મુજબ સંચાલન માટે લાયક ઠર્યા નહોતા! એટલે ભાડામાં વાટાઘાટા કરી તેમને જ સંચાલન સોંપી દેવાયું હોવાનો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર કોન્ટ્રાક્ટ મેળવનાર વ્યક્તિ પહેલાથી જીમના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અમદાવાદ મ્યુનિ.માં બે દાયકાથી સતત ભાજપ રાજ કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૧માં મ્યુનિ. કોર્પોરેશનમાં સાત સીટ મેળવ્યા બાદ આ વર્ષે યોજાયેલી મ્યુનિ.ની ચૂંટણીમાં એઆઈએમઆઈએમનો સફાયો થઈ ગયો હતો. હવે ભાજપે તેના શહેર પ્રમુખને જીમનો કોન્ટ્રાક્ટ આપ્યો છે.

**આશ્રમ રોડ ઉપર રાત્રે શરૂ રખાતા સિગ્નલથી સર્જાતો બિનજરૂરી ટ્રાફિક**

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરના ટ્રાફિકથી સૌથી વધુ વ્યસ્ત માર્ગો પૈકીનો એક આશ્રમ રોડ છે. પરંતુ રાત્રે ૧૧ વાગ્યા પછી અહીં ટ્રાફિક સાવ ઓછો થઈ જાય છે. આમ છતાં રાત્રે ૧૨ વાગ્યા બાદ પણ ગુજરાત ચેમ્બર અને ઉસ્માનપુરા સહિતના જંકશન પર સિગ્નલ ચાલુ રખાતા હોવાના કારણે બિનજરૂરી ટ્રાફિક સર્જાઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, નેહરૂ બ્રિજના છેડે આવેલા મોટા જંક્શન પરનું સિગ્નલ રાત્રે ૧૨ વાગ્યા પછી બંધ થઈ જાય છે. પરંતુ ઉસ્માનપુરા અને ગુજરાત ચેમ્બરના સિગ્નલ ચાલુ જ હોય છે! પરિણામે વાહન ચાલકોએ સિગ્નલ પર કારણ વગર ઉભા રહીને સમય અને ઈંધણનો બગાડ કરવો પડે છે.

### એસપી ઈન્ફ્રા હેઠળ સિધ્ધેશ્વરના નામે સાઈટો મૂકી ફુલેકું ફેરવનાર

# અમરેલી ભાજપના પૂર્વહોદ્દેદાર સુરેશ પાનસૂરિયા સામે વડોદરામાં ૧૦ કરોડની ઠગાઈની બે ફરિયાદ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,સોમવાર

વડોદરામાં હરણી-સમા લિન્ક રોડ તેમજ અન્ય વિસ્તારોમાં એસપી ઈન્ફ્રાના નામે સિધ્ધેશ્વરના નામની મકાનોની સ્કીમો મૂકી ફુલેકું ફેરવનાર અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ સુરેશ પાનસૂરિયા,તેના પુત્ર અને ત્રણ ભાઈઓ સામે વધુ બે પોલીસ ફરિયાદ નોંધાઇ છે.

## ગોધરાની મહિલાએ દુકાન, ફ્લેટ અને મલ્ટિપ્લેક્સમાં રૂ.૬.૬૬ કરોડ જ્યારે લુણાવાડાના વ્યક્તિએ રૂ.૩.૩૨ કરોડ ગૂમાવ્યાઃ પાંચ સામે ગુનો

ગોધરાના રતનપુર ખાતે રહેતાં જ્યોતિકાબેન દિલીપકુમાર પટેલે પોલીસને કહ્યું છે કે, વર્ષ-૨૦૨૧માં હરણી-સમા લિન્ક રોડ પર શ્રી સિધ્ધેશ્વર પેરેડાઇઝ,સિધ્ધેશ્વર પેસિફિક અને સિધ્ધેશ્વર પ્રાઇમ પ્લસ નામની સ્કીમોમાં એસપી ઈન્ફ્રાના ભાગીદારો સૂરેશ પાનસૂરિયા તેમજ અન્યની સ્કીમમાં દુકાન,ફ્લેટ્સ અને મલ્ટિપ્લેક્સ સ્કીનમાં રોકાણ કર્યું હતું.પરંતુ આરોપીઓએ તેમની જાણ બહાર ખોટી સહી કરી અને બનાવટી દસ્તાવેજો બનાવીને બૂક કરાવેલી પ્રોપ્ટી ત્રાહિત વ્યક્તિને વેચી દીધી હતી.મહિલાએ કહ્યું છે કે,મારે ઉપરોક્ત ભાગીદારો પાસેથી કુલ રૂ.૬.૬૬ કરોડ લેવાના થાય છે.

પરંતુ તેમણે આ જ સુધી રૂપિયા આપ્યા નથી કે પ્રોપર્ટી પણ આપી નથી અને બાનાખત પણ એકતરફી રદ કરાવી દીધા છે.

આવી જ રીતે મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ચંદુપુર ગામે રહેતા ચંદ્રકાંતભાઈ ભૂલાભાઈ પટેલે પોલીસને કહ્યું છે કે,સુરેશ પાનસૂરિયા,તેના પુત્ર અને ભાઈઓની સિધ્ધેશ્વર પેરેડાઇઝ તેમજ પેસિફિકની પ્રોપર્ટીમાં રોકાણ કર્યું હતું.પરંતુ મને મારા રૂ.૩.૩૨કરોડ પરત મળ્યા નથી કે પ્રોપર્ટી પણ મળી નથી.હરણી પોલીસે ઉપરોક્ત બંને ફરિયાદને આધારે અલગ અલગ ગુના નોંધ્યા છે.

**એસપી ઈન્ફ્રાના ક્યા ક્યા ભાગીદારો સામે ગુનો નોંધાયો**

(૧) સુરેશ ભાદાભાઈ પાનસૂરિયા
(૨) મનીષ ભાદાભાઈ પાનસૂરિયા
(૩) પ્રવીણ ભાદાભાઈ પાનસૂરિયા
(૪) કિશોર ભાદાભાઈ પાનસૂરિયા
(૫) રવિ સુરેશભાઈ પાનસૂરિયા
(તમામ રહે.પ્રેમદર્શન સોસાયટી,વેમાલી ગામ,તા.વડોદરા)

### મેમ્કોમાં મીઠાઈમાં નકલી વરખ મળી, કાલુપુરમાં ૧૭૦ પેકેટ જપ્ત

# અમદાવાદમાં મીઠાઈમાં ચાંદીના નામે એલ્યુમિનિયમની વરખનો ઉપયોગ!

અમદાવાદ, સોમવાર

દિવાળીમાં હવે મીઠાઈ ખાવી પણ જોખમી સાબિત થઈ શકે છે. ગત અઠવાડિયે શંકાસ્પદ માવાનો જથ્થો પકડાયા બાદ આજે કાલુપુરમાં નકલી ચાંદીની વરખના ૧૭૦ પેકેટ મળી આવ્યા હતા. જેને પગલે એકમને સીલ કરાયું હતું.જ્યારે ગોમતીપુરના કોલ્ડ સ્ટોરેજમાંથી પકડાયેલો માવો લેબોરેટરી તપાસમાં સબ સ્ટાન્ડર્ડ જાહેર થતા અસારવાના માવા સેન્ટરને પણ સીલ કરાયું છે.

## અસલી વરખનો ભાવ રૂ.૧૦૦, નકલી વરખનું માત્ર રૂ.૨૫માં વેચાણ : તુલસી માવા સેન્ટરનો માવો સબસ્ટાન્ડર્ડ

અમદાવાદ મ્યુનિ.નો ફૂડ વિભાગ દ્વારા મેમ્કોમાં લારી પર વેચાતી મીઠાઈની રેપિડ કિટથી ચકાસણી કરાઈ હતી. જેમાં મીઠાઈ પર લગાવેલી ચાંદીની વરખ નકલી હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આ વરખ કાલુપુરમાંથી ખરીદાઈ હોય કાલુપુર પોલીસ ચોકી અને માવા બજારમાં આવેલા એચ એમ વરખવાલામાં દરોડો પડાયો હતો. આ દરમિયાન દુકાનમાંથી નકલી ચાંદીની વરખના ૧૭૦ પેકેટ મળી આવ્યા હતા. એક પેકેટમાં રૂ. ૨૫૦માં ૧૦ પત્તાનું વેચાણ કરાતું હતું. જેથી રૂ. ૪૨,૫૦૦નો નકલી વરખનો જથ્થો સીઝ કરી એકમ સીલ કરાયું હતું. સામાન્ય રીતે અસલી વરખના એક પત્તાની કિંમત ૧૦૦ રૂપિયા હોય છે. જ્યારે તેની સામે નકલી વરખનો એક પત્તો રૂ.૨૫માં વેચાતો હતો. ફૂડ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, નકલી વરખમાં ચાંદી જેવા દેખાતા એલ્યુમિનિયમના વરખનો ઉપયોગ કરાતો હોય છે. આ કિસ્સામાં નકલી વરખ શેમાંથી બની હતી, તે લેબોરેટરી તપાસ બાદ સ્પષ્ટ થશે. બીજી બાજુ ગોમતીપુરના કોલ્ડ સ્ટોરેજમાંથી સપ્તાહ અગાઉ લેવાયેલા માવાના ચાર નમૂના પૈકી એક લેબ રિપોર્ટમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયું છે. આ માવાનું અસારવાના તુલસી માવા સેન્ટરમાંથી વેચાણ કરાતું હોવાથી એકમ સીલ કરાયું હતું. ૫૧૦ કિલો માવાનો આ જથ્થો રાજસ્થાનથી લવાયો હોય, તે અંગે ગાંધીનગર ફૂડ વિભાગને જાણ કરાઈ છે. ઉપરાંત માધુપુરા બજારમાં ૧૧ બ્રાન્ડના ઘીના નમૂનાની રેપિડ કિટથી તપાસ કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં તેમાં વેજીટેબલ ફેટનું પ્રમાણ મળ્યું નથી. વધુ તપાસ માટે તેમને લેબોરેટરીમાં મોકલાયા છે.

**ગોમતીપુરમાંથી પકડાયેલ સબ સ્ટાન્ડર્ડ માવો ક્યાં વેચાયો હતો?**

* ચામુંડા સ્વીટ માર્ટ, નરોડા
* મહાલક્ષ્મી સ્વીટ માર્ટ, મેઘાણીનગર
* કમલેશ ચવાણા, નાના ચિલોડા
* અંબિકા સ્વીટ માર્ટ, ખોખરા
* શનેશ્વર ચવાણા, નિકોલ
* ભેરૂનાથ ચવાણા, દહેગામ રોડ
* મહાલક્ષ્મી ચવાણા, હંસપુરા

**માધુપુરામાંથી ઘીના ૧૧ બ્રાન્ડના નમૂના લઈને તપાસમાં મોકલાયા**

### કેન્દ્ર સરકારની મંજૂરી મળતા રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા

# મેડિકલ-ડેન્ટલમાં ખાસ રાઉન્ડ શરૂ : હવે ડિપોઝિટ તરીકે રૂ.૩ લાખ ભરવા પડશે

અમદાવાદ,સોમવાર

કેન્દ્ર સરકારની મંજૂરી મળતા રાજ્યની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા એમબીબીએસ અને બીડીએસની ખાલી પડેલી બેઠકો માટે સ્પેશ્યલ વેકેન્સી રાઉન્ડ શરૂ કરવામા આવ્યો છે.જો કે હવે આ રાઉન્ડમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીએ ૩ લાખ રૂપિયા ડિપોઝિટ તરીકે ભરવા પડશે. આ રાઉન્ડમાં માત્ર એવા જ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે કે જેઓને અગાઉ પ્રવેશ ફાળવાયો નથી. જો હવે વિદ્યાર્થી પ્રવેશ કન્ફર્મ ન કરાવે તો અગાઉની ૧૦ હજાર રૂપિયા ડિપોઝિટ ઉપરાંત આ નવી ૩ લાખ રૂપિયાની ડિપોઝિટ પણ જપ્ત કરાશે.

## ગુજરાત સ્ટેટ ક્વોટામાં હાલ ૮૮ બેઠકો ખાલી છે : જો વિદ્યાર્થી પ્રવેશ કન્ફર્મ નહીં કરે તો ડિપોઝિટ જપ્ત કરાશે

ધો.૧૨ સાયન્સ પછીના મેડિકલ અને ડેન્ટલ કોર્સીસમાં હાલ ગુજરાત સ્ટેટ ક્વોટામાં કુલ ૮૮ બેઠકો ખાલી ખાલી પડી છે.જેમાં મેડિકલમાં ૫૬ અને ડેન્ટલમાં ૩૨ બેઠકો છે. આ ખાલી બેઠકો માટે કેન્દ્ર સરકારની મેડિકલ કાઉન્સેલિંગ કમિટી દ્વારા અપાયેલા કાર્યક્રમ મુજબ ખાસ વેકેન્સી રાઉન્ડ જાહેર કરાયો છે.રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા આ રાઉન્ડ અંતર્ગત ચોઈસ ફિલિંગ શરૂ કરી દેવામા આવ્યુ છે અને જેમાં વિદ્યાર્થીઓ ૪ નવેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરાવી શકશે. જો કે આ રાઉન્ડમાં માત્ર એવા જ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે કે જેઓને અગાઉ પ્રવેશ ફાળવાયો નથી કે ચોથા રાઉન્ડમાં સીટ એલોટ થઈ નથી. જે વિદ્યાર્થીઓને અગાઉ ચોથા રાઉન્ડમાં બેઠક ફાળવાઈ હોય પરંતુ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો કે ન કરાવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ પણ આ રાઉન્ડમાં ભાગ નહીં લઈ શકે. આ સ્પેશ્યલ રાઉન્ડમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીએ ૩ લાખ રૂપિયા ડિપોઝિટ ભરવી પડશે. જો વિદ્યાર્થી આ રાઉન્ડમાં મળેલ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તો ૩ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત કરાશે.આ ઉપરાંત તેઓએ અગાઉ ભરેલી નિયત ૧૦ હજારની ડિપોઝિટ પણ જપ્ત થશે.આ રાઉન્ડ બાદ ખાલી પડનારી બેઠકોમાં માત્ર ડેન્ટલની ખાલી બેઠકો માટે પાંચમો રાઉન્ડ કરવામા આવશે.

જે વિદ્યાર્થીઓએ ચોથા રાઉન્ડમાં કન્સેન્ટ આપી ચોઈસ ભરી હશે પરંતુ ચોથા રાઉન્ડમં કોઈ પણ સીટ એલોટ થઈ નથી તેવા પાત્ર ધરાવતા વિદ્યાર્થીઓ જ રાઉન્ડમાં ભાગ લઈ શકશે.

### સીડી ગોઠવીને ત્રણ લોકોના રેસ્ક્યુ કરાયા

# થલતેજના મેગ્નેટ કોર્પોરેટ હાઉસમાં આગ : બીજા માળેથી બે લોકો કુદ્યા

અમદાવાદ, સોમવાર

થલતેજ વિસ્તારમાં આવેલા મેગ્નેટ કોર્પોરેટ હાઉસમાં બીજા માળે આજે સાંજના સમયે અચાનક જ આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આગનો ધુમાડો આખા ફ્લોર પર પ્રસરી જતા કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. મેગ્નેટ ફ્લોરા તરીકે ઓળખાતા આ બિલ્ડિંગના લાગેલી આગમાં પાંચેક લોકો ફસાઈ ગયા હતા. બચવા માટે બે લોકોએ નીચે કુદકો માર્યો હતો. જેના પગલે બંનેને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ત્રણ લોકોને સીડી ગોઠવીને ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. બનાવના પગલે પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કોર્પોરેટ વિસ્તારમાં બનેલી આ ઘટના શહેરીજનોમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. સદ્નસીબે આ ઘટનામાં અન્ય કોઈને મોટી ઈજા પહોંચી નથી.

**અમદાવાદમાં પાનના ૧૦૦૭ ગલ્લાની તપાસ, છ સીલ**

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરમાં આજે મ્યુનિ. દ્વારા પ્લાસ્ટિકના વપરાશ સંદર્ભે પાનના ૧૦૦૭ ગલ્લાની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન અગાઉ તાકીદ કરી હોવા છતાં પ્લાસ્ટિકનો વપરાશ ચાલુ રાખનાર ૬ ગલ્લા સીલ કરાયા હતા. જ્યારે તમામ ઝોનમાંથી ૪૬.૧૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૧,૨૫,૧૦૦ પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે.


**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૫૨૧ (જુના સર્વે/બ્લોક નં.૧૯૧) ની ૧૧૪૪૫ ચો.મી. બીનખેતીની જમીન અંજનીબેન કૃષ્ણકાંત મજમુદાર તે રસીકલાલ ભગવતભાઈની દિકરીએ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં 'વેઈવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : 'દામાણીસ્'
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી,
પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : 'દામાણીસ્'
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી,
સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે,
આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી,
જેતલપુર, વડોદરા.

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૫૨૦ (જુના સર્વે/બ્લોક નં.૧૭૨અ) ની ૧૮૮૧૧ ચો.મી. બીનખેતીની જમીન મનુભાઈ ચંદુલાલ ભટ્ટ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં 'વેઈવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : 'દામાણીસ્'
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી,
પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : 'દામાણીસ્'
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી,
સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે,
આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી,
જેતલપુર, વડોદરા.

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૫૧૫ (જુના સર્વે/બ્લોક નં.૧૯૩) ની ૩૮૪૦૨ ચો.મી. બીનખેતીની જમીન મોહસીના મહમદ રાજ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં 'વેઈવ' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફિસ : 'દામાણીસ્'
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી,
પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : 'દામાણીસ્'
૧૦/એ, શ્રી નિકેતન સોસાયટી,
સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે,
આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી,
જેતલપુર, વડોદરા.

Hero



હીરોની સંગે
**તહેવાર છે બધે અહીં...**

**Herotsav**

**1 થી 4 નવેમ્બર 2026**

**દરરોજ એક હીરો ટુ-વ્હીલર***
જીતવાનો મોકો મેળવો.









ફેસ્ટા ડિસ્કાઉન્ટ
**₹3 000*** સુધી

ઈઝી-ફ્રી ફેસ્ટાઓ
**₹10 000*** સુધી
HDFC BANK pine labs

ફાઇનાન્સ
**100%*** સુધી

કોમ્બિટ ઓફર
**₹2 200*** સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

5 YEARS WARRANTY

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Finance Powered by: Hero FINCORP

T&C Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. I CIN: L35911DL1984PLC017354 I For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. *Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only for a limited time period or till stock lasts. Cash discount & Corporate offer are exclusive and can't be availed together. Finance/Card offer are at the sole discretion of the financier/bank. Subject to their respective T&Cs. 100% finance applicable on Ex-showroom price. Offer available only on limited stocks. *Offer is only for New GoodLife members. Limited period offer.T&C apply.

TOLL FREE
1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922403; Bopal: Raj Hero: 9289933435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289933287; Sanand: Bikes Hero: 9289923080; Sarkhej: Raj Hero: 9289933435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdola Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104405559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923621 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923091; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922615; JUNAGADH: Jagdish Hero: 9289922230; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922790; MAHUVA: Vinay Hero: 9289922625; MODASA: Pavan Hero : 9289922626; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289923250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922435; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road Gopinath Mobility : 7490004512; SILVASA : Anil Motors : 9289924300; SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922882; Pune-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Vamacha: Rajdeep Hero: 9821737820; SURENDRANAGAR: Jal Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Kizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Banucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923190; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922696; VYARA: Wheel Hero : 9289922732

Chalit 0154726

**ઉત્સવોમાં મસ્ત સરકારને ખેડૂતોની વેદના જાણવામાં રસ નથી**

# દુષ્કાળ જાહેર થયાને આજે અઠવાડિયું વીત્યું, હજુ સત્તાવાર પરિપત્ર થયો નથી

**અમદાવાદ,સોમવાર**

કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાઓમાં દુકાળની સ્થિતિ જાહેર કર્યાને આજે આખું અઠવાડિયું વીતી જવા આવ્યું છે, છતાં હજુ સુધી રાજ્ય સરકારે કોઈ સત્તાવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો નથી. ગુજરાત સરકારની આ ઢીલી નીતિને કારણે દુકાળનો સામનો કરી રહેલા ખેડૂતો અને પશુપાલકોમાં નારાજગી વ્યાપી છે. દિવાળી જેવા મોટા તહેવારો આંગણે આવીને ઊભા છે, ત્યારે સહાય મળવાની તો દૂરની વાત, તેની સત્તાવાર પ્રક્રિયા પણ શરૂ ન થતાં ખેડૂતોના હાથ ખાલી છે.

## સરકારની ઉદાસિનતાની પરાકાષ્ઠા : રૂ.૮૫૦૦ સહાય લેવા માટે પણ ખેડૂતોએ રાહ જોવી પડશે, હવે દિવાળી પછી વાત

ખેડૂત અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કર્યો છેકે, ગુજરાત સરકાર હાલ ઉત્સવો અને સરકારી તાયફાઓ મનાવવામાં મસ્ત બની છે. દુકાળગ્રસ્ત વિસ્તારોમાં પાક નિષ્ફળ જવાથી અને ઘાસચારાની તંગીથી ખેડૂતો તથા પશુઓની દશા કફોડી થઈ ગઈ છે. એટલુ જ નહી, અત્યાર સુધી પાક નિષ્ફળ જતાં બે ધરતીપુત્રોએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે પરંતુ ગાંધીનગર બેઠેલા શાસકોને ખેડૂતોની વેદના જોવાની જરાય ફુરસદ નથી. આ જોતાં સરકાર ખેડૂતો પ્રત્યે સંપૂર્ણપણે સંવેદનહીન હોય તેવું ચિત્ર ઉભુ થયું છે.

રાજ્ય સરકારે એકર દીઠ રૂપિયા ૮,૫૦૦ની સહાય આપવાની જાહેરાત તો કરી દીધી છે, પરંતુ સત્તાવાર પરિપત્ર વિના આ જાહેરાત માત્ર હવામાં તીર મારવા સમાન સાબિત થઈ રહી છે. વહીવટી મંજૂરી અને નિયમો નક્કી ન થવાને કારણે સહાય મેળવવા માટે ખેડૂતોએ હજુ કેટલા દિવસો કે મહિનાઓ રાહ જોવી પડશે તે અનિશ્ચિત છે. દુકાળગ્રસ્ત વિસ્તારોમાં તો ખેડૂતો માટે દિવાળી કેવી રીતે મનાવશે તે સવાલ ઉભો થયો છે. બીજી તરફ, પશુપાલકો પણ ભારે મૂંઝવણમાં મુકાયા છે. દુકાળમાં પશુઓને બચાવવા માટે અપાતી પશુ દીઠ સહાય સીધી પશુધરાવતા ખેડૂતોના ખાતામાં જશે કે પછી પાંજરાપોળ અને ગૌશાળાઓને અપાશે, તે અંગે તંત્ર દ્વારા કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. જ્યાં સુધી સત્તાવાર જી.આર. જાહેર ન થાય, ત્યાં સુધી આ તમામ નિયમો અદ્ધરતાલ રહેશે.હવે જોવાનું એ રહે છે કે ઉત્સવોના ઘેનમાં રાચતી સરકાર આ પરિપત્ર ક્યારે જાહેર કરે છે, કે પછી દર વખતની જેમ ખેડૂતોની દિવાળી અંધારામાં જ જશે?

**ક્રેનની મદદથી વાનને બહાર કાઢવામાં આવી**

# અમદાવાદમાં રેલવે ટ્રેક પર પોસ્ટની વાન ફસાઈ, ટ્રેન વ્યવહાર એક કલાક ઠપ

**અમદાવાદ, સોમવાર**

**અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર સોમવારે ટપાલની હેરફેર કરતી વાન રેલવે ટ્રેક પર ફસાઈ જતાં લગભગ એક કલાક સુધી ટ્રેનની અવરજવર રોકવી પડી હતી. સાબરમતી તરફના છેડે પ્લેટફોર્મ નં.૮ અને ૯ વચ્ચે બનેલી આ ઘટનામાં વાનનાં પૈડાં કાચા રસ્તામાં ખૂંપી જતાં વાહન આગળ વધી શક્યું નહોતું. આખરે ક્રેનની મદદથી વાનને ટ્રેક પરથી હટાવવામાં આવી હતી.**

## પ્લેટફોર્મના નવીનીકરણ માટે જૂનો રસ્તો ખોદી નંખાતા વાહન ચાલકોને અવરજવરમાં મુશ્કેલી

અમદાવાદના કાલુપુર રેલવે પરના પ્લેટફોર્મ નંબર ૯થી ૧૦ના નવીનીકરણની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીના ભાગરૂપે પાર્સલ અને માલસામાનના વાહનોની અવરજવર માટેનો જૂનો પાકો રસ્તો ખોદી નાખવામાં આવ્યો છે. જેના કારણે વાહનચાલકોને કાચા રસ્તા પરથી પસાર થવું પડે છે. સોમવારે ટપાલ ભરેલી થેલીઓ ઉતારીને પરત આવતી પોસ્ટ ખાતાની વાનના પૈડા ટ્રેક નજીકની કાચી જમીનમાં ખૂંપી જતાં વાહન રેલવે લાઈન પર ફસાઈ ગયું હતું. આ બાબત ધ્યાને આવતાં રેલવેના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. પરંતુ કર્મચારીઓના અથાગ પ્રયાસો નિષ્ફળ જતાં ક્રેનને બોલાવી વાનને બહાર કાઢવામાં આવી હતી. આ દરમિયાન સલામતીના ભાગરૂપે સંબંધિત ટ્રેક પર એક કલાક સુધી ટ્રેનની અવરજવર બંધ રાખવામાં આવી હતી. જોકે, કોઈ ટ્રેનને અસર થઈ ન હતી.




## ગોતામાં પ્રોટેક્શન વોલ ધસી પાડવાની ઘટનામાં બીજા દિવસે સ્થિતિ ઠેરની ઠેર

અમદાવાદ, સોમવાર

ગોતામાં વંદે માતરમ્ રોડ પર નવા બની રહેલા પાર્કવ્યુ બિલ્ડિંગની પ્રોટેક્શન વોલ ધસી પડવાની ઘટના ગઈકાલે બની હતી. જેના કારણે પાસે આવેલી શાયોના તિલક ૩ અને ૪ની કમ્પાઉન્ડ વોલ અને માર્જિનનો ભાગ પણ ખાડામાં ધસી પડવાના પગલે ઈમારતો જોખમી બની જતા તેમાં રહેતા ૨૧થી વધુ પરિવારોને હોટેલમાં સ્થળાંતરીત કરવામાં આવ્યા છે. દરમિયાનમાં આજે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગે ડેવલોપર કેએચપી રિયાલિટી એલએલપીના સ્ટ્રક્ચર એન્જિનિયરને બોલાવીને તાત્કાલિક જરૂરી સમારકામ હાથ ધરવાની સૂચના આપી હતી. આવતીકાલે અસરગ્રસ્ત શાયોના તિલકના સ્ટ્રક્ચર એન્જિનિયરને પણ બોલાવીને સલામતી માટે શું કરવું પડશે? તેનો અભિપ્રાય લેવાશે. શાયોના તિલકની ઈમારતો સંપૂર્ણ સલામત થયા બાદ જ તેમા રહીશોને મોકલવામાં આવશે.

## સરકારના વર્ગ-૪ના કર્મચારીઓને ૩૦ દિવસનું એડહોક બોનસ

અમદાવાદ, સોમવાર

ગુજરાત સરકારે રાજ્યના વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળીની ભેટ આપતા ૩૦ દિવસનું એડહોક બોનસ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણયથી રાજ્ય સરકારના હજારો કર્મચારીઓને લાભ મળશે. બોનસની મહત્તમ મર્યાદા રૂપિયા ૭ હજાર નક્કી કરાઈ છે. આ બોનસ મેળવવા માટે કર્મચારીએ સંબધિત વર્ષ દરમિયાન ઓછામાં ઓછી સળંગ ૬ મહિનાની નોકરી પૂર્ણ કરેલી હોવી જરૂરી છે.

**લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ**
**Regd. NI. GAMC 28**

## વાત વાતમાં

# દિવાળીનાં નવાં મીઠાઈ-ફરસાણ !

દિલ્હીમાં રામલીલા મેદાનમાં જે ભવ્ય રેલી યોજાઈ ગઈ એ પછી દિવાળીની મીઠાઈઓ અને ફરસાણોમાં નવી નવી પોલિટીકલ આઈટમો આવી ગઈ છે ! જુઓ...

* * *

બુંદીના લાડુ

જે ઈન્ડીયા બ્લોક થોડા સમય પહેલાં વેરવિખેર લાગતો હતો તે બુંદીઓ ઉપર જે રીતે હથેળીઓનું 'પ્રેશર' આવે કે તરત લાડુ આકારમાં ગોઠવાઈ જાય છે એ રીતે રામલીલા મેદાનમાં એકબીજાને ગળે મળી રહ્યા હતા !

* * *

ચોળાફળી

લાલ મરચું ભભરાવેલી આ આઈટમ ભાજપ તરફથી લોંચ થઈ ! એમની તો જાણે 'બાધા ફળી' હોય તેમ રેન્ડમ ફોટા પોસ્ટ કરીને કહેતા હતા કે 'જુઓ ! જુઓ ! મેદાન તો અડધું ખાલી છે !'

* * *

ઘુઘરા

આ તો બિચારી શીશુવયની કોકરોચ પાર્ટી માટે બાળપણમાં ખુશ કરવા અપાતું રમકડું જેવું નીકળ્યું ! કેમકે ન તો એ લોકો રામલીલા મેદાનમાં પહોંચ્યા, કે ન તો એમનાં બચ્ચાંઓએ રામલીલામાં કોઈ 'નૌટંકી' કરી !

* * *

સુંવાળી

અહીં નેહા બોહરા પણ હતી અને પ્રિયંકાજી પણ હતાં ! (એમ તો સોનિયાજી પણ હતાં, પરંતુ એ હવે કડક ખડખડીયાં જેવાં થઈ ગયા છે) જોકે સૌથી સુંવાળી સ્થિતિમાં પેલાં ભૂતપૂર્વ પત્રકાર નિધિ રાઝદાન છે, જે બે દિવસ પહેલાં જ કાશ્મીરી સીએમ ઓમાર અબ્દુલ્લાને પરણી ગયાં છે !

* * *

ચકરી

સૌથી વધુ ચક્કરડી ભમ્મરડી લઈને 'કકરા' થવાની મજા લીધી હોય તો એ હતી ન્યુઝ ચેનલોની આખી પત્રકાર ટોળકી ! 'દેખિયે... દેખિયે... ! આપ દેખ સકતે હૈં !'

* * *

સૂતરફેણી

આ હતા બિચારા દિલ્હીના વેપારીઓ ! પહેલાં રાહુલજીને હાથ જોડ્યા, પછી ઈન્ડીયા બ્લોક આગળ રાવ નાંખી, છેવટે સરકારને હાથ જોડ્યા... પણ છે આખરે તો જેમ સુતરફેણી અડતાંની સાથે જ વેરવિખેર થઈ જાય તેમ...

* * *

ડ્રાય ફ્રુટ્સ

આ બધા જુના જોગીઓ છે ! કપિલ સિબ્બલ, જયરામ રમેશ, શશી થરૂર, સુબ્રમણયમ સ્વામી, લાલુ યાદવ, શરદ પવાર, યશવંત સિન્હા, પી. ચિદમ્બરમ્... આ લોકો ડ્રાય ફ્રુટ્સ જેવા છે ! દિવાળી પતી જાય પછી પણ એ રહેવાનાં !

મમતાજી એમાં લેટેસ્ટ ઉમેરાયાં છે, કાળી દ્રાક્ષ સ્વરૂપે !

- મન્નુ શેખચલ્લી

**છેડતી સહિતના આક્ષેપોના પ્રકરણમાં**

# અમૂલના MD જયેન મહેતા સામેની મહિલા કર્મીની રિટ હાઈકોર્ટે ફગાવી

**અમદાવાદ,સોમવાર**

**અમૂલની બ્રાન્ડનું માર્કેટિંગ કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતા સામે શારીરિક છેડતી અને હુમલાના આક્ષેપો કરનાર મહિલા કર્મચારીની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટનાં જસ્ટિસ એમ.કે. ઠક્કરે સ્પષ્ટ કર્યું છે કે, પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવામાં ન આવી હોય અથવા તપાસ યોગ્ય રીતે ન થઈ હોવાની ફરિયાદ હોય ત્યારે સીધા હાઈકોર્ટના રિટ અધિકારક્ષેત્રનો આશરો લેવાને બદલે કાયદા હેઠળ ઉપલબ્ધ વૈકલ્પિક ઉપાયનો ઉપયોગ કરવો જોઈએ.**

## ફરિયાદની તપાસ અન્ય એજન્સીને સોંપવાની માંગણી પણ નામંજૂર : જો કે, વૈકલ્પિક ઉપાય અજમાવવા મંજૂરી

હાઈકોર્ટે અરજદાર મહિલાને સંબંધિત મેજિસ્ટ્રેટ સમક્ષ કાયદેસરની કાર્યવાહી કરવાની છૂટ આપી છે. કેસની હકીકત મુજબ, અરજદાર મહિલા જીસીએમએમએફમાં આસિસ્ટન્ટ મેનેજર (માર્કેટિંગ) તરીકે ફરજ બજાવતાં હતાં. તેમના આક્ષેપ મુજબ, ૨૮ મે, ૨૦૨૫ના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યે અમૂલના એમડી જયેન મહેતા, ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર શેફાલી વિજય વારગિયા સહિતના અધિકારીઓ સાથેની ઘટનામાં તેમની સાથે શારીરિક ગેરવર્તણૂક કરવામાં આવી હતી. તેમનો હાથ મરડીને મોબાઈલ ફોન પણ બળજબરીથી લઈ લેવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે અરજદારે ૨૯ મે, ૨૦૨૫ના રોજ અમૂલના ઉચ્ચ સત્તાધીશોને ફરિયાદ કરી હતી. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે, પોલીસે પણ આ મામલામાં તેની કોઇ ફરિયાદ નોંધી ન હતી. આણંદ જિલ્લા પોલીસ પાસેથી તપાસ લઇ અન્ય એજન્સીને તપાસ સોંપવા અરજદારે માંગણી કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, મેડિકલ રિપોર્ટ અને સીસીટીવી ફુટેજીસને ધ્યાને લેતાં મહિલાએ હોસ્પિટલમાં તપાસ વખતે મારપીટ કે હુમલાનો ઈતિહાસ જણાવ્યો ન હતો. વળી, ઈજાના નિશાન કે ઉઝરડા પણ જણાયા નથી. ઘટના સમયે હાજર કર્મચારીઓનાં નિવેદનો પણ મહિલાના આક્ષેપોને સમર્થન આપતાં નહોતા.

**વંદે ભારત દ્વારા ત્રીજી વખત હૃદયનું પરિવહન**

# સુરતથી અમદાવાદ રેલ મારફતે અઢી કલાકમાં જીવંત હૃદય પહોંચ્યું

અમદાવાદ, સોમવાર

જીવ બચાવવા માટે સમય સાથેની દોડમાં ભારતીય રેલવેની વંદે ભારત એક્સપ્રેસે વધુ એક વત મહત્વની ભૂમિકા ભજવી છે. ૧ નવેમ્બરના રોજ સુરતથી અમદાવાદ સુધી ત્રીજી વખત વંદે ભારત દ્વારા જીવંત હૃદયનું પરિવહન કરવામાં આવ્યું હતું. ટ્રેન નં.૨૦૯૦૧ જીવંત હૃદય સાથે સવારના ૦૯.૦૮ કલાકે સુરતથી રવાના થઈને ૧૧.૩૫ વાગ્યા સુધીમાં ૨કલાક ૨૭ મિનિટમાં અમદાવાદ પહોંચી હતી. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી લાવવામાં આવેલા હૃદયને ટ્રેનના કોચ નંબર સી-૧૨માં સુરક્ષિત રીતે રાખવામાં આવ્યું હતું. અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧ પર ટ્રેન પહોંચતા જ રેલવે કર્મચારીઓ, આરપીએફ, જીઆરપી અને રાજ્ય પોલીસે સંકલન કરીને ગ્રીન કોરિડોર તૈયાર કર્યો હતો. તેના દ્વારા હૃદયને યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર પહોંચાડવામાં આવ્યું હતું. અહીં નિષ્ણાંત તબીબોની ટીમ હૃદયનું પ્રત્યારોપણ કરશે. ઉલ્લેખનીય છેકે, વંદે ભારત દ્વારા જીવંત હૃદયના પરિવહનનો આ ત્રીજો પ્રસંગ છે.

**Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah**
**Regd.NI.GAMC 28**

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

**સરકારની ઘોર બેદરકારી:પ્રક્રિયાના એક વર્ષે આદેશ કર્યો**

# સરકારે ગુજરાત યુનિ.ની છઠ્ઠા પગાર પંચ હેઠળની જગ્યાઓમાં ભરતી રદ કરી

**અમદાવાદ,સોમવાર**

**સરકારે ગત વર્ષે રાજ્યની સરકારી યુનિ.ઓને ભરતી માટે કોમન મંજૂરી આપી ભરતી પ્રક્રિયા કરવા સૂચના આપી દીધી હતી અને જેને પગલે ગુજરાત યુનિવર્સિટીએ ગત વર્ષે ઓગસ્ટમાં વહિવટી સ્ટાફની ૧૩ જગ્યા માટે અને ત્યારબાદ ડિસેમ્બરમાં ૧૨૯ જગ્યા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી.ગુજરાત યુનિ.દ્વારા આમ કુલ ૧૪૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા તો શરૂ કરાઈ હતી જેને ઘણો સમય થઈ ગયો હતો છતાં સરકારે યુનિ.ને સંવર્ગવાર-જગ્યાદીઠ મંજૂરી આપી ન હતી અને હવે અચાનક સરકારે ગુજરાત યુનિ.માં ભરતી કરાયેલી જગ્યાઓમાંથી છઠ્ઠા પગાર મુજબની જગ્યાઓની ભરતી રદ કરવા આદેશ કરી દીધો છે.હવે યુનિ.એ કેટલી જગ્યાઓની ભરતી રદ થાય તેવી છે સમીક્ષા પણ શરૂ કરી દીધી છે.**

## યુનિ.એ વહીવટી સ્ટાફ માટે બે તબક્કામાં કુલ ૧૪૨ જગ્યા માટે ભરતી પ્રક્રિયા કરી હતીઃ ૮ હજારથી વધુ ઉમેદવારો

નોકરીની રાહ જોઈને વર્ષો સુધી મહેનત-તૈયારી કરતા હજારો ઉમેદવારો માટે ગુજરાત યુનિ.માં ભરતી તો જાણે મજાક બની ગઈ હોય તેમ અગાઉ ચાર વર્ષ પહેલા શરૂ કરાયેલી નોન ટીચિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયા પણ આંતરિક રાજકારણ-વિવાદમાં રદ કરી દેવાઈ હતી અને સપ્ટેમ્બર ૨૦૨૨માં સરકારે યુનિ.માં જે જગ્યાઓ માટે મંજૂરી આપી હતી તે જગ્યાઓ માટે ત્રણ વર્ષ બાદ ગત વર્ષે અંતમાં ફરી ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી.જો કે સરકારે ગત વર્ષે ગુજરાત યુનિ.સહિત રાજ્યની તમામ સરકારી યુનિ.ઓને આદેશ કર્યો હતો કે ૮મું પગાર પંચ લાગુ થાય તે પહેલા તમામ ખાલી જગ્યાઓ કે જ રદબાતલ ન થાય તે માટે તેને ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામા આવે.જેથી ગુજરાત યુનિ.એ ગત વર્ષે ઓગસ્ટમાં સૌપ્રથમ વહિવટી સ્ટાફની દિવ્યાંગ કેટેગરીની ૧૩ જગ્યા માટે ભરતી જાહેરાત આપીને પ્રક્રિયા શરૂ કરી હતી. ત્યારબાદ ડિસેમ્બરના અંતમાં બાકીની ૧૨૯ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત આપીને અરજીઓ મંગાવાઈ હતી.

કલાર્ક સહિતની ઘણી જગ્યાઓ માટે ૮ હજારથી વધુ ઉમેદવારોની અરજી હતી. માર્ચમાં પ્રીલિમ પરીક્ષા લેવાયા બાદ એપ્રિલના અંતમાં મેઈન પરીક્ષા પણ લેવાઈ ચુકી છે.૨૯ જગ્યાઓમાં તો અનેક દિવ્યાંગ ઉમેદવારો પણ છે.ગુજરાત યુનિ.સરકારની મંજૂરીની રાહ જોઈ રહી હતી ત્યારે સરકારે હવે આટલા મહિનાઓ બાદ કોથળામાંથી બિલાડુ કાઢતા કમિશનર કચેરીને લેટર મોકલીને જણાવ્યુ છે કે ગુજરાત યુનિ.માં જે જગ્યાઓ છઠ્ઠા પગાર પંચથી મંજૂર થયેલ હોય અને સાતમા પગાર પંચ મુજબ જાહેરાત આપી ભરતી શરૂ કરાઈ હોય તે જગ્યાઓની ભરતી તાકીદે રદ કરી અલગ અલગ જાહેરાત ૩ દિવસમાં બહાર પાડવાની રહેશે.આ ઉપરાંત સાતમા પગાર પંચમાં હાલ મંજૂર જગ્યાઓની ભરતી જાહેરાતમાં પણ નાણા વિભાગે મંજૂર કરેલ પગાર ધોરણ અને નિયત લાયકાતોની ચકાસણી પણ કુલપતિ અને રજિસ્ટ્રારે કરવાની રહેશે. જો લાયકાત-પગાર ધોરણ પણ નિયમ મુજબ ન હોય તો આ જગ્યાઓની ભરતી પણ રદ કરી જુદી જુદી જાહેરાત ફરી ૩ દિવસમાં બહાર પાડવાની રહેશે.

### અંદાજે ૫૦ ટકા જેટલી જગ્યાની ભરતી ફરી થઈ શકે

**યુનિ.એ જેટલી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી તેમાં રજિસ્ટ્રાર, ચીફ એકાઉન્ટ ઓફિસર, લાઈબ્રેરિયન, ફીઝિકલ એજ્યુકેશન ડિરેક્ટર, રજિસ્ટ્રાર અને કુલપતિના પીએ, પ્રેસ મેનેજર આસિ. રજિસ્ટ્રાર, કોલેજ ડેવલમેન્ટ કાઉન્સિલ ડિરેક્ટર, એકેડમિક સ્ટાફ કોલેજ ડિરેક્ટર, મેડિકલ ઓફિસર, યુનિ.એન્જિ., સીનિયર કલાર્ક, જુનિયર કલાર તથા ફાર્મસિસ્ટ સહિતની વર્ગ-૧થી લઈને વર્ગ-૩ સુધીની અધિકારી-કર્મચારી લેવલની વહિવટી પોસ્ટની જગ્યાઓનો સમાવેશ થાય છે.યુનિ.એ અગાઉ એક-એક ઉમેદવાર અને વિવાદને લીધે ૮ જગ્યાની ભરતી રદ કરી હતી.પરંતુ બાકીની જગ્યાઓમાં પ્રક્રિયા થઈ ગઈ છે ત્યારે હવે ૫૦ ટકા જેટલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા રદ કરવી પડશે.**

### રજિસ્ટ્રારનો ચાર્જ આપવા પણ મંજૂરી લેવી પડશે

**ગુજરાત યુનિ.ને રજિસ્ટ્રારની જગ્યા પણ તાકીદે ભરવા માટે આદેશ કરાયો છે.જો કે અગાઉ સરકારે જ ભરતી પ્રક્રિયા અટકાવી દીધી હતી.ઉપરાંત હવે સરકારે યુનિ.ને હાલ ખાલી પડેલી જગ્યામાં અન્ય અધિકારીને ચાર્જ આપવા માટે પણ દરખાસ્ત મોકલવા સૂચના આપી છે.બીજી બાજુ શિક્ષણ વિભાગે કમિશનર કચેરીને મોકલેલા લેટરમા લખ્યુ છે કે ગુજરાત યુનિ.માં રજિસ્ટ્રારની જગ્યા નથી.એટલે કે જગ્યા રદ થઈ ગઈ છે તેથી જગ્યા પુનઃજીવીત થાય તે માટે નાણા વિભાગની મંજૂરી મેળવી તાકીદે ભરવાની કાર્યાવહી કરવી.જો કે યુનિ.માં આ જગ્યા મંજૂર છે.**

### અવસાન નોંધ

**શાહ :** સ્વ.કૌશલભાઈ ઉપેન્દ્રભાઈ શાહનું બેસણું, શ્રીમાળી બ્રાહ્મણ સુવર્ણ જયંતી હોલ, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી ખાતે, સવારે ૮:૩૦થી ૧૦:૩૦.

**૩૫ મિલકતોની વીજ જરૂરિયાતનું જાતે ઉત્પાદન**

# ઔડા હવે સંપૂર્ણ સૌર ઊર્જાથી ચાલશે, ૫.૩૦ કરોડનો પ્રોજેક્ટ

**અમદાવાદ, સોમવાર**

**ગુજરાતમાં સર્જાયેલા વીજ સંકટ બાદ સૌરઊર્જા ફરી વખત ચર્ચામાં આવી છે. ત્યારે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની તમામ મિલકતો હવે સૌર ઊર્જાથી ચલાવવાનું આયોજન કરાયું છે. જેના માટે રૂ.૫.૩૦ કરોડના ખર્ચે ૧ મેગા વોટની ક્ષમતાના સોલાર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે.**

## ૧ મેગા વોટની ક્ષમતાના પ્લાન્ટની સ્થાપના કરાશે, વર્ષે ૧૨.૭૮ લાખ યુનિટ વીજળીનું ઉત્પાદન થશે

ઔડા દ્વારા હાથ ધરવામાં આવનાર આ પ્રોજેક્ટ દ્વારા વાર્ષિક ૧૨.૭૮ લાખ યુનિટ વીજળીનું ઉત્પાદન કરાશે અને તેનાથી વાર્ષિક વીજ બીલની કુલ ૧.૨૮ કરોડની રકમ બચાવી શકાશે, તેવો દાવો કરવામાં આવ્યો છે. ઔડાની ઓફિસો અને ઓડિટોરિયમ, મણિપુર-ગોધાવી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન, વિવિધ વિસ્તારના પાણી વિતરણ કેન્દ્રો, ગ્રામ્ય કક્ષાની પાણી વિતરણ વ્યવસ્થા, સમ્પ વગેરે સહિતની ૩૫ મિલકતો આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવશે. છ મહિનામાં આ પ્લાન્ટ તૈયાર થઈ જશે. પ્રોજેક્ટના કુલ ખર્ચમાં સોલાર પ્લાન્ટના પાંચ વર્ષના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સનો પણ સમાવેશ થાય છે.

**ટોય હાઉસ સહિતના કામોની ચૂકવણી મુદ્દે વિવાદ**

# ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર જ નથીઃ યુનિ.એ સરકાર પાસે માંગ્યા

**અમદાવાદ,સોમવાર**

**રાજ્યની સરકારી યુનિવર્સિટી એવી ચિલ્ડ્રન યુનિ.ફરી એકવાર વિવાદમાં આવી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં છેલ્લા ૧૭ દિવસથી રજિસ્ટ્રાર જ નથી અને રજિસ્ટ્રાર વિના યુનિ.નો વહિવટ ચાલી રહ્યો છે.જો કે બીજી બાજુ એવી ચર્ચા વહેતી થઈ છે કે રજિસ્ટ્રારનો ચાર્જ જે પ્રોફેસરનો અપાયો હતો તેઓ બિલોની ચુકવણીમાં વાંધા ઉભા કરતા હોવાથી તેઓને દૂર કરાયા છે.હાલ તો યુનિ.એ સરકારમાં દરખાસ્ત કરી છે રજિસ્ટ્રાર શોધી આપવા એટલે કે અધિકારીની નિમણૂંક કરવા માંગણી કરી છે.**

## ૧૭ દિવસથી રજિસ્ટ્રાર ઓફિસને તાળું : લાખોના બિલોની ચૂકવણીમાં ગોટાળાની ફરિયાદો ઉઠી

ગાંધીનગરમાં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં અગાઉ અનેકવાર ભરતીને લઈને વિવાદો ઉભા થઈ ચુક્યા છે ત્યારે હવે ટોય હાઉસ અને અન્ય બાંધકામો-રીનોવેશનના ૭૦થી૮૦ લાખ રૂપિયાના બિલોની ચુકવણીમાં ગોટાળાને લઈને ફરિયાદો ઉઠી છે. ચિલ્ડ્રન યુનિ.માં ગર્ભ સંસ્કાર કેન્દ્ર અને ટોય હાઉસ સહિતના અનેક નવા પ્રોજેક્ટ શરૂ કરાયા છે ત્યારે અગાઉ આ યુનિ.માં જેઓ ઈન્ચાર્જ કુલપતિ રહી ચુક્યા છે તેઓને જ ચાર-પાંચ મહિના પહેલા રજિસ્ટ્રારનો ચાર્જ અપાયો હતો.

પરંતુ ગત ૧૭ ઓક્ટોબરે તેઓ પાસેથી ચાર્જ લઈ લેવાયો છે અને ૧૭ દિવસથી રજિસ્ટ્રાર ઓફિસને તાળુ છે.બાંધકામ વિના લાખોના બિલોની ચુકવણીના પણ આક્ષેપો થઈ રહ્યા છે.આવતીકાલે યુનિ.માં એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક મળનાર છે અને એક મોટો કાર્યક્રમ પણ છે ત્યારે એક દિવસ પહેલા જ આ વિવાદને લઈને ફરિયાદો વહેતી થઈ છે.યુનિ.એ હાલ સરકારને દરખાસ્ત કરીને રજિસ્ટ્રાર આપવા માટે માંગણી કરી છે.

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણા સબ ડીસ્ટ્રીક્ટ કડી ના તાલુકા કડીનાં મોજે ગામ કોલાદની સીમના ખાતા નંબર ૨૯૩ નાં રેવન્યુ સર્વે નંબર ૨૫૦ (જુના રેવન્યુ સર્વે નંબર ૯૭) ની કુલ હે.આરે.ચો.મી. ૧-૬૧-૦૫ આકાર રૂ.૭.૮૪ પૈસા પૈકીની પૂર્વ દીશાની હે.આરે.ચો.મી. ૧-૦૨-૦૮ ની જુની શરતની ખેતીની જમીન., ૧) પટેલ ભગવતીબહેન પરસોત્તમભાઈ રણછોડભાઈ, ૨) પટેલ ચંદુભાઈ પરસોત્તમભાઈ રણછોડભાઈ તથા ૩) પટેલ દીલીપભાઈ પરસોત્તમભાઈ એમ સર્વેએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર ૧) પટેલ ભગવતીબહેન પરસોત્તમભાઈ રણછોડભાઈ, ૨) પટેલ ચંદુભાઈ પરસોત્તમભાઈ રણછોડભાઈ તથા ૩) પટેલ દીલીપભાઈ પરસોત્તમભાઈ એમ સર્વેએ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી કે હાલમાં ચાલુ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી કે સદર જમીનમાં હાલ કોઈપણ જાતની રેવન્યુ તકરારો કે દિવાની તકરારો ચાલતી નથી કે પેન્ડીંગ નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે મનાઈ હુકમ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ સદર જમીન અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી હાથ ધરશે., તો ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ

તારીખઃ- ૦૨/૧૧/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ**
**એડવોકેટ**

૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) મહાવીર નવિનચંદ્ર અદાણી(૮૦ ટકાના હિસ્સેદાર તરીકે) તથા (૨) સિદ્ધાર્થ અરુણ અદાણી(૨૦ ટકાના હિસ્સેદાર તરીકે), બંને રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩(મેમનગર)ના તાલુકા ઘાટલોડિયાના ગામ મોજે બોડકદેવની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧/બીના ફાઈનલ પ્લોટ નંબર-૩૨૧(સર્વે/બ્લોક નંબર- ૨૫૦/૩)ની બિનખેતીની જમીન ઉપર પુનમદીપ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ "પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાતી સ્કીમમાં બ્લોક-સી માં પાંચમાં માળ ઉપર આવેલ ફલેટ નંબર-સી- ૫૦૩ની ૨૭૦ ચોરસવાર(સુપર બિલ્ટઅપ એરિયા)ની બાંધકામવાળી મિલકત તથા ૧૮૯ ચોરસવાર યાને કે ૧૫૭.૨૪ ચોરસમીટર(બિલ્ટઅપ એરિયા)ની બાંધકામવાળી મિલકત તથા સદરહુ એસોસીએશનના શેર સર્ટીફિકેટના હક્કો, સભ્યપદના હક્કો સહિતની મિલકત તેઓની એસોસીએશનના સભાસદો તરીકે સંપૂર્ણ, સંયુકત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં ઉપરોકત માલિકોએ જણાવેલ છે કે, સદરહુ ફલેટ અન્વયે એસોસીએશન દ્વારા ફાળવવામાં આવેલ અસલ શેર સર્ટીફિકેટ તેઓથી ખોવાઈ ગયેલ છે અને હાલમાં મળી આવતુ નથી, પરંતુ સદરહુ ફલેટના અસલ શેર સર્ટીફિકેટ ઉપર તેઓએ કોઈપણ પ્રકારનો બાજો કે લીયન કરેલ નથી કે અન્ય કોઈને કોઈપણ લેખ દ્વારા સિક્યોરિટીમાં આપેલ નથી. ઉપરોક્ત માલિકોએ એસોસીએશન પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો સદરહુ ફલેટ ઉપર કે ખોવાઈ ગયેલ અસલ શેર સર્ટીફિકેટ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ ફલેટ ઉપર કે ખોવાઈ ગયેલ અસલ શેર સર્ટીફિકેટ ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત સીક્યોરીટી કરાર કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવામાં નહી આવે તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી સદરહુ એસોસીએશન દ્વારા સદરહુ ફલેટ અન્વયે ઉપરોકત માલિકોને ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટની ફાળવણી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૨-૧૧-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા વિરમગામના ગામ મોજે કુમરખાણની સીમના (એ) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૧૯ (જુના સર્વે નંબર-૨૩૬/૧) ની ૨૦૫૭ ચોરસમીટર જમીન તથા (બી) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૨૯૬ (જુના સર્વે નંબર-૨૩૬/૧) ની ૩૫૯૬ ચોરસમીટર જમીન એમ મળીને કુલ્લે ૫૬૫૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન વિપુલભાઇ ધીરૂભાઇ પારેખે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૧૦

તારીખ : ૦૩-૧૧-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે કઠવાડા ની સીમના ખાતા નં.૪૪૧ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૧૪૯ (જુના સર્વે નં.૮૧) ની ૧-૨૭-૫૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૬.૨૫ પૈસાના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન દિનેશકુમાર ચંદુલાલ, હસમુખકુમાર ચંદુલાલ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

### નાના વેપારી માટે જીએસટીની ઈ-ઈન્વોઈસિંગ સિસ્ટમ એપ્રિલથી અમલમાં

# ઈ-ઈન્વોઈસિંગથી ચોપડા બનાવવાની ઝંઝટથી મુક્તિ અને સરળતાથી ટેક્સ ક્રેડિટ મળશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ, સોમવાર

જીએસટી કાયદાને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે ટેક્સ સત્તાવાળાઓ ૧ એપ્રિલ ૨૦૨૭થી પસંદગીના ક્ષેત્રોમાં છૂટક વેપારીઓ માટે ઈ-ઈન્વોઈસિંગ સિસ્ટમનો પાયલોટ પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવાની યોજના બનાવી છે. આ નવી સિસ્ટમનો મુખ્ય હેતુ નાના અને મોટા વેપારીઓ માટે ટેક્સ ભરવાની પ્રક્રિયા સહેલી બનાવવી અને ગ્રાહકોને સીધા ડિજિટલ બિલ પૂરા પાડવાનો છે. ત્યારબાદના તબક્કામાં નાના છૂટક વેપારીઓ માટે પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

હાલમાં દર મહિને કે ત્રિમાસિક ગાળામાં વેપારીઓએ પોતાના આખા મહિનાના કુલ વેચાણનો હિસાબ એક સાથે જીએસટી રિટર્નમાં દર્શાવે છે. નવી સિસ્ટમમાં વેપારીઓ સીધું ડિજિટલ રજિસ્ટ્રેશન કરાવી શકશે અને જ્યારે પણ કોઈ વેપારી ગ્રાહકને બિલ આપશે, ત્યારે તે બિલ જીએસટીના સરકારી પોર્ટલ પર આપમેળે જ ઈલેક્ટ્રોનિક રીતે નોંધાઈ જશે. ગ્રાહકોને કાગળનું બિલ લેવાના બદલે તેમના મોબાઈલ નંબર પર જ સીધું જીએસટી માન્ય ઈ-બિલ મળી જશે. બીજું, સરકારી પોર્ટલ પર દરરોજનો વેચાણનો હિસાબ ઓટોમેટિક અપલોડ થઈ જતો હોવાથી, વેપારીઓએ રિટર્ન ભરતી વખતે અલગથી દરેક બિલનો હિસાબ ઉમેરવો કે મિલાવવો પડશે નહિ.

નવી વ્યવસ્થાને કારણે વેપારીઓ માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવી સરળ બનશે. અત્યાર સુધી જો સામેવાળા વેપારી કે સપ્લાયરે બિલ સમયસર અપલોડ ન કર્યું હોય, તો ખરીદનાર વેપારીની ઈનપુટ ટેક્સ ક્રેડિટ અટવાઈ જતી હતી. તેમ જ તેમણે સીબીઆઈસી અને જીએસટી વિભાગની નોટિસોનો સામનો કરવો પડતો હતો. ઈ-ઈન્વોઈસિંગમાં દરેક ટ્રાન્ઝેક્શન તુરંત પોર્ટલ પર નોંધાઈ જવાના હોવાથી વેપારીઓને તેમની હકની ટેક્સ ક્રેડિટ પણ વિના વિલંબ કે કાગળિયાની ઝંઝટ વગર તુરંત અને સીધી જ મળી જશે.

**એપ્રિલ ૨૦૨૭થી રેસ્ટોરન્ટ્સ, ક્વિક-કોમર્સ, ઈ-કોમર્સ અને ઓર્ગેનાઈઝ્ડ રિટેલમાં નવી સિસ્ટમ લાગુ કરાશે**

## શૈક્ષણિક સંઘની સંકલન સમિતિની આંદોલનની ચિમકી

અમદાવાદ,સોમવાર

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ સરકાર સામે બાંયો ચઢાવી છે અને વિવિધ પડતર પ્રશ્નો મુદે અને શૈક્ષણિક સ્ટાફની ભરતી સમિતિમાં નિમણૂંકને લઈને વિરોધ નોંધાવતા ૨૫ નવેમ્બરથી એટલે કે દિવાળી વેકેશન બાદ સ્કૂલો ખુલતા જ નવા શૈક્ષણિક સત્રની શરૂઆતથી આંદોલન શરૂ કરવાની ચીમકી આપી છે.

## નલિયામાં ૧૬.૮ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન

અમદાવાદ, મંગળવાર

નલિયામાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે અને ગત રાત્રિના ૧૬.૮ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. રાજ્યમાંથી અન્યત્ર ડીસામાં ૨૦.૬, રાજકોટમાં ૨૦.૫, વડોદરા-ભુજમાં ૨૧.૬, અમરેલીમાં ૨૧.૮, ગાંધીનગરમાં ૨૨.૬, ભાવનગરમાં ૨૨.૯, સુરતમાં ૨૫.૪ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૨૨.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રીનો વધારો થયો હતો.

### ગાંધીનગર આંદોલનનું 'એપી સેન્ટર' બન્યું

# ફિક્સ પેના વિરોધમાં હલ્લાબોલ વનરક્ષકો બાદ વધુ એક આંદોલન

અમદાવાદ,સોમવાર

**રાજ્ય સરકાર સામે હક્ક અને ન્યાયની લડાઈ લડવા માટે વધુ એક કર્મચારી સંગઠને ખુલ્લો મોરચો માંડી દીધો છે. વર્ષોથી ચાલતી ફિક્સ પે નીતિના વિરોધમાં સરકારી કર્મચારીઓ આક્રમક મૂડમાં છે.**

## સમાન કામ, સમાન વેતનની માંગ બુલંદ બની સચિવાલયના પ્રવેશદ્વારો પર પોલીસ ખડકાઈ

સોશિયલ મીડિયા પર સચિવાલયના ઘેરાવની પોસ્ટ વાયરલ થતાં જ ગાંધીનગર પોલીસ વિભાગ હરકતમાં આવી ગયું હતું. અનિચ્છનીય ઘટનાને રોકવા માટે સમગ્ર સચિવાલય પરિસરને પોલીસ છાવણીમાં ફેરવાયું હતું. હજુ તો વનરક્ષકોએ પાટનગરમાં છ દિવસથી અડિંગા જમાવ્યા છે ત્યાં ફિક્સ પેના વિરોધમાં આંદોલન શરૂ થયું છે જેના પગલે સરકારની ચિંતા વધી છે. આંદોલનકારીઓનો આક્ષેપ છે કે સરકારની ફિક્સ પે પ્રથા શિક્ષિત યુવા કર્મચારીઓના ભવિષ્ય સાથે અન્યાય છે. ફિક્સ પે નામે વર્ષોથી યુવાનોનું આર્થિક અને માનસિક શોષણ કરવામાં આવી રહ્યુ છે. આજના મોંઘવારીના કપરા સમયમાં નજીવા વેતનથી ઘર ચલાવવું સર્વથા અશક્ય બન્યું છે. કર્મચારી સંગઠનોએ સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે કાયદા મુજબ 'સમાન કામ, સમાન વેતન'ના નિયમનું તાકીદે પાલન થવું જ જોઈએ.સોશિયલ મિડીયામાં આંદોલનના વાયરલ મેસેજની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સચિવાલય સંકુલની બહાર લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ હતી. સચિવાલય તરફ જતા મુખ્ય માર્ગો પર મજબૂત બેરિકેટિંગ કરાયુ હતું. ઉચ્ચ અધિકારીઓ સાથે પોલીસ કાફલો ખડકી દેવાયો હતો.પાટનગરમાં આવતા-જતા તમામ શંકાસ્પદ વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને પોલીસ દરેક ગતિવિધિ પર બાજ નજર રાખી રહી છે.આંદોલનકારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ લડત વધુ આક્રમક અને તેજ બનશે.

### વનરક્ષકોની સરકાર સાથે વાટાઘાટો નિષ્ફળ

# લેખિત ઠરાવ કરો, સરકારના મૌખિક વચનો પર ભરોસો નથી

અમદાવાદ,સોમવાર

રાજ્યભરના વન રક્ષકોનું આંદોલન આજે છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યું છે. પાટનગર ગાંધીનગરમાં અડિંગો જમાવીને બેઠેલા વન કર્મચારીઓના ઉગ્ર વિરોધને પગલે આખરે સરકારે નમતું જોખવું પડ્યું છે અને આંદોલનકારીઓને મંત્રણા માટે સચિવાલયનું તેડું મોકલવામાં આવ્યુ હતું.

સચિવાલય ખાતે વનમંત્રી અર્જુન મોઢવાડીયાને અને વન રક્ષકોના પ્રતિનિધિ મંડળ વચ્ચે લાંબી ચર્ચા-વિચારણા થઈ હતી. બેઠકમાં વનમંત્રીએ સકારાત્મક વલણ અપનાવી વન કર્મચારીઓના પડતર પ્રશ્નો વહેલી તકે હલ કરવાની મૌખિક ખાતરી પણ આપી હતી. જોકે, સરકારની આ મૌખિક ખાતરી આંદોલનને સમેટવામાં નિષ્ફળ રહી છે. વન કર્મચારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, હવે સરકારના માત્ર મૌખિક વચનો પર સહેજ પણ ભરોસો નથી. ભૂતકાળના અનુભવોને ધ્યાને રાખીને વન રક્ષકોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ સ્વીકારતો સત્તાવાર સરકારી ઠરાવબહાર પાડવામાં નહીં આવે, ત્યાં સુધી આ આંદોલન સહેજ પણ નબળું પડ્યા વિના ચાલુ રહેશે.










### ૪૦થી વધુ રજૂઆતો કરવા છતાં નિરાકરણ નહીં

# ફાર્માસિસ્ટ પણ હવે પડતર માગણી મામલે સરકાર સામે મોરચો માંડશે

અમદાવાદ,સોમવાર

છેલ્લા કેટલાક વર્ષથી વિવિધ પડતર માગણીઓનો ઉકેલ નહીં આવતા હવે ગુજરાતના ફાર્માસિસ્ટોએ પણ સરકાર સામે મોરચો માંડવાની તૈયારી શરૂ કરી દીધી છે. વિવિધ માગણીઓ મામલે ૪૦થી વધુ રજૂઆત છતાં સરકાર દ્વારા માત્ર આશ્વાસન જ અપાયું છે નિરાકરણ નહીં અને જેના પગલે આંદોલનનું શસ્ત્ર અજમાવવા ચીમકી અપાઇ છે.

## ગ્રેડ પે સુધારણા, પ્રમોશન અને પગાર ધોરણની દરખાસ્તનો નિકાલ કરવા સહિતની માગણીઓ

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય ફાર્માસિસ્ટ મંડળ દ્વારા વર્ષ ૨૦૨૧થી અત્યારસુધી ૯ માગણીઓ મુદ્દે સરકારને રજૂઆત કરવામાં આવી છે. જેમાં સૌપ્રથમ માગણી ગ્રેડ પેના છઠ્ઠા પગાર પંચ મુજબ સુધારો કરી સાતમા પગાર પંચનો તે મુજબ લાભ આપવા માગણી છે. આરોગ્ય વિભાગ હસ્તક ખાતે ફરજ બજાવતા ફાર્માસિસ્ટો બાબતે છેલ્લા ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી જોબ ચાર્ટ ઉપરાંતની કોલ્ડચેન હેન્ડલરની વધારાની કામગીરી અન્ય સંવર્ગને સોંપવાની રજૂઆતનું પણ નિરાકરણ થયું નથી.

રાજ્ય સરકાર હસ્તકની આરોગ્ય સંસ્થામાં દવા સ્ટોર માટે ચોકક્સ નિયત અને એરકન્ડિશન્ડ જગ્યા ફાળવવામાં આવેલી નથી.

મેડિકલ કોલેજના સેન્ટ્રલ મેડિકલ સ્ટોર ખાતે તબીબી અધિકારીઓની નિયુક્તિ કરવાનો નિર્ણય ચીફ ફાર્માસિસ્ટની કામગીરી પર તરાપ મારતો નિર્ણય ગણાવાયો છે. જુનિયર ફાર્માસિસ્ટને સિનિયર ફાર્માસિસ્ટનું પ્રમોશન આપવાનો નિર્ણય પણ ઘણા સમયથી પડતર છે. આ સિવાય ફાર્માસિસ્ટ સંવર્ગના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તનો નિકાલ, તાલુકા કક્ષાએ ફાર્માસિસ્ટની કામગીરીના ભારણને પગલે સરકારી ફાર્માસિસ્ટની નિમણૂક કરવા પણ માગણી છે.

### અમદાવાદમાં ચાલુ વર્ષના કુલ કેસ ૧૮૫૭

# ડેન્ગ્યુ કાબુમાં તો આવ્યો પણ સ્થિતિ હજી ગંભીર, એક માસમાં ૫૧૩ કેસ

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરમાં ઓગસ્ટ મહિનાથી વકરેલો ડેન્ગ્યુનો રોગચાળો હવે માંડ માંડ કાબૂમાં તો આવ્યો છે, પરંતુ સ્થિતિ હજી થાળે પડી નથી. કારણ કે ગત ઓક્ટોબર મહિનામાં શહેરમાં ૫૧૩ કેસ નોંધાયા છે.

## સપ્ટેમ્બરના ૭૫૬ની સરખામણીએ કેસની સંખ્યા ઘટી, ૧૦ મહિનામાં મેલેરિયાના ૬૧૯ કેસ નોંધાયા

અમદાવાદ શહેરમાં ગત સપ્ટેમ્બર મહિનામાં ડેન્ગ્યુના કેસની સંખ્યા વધીને ૭૫૬ સુધી પહોંચી ગઈ હતી. ઓગસ્ટ મહિનામાં મ્યુનિ.ના આરોગ્ય અધિકારીએ પણ વીકલી રિવ્યુ બેઠકમાં કમિશનર સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ડેન્ગ્યુના કેસ હજી વધશે, એ મુજબ કેસ વધ્યા પણ ખરાં! ત્યાર બાદ હવે ડેન્ગ્યુના કેસમાં ઘટાડો થવાની શરૂઆત થઈ ગઈ છે.

૨૦૨૬માં અત્યાર સુધીમાં શહેરમાં ડેન્ગ્યુના કુલ કેસનો આંકડો ૧૮૫૭ સુધી પહોંચી ગયો છે. બીજી તરફ આ ૧૦ મહિનામાં સાદા અને ઝેરી મેલેરિયાના ૬૧૯ કેસ નોંધાયા છે. એટલે કે મચ્છરજન્ય રોગચાળાએ આખા શહેરને રીતસર બાનમાં લીધુ હતું.

### કાગળ પર પીવાનું પાણી શુદ્ધ થઈ ગયું!

અમદાવાદ શહેરમાં હકીકત ભલે કંઈ પણ હોય, પરંતુ મ્યુનિ.એ કાગળ પર પીવાનું પાણી શુદ્ધ કરી બતાવ્યું છે. ૨૦૨૫ના આખા વર્ષમાં પાણીના લેવાયેલા સેમ્પલમાં ૬૨૬ અનફિટ અને ૭૭૬ ક્લોરિન નીલ રિપોર્ટ આવ્યા હતા. તેની સામે ૨૦૨૬ના ૧૦ માસમાં ફક્ત ૩૨૨ અનફિટ અને ૧૮૩ જ ક્લોરિન નીલ રિપોર્ટ આવ્યા છે. એટલે કે શહેરમાં પીવાનું પાણી હવે શુદ્ધ છે!

### ડિજિટલ પેમેન્ટ એપનું સર્વર હેક કરીને ૪૪ લાખ પડાવ્યા

અમદાવાદ,સોમવાર

શહેરના નરોડા વિસ્તારમાં આવેલી ડીજીટલ પેમેન્ટ એપ્લીકેશન કંપનીનું સર્વર હેક કરીને સાયબર ક્રીમીનલ દ્વારા માત્ર કલાકમાં જ રૂપિયા ૪૪ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધવામાં આવી છે. નવા નરોડામાં આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા મનીષભાઇ સાવલીયાએ નરોડામાં જ મની ટ્રાન્સફર, બિલ પેમેન્ટ, જેવી અલગ અલગ સર્વિસ ધરાવતી એપ્લીકેશન ધરાવે છે. જે એપ્લીકેશનનો ઉપયોગ ૨૫૦થી વધુ વેપારીઓ દ્વારા કરવામાં આવતો હતો. થોડા દિવસ પહેલા એક ગ્રાહકે જણાવ્યું હતુ કે તેમના ટ્રાન્જેક્શન થઇ નથી રહ્યા. જેથી સર્વરમાં લોગઇન કરીને જોતા જાણવા મળ્યું હતું કે કોઇ સર્વરની સી પેનલના આઇડી અને પાસવર્ડને કોઇએ હેક કરીને માત્ર ત્રણ કલાકમાં કુલ ૪૪ લાખ રૂપિયા દેશના અલગ અલગ બેક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. આ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

### પોલીસને બાંગ્લાદેશના દસ્તાવેજ પણ મળી આવ્યા

# અમદાવાદમાંથી ૪૦ મહિલા સહિત ૬૧ બાંગ્લાદેશી ઝડપાયા

અમદાવાદ,સોમવાર

અમદાવાદમાં ચંડોળા તળાવમાં રહેતા હજારો બાંગ્લાદેશીઓને ક્રાઇમબ્રાંચે અગાઉ ઝડપીને ડિપોર્ટ કર્યા હતા. તેમ છતાંય, બાંગ્લાદેશીઓ હજુપણ શહેરમાં મોટાપ્રમાણમાં સક્રિય છે. ત્યારે ક્રાઇમબ્રાંચે શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રાઇવ યોજીને ૪૧ મહિલા સહિત કુલ ૬૧ લોકોને ઝડપી લીધા હતા.

## યુવતીઓ એજન્ટોની મદદથી સ્પા અને દેહવિક્રયના કારોબારમાં સક્રિય હતીઃ તમામને ડિપોર્ટ કરવા કાર્યવાહી

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં આવેલા સ્પા તેમજ હોટલમાં કામ કરતી યુવતીઓ અને મહિલાઓમાં અનેક બાંગ્લાદેશી હોવાની બાતમી ક્રાઇમ બ્રાંચને મળી હતી. આ ઉપરાંત, બાંધકામ અને પૂર્વ વિસ્તારમાં આવેલા વિવિધ કારખાનાઓમાં બાંગ્લાદેશી યુવકો બોગસ ડોક્યુમેન્ટથી રહેતા હતા.

આ તમામ વિગતોના આધારે ક્રાઇમબ્રાંચ, એસઓજીની અલગ અલગ ટીમ દ્વારા સ્પા, હોટલો અને કારખાનામાં બે સુધી ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ ડ્રાઇવમાં કુલ ૬૧ બાંગ્લાદેશીઓ મળી આવ્યા હતા, જેમાં ૪૧ મહિલા-યુવતીઓનો સમાવેશ થતો હતો. જે પૈકી મોટાભાગની મહિલાઓને એજન્ટો દ્વારા દેહવિક્રયના કારોબારમાં ધકેલવામાં આવતી હતી. પોલીસે તેમની પાસેથી બાંગ્લાદેશી ઓળખપત્રો સહિતના દસ્તાવેજ મળી આવ્યા હતા. પોલીસે એજન્ટોના નેટવર્ક અંગે પણ તપાસ શરૂ કરી છે. સાથેસાથે બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદમાં RWA સંસ્થાઓ માટે નવી માર્ગદર્શિકા

# સફાઈ કામમાં સતત એક મહિનો ટુ સ્ટાર રેટિંગ રહેશે તો કોન્ટ્રાક્ટ રદ

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં હવે સફાઈનું કામ પણ સ્ટારની રેટિંગ મુજબ કરાશે. શહેરના સફાઈ સાથે સંકળાયેલી ૪૦૦ મંડળીઓના ૬ હજાર જેટલા કામદારો માટે નવી માર્ગદર્શિકા લાગૂ કરાઈ છે. જે મુજબ સફાઈ કામ કરતી કોઈ પણ મંડળી કે સંસ્થાને સતત એક મહિના સુધી ટુ-સ્ટાર રેટિંગ મળશે તો કોન્ટ્રાક્ટ રદ કરી દેવાશે.

## કામદારોની નિયમિતતા, નાગરિકો સાથે વર્તણૂક જેવા ધોરણો મુજબ રોજ ૧થી ૫ સ્ટાર સુધી રેટિંગ અપાશે

અમદાવાદમાં સફાઈ કામ મુદ્દે વારંવાર ઉઠતી ફરિયાદો બાદ આખરે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નવી માર્ગદર્શિકા લાગૂ કરાઈ છે. જે અંતર્ગત હવે આરડબ્લ્યુએ એટલે રેસિડેન્શિયલ વેલ્ફેર અસોસિએશન મંડળીઓને દરરોજ કામદારોની નિયમિતતા, નાગરિકો સાથેના વર્તણૂક, પીપીઈ જેવા સુરક્ષા સાધનોનો ઉપયોગ, સમયપાલન તેમજ ઝોનમાં દેખાતી સ્વચ્છતા જેવા માપદંડો મુજબ વોર્ડના પબ્લિક હેલ્થ સુપરવાઈઝર દ્વારા એકથી પાંચ સ્ટાર વચ્ચે રેટિંગ અપાશે. જો કોઈ સંસ્થાને સળંગ સાત દિવસ સુધી ટુ સ્ટાર કરતા ઓછું રેટિંગ મળશે તો તેને નોટિસ અપાશે. તેમજ એક માસ સુધી સતત ટુ સ્ટાર કરતા ઓછું રેટિંગ મળ્યું તો ડે. મ્યુનિ. કમિશનર દ્વારા કોન્ટ્રાક્ટ રદ કરી દેવાશે. જ્યારે થ્રી સ્ટાર રેટિંગ ધરાવતી સસંથાઓ કામગીરી નહીં સુધારે ત્યાં સુધી વધારાનું કે નવું કામ સોંપાશે નહીં. સબ ઝોનલ આસિ. મેનેજરે અઠવાડિયામાં બે વખત, ઝોનલ ડે. ડાયરેક્ટરે સપ્તાહમાં એક વખત, સબ ઝોનલ આસિ. મ્યુનિ. કમિશનરે દર ૧૫ દિવસે અને ઝોનલ ડે. મ્યુનિ. કમિશનરે દર મહિને કામગીરી ચકાસી સંસ્થાને રેટિંગ આપવા પડશે. રેટિંગ રિપોર્ટ મંજૂર થયા બાદ જ માસિક બિલની ચૂકવણી કરાશે તેવો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે.

### મ્યુનિ.ના અધિકારીઓની ચેમ્બરમાં ફૂલો મુકવાનો ખર્ચ ૪.૮૦ લાખ

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરના માર્ગો પર લાખો રૂપિયાનો ખર્ચ કરીને રોપેલા ફૂલ-છોડ ઉગે નહીં કે કરમાઈ જાય, તે અલગ વાત છે. પરંતુ મ્યુનિ.ની દાણાપીઠ સ્થિત મુખ્ય કચેરીમાં આવેલી પદાધિકારીઓ અને અધિકારીઓની ચેમ્બરમાં ફૂલો મુકવા માટે વર્ષે રૂ.૪.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

### સાણંદના વિંછીયા ગામની અરેરાટી ભરી ઘટના

# પિતાએ જ ૧૦ વર્ષના પુત્રને માતાજીની ડેરી પાસે પછાડીને મોતને ઘાટ ઉતાર્યો

અમદાવાદ,સોમવાર

અમદાવાદ જિલ્લાના સાણંદના વિંછીયા ગામમાં ખુદ પિતાએ જ તેના ૧૦ વર્ષના એકના એક પુત્રને ઘર પાસે આવેલી માતાજીની ડેરી પાસે પછાડી પછાડીને મારી નાખ્યાની અત્યંત હિચકારી ઘટના સામે આવી છે. હત્યા કર્યા બાદ પિતા તેના પુત્રની લાશ પાસે જ બેઠો રહ્યો હતો અને સ્થાનિક લોકોએ પોલીસને હવાલે કર્યો હતો. હત્યાનું કારણ જાણીને ખુદ પોલીસ અધિકારીઓને પણ આઘાત લાગ્યો હતો. હત્યારો પિતા માતાજીનો ભુવો હતો અને તેના ૧૦ વર્ષના પુત્રમાં પણ ભુવાના લક્ષણ આવતા હતા. જેથી તે મોટા થઈને માતાજીનો ભુવો ન બને તે માટે હત્યા કરી હતી. આમ, અંધશ્રદ્ધાને કારણે એક ૧૦ વર્ષના નિર્દોષ બાળકની હત્યા થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર ફેલાઇ ગઇ છે. આ સમગ્ર મામલે સાણંદ પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

## પુત્ર મોટો થઈને માતાજીનો ભુવો ન બને તે માટે હત્યા કર્યાનું રટણઃ લોહીથી લથપથ મૃતદેહ પાસે જ હત્યારો પિતા સૂતો રહ્યો

આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે, સાણદના વિંછીયા ગામમાં આવેલા જુના બસ સ્ટેશન પાસે નરેશ પટેલ તેની પત્ની પત્ની ભારતી અને ૧૦ વર્ષના પુત્ર કરણ સાથે રહે છે. નરેશની પત્ની ઘર કંકાસના કારણે છેલ્લાં ૧૦ દિવસ પહેલા રિસાઈને પુત્રને લઈને પિયરમાં ગઈ હતી. પરંતુ, નરેશ બે દિવસ પહેલાં જ કરણને ઘરે પરત લાવ્યો હતો. રવિવારે સાંજના સમયે ઘરના ફળીયામાં આવેલી માતાજીની ડેરી પાસે નરેશે કરણ પર ગુસ્સો કરીને તેને પગથી પકડ્યા બાદ બે થી ત્રણ વાર ક્રુરતા પૂર્વક પથ્થર પર પછાડ્યો હતો અને બાદમાં તરફડિયા મારી રહેલા પુત્રના માથામાં લાકડીના ફટકા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

આ પછી તેની લાશને ખાટલા પર મુકીને બાજુમાં જ બેસી ગયો હતો. આ સમગ્ર બનાવ દરમિયાન થતી બુમાબુમને કારણે આસપાસના લોકો સામાન્ય ઝઘડો થયો હશે તેમ માનીને જોવા ગયા ત્યારે તે આઘાત પામ્યા હતા. કારણ કે નરેશ કરણની લાશ પાસે જ સુતો હતો. આ સમગ્ર મામલે સાણંદ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઇન્સ્પેક્ટર જે એલ ચૌહાણ સ્થળ પર પહોંચ્યા હતા અને આરોપી નરેશ પટેલને ઝડપીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

### પાંચમાં ધોરણમાં ભણતો કરણ પણ અનેકવાર ધૂણતો હતો

જિલ્લા પોલીસ વડા ઓમ પ્રકાશ જાટે જણાવ્યું કે , '૧૦ વર્ષના માસૂમ બાળકની હત્યા કરનાર પિતાની પુછપરછ કરી ત્યારે આ હિચકારા કૃત્ય માટે ચોંકાવનારી કબૂલાત કરી હતી કે તે પોતે માતાજીનો ભુવો છે અને તેના પિતા પણ ભુવા હતા. કરણ પણ અત્યારથી અનેક વાર ધુણતો હતો. પરંતુ, નરેશ ઇચ્છતો હતો કે તે માતાજીનો ભુવો ન બને. રવિવારે સાંજે તે ડેરી પાસે ધૂણવા લાગ્યો હતો. જેથી આવેશમાં આવીને તેના પર હુમલો કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો. કરણ ધોરણ પાંચમાં અભ્યાસ કરતો હતો.'

### અધિક કલેકટર કેતકી વ્યાસને જામીન આપવા કોર્ટનો ઈન્કાર

અમદાવાદ,સોમવાર

ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકત વસાવવાના ચકચારભર્યા કેસમાં આણંદનાં પૂર્વ નિવાસી અધિક કલેક્ટર કેતકીબેન ભાસ્કરભાઈ વ્યાસને રેગ્યુલર જામીન આપવાનો અત્રેની સેશન્સ કોર્ટે સાફ ઈન્કાર કરી દીધો છે.

પોતાની સત્તા અને હોદ્દાનો દૂરુપયોગ કરી પૂર્વ નિવાસી અધિક કલેક્ટર કેતકી વ્યાસે મોટાપાયે ભ્રષ્ટાચાર આચરી કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલ્કતો વસાવી હતી. એસીબીની તપાસમાં મોટો ખુલાસો થયો હતો કે, કેતકી વ્યાસે પોતાની આવક કરતાં વધુ ૭૧.૨૩ ટકા જેટલી રૂ.૩.૬૮ કરોડથી વધુની અપ્રમાણસર સ્થાવર-જંગમ મિલ્કતો વસાવી હતી.

# ટુ વ્હીલર પર જતા લોકો પાસેથી ફોન લૂંટી લેતી ટોળકી ઝડપાઇ

અમદાવાદ,સોમવાર


શહેરના વિવિધ વિસ્તારોમાં રાહદારીઓ કે ટુ વ્હીલર પર જતા લોકો પાસેથી મોબાઈલ ફોનની લૂંટ કરતી ગેંગના બે સાગરિતોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૫૨ મોબાઈલ ફોન જપ્ત કરવાની સાથે ૧૨ જેટલા ગુનાઓના ભેદ પણ ઉકેલ્યા હતા.

## વિવિધ બ્રાંડના કુલ ૫૨ મોબાઈલ જપ્ત : વિવિધ પોલીસ સ્ટેશનના કુલ ૧૨ ગુનાના ભેદ ઉકેલાયા

શહેરના સેટેલાઇટ સહિતના વિસ્તારોમાં છેલ્લાં ઘણા સમયથી મોબાઈલ ફોન લૂંટ કરવાના કિસ્સા વધ્યા હતા. જેના પગલે ડીસીપી ઝોન-૭ સ્ક્વોર્ડ દ્વારા સીસીટીવી ફુટેજ અને સ્થાનિક બાતમીદારના નેટવર્કની મદદથી તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં પોલીસને બાતમી મળી હતી કે સદ્દામહુસૈન શેખ (રહે. ફતેવાડી, વેજલપુર) અને તન્વીર શેખ (રહે. દાણીલીમડા)ની મોબાઈલ લૂંટમાં સંડોવણી છે અને તે મોડાસામાં મોબાઈલ વેચવા માટે જવાના છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને બંનેને ઝડપી લીધા હતા અને લાખોની કિંમતના કુલ બાવન મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે તેમની સાથે મોબાઈલ લૂંટ કરવા માટે ઇમરાન ઘાંચી નામનો યુવક પણ સક્રિય હતો અને તેની મદદથી મોડાસામાં ફૈઝાન નામના વ્યક્તિને મોબાઈલ ફોનનું વેચાણ કરતા હતા. આરોપીઓની પુછપરછમાં અમદાવાદના ૧૧ ગુનાઓના અને રાજસ્થાન કોટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાનો ભેદ ઉકેલાયો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.














## જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગોધાવી, તા.સાણંદ, જી.અમદાવાદના સર્વે/ બ્લોક નં.૧૨૫૪/૩/૨ ખાતા નં.૨૪૬૧ ની ૦-૩૭-૪૩ હે.આરે.ચો.મી. જુની શરતની ખેતીની જમીન ગોવિંદસંગ અરજણસંગ રહે.ગોધાવી, તા.સાણંદ, જી.અમદાવાદનાંની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ જમીનમાં સદરહુ જમીન માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ગણોત હકક, ભાડવાત હકક કે ગાડાવટ હકક નથી કે સદરહુ જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીન માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ

તા.૨-૧૧-૨૦૨૬

**મુસ્તુફા બી. બંગાલી**
**(B.Com., LL.M.)**
**શ્રીમતી એ. એમ. બંગાલી**
**(B.A., L.L.B.)**
**ફીઝા એમ. બંગાલી,**
**(B.A., LL.M.)**
**માહીર એમ. બંગાલી,**
**(B.A., LL.M.)**
**એડવોકેટસ**

ઓફીસઃ ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, 'યશ એરીયન' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯ ૮૫ ૩૩૩ ૦૯

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ મહેસાણા સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કડીનાં મોજે ગામ ચંન્દ્રાસણની સીમનાં ખાતા નં.૯૧૫ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૧૦૩ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૩૫૨) વાળી હે.આરે.ચો.મી.:૦-૬૪-૭૯, આકાર રૂા.૧-૮૪ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન, (૧) મણીબેન લાલજીભાઈ હરીજન, (૨) હંસાબેન લાલજીભાઈ હરીજન, (૩) મહેશકુમાર લાલજીભાઈ હરીજન, (૪) મનુભાઈ લાલજીભાઈ હરીજન તથા (૫) બીપીનકુમાર લાલજીભાઈ હરીજન એ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૩/૧૧/૨૦૨૬ અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**

અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે અમદાવાદ તથા તાલુકા સાબરમતીનાં મોજે ગામ વાડજની સીમનાં બ્લોક / સરવે નંબર ૧૬૭/૨ ની કુલ્લે આશરે ૨૨૮૮ ચોરસમીટરની જમીન, જે જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૯ ( નારણપુરા ) માં ફાઈનલ પ્લોટ નંબર ૪૪૭ ની કુલ્લે આશરે ૧૩૭૩ ચોરસમીટરની જમીન ફાળવવામાં આવેલ છે. સદરહુ ફાઈનલ પ્લોટ નંબર ૪૪૭ ની કુલ્લે આશરે ૧૩૭૩ ચોરસમીટરની જમીન પૈકી કુલ્લે આશરે ૮૨૩ ચોરસમીટરની રહેણાંકનાં હેતુ અંગેની તથા બાકી રહેતી કુલ્લે આશરે ૫૫૦ ચોરસમીટરની વાણિજયનાં હેતુ અંગેની, બીનખેતીની જમીન દિપક દ્વારકાભાઈ પટેલ, રહેવાસી ૧૩/બી, નવરંગ ટાવર, ઘાટલોડીયા, અમદાવાદનાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે ( પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં ) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૦૨/૧૧/૨૦૨૬

**પી પરીખ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,**
**પરિમલ બિપીનચંદ્ર પરીખ,**
**દિપાંગ પિયુષ પરીખ,**
**તરંગ પરિમલ પરીખ,**
**ઉત્સવ પિયુષ પરીખ,**

ત્રીજો માળ,, સત્ય કોમ્પલેક્ષ,
આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે,
અશ્વમેઘ ચાર રસ્તા પાસે,
૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ ૩૮૦ ૦૧૫

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ ખેડાના રજીસ્ટ્રેશન સબ- ડીસ્ટ્રીકટ મહેમદાવાદના મહેમદાવાદ તાલુકાના મોજે -સણસોલી ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૧૧૦-બ ના સણસોલી (બીનખેતી) વોર્ડના શીટ નંબર-એનએ૯૯ના સિટી સર્વે નંબર-એનએ૧૧૦-બ ની ૪૪૫૨ ચોરસમીટર બીનખેતીની જમીન ઉર્મિલાબેન ચુનીલાલ શાહની દિકરીએ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ નથી કે તે અંગેની કોઇપણ કાર્યવાહી ચાલતી નથી/હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે કે અન્ય કોઇ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અન્વયેની કોઇપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલિકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૩ - ૧૧ - ૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૪૯-૧)

**ચેતન શાહ એન્ડ એસોસીએટસ,**
**એડવોકેટ્સ**

૩૦-૩૧, રંગીન પાર્ક સોસાયટી, ભાજપ કાર્યલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

NPCI | ALWAYS FORWARD

UPI UNIFIED PAYMENTS INTERFACE

# હાલમાંતમારા ખાતા પર કેટલા UPI AutoPay મેન્ડેટ્સ સક્રિયછે?

**માત્રએક સ્કેનમાં જાણો.**

MyUPI તમનેતમારી તમામ UPI એપ્સમાં સક્રિય રહેલા UPI AutoPay મેન્ડેટ્સ એક જ સ્ક્રીનપર બતાવે છે. જેની જરૂર ન હોય તેનેપોઝ કરો અથવા રદ કરો.

1- MyUPI ખોલવામાટે સ્કેન કરો

2- તમારીપસંદની ભાષા પસંદ કરો

3- MyUPI ક્યારેયતમારો UPI PIN માંગતું નથી.

MyUPI

AI Powered

Help for Payments, Mandates & Services

નીચેના UPI એપ્સ દ્વારા સીધું MyUPI નો ઉપયોગ કરો

BHIM | CITY UNION BANK | famapp | INDmoney | Jupiter | navi UPI | paytm | PAYZAPP | PhonePe | pop | super.money | UCO UPI | YESPAY

ભાગ લેનારી બેંકો અને એપ્સ*

તમારી મનપસંદ UPI એપ દ્વારા MyUPIનો ઉપયોગ કરો. તમામ UPI એપ્સ અને બેંકોમાં થયેલો તમારી લેવડદેવડ અને ઓટોપે મેન્ડેટ્સ એક જ જગ્યાએ જુઓ *

# ગુજરાત સમાચાર

## સ્ત્રીદાક્ષિણ્યશૂન્ય દક્ષિણ

દક્ષિણ ભારતમાં ઘરની ભીતર જ મુરઝાતા જતાં ફૂલોની સંખ્યા બહુ મોટી છે. ઉપરના એટલે કે પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર ભારતમાં જાહેર જીવન અને ગુનાખોરીનો ઘટનાક્રમ તથા વિધવિધ કૌભાંડો એટલા હોય છે કે એમાં દક્ષિણના ડૂસકાં સંભળાતા નથી. દક્ષિણ ભારતના રાજ્યોમાં એકાએક જ ઘરેલુ હિંસાની ઘટનાઓ આશ્ચર્યજનક રીતે વધવા લાગી છે. દક્ષિણ ભારતમાં સુપરસ્ટાર અભિનેતાઓની અંધ ભક્તિ છે, ભારે સંઘર્ષમાંથી પસાર થતા ગ્રામવાસીઓ છે અને છતાં પ્રજાની સુવર્ણ પ્રીતિ પણ એટલી છે કે ભારતનું સર્વાધિક ગોલ્ડ દક્ષિણમાં છે. એવા વિરોધાભાસોનો અહીં સંકુલ જમેલો (પેનોરમા ઓફ કોમ્પ્લેક્સિટી) જામ્યો છે કે એ પ્રજાને એમાંથી બહાર આવતા વરસો અને દાયકાઓ તો લાગશે જ. દક્ષિણમાં ભાગ્યે જ કોઈ પર્વત-ટેકરી એવા હશે જ્યાં મંદિર ન હોય. શાસ્ત્રોક્ત વિધિવિધાન અને વૈદિક પરંપરાની શાંત જ્ઞાનસરિતાઓ પણ અહીં જ વહે છે. કલા, સાહિત્ય, સંગીત અને પોતપોતાની માતૃભાષાના આત્મગૌરવ પણ ઊંચા આસને બિરાજે છે.

આ દક્ષિણ ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ઘરેલુ હિંસાના કિસ્સાઓ ચકચાર મચાવી રહ્યા છે. દક્ષિણ ભારતની ફિલ્મોમાં પણ હિંસાનું પ્રમાણ મનોરંજનની માત્રા કરતા વધારે છે. દક્ષિણની ફિલ્મોમાં ફાઈટિંગ જોવા જેવી હોય છે એમ દેશનો સામાન્ય દર્શક માને છે. પરંતુ એ ફાઈટિંગ પરદા પરથી ઉતરીને સમગ્ર દક્ષિણ ભારતના જનજીવન પર ગંભીર પ્રભાવ પાડશે એની કોઈને કલ્પના ન હતી. ઘરેલુ હિંસાના વર્ણનો ચોંકાવી દે તેવા અને અપ્રસ્તુત છે. ઘરેલુ હિંસામાં એકતરફી પ્રેમ પણ એક કારણ છે. કેટલીક ઘટનાઓ તો એવી છે કે રાજકીય ક્ષેત્રમાં થતી અથડામણોનો પણ કોઈ કલાસ નહિ ! કરપીણ હત્યાના કિસ્સાઓ એવા છે કે એના આરોપી અને ગુનેગારોએ એમની જિંદગીમાં આ કૃત્ય કર્યા પહેલા એક મચ્છર પણ માર્યું હોતું નથી. એટલે કે તેઓ સિઝન્ડ અપરાધી નથી. પરંતુ ઘટનામાં તેઓ ખૂની હોય છે અને સાબિત પણ થાય છે.

આવી ઘટનાઓના સિલસિલાથી દક્ષિણ ભારતનું જનજીવન ડહોળાઈ ગયું છે. કેટલીક ઘટનાઓ તો એવી છે કે હત્યા કરનારા ગૃહસ્થ, નોકરિયાત અને વેપારી વર્ગે પ્રોફેશનલ કિલરોને પણ પાછળ રાખી દીધા છે. પોલીસ અધિકારીઓ કહે છે કે આ હત્યારાઓ આ ઘટના પહેલા સાવ સામાન્ય જિંદગી જીવતા હતા. હત્યા તો ઠીક છે એમને માટે કોઈને લાફો મારવાનું પણ શક્ય ન હતું. કેટલાક એવા શખ્સો પણ છે કે જેઓ ઘટના પછી માનસિક સમતુલા ગુમાવી ચૂક્યા છે. આનો એક અર્થ એવો પણ છે કે તેઓનું બદલાયેલું વર્તન કોઈક રહસ્યમય બાહ્ય પરિબળોને આધીન થઈ ગયું હતું. તેઓ જાણતા જ ન હતા કે તેઓ કેવા નવા ખતરનાક વિચારોના પ્રભાવમાં આવી રહ્યા છે. એક તારણ એવું પણ છે કે આર્થિક તંગદિલીને કારણે દંપતી - બન્ને નોકરી કરતા થયા છે અને દક્ષિણ ભારતના સમાજને હજુ આ પ્રણાલિકા અનુકૂળ આવી નથી. નેશનલ ફેમિલી એન્ડ હેલ્થ સર્વેએ આપેલી વિગતો પ્રમાણે ભારતીય મુસ્લિમ સ્ત્રીઓ ઘરેલુ હિંસાનો વધુ ભોગ બને છે.

ભારતમાં અંદાજે ત્રણ કરોડ સ્ત્રીઓ તેના સમગ્ર જીવનકાળ દરમિયાન ક્યારેક જાતીય સતામણીનો ભોગ બને છે, પરંતુ સર્વેક્ષણો કહે છે તે પ્રમાણે દુનિયાના અન્ય દેશોના આંકડાઓ અને ટકાવારીની તુલનાએ ભારતની સ્થિતિ તુલનાત્મક રીતે સૌથી સારી છે. જોકે આ ત્રણેક કરોડનો આંકડો નાનો સૂનો નથી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોએ પણ તેના છેલ્લા અહેવાલમાં દેશમાં વધતી જતી ઘરેલુ હિંસાની ચોંકાવનારી વિગતો રજૂ કરી છે. દક્ષિણ ભારતની દસ ટકા ગ્રામવાસી સ્ત્રીઓ પણ ઘરેલુ હિંસાના અનુભવમાંથી પસાર થાય છે એમ ભારત સરકારના સર્વેક્ષણો કહે છે. અગાઉ ભારત સરકારમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પ્રધાન રહી ચૂકેલા રેણુકા ચૌધરીએ તો એમ કહ્યું છે કે ભારતમાં ઘૂંઘટ પાછળની દાસ્તાન કોઈ જાણતું નથી અને ૭૦ ટકા સ્ત્રીઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

તમામ રાજ્ય સરકારો દ્વારા આ પ્રકારની ઘરેલુ હિંસા સામે પ્રતિરોધક પગલા લેવા અંગે આમ તો છેક નરસિંહરાવની સરકારના જમાનાથી કવાયત ચાલે છે. પરંતુ સમાજ જીવનના આંતરિક કલહ અને સરકારી વ્યવસ્થા વચ્ચે અનુસંધાન નથી. ખુદ ઈન્દિરાજી દેશના મહિલા વડાપ્રધાન હતા, પછીથી આપણે ત્યાં મહિલા રાષ્ટ્રપતિ પણ હતા અને ગુજરાતમાં તો અર્ધ મુદતે અન્ય મુખ્યમંત્રીઓની જેમ વહેલા સત્તા નિવૃત્ત થયેલા મહિલા મુખ્યમંત્રી પણ હતા છતાં અનુક્રમે દેશમાં કે રાજ્યમાં સરકાર તરફથી યુનેસ્કો પ્રમાણિતતા પ્રમાણે પગલાઓ લેવાયા નથી.

# ગુજરાતી માતપિતા તેમના બાળકોને સ્ટાર કે રેન્કર બનાવવા માટે બહુ ધમકાવતા રહે છે

**અલ્પવિરામ**

દરેક માતા-પિતા સદાય એ ભ્રમમાં હોય છે કે બાળકોને કંઈ પણ શીખવાડી શકાય છે. પરંતુ હકીકત એ છે કે તમે જે કંઈ શીખવાડો એમાંથી બાળકને જે શીખવું હોય તે જ શીખે છે. અને હંમેશા ખાતરી રાખો કે તમે જે કહો છો એવું તમારા જીવનમાં છે કે નહીં એની તો બાળકો પ્રથમ નજર રાખે છે. તમે જેનું પાલન કરતા ન હો એનું પાલન કે અમલ બાળકો કરતા નથી. અને આ વાત તો આદિ અનાદિ કાળથી ચાલી આવે છે. બધા જાણે છે છતાં દરેક ઘરમાં બાળકો પર ઉપદેશોનો ધોધ પડે છે. ખરેખર તો બાળકને કંઈ પણ ન કહેવામાં આવે અને ઉપદેશ આપવામાં ન આવે તો પણ એ ઘરમાંથી બધું જ શીખી લેશે. પાંચેક વર્ષ પછી એ શાળામાંથી પણ શીખવા લાગશે. પરંતુ એને ભણાવવામાં આવે છે એ તો એક વ્યવસ્થા છે. બાળક જે કંઈ ભણે છે એ બધું બુદ્ધિમાં ધારણ કરે છે. હૃદયમાં તો એમાંથી થોડુંક જ એડમિટ કરે છે.

શાળાઓમાં આપણે એને જે ભણાવીએ છીએ એના વિશે એને ખબર છે કે પરીક્ષા પછી એનું કોઈ મહત્ત્વ નથી. ખરેખર તો એનું મહત્ત્વ આજીવન છે, પરંતુ શિક્ષકો એ સમજાવી શક્યા નથી. બાળકોને એમ જ છે કે પરીક્ષા આપી દઈએ એટલે પુસ્તકો અને એ અભ્યાસક્રમ ભૂલી જ જવાના હોય. દરેક બાળકોમાં ખરેખર તો અલગ-અલગ પ્રતિભા છુપાયેલી હોય છે. હવે તો આપણી પાસે એ પ્રતિભાને ઓળખવાનો સમય ક્યાં છે? બાળકો એક વર્ષથી દસ વર્ષના થાય ત્યાં સુધીમાં હજારો વાર એણે ઘરમાં ના.... ના... ના.... ના.... સાંભળવું પડે છે. રોજ શું ન કરવું એની જ સૂચના એને ઘરમાંથી મળે છે અને એમાં ઘટતી હોય તે સૂચના પછી શાળામાંથી મળે છે. એટલે ખરેખર શું કરવું એ સાંભળવા માટે બહુ ઓછી જગ્યા રહે છે.

વધારે પડતી સૂચનાઓ બાળકોના મનને બધિર બનાવી દે છે અને એક પરિસ્થિતિ એવી આવે છે કે તમે કોઈ પણ સૂચના આપો, બાળક પર એની કોઈ અસર થતી નથી. ત્યાર પછી માતા-પિતા અને શિક્ષકો ગુસ્સે થવાની શરૂઆત કરે છે. ક્યારેક હાથ પણ ઉપાડે. બાળકની જિંદગીનો આ એવો તબક્કો હોય છે જ્યાં તેની પ્રતિભા પર એક પછી એક પથ્થર પડવા લાગે છે અને આગળ જતા એવો મોટો ડુંગરો થઈ જાય છે કે ખબર જ પડતી નથી કે આ બધાની વચ્ચે એક ગુલાબનું ફૂલ છુપાયેલું છે. આપણા સમાજના બાળકો પ્રત્યેના અપરાધ ઓછા નથી અને નવાઈની વાત એ છે કે વાલીઓને ખબર જ નથી કે તેઓ બાળકો પ્રત્યે ભૂલેચૂકે



પણ જે વર્તન કરે છે તે તેના બાળકના હૃદયમાં ઘેરા પડઘા પડે છે. એવું વર્તન એ ગંભીર પ્રકારના અનરજિસ્ટર્ડ અપરાધ જ છે.

આમ થવાનું એક કારણ એ છે કે વાલીઓ એમ માને છે કે કે તેઓના એકલાથી જ બાળકનું કલ્યાણ થવાનું છે. માતાપિતા જે કંઈ ભૂલો કરે છે એનું કારણ વધારે પડતું વાત્સલ્ય છે. માતાપિતાનો ઈરાદો ન હોય પણ ભૂલો થયા કરે છે. ઉપરાંત બાળકને જે ઉચ્ચ સંકલ્પો તરફ આપણે તાણીને લઈ જવા ચાહીએ છીએ એ

**વધારે પડતી સૂચનાઓ બાળકોના મનને બધિર બનાવી દે છે અને એક પરિસ્થિતિ એવી આવે છે કે તમે કોઈ પણ સૂચના આપો, બાળક પર એની કોઈ અસર થતી નથી**

સંકલ્પો આપણામાં કેટલાક દેખાય છે? ધારો કે આપણે બાળકને ડૉક્ટર બનાવવા ચાહીએ છીએ તો ભલે આપણે ડૉક્ટર ન હોઈએ તો પણ એટીકેટ અને વ્યાવહારિક શિસ્ત તો હોવી જોઈએ. અખંડ અભ્યાસ કરવાના થોડા લક્ષણ પેરેન્ટ્સમાં જુદી રીતે પણ હોવા તો જોઈએ.

એક સામાન્ય ઉદાહરણ લઈએ તો આજકાલ આખા રાજ્યમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ગુજરાતી જ સરખું ન આવડતું હોવાની ફરિયાદ છે. ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષામાં પણ ગુજરાતીમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓનો આંકડો બહુ ઊંચો અને લાખોનો છે એનું કારણ એ છે કે એમના ઘરના સભ્યોને, માતા-પિતા સહિત સાચું ગુજરાતી લખતા આવડતું નથી. લગ્ન થયા પછી આપણે ત્યાં લાખો ગૃહિણી એવી છે કે એણે શાકભાજીના અને દૂધ કે કરિયાણાના ખર્ચના હિસાબ સિવાય કદી ઈન્ડીપેન ખોલવાની જ નથી. સંતાનો એની માતાને તો લખતા જોતા જ નથી અને પિતા તો જે કંઈ લખે છે એ એમની ઓફિસમાં ! ઘરે તો એ પણ પેન કે પેન્સિલ હાથમાં લેતા નથી. મોબાઈલ આવ્યા પછી તો કાગળ પર લેખનની જરૂરત પણ ઘટી ગઈ છે. આવા સંજોગોમાં આવનારા વર્ષોમાં કોઈ પણ વિદ્યાર્થી નાના પાંચ સારા ગુજરાતી વાક્યો ભૂલ વિનાના સળંગ લખી શકે તો તે એક વિક્રમ ગણાશે.

આપણા અગ્રતાક્રમમાં માતૃભાષા છે જ નહીં. એનું મહત્ત્વનું કારણ એ છે કે આપણે ઈંગ્લિશને જ મહાન ભાષા માનીએ છીએ. એક પ્રજા તરીકે ગુજરાતીઓનું ધ્યાન શબ્દોને બદલે આંકડાઓમાં વધારે હોય છે અને એ વાત આખી દુનિયા જાણે છે. પરંતુ હવે આપણે એવા યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ કે કોમ્યુનિકેશનના માધ્યમ તરીકે ગુજરાતીમાં જેમને સાચું અને સારું લખતા નહીં આવડે તેમને બોલતા પણ નહીં આવડે. જેમનું ગુજરાતી વાંચન વિસ્તૃત હશે અને કાન પણ સદગ્રંથો પરની વિવેચનાઓ સાંભળી કેળવાયેલા હશે તેમની વાણી અને વ્યવહાર ઉચ્ચ દરજ્જાના નીવડશે.

પાંચ સગા-સંબંધીઓની વચ્ચે માત્ર હા અને ના જેવી ટૂંકાક્ષરી વાત કરનારાઓ હવે અંતર્મુખી નહીં ગણાય, પરંતુ બાઘા ગણાશે. આવા બાઘાછાપ લોકો માટે એક જમાનો હતો કે જ્યારે નવ બોલ્યામાં નવ ગુણ માની લેવામાં આવતા હતા. હવે તો બોલે એના જ બોર વેચાય છે અને નવ ગુણવાળાઓ તો ખોટા સિક્કાની જેમ પાછા આવવા લાગ્યા છે. જે માતાપિતા બધી જ વાતો બાળકો સાથે તાડૂકીને કરતા હોય એ બાળકોનું ભવિષ્યનું ભાષાસ્તર થર્ડ ક્લાસ હોય છે. માબાપથી ડરતા બાળકે આખી જિંદગી આત્મવિશ્વાસના ઈન્જેક્શન લેવા પડે છે. એવા લોકોની અરધી જિંદગી પર્સનાલિટી ડેવલપમેન્ટમાં જાય છે ને બાકીની જિંદગી બીજા તેજસ્વી લોકોની નિંદા કરવામાં જાય છે. તેઓ દયાપાત્ર હોય છે અને એના મૂળ કારણોમાં માતા-પિતાની ભૂલો હોય છે.

બાળકોને અનંત પ્રેમ આપો. કાલ સવારે મોટા થઈ જશે. આજે એની પાસે બેસીને મીઠી વાતોનો મેળો રચવાનો ટાઈમ આપણી પાસે નથી અને પછી પાસે બેસવાનો ટાઈમ એની પાસે નહિ હોય. દીકરી સાસરે જશે અને દીકરો વહુનો વહાલો થશે. કહ્યાગરા કંથ, વણકહ્યાગરીને બહુ વ્હાલા હોય. બાળકો મોટા થાય પછી કેટલાક કિસ્સામાં તો મીઠાશ ઘટતી પણ જાય. કલિકાલનો શો ભરોસો ? કાલની વાત કાલે.

આજે તો સકલ બ્રહ્માણ્ડના રમ્ય સંગીતની ઝાલર ઘર આંગણે બાજતી હોય તો આપણે હજાર કામ અને લાખ ધામ પડતા મૂકીને એ પંડ્યના જણ્યા શિશુની જ પ્રદક્ષિણા કરાય એટલે કે એની આસપાસ જ રહેવાય. યશોદા અને નંદ પોતાના બધા કામ ત્યારે જ કરે જ્યારે છેલછબીલો અને કામણગારો કાનુડો પોઢી જાય. એવા દંપતી થવું એ તો આદર્શ છે. પણ જો માતા પાંચ ટકા યશોદા જેવી હોય અને પિતા માત્ર બે ટકા નંદ રાજા જેવા હોય ને તો ય બાળકની જિંદગી ધન્ય ધન્ય થઈ જાય.

# દિલ્હીના રામલીલા મેદાનની વિપક્ષી રેલીના લેખાંજોખાં, ક્યા પાયા ક્યા ખોયા....

**ટુ ધ પોઇન્ટ**

**અજિત પોપટ**

ચલો બુલાવા આયા હૈ, રાહુલભૈયાને બુલાયા હૈ... રવિવારે પહેલી નવેંબરે કોંગ્રેસના રાહુલ ગાંધીએ પાટનગર નવી દિલ્હીના રામલીલા મેદાનમાં યોજેલી રેલી ઘણી રીતે રમૂજનું નિમિત્ત બની. દિવાળીની પૂર્વસંધ્યાએ સારા વકરાની આશાએ દુકાન ખોલવા ઈચ્છતા વેપારીઓની વિનંતિને ગણકાર્યા વિના રાહુલે પોતાનું ધાર્યું કર્યું. કમ સે કમ વેપારીઓના મત તો કોંગ્રેસને નહીં મળે. એ વાત ચોક્કસ. રાહુલની સૌથી મોટી સિદ્ધિ એ કે પરસ્પર વિરોધી એવા પોણો ડઝન પક્ષોને એ મંચ પર ભેગા કરી શક્યા. નવેક નેતાઓએ ભાષણ પણ કર્યાં.

કેટલા લોકો હાજર હતા આ રેલીમાં એ પ્રશ્ન વિવાદ સર્જે એવો છે. દિલ્હીનું રામલીલા મેદાન બાર એકર જમીનમાં વિસ્તરેલું છે. ભોંય પર પાથરણાં નાખીને બેસાડો તો પચાસ હજાર વ્યક્તિ બેસી શકે એટલી એની ક્ષમતા છે. ખુરસી પર બેસાડો તો ત્રીસથી ચાલીસ હજાર જણ બેસી શકે એવી સગવડ છે. લાખો લોકો રેલીમાં ઉમટ્યા એ ટાઢા પહોરનું ગપ્પું.

સભાજનો કરતાં લગભગ પચીસ ફૂટ દૂર સ્ટેજ બનાવેલું. સભાજનો મંચ સુધી પહોંચી ન શકે એવી જડબેસલાક સિક્યોરિટી હતી. આ મંચ પર બિરાજેલા નેતાઓએ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈની પેલી આપના અઢાર છે...વાળી કવિતા યાદ કરાવી દીધી. જમ્મુ કશ્મીર તરફથી બે નેતા હતા- નેશનલ કોન્ફરન્સના ડૉક્ટર ફારુખ અબ્દુલ્લા અને પીડીપીના મહેબૂબા મુફ્તી.

મજાની વાત એ છે કે જમ્મુ કશ્મીરના મુખ્ય પ્રધાન અને ફારુખ અબ્દુલ્લાના પુત્ર ઉમર અબ્દુલ્લાએ (અને અલબત્ત, શરદ પવારનાં સાંસદ પુત્રી સુપ્રિયા પવારે) તાજેતરમાં મિડિયા સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન- ઈવીએમમાં કશી ગેરરીતિ નથી. અમને ઈવીએમ સામે કોઈ ફરિયાદ નથી. છતાં ફારુખ અબ્દુલ્લાની હવે રહી રહીને (સાઠે નહીં, પણ) ૮૯ વર્ષની ઉંમરે બુદ્ધિ નાઠી. તાજેતરમાં એમણે બાફ્યું કે પાકિસ્તાન કશ્મીરી પ્રજાનું ધ્યાન રાખે છે, લો બોલો !

આપના અઢાર છે કવિતા યાદ આવવાનું કારણ બીજું છે. આ બધાંને કંઈ રાહુલ ગાંધી પર પ્રેમ ઊભરાઈ જતો નથી. આ દરેક નેતા પોતપોતાના સ્વાર્થ માટે રેલીમાં આવેલા. દરેકે તાજેતરની ચૂંટણીમાં પરાજય મેળવ્યો છે. રાહુલ તો બોલ્યા કે જ્ઞાનેશ કુમાર મારા દુશ્મન નથી. પાછું આ રેલીમાં બોલ્યા કે જ્ઞાનેશ કુમાર જેલમાં જશે. અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહને ભાગી જવા નહીં દઈએ, જેલમાં મોકલીશું. પહેલાં સત્તા તો મેળવો ભલા'દમી ! આ કંઈ બાંગ્લા દેશ કે નેપાળ નથી. બાંગ્લા દેશની વસતિ આશરે અઢાર કરોડ અને નેપાળની વસતિ આશરે ત્રણ કરોડ. એના કરતાં તો આપણા ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોની વસતિ વધુ છે.

દેશની કુલ વસતિ આશરે એક અબજ ચાલીસ કરોડ છે. તમે બે પાંચ કરોડ લોકો દ્વારા હિંસક આંદોલન અને અરાજકતા સર્જીને રેજિમ ચેંજ કરી ન શકો. અને હા, દેશ છોડીને ભાગી કોણ જાય ? જેની પાસે બે દેશના પાસપોર્ટ અને નાગરિકત્વ હોય. આ શરત સૌથી પહેલાં રાહુલ ગાંધી અને એમનાં પૂજ્ય માતુશ્રીને લાગુ પડે છે. તાજેતરમાં અલાહાબાદ હાઈકોર્ટે રાહુલને બબ્બે દેશના પાસપોર્ટ રાખવા માટે જવાબદાર ઠરાવીને જાહેરમાં ઝાટક્યા હતા.

સૌથી રસપ્રદ વાત એ કે અસદુદ્દીન ઓવૈસી જેવો એક પણ પાવરફૂલ મુસ્લિમ નેતા આ રેલીમાં નહોતો. સમાજવાદી પક્ષના લાલ ટોપીવાળા અખિલેશને એ જ પેટમાં દુઃખે છે. ન કરે નારાયણ અને ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં મુસ્લિમ મતદારો વહેંચાઈ જાય તો અમારું શું થાય એ વાતે અખિલેશની નીંદરું વેરણ થઈ ગઈ છે. લગભગ એવીજ સ્થિતિ તેજસ્વી યાદવની છે. એક સમયે લાલુ યાદવના નામના સિક્કા પડતા હતા. આજે યાદવ પરિવારમાં યાદવાસ્થળી થઈ રહી છે. લાલુ ઓશિયાળા મોઢે આ કુટુંબલીલા જોઈ રહ્યા છે.

એક ટીવી ચેનલે આ રેલીને શિવજી કી બારાત તરીકે ઓળખાવી હતી. સચોટ વર્ણન કહેવાય. કૈલાસપતિ ભગવાન શિવ ઉમાને પરણવા નીકળ્યા ત્યારે જે બારાતીઓ હતા એવા આ પક્ષો ચૂંટણી ટાણે બેઠકોના મુદ્દે સહમતી સાધી શકે તોય ઘણું.

### ફિઝીકલ બજારોમાં ટોળાં દેખાય છે પણ ખરીદનારા નથી

# દિવાળીની ખરીદી માટે ક્વિક કોમર્સ હવે ગૃહણીઓની પસંદ ....

દિવાળીના તહેવારોમાં ખરીદનારાની ભીડ હવે ભૂતકાળની વાત બની હોય એમ લાગે છે. ઈ કોમર્સે ગ્રાહકોનો વિશ્વાસ જીતી બતાવ્યો છે. ઓનલાઈન ખરીદી કરનારાની સંખ્યા સતત વધતી રહી છે. ઓનલાઈન મળતી ચીજો બજાર કરતાં સસ્તી અને સારી હોય છે. કેશ બેક જેવી સિસ્ટમ જાહેર બજારોમાં ક્યારેય જોવા મળી નહોતી. દિવાળીના તહેવારોમાં ખરીદી માટે જોઈતી તમામ ચીજો ઓનલાઈન મળી જાય છે. તેમાંય ક્વિક કોમર્સ ઓનલાઈન ખરીદી કરનારાની ત્વરીત માંગને સતોષી રહ્યું છે. દિવાળીના તહેવારોમાં ખુલ્લા બજારોમાં સેલ જોવા મળે છે એમ ઈ કોમર્સ સાઈટો પર પણ સેલના બેનરો મુકતી થઈ ગઈ છે.

ગૃહિણીઓ રસોઈ કરતાં કરતાં ખૂટતી ચીજો ક્વિક કોમર્સ પર મંગાવતી થઈ છે. તાજેતરના અભ્યાસ મુજબ, ૭૧% ક્વિક કોમર્સ યુઝર્સ એવા પ્લેટફોર્મને પસંદ કરે છે જે શ્રેષ્ઠ કિંમતો ઓફર કરતી હોય., જ્યારે ૬૫% લોકો પ્રોડક્ટની ગુણવત્તાને પ્રાધાન્ય આપે છે. દિવાળીના તહેવારો સાથે સંકળાયેલી ચીજોનો સ્ટોક રાખવાનું ક્વિક કોમર્સ કંપનીઓ શીખી ગઈ છે. ક્વિક કોમર્સ કંપનીઓ મિનિટોમાં તહેવારોની આવશ્યક વસ્તુઓ પહોંચાડવાની તૈયારી રાખે છે. કંપનીઓના ડાર્ક સ્ટોર્સમાં દિવાળીના તહેવારોને લગતી ચીજો વધુ જોવા મળે છે. પરંતુ આ દિવાળીએ ગ્રાહકોને આકર્ષવા માટે માત્ર સ્પીડ જ પૂરતી ન હોઈ શકે. એક નવા સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે ગ્રાહકો થોડી મિનિટો વહેલો ઓર્ડર મેળવવા કરતાં પૈસાનું યોગ્ય વળતર મેળવવા, ગુણવત્તાયુક્ત ઉત્પાદનો ખરીદવા અને વધારાના ચાર્જીસથી બચવા પર વધુ ધ્યાન આપે છે.

બહારના બજારોમાં રૂબરૂ જઈને ખરીદી કરનારા પૈકી મોટા ભાગના સિનિયર સિટીઝન હોય છે જ્યારે



ઓનલાઈન ફટાફટ ખરીદી કરનારા યુવા વર્ગના લોકો હોય છે. ક્વિક કોમર્સ પર ખરીદી કરનારા કુટુંબના યુવા સભ્યો પાસે ખરીદી કરવાની પૂરતી રકમ હોય છે. જેને ખરીદ શક્તિ કહી શકાય જ્યારે બજારોમાં રૂબરૂ જઈને ખરીદી કરનારા સિનિયરો પૈકી મોટાભાગના પાસે ખરીદી મર્યાદામાં

**પ્રસંગપટ**

કરવી પડે તેવી સ્થિતિ હોય છે.

તાજેતરના એક અભ્યાસ મુજબ, ૭૧% ક્વિક કોમર્સ યુઝર્સ એવા પ્લેટફોર્મને પસંદ કરે છે જે શ્રેષ્ઠ કિંમતો અથવા એકંદર મૂલ્ય આપે છે, જ્યારે ૬૫% લોકો પ્રોડક્ટની ગુણવત્તાને પ્રાધાન્ય આપે છે. દરમિયાન, ૪૩% લોકો એવા પ્લેટફોર્મ ઈચ્છે છે જે થોડો અથવા કોઈ વધારાનો ચાર્જ ન લે. ક્વિક કોમર્સનો ઉપયોગ કરનારા વાજબી ભાવની સાથે વળતર અને કેશબેક વગેરેનું ખાસ ધ્યાન રાખે છે. એટલેજ બ્લિંકિટ અને ઝેપ્ટો જેવી એપ ઘેર ઘેર વપરાતી થઈ છે. દિવાળીના તહેવારોમાં ગ્રાહકો મીઠાઈઓ, ભેટો, સુશોભન અને પૂજાની આવશ્યક વસ્તુઓ સહિત છેલ્લી ઘડીની તહેવારોની ખરીદી માટે વધુને વધુ ક્વિક કોમર્સ એપ્સ તરફ વળી રહ્યા છે.

અહીં એટલું ચોક્કસ કહી શકાય કે ઈ કોમર્સનો વ્યાપ વધતાં ફિઝીકલ બજારોમાંથી ખરીદી એટલેકે બજારમાં જઈને રૂબરૂ ખરીદનારાની સંખ્યા ઘટતી જાય છે. રોજીંદા વપરાશમાં આવતી કરિયાણાની ચીજોથી માંડીને દિવાળીની મિઠાઈ સુધીની ચીજો ક્વિક કોમર્સ પર મળી રહે છે.

છેલ્લી ઘડીની તહેવારોની ખરીદી માટે એમેઝોન નાઉ સૌથી વધુ પસંદગીના પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જેમાં ૨૨% વપરાશકારોએ તેને પસંદ કર્યું છે. બ્લિંકિટ ૧૯% સાથે બીજા ક્રમે રહ્યું, જ્યારે ઝેપ્ટોએ ૧૪% અને બિગબાસ્કેટે ૧૨% મેળવ્યા છે.

સ્વિગી ઈન્સ્ટામાર્ટને ૯% યુઝર્સે પસંદ કર્યું હતું, ત્યારબાદ ફ્લિપકાર્ટ મિનિટ્સ ૮% અને જીઓમાર્ટ ક્વિક ૪% પર રહ્યા હતા. અન્ય ૧૨% અનિર્ણાયક હતા.જોકે, દૈનિક ખરીદી માટે બ્લિંકિટ સૌથી વધુ ઉપયોગમાં લેવાતું પ્લેટફોર્મ રહ્યું, જેમાં ૩૧% યુઝર્સે તેને પસંદ કર્યું, ત્યારબાદ એમેઝોન નાઉ ૨૫% પર રહ્યું.

પરિણામો સૂચવે છે કે ગ્રાહકો કિંમતો, પ્રોડક્ટની ઉપલબ્ધતા અને વધારાના ચાર્જના આધારે તહેવારોની ખરીદી માટે પ્લેટફોર્મ બદલી શકે છે.

પરિણામો દર્શાવે છે કે ગ્રાહકો આ પ્લેટફોર્મનો ઉપયોગ મોટા ખરીદીના બાસ્કેટને બદલે મુખ્યત્વે દૈનિક આવશ્યકતાઓ અને તહેવારોની નાની ખરીદી માટે કરી રહ્યા છે.

**ગૃહિણીઓ રસોઈ કરતાં કરતાં ખૂટતી ચીજો ક્વિક કોમર્સ પર મંગાવતી થઈ છે : ક્વિક કોમર્સનાં વપરાશકારો વધી રહ્યા છે**

# મોંઘવારીનો માર છે ખાનાથી પાયખાના સુધી

**બોજ વિનાની મોજ**

**અક્ષય અંતાણી**

નોરતામાં ગરબા ગાઈને ગામ ગજાવતા કાકાના અર્ધાંગિની નહીં પણ સંપૂર્ણાંગિની (હો) બાળાકાકી નવરાત્રિ પૂરી થયા પછી માતાજીના નહીં પણ મોંઘવારીના ગરબા લલકારવા માંડ્યા:

**હું તો જાઉં હારી હારી**
**કેવી છે આ મોંઘવારી**
**ચડતા ભાવ કરે છે ઘાવ કારી**
**હું તો જાઉં હારી હારી**
**કેવી છે આ મોંઘવારી**
**બારી બારી સબકી બારી**
**અબકી બારી જનતા કી બારી**
**હું તો જાઉં હારી હારી**
**કેવી છે આ મોંઘવારી**

કાકીએ હજી તો ગીત પૂરું કર્યું ત્યાં તો પથુકાકાએ રંગમાં આવી વધુ ચાર લાઈના જોડી દીધી:

**આર્થિક વિકાસની આ આકડાવારી**
**ખાઈ ખાઈ પેટ થાય ભારી ભારી**
**હું તો જોઈને જાઉં હારી હારી**
**બાઈ કેવી છે આ મોંઘવારી**

આ ગાણું સાંભળીને મેં કાકાના સૂરમાં સૂર પૂરાવતા કહ્યું કે કાકા ખાંડ, તેલ, અનાજ, કરિયાણું, દહીં-દૂધ સહિત સહુ ચીજ થઈ છે મોંઘી, બસ એક જનતાને કરી નાખી સોંઘી... કહેવત છે ને દાને દાને પે લીખા હૈ ખાનેવાલે કા નામ... પણ આ કમરતોડ મોંઘવારીમાં પણ પ્રગતિના આંકડાથી થોડું પેટ ભરાવાનું છે? ચૂંટણીમાં મતોના ઢગલા થાય માટે સરકાર રાહતની રેવડીનો વરસાદ વરસાવવા માટે ખજાના મૂકી દે ખુલ્લા અને ચૂંટણી જીતીને પછી કરે હલ્લાગુલ્લા... પીસાતી પ્રજા જ્યારે દેખાડે રોષ ત્યારે ગાદીધારીઓ ખોટા વાયદા-વચનની ખેરાત કરે ખુલ્લમ ખુલ્લા...

કાકા બોલ્યા કે ખાણીપીણીની બધી જ ચીજ મોંઘી થતી જાય છે એમાં ખાવું શું એવો જ સવાલ સહુના મનમાં સળવળે છે. મને તો થાય છે કે ઘરમાં મોંઘવારિયા મહાદેવની મૂર્તિની પૂજા કરીને ઉપવાસ-એકટાણા શરૂ કરૂં. આમ કરવાથી એટલું અનાજ-કરિયાણું તો બચેને? આમાં બીજા પણ થાય ફાયદા, તબિયત પણ રહે ટનાટન અને પૈસા પણ બચે જતા ધનાધન...'

કાકા... કાકા... કાકા... આકળા થઈ ગયેલા કાકાને અધવચ્ચે રોકીને મેં કહ્યું કે ખાવાપીવાની ચીજો મોંઘી થઈ છે એનાં જ મરશિયા ક્યાં ગાવ છો? હવે જો જો તો ખરા? મુંબઈમાં જાવાનું પણ મોંઘુ પડશે જાવાનું...'

કાકાએ પૂછયું જાવાનું એટલે ક્યાં જાવાનું? બહારગામ જાવાનું ટ્રેનમાં જાવાનું, બસમાં જાવાનું... એ બધું તો ક્યારનું મોંઘુ થઈ ગયું છે. હજી બીજું શું મોંઘુ થવાનું બાકી રહ્યું છે?'

મેં કાકાને હજાર વોલ્ટનો આંચકો આપતા કહ્યું કે 'મુંબઈમાં 'મહા અણઘડપાલિકા' પાયખાને જાવાનું પણ મોંઘુ કરી નાખવાની છે.'

મારી વાત સાંભળતા પથુકાકા ઊંડો નિસાસો નાખી બોલ્યા 'હે ભગવાન... ખાવાનું પણ મોંઘુ અને જાવાનું પણ મોંઘુ? આ શું માંડ્યું છે સત્તાધીશોએ? માણસે બન્ને મોઢે મોંઘવારીનો ડામ સહન કરવાનો?'

મેં માથું ધુણાવીને હા પાડતા કહ્યું કે મુંબઈની મહાઅણઘડ પાલિકા સાર્વજનિક શૌચાલયોના દર વધારવાની છે. અત્યાર સુધી સાર્વજનિક શૌચાલયોમાં એકી કરણના એટલે કે પેશાબ કરવાના પૈસા નહોતા લેવાતા, તેને બદલે પુરૂષોએ એક રૂપિયો ચૂકવીને પ્રવાહી યોગદાન આપવું પડશે. જ્યારે સ્ત્રીઓનું સ્થાન પુરૂષોથી ઊંચુ છે એ દેખાડવા માટે સ્ત્રીઓ પાસેથી યુરિનલના બે રૂપિયા લેવામાં આવે છે તેને બદલે દરવધારા પછી પાંચ રૂપિયા લેવામાં આવશે બોલો! ઉતરાણમાં વર્ષમાં એક જ વાર ખરીદી પાછળ પૈસા ખર્ચવા પડ છે જ્યારે 'મૂતરાણ' પાછળ રોજેરોજ પૈસા ખર્ચવા પડશે. શૌચાલય માટે અત્યારે પાંચ રૂપિયા વસૂલ કરવામાં આવે છે તેને બદલે હવેથી રોકડા આઠ રૂપિયા ચૂકવવા પડશે. જો સાર્વજનિક સ્નાનગૃહમાં નાહવું હશે તો અત્યારે ૧૦ રૂપિયા પડે છે તેને બદલે ૧૫ રૂપિયા ગણી આપવા પડશે. આ સત્તાધીશો જનતાને સ્વખર્ચે નવડાવવા જ બેઠા છેને? શું ક્યો છો કાકા?'



પથુકાકા શાયરાના અંદાજમાં બોલ્યા 'આવી બેફામ મોંઘવારીમાં કેવું તૂટી જવું પડ્યું... નહીં તો જીવનનો માર્ગ છે ખાનાથી પાયખાના સુધી'....

મેં સવાલ કર્યો કે મેં સાંભળ્યું છે કે મુંબઈને પગલે દેશમાં બીજા ગામો અને શહેરોમાં પણ સાર્વજનિક શૌચાલયોના દર વધવાના છે. આ પાયખાના ખર્ચનો વિરોધ કેવી રીતે કરાય?'

પથુકાકા બે ઘડી વિચારીને પછી બોલ્યા કે 'ગાંધીબાપુએ અંગ્રેજોને જાકારો આપતા 'ભારત છોડો'નો નારો લગાવી આંદોલન છેડેલું યાદ છે ને? આ મુંબઈમાંથી આંદોલનની આહલેક જગાવવામાં આવી હતી. એટલે હવે મુંબઈમાં પબ્લિક ટોલેટનો યુઝ કરતા હોય એ લોકોએ નારો લગાવવાનો કે ''પાયખાના છોડો...'' પછી જ્યાં જ્યાં મફતમાં ''શંકા-નિવારણ'' કરવા મળે ત્યાં પહોંચી જવાનું. આપણે ગામડે રહેતા ત્યારે લોટા લઈને ગામની બાહર જ જતા હતાને? આ ગીત ગાવાનું કોઈ 'લોટા' દે મેરે બીતે હુએ દિન... અન લોટા લઈને જાવાનું'...

મેં પણ એ ઓપન-એરમાં પર્ફોમ કરવાનો અનુભવ લીધો છે હો? આ... હા... હા... વો ભી કયા દિન થે... આજે મોબાઈલ ફોનનું સીમકાર્ડ મફતમાં મળી જાય તો કેવો આનંદ થાય? બસ એમાંથી ચાર ગણો આનંદ અમે ચાર-પાંચ બાળગોઠિયાઓ લોટા કે ડબલા લઈ લઈને વગર સીમકાર્ડે સીમમાં જતા ત્યારે થતો. ખુલ્લી હવામાં, હરિયાળી વચ્ચે ટેસથી બેસવાનું અને ભેટવાનું (અંગ્રેજીમાં એને શું કહે છે?) ટાઈમની કોઈ લિમિટ નહીં, કોઈને એક પાઈ પણ પરખાવવાની નહીં અને પ્રાતઃવિધિ પતાવી હળવા ફૂલ થઈને હાલતાં હાલતાં ઘરે આવવાનું. વળતી વખતે કોઈ વાર એક પૈસાની ખારી શિંગ લઈએ ત્યારે ચારેય ગોઠિયાના મુઠ્ઠા ભરાઈ જાય એટલી શિંગ આવે. પછી શિંગ ખાતા ખાતાં ઘરે પહોંચીએ. કેવી સોંઘવારી હતી? જાવાનું મફત અને ખાવાનું સસ્તુ... આજે એ બાળપણ યાદ નથી આવ તું અમસ્તું અમસ્તું... આજે તો ખાવાનું પણ મોંઘુ અને જાવાનું પણ મોંઘુ...'

પથુકાકા બોલ્યા કે 'શરૂઆતમાં વાત થઈ એમ અત્યારે તો ખાના અને પાયખાના બધાના દર વધતા જ જાય છે, તને નથી લાગતું કે લોકોએ કોઈક આંદોલન ઉપાડવું જોઈએ?'

મેં કહ્યું પથુકાકા તમારા એકદમ ખાતર નાખેલા ફળદ્રુપ ભેજામાં કંઈ જાતનું આંદોલન શરૂ કરવું જોઈએ. એનો ફણગો ફૂટ્યો હોય તો કહી દો, અને સાથે કોઈ નામ પણ આપો એ આંદોલનને આપણે બધાં લાગી પડીએ.

પથુકાકા થોડીવાર માટે ઊંડા વિચારમાં ખોવાઈ ગયા. પછી અચાનક મારી પીઠ ઉપર ધબ્બો મારીને બોલ્યા કે યાદ આવ્યું... આ નવતર આંદોલનન નામ આપવાનું : બેઠું આંદોલન...'

નવાઈ પામીને મેં પૂછયું કે 'બેઠું આંદોલન એટલે શું? જરા રૂપરેખા તો સ્પષ્ટ કરો?'

પથુકાકા નાક ઉપર આંગળી મૂકી સીસકારો કરતા ધીમેકથી બોલ્યા કે આ આંદોલન શરૂ કરતા પહેલાં જનતા જાજરૂ પાર્ટી જેવું કોઈ નામ આપીને જેને સાર્વજનિક પાયખાનામાં વધારે દર આપવાનું પોષાતું ન હોય એ બધાને ભેગા કરવાના. પછી શું કરવાનું ખબર છે? ચોક્કસ વારે, ચોક્કસ તારીખે અને ચોક્કસ ટાઈમે અગાઉથી નક્કી કર્યા મુજબ જુદા જુદા સાર્વજનિક શૌચાલયોમાં ચૂપચાપ જવાનું અને એકવાર અંદર ડબલું ભરીને બેઠાં પછી નીકળવાનું જ નહીં. બહાર પૈસા ઉઘરાવવા બેસતો રખેવાળ જાજરૂના દરવાજા બહારથી ઠોકી ઠોકીને થાકે છતાંય નહીં નીકળવાનું. બસ અંદરથી એક જ જવાબ આપવાનો કે પાયખાનાના દર ઘટાડો નહીંતર અમારા આ બેઠાં આંદોલનનો અંત નહીં આવે. પછી એકીસાથે (કે બેકી સાથે) સૂત્રોચ્ચાર કરવાનો કે ડબલું ભર્યું કે ના હઠવું ના હઠવું...

મેં કાકાને દાદ આપતા કહ્યું કે 'તમે તો ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું... એ પંક્તિ પરથી બેઠા આંદોલનનું કમાલ સ્લોગન બનાવી દીધું કે ડબલું ભર્યું કે ના હઠવું ના હઠવું... બસ આને હાજર સો હથિયારને બદલે શું કહેવાય ખબર છે? હાજત સો હથિયાર...

## અંત-વાણી

**જે સત્તાધીશો જોગવાઈ ન કરે ફ્રી બેકીકરણ અને એકીકરણની એવાં પાસેથી શું અપેક્ષા રાખીએ નેકીકરણની.**

## કલ્પવૃક્ષ

ભૂલોને રોકવા માટે તમારા દરવાજા બંધ કરશો તો સત્ય પણ બહાર રહી જશે.


**- રવીન્દ્રનાથ ટાગોર**

જેની પાસે વિદ્યા કે જ્ઞાન નથી, જે તપ કરવા સમર્થ નથી, દાન કરવાની જેની વૃત્તિ નથી, હૃદયમાં કરૂણા નથી તેવા અજ્ઞાની અને નાસ્તિક મનુષ્યો અને પશુમાં કોઈ અંતર નથી.

**- ચાણક્ય**

સૌથી અમીર તો એ છે કે જે થોડામાં સંતુષ્ટ છે. સંતુષ્ટિ પ્રકૃતિની સંપત્તિ છે. અસંતુષ્ટ વ્યક્તિ હમેશાં દુઃખી અને ગરીબ જ રહે છે, કેમ કે તેની ઈચ્છાઓ ક્યારેય પૂર્ણ થતી નથી.

**- સોક્રેટિસ**



તર્કનું સત્ય નહિ, પણ આત્માના મનોમંથનમાંથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે.

**- મહર્ષિ અરવિંદ**

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

આપણી તમામ પ્રવૃત્તિઓ આત્મદર્શન માટે થવી જોઈએ. એ ક્યારે થશે તેની ચિંતા કરવાની જરૂર નથી. માર્ગ પર ચાલનારા પથિકે ચાલવાની જ ચિંતા કરવાની હોય. મુકામ પર તો એ પહોંચવાનો જ છે.

**- વિનોબા ભાવે**

કોઈની પાછળ ઝડપથી ચાલવા કરતાં નવા રસ્તે ધીમા ચાલવું સારું છે.

*

મારી ચિંતા એ નથી કે ઈશ્વર મારી સાથે છે કે નહિ, પરંતુ મારી ચિંતા એ છે કે હું ઈશ્વરની સાથે છું કે નહિ. કારણ કે ઈશ્વર જ એક માત્ર સાચો છે અને મારે એની સાથે રહેવાનું છે.

**- અબ્રાહમ લિંકન**

ગમે તેની પર ગમે તે હદનો ગુસ્સો કરવો ખૂબ સરળ છે પરંતુ 'યોગ્ય' સમયે અને 'યોગ્ય' ઉદ્દેશ્ય સાથે 'યોગ્ય' રીતે ગુસ્સો કરવો ખૂબ અઘરું છે.

**- એરિસ્ટોટલ**

# FCNR ડિપોઝિટ પ્રવાહને પરિણામે થાપણ સામે ધિરાણમાં જોરદાર વધારો

મુંબઈ, તા. ૨

વર્તમાન વર્ષના ૩૦ સપ્ટેમ્બરના અંતે દેશની શિડ્યૂલ્ડ કમર્સિઅલ બેન્કોમાં થાપણ સામે ધિરાણમાં વાર્ષિક ધોરણે ૫૩.૩૦ ટકા વૃદ્ધિ થઈને એકંદર ધિરાણ રૂપિયા ૨.૧૭ ટ્રિલિયન પહોંચ્યું છે. થાપણથી ધિરાણનું પ્રમાણ સતત ૮૦ ટકાથી ઉપર જોવા મળી રહ્યું છે.

## નવી ઊંચી માગને પગલે થાપણથી લોનનું પ્રમાણ સતત ૮૦ ટકાથી ઉપર રહેવા પામ્યું

ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) (બી) ડિપોઝિટ સામે પણ બેન્કોએ ધિરાણ પૂરા પાડતા ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ આ શ્રેણીની લોનમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. એફસીએનઆર (બી) ડિપોઝિટ સ્કીમ હેઠળ બેન્કોએ ૧૩૩ અબજ ડોલર જેટલી થાપણ મેળવી હતી.

દરમિયાન ૩૦ સપ્ટેમ્બરના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં એકંદર ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૯.૪૦ ટકા સાથે રૂપિયા ૨૨૯.૯૫ ટ્રિલિયન રહી હતી. ગયા વર્ષના સમાન ગાળામાં આ વૃદ્ધિ ૧૧.૪૦ ટકા રહી હતી. જ્યારે થાપણ ૧૭.૮૦ ટકા વધી રૂપિયા ૨૮૪ ટ્રિલિયન રહ્યાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયુ હતું.

વિવિધ પ્રકારની લોન માટે ઊંચી માગને પરિણામે દેશની બેન્કોનું થાપણથી લોનનું પ્રમાણ ૩૦ સપ્ટેમ્બરના અંતે ૮૧ ટકા રહ્યુ હતું. બેન્કિંગ ક્ષેત્રમાં થાપણથી લોનની માત્રા સતત ૮૦ ટકાથી ઉપર જોવા મળી રહી છે.

પરસનલ લોનમાં ૧૭.૩૦ ટકા વધારો થયો હોવાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ગોલ્ડ લોન ૮૨.૯૦ ટકા વધી રૂપિયા ૫.૭૭ ટ્રિલિયન પર પહોંચી છે.

કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રોને ધિરાણ ૧૯.૫૦ ટકા વધી રૂપિયા ૨૮.૧૯ ટ્રિલિયન, સેવા ક્ષેત્રને ૨૮.૩૦ ટકા વધી રૂપિયા ૬૪.૯૦ ટ્રિલિયન રહી છે જ્યારે નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસ)ને લોન ૪૧.૮૦ ટકા વધી રૂપિયા ૨૨.૫૩ ટ્રિલિયન પહોંચી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

### BOBનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે બેંક ઓફ બરોડાનો નફો ૩૫% વધીને રૂ. ૬,૫૩૨ કરોડ થયો હતો. જ્યારે વ્યાજની આવકો ૯ ટકા વધીને રૂ. ૧૩૦૨૬ કરોડ રહી હતી.

# FCIના ઓકશન વેચાણમાં મિલરો દ્વારા ઘઉં માટે ઊંચા ભાવની ઓફર

મુંબઈ, તા. ૨

ઘઉંની સૂચિત અછતને ધ્યાનમાં રાખી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના ઓકશન મારફત ખૂલ્લા બજારમાં ઘઉંના વેચાણને મિલરો દ્વારા ઊંચા ભાવ ઓફર કરાઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે.

## બફર ધોરણ કરતા સરકાર પાસે હાલમાં ઘઉંનો ઊંચો સ્ટોક ઉપલબ્ધ

અલ નિનોની અસરને પરિણામે ખુલ્લા બજારમાં ઘઉં તથા ચોખાના ભાવને અંકૂશમાં રાખવાના હેતુ સાથે એફસીઆઈ દ્વારા વિતેલા સપ્તાહમાં ઘઉંના હાથ ધરાયેલા ઓકશનમાં ખરીદદારોનો ધસારો જોવા મળ્યો હતો.

વિતેલા સપ્તાહમાં ઘઉંના સરેરાશ વેચાણ ભાવ ઊંચા જોવા મળ્યા હોવાનું સ્થાનિક સુત્રોએ જણાવ્યુ હતું.

સરકાર દ્વારા ઓકશનમાં ઘઉંની ફાળવણીમાં કરાયેલા ૫૦૦૦ ટનના ઘટાડાને કારણે પણ ઊંચા ભાવ ઓફર થયાનું ચર્ચાતુ હતું.

દેશમાં ઘઉંના સરેરશા ભાવ જે પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૯૧૦ પ્રવર્તી રહ્યા છે ત્યારે ઓકશનમાં સરેરાશ રૂપિયા ૩૧૦૦ના ભાવ ઓફર થયાનું પણ સુત્રોએ ઉમેર્યુ હતું.

મિલોને તેમની આવશ્યકતા કરતા ઓકશનમાં ઘણી ઓછી કવોન્ટિટીમાં ઘઉં ઓફર કરવામાં આવી રહ્યા છે. એફસીઆઈ પાસે હાલમા ૪૬૩ લાખ ટન ઘઉંનો સ્ટોકસ જમા પડયો છે.

જ્યારે બફરના ધોરણ પ્રમાણે કોઈપણ વર્ષની ૧લી ઓકટોબરે સરકારી ગોદામમાં ૨૦૫.૨૦ લાખ ટન ઘઉં હોવા જરૂરી છે.

### ટ્રેન્ટનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ટ્રેન્ટનો નફો ૯ ટકા વધીને રૂપિયા ૪૯૦ કરોડ રહ્યો હતો. કંપનીનો EBITDA ૩૦ ટકા જેટલો વધીને રૂપિયા ૧,૦૫૪ કરોડ રહ્યો હતો.

# ખાદ્યતેલોમાં મિશ્ર હવામાન: મલેશિયાથી પામતેલની નિકાસમાં નોધપાત્ર વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,સોમવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ, કપાસિયા તેલ તથા મસ્ટર્ડ સરસવ તેલના ભાવ ઉંચકાયા હતા જ્યારે સનફ્લાવરના ભાવ ઘટાડા પર રહ્યા હતા. અન્ય ખાદ્યતેલો શાંત હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ વધુ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં મલેશિયા ખાતે આજે પામતેલ વાયદાના ભાવ ૮થી ૩૪ પોઈન્ટ નરમ હતા.

## દિવેલ તથા હાજર એરંડાના ભાવમાં ઝડપી ઘટાડો: ક્રૂડતેલ ગબડતાં વિશ્વ બજારમાં ખાદ્યતેલોના ભાવ પર નેગેટીવ ઈમ્પેકટ

ક્રૂડતેલના ભાવ તૂટતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર નેગેટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. ક્રૂડના ભાવ આજે ૪ ટકા તૂટ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતાં તેની અસર આયાતી ખાદ્યતેલોની બજાર પર દેખાઈ હતી. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોના વધુ રૂ.૩૦ ગબડતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૮૦૭૫ વાળા તૂટી રૂ.૭૯૨૫ બોલાયા હતા. દિવેલમાં નવી નિકાસમાગ અપેક્ષાથી ધીમી રહી હતી.ભારતમાં દિવેલમાં ચીન, અમેરિકા તથા નેધરલેન્ડની માગ અપેક્ષાથી ધીમી રહી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ સોયાખોળના રૂ.૧૦૦૦થી ૧૧૦૦ તૂટ્યા હતા જ્યારે અન્ય ખોળો શાંત હતા. સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૭૭૫થી ૧૮૦૦ તથા કોટન વોશ્ડના ભાવ રૂ.૧૪૫૫થી ૧૪૬૦ અને કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૫૦૫થી ૧૫૧૦ રહ્યા હતા. જ્યારે પામતેલના ભાવ રૂ.૧૩૭૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૦૦ રહ્યા હતા.

મુંદ્રા-હઝીરા ખાતે પામતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૩૯૫થી ૧૪૨૦ જ્યારે સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૩૦થી ૧૪૫૦ અને ડિસેમ્બરના ભાવ રૂ.૧૪૪૦થી ૧૪૫૫ રહ્યા હતા. જ્યારે સન ફલાવરના ભાવ નવેમ્બરના રૂ.૧૭૨૦થી ૧૭૩૫ રહ્યા હતા. મલેશિયાથી પામતેલની નિકાસ ઓકટોબરમાં ૪૫થી ૭૩ ટકા વધી હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા. મધ્ય-પ્રદેશમાં આજે સોયાતેલના ભાવ જાતવાર રૂ.૧૪૧૨થી ૧૪૩૦ રહ્યા હતા. નવી મુંબઈ બંદરે આરબીડીના ભાવ રૂ.૧૪૧૦ રહ્યા હતા. મલેશિયામાં પામતેલનું ઉત્પાદન ઓકટોબરમાં ૦.૮૪ ટકા ઘટયાના વાવડ હતા. કંડલા ખાતે સોયાતેલના ભાવ રૂ.૧૪૪૦ રહ્યા હતા. ખોપોલી ખાતે સનફલાવરના ભાવ રૂ.૧૬૫૦ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી ૧૭૦૦ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે કોટન વોશ્ડના ભાવ મોડી સાંજે રૂ.૧૪૭૦થી ૧૪૭૩ રહ્યા હતા. મુંબઈ હાજર બજારમાં આજે ૧૦ કિલોના ભાવ સિંગતેલના રૂ.૧૮૪૦ તથા કપાસિયાતેલના ભાવ રૂ.૧૫૩૦ રહ્યા હતા. મુંબઈ પામતેલના ભાવ રૂ.૧૪૧૫ તથા સોયાતેલના રૂ.૧૪૬૦ અને સનફલાવરના રૂ.૧૫૬૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૫૦ અને મસ્ટર્ડ-સરસવના ભાવ રૂ.૧૮૬૦ તથા રિફાઈન્ડના રૂ.૧૮૯૦ રહ્યા હતા.

## સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૧૮૨૦૦૦-૧૮૪૦૦૦
ચાંદી રૂપુ ૧૮૧૮૦૦-૧૮૩૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૦૫૦૦-૧૪૨૦૦૦
સોનું (૯૯.૫) ૧૪૦૨૦૦-૧૪૧૭૦૦
હોલમાર્ક ૧૩૯૧૬૦

**મુંબઈ**

ચાંદી ૧૭૯૯૭૨
સોનું (૯૯.૫) ૧૩૬૯૭૩
સોનું (૯૯.૯) ૧૩૭૫૨૪

**રાજકોટ**

ચાંદી ૧૮૧૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૪૦૦૦
સીકકા (૧ ગ્રામ) ૧૪૪૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૨૮૧૦૦

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૭૯૯૭૨
મુંબઈ સોનું (૯૯.૫) ૧૩૬૯૭૩
મુંબઈ સોનું (૯૯.૯) ૧૩૭૫૨૪
અમ.ચાંદી ૧૮૪૦૦૦
અમ.સોનું (૯૯.૯) ૧૪૨૦૦૦
અમ.સોનું (૯૯.૫) ૧૪૧૭૦૦
અમ.સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ.કપાસિયા નવો ૨૭૫૦

## NSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| ઈન્ફોસીસ | ૧,૧૬૧.૦૦ | ૨.૦૩ |
| ICIC બેંક | ૧,૩૮૭.૪૦ | ૦.૭૬ |
| ડો.રેડ્ડી | ૧,૩૪૨.૦૦ | ૦.૭૪ |
| કોટક બેંક | ૪૫૮.૩૫ | ૦.૭૦ |

## અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૫૦
ટગર ૨૦૦-૩૦૦
ડમરો ૧૦-૧૫
લીલી ૨-૫
હજારી ગલ ૪૦૦-૫૦૦

## અમદાવાદના બજારો

**તેલતેલીબિયા**

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૩૦૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબ્બો (૧૫ કિલો) ૨૫૫૦-૨૭૫૦
રાઈસ બ્રાન (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબ્બો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૨૮૦
પામોલીન નવો ડબો ૨૪૦૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૫૦
સનફ્લાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

## રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦-૧૮૦૦
રાજકોટ મગફળી ૧૭૮૦-૧૭૯૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૪૦૦૦
૧ કિલો ચાંદી ૧૮૧૦૦૦

## BSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| ઈન્ફોસીસ | ૧,૧૬૩.૦૦ | ૧.૬૧ |
| કોટક બેંક | ૪૫૮.૦૦ | ૦.૬૫ |
| ICIC બેંક | ૧,૩૮૫.૨૫ | ૦.૬૩ |
| સન ફાર્મા | ૧,૭૬૮.૦૦ | ૦.૫૮ |

## BSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| રિલાયન્સ | ૧,૨૯૯.૦૦ | ૧૧.૬૪ |
| ટાટા સ્ટીલ | ૧૭૭.૧૫ | ૫.૬૪ |
| અલ્ટ્રાટેક | ૧૧,૩૫૪.૦૦ | ૨.૭૫ |
| એસબીઆઈ | ૯૮૭.૦૦ | ૨.૭૧ |
| એનટીપીસી | ૩૨૩.૫૦ | ૨.૩૭ |
| મારૂતિ | ૧૧,૬૬૦.૦૦ | ૨.૧૬ |
| બજાજ ફાય | ૯૫૮.૧૫ | ૨.૦૨ |
| લાર્સન | ૩,૯૩૫.૦૦ | ૨.૦૦ |
| બીઈએલ | ૩૭૬.૧૫ | ૧.૯૧ |
| હિંદ લીવર | ૧,૮૯૬.૧૫ | ૧.૭૨ |
| એ.પેઈન્ટ | ૨,૩૪૮.૦૦ | ૧.૪૩ |
| બજાજ ફીન | ૧,૬૮૯.૦૦ | ૧.૨૭ |
| ઈન્ડિગો | ૪,૯૨૯.૦૦ | ૧.૨૧ |
| એચડીએફસી બેંક | ૯૯૯.૫૦ | ૧.૦૪ |

## NSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| રિલાયન્સ | ૧,૩૦૦.૦૦ | ૧૧.૬૦ |
| ટાટા સ્ટીલ | ૧૭૭.૩૭ | ૫.૮૩ |
| જેએસડબલ્યુ સ્ટીલ | ૧,૩૦૯.૯૦ | ૫.૧૩ |
| કોલ ઈન્ડિયા | ૪૦૮.૦૦ | ૪.૮૮ |
| શ્રીરામ ફીન | ૮૬૩.૩૫ | ૪.૮૮ |
| જીયો ફીન | ૨૧૩.૨૫ | ૪.૨૮ |
| ઓએનજીસી | ૨૩૪.૮૩ | ૪.૧૯ |
| અલ્ટ્રાટેક | ૧૧,૩૮૭.૦૦ | ૩.૧૦ |
| હિંદાલકો | ૯૧૧.૪૦ | ૩.૦૨ |
| મેક્સ હેલ્થ | ૮૮૪.૭૫ | ૨.૮૮ |
| ટાટા મોટર્સ પેસેન્જર | ૨૭૨.૪૦ | ૨.૬૪ |
| એસબીઆઈ | ૯૮૭.૦૦ | ૨.૬૧ |
| મઝાગ્રાસીન | ૩,૦૫૭.૧૦ | ૨.૫૪ |
| મારૂતિ | ૧૧,૬૭૨.૦૦ | ૨.૪૧ |

## ચીમનભાઈ માર્કેટ

**૨૦ કિલો**

બટાકા દેશી ૮૦-૧૬૦
બટાકા ડીસા ૧૬૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૬૦
ડુંગળી એમપી ૭૦૦-૯૦૦

## કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

બેંક નિફ્ટી નવેમ્બર ફ્યુચર : મંગળવારના રોજ બેંક નિફ્ટીની રેન્જ ૫૪૮૦૦થી ૫૫૪૦૦ વચ્ચે જોવાય.

**ફ્યુચર માર્કેટ**

-NBCC : (૭૬)નો નવેમ્બર માસનો ફ્યુચર ૭૬ ઉપર ૭૨નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૭૯, ટાર્ગેટ -૨ ૮૧ સુધી સુધારાની શક્યતા છે.

- પોલીસી બજાર : (૯૩૭)નો નવેમ્બર માસનો ફ્યુચર ૯૩૭ નીચે ૯૯૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૯૦૦, ટાર્ગેટ -૨ ૮૭૦ સુધી ઘટાડાની શક્યતા છે.

**કેશ માર્કેટ**

- લિન્ડે ઈન્ડિયા : (૫૭૫૮) ૫૭૫૮ ઉપર ૫૬૩૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ-૧ ૫૮૨૫, ટાર્ગેટ -૨ ૫૮૭૫ સુધી સુધારાની શક્યતા છે.

-RR કેબલ : (૧૯૫૫) ૧૯૫૫ નીચે ૨૦૫૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૯૦૦, ટાર્ગેટ -૨ ૧૮૭૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

## કંપની પરિણામ

### P&G નો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે પ્રોકટર એન્ડ ગેમ્બલ નો નફો ૨૬% વધીને રૂ. ૧૧૨ કરોડ થયો હતો. કંપનીની આવકો ૧૮% વધીને રૂ. ૩૮૨ કરોડ થઈ હતી.

### પેટ્રોનેટ LNG નો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે પેટ્રોનેટ એલએનજીનો નફો ૧૧% વધીને રૂ. ૧,૨૩૫ કરોડ થયો હતો. કંપનીની આવકો ૩૦ ટકા વધીને રૂ. ૭૨૦૨ કરીને થઈ હતી. કંપનીએ રૂ. ૭ નું ઈન્ટરીમ ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

### લોઢાનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે રીયલ એસ્ટેટ ડેવલપર લોઢાનો નફો ૨૮% વધીને રૂ. ૧૦૧૩ કરોડ થયો હતો. જ્યારે અર્ધવાર્ષિક નફો ૬૩% વધીને રૂ.૨,૩૮૬ કરોડ થયો હતો. કંપનીની આવકો ૧૮% વધીને રૂ. ૪૪૬૮ કરોડ રહી હતી.

### કોન્કોર નો નફો ઘટ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે કોન્કોર નો નફો સાત ટકા ઘટીને રૂ. ૩૫૩ કરોડ થયો હતો. કંપનીની આવકો એક ટકા વધીને રૂ. ૨,૩૭૯ કરોડ રહી હતી. કંપનીએ રૂ. ૧.૯ નું ઈન્ટરીમ ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

### વોખાર્ટનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે વોખાર્ટનો નફો એક ટકા વધીને રૂ. ૭૮ કરોડ થયો હતો. કંપનીની આવકો ૨૪ ટકા વધીને રૂ. ૯૬૯ કરોડ રહી હતી.

### MOILનો નફો ઘટ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે મોઈલ નો નફો ૩૦ ટકા ઘટીને રૂ. ૬૨ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો નજીવી ઘટીને રૂ. ૩૬૯ કરોડ રહી હતી.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન-૧ ના તાલુકે ગાંધીનગરના મોજે વાવોલ ગામની સીમના સર્વે નં.૮૯૧ ની ૬૨૫૧ સ.ચો.મીટર ખાતા નં.૯૩૮ વાળી જુની શરતની ખેતીની જમીન (મજકુર જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૩ (વાવોલ) માં આવરી લઈ ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં.૨૧૪ ની ૪૦૬૩ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન) તેના માલીકો જીતેન્દ્રકુમાર મગનલાલ ભટ્ટ તથા હર્ષાબેન તે વિષ્ણુપ્રસાદ ભટ્ટની વિધવા પત્ની તથા અલ્પેશ વિષ્ણુપ્રસાદ ભટ્ટ, સર્વે રહેવાસી :- ભટ્ટ વાસ, વાવોલ ગામ, તા.જી.ગાંધીનગર-૩૮૨૦૧૬ નાની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓમાથી મુકત હોવાનુ જણાવી મજકુર જમીનના માલીકોએ સદર જમીન અમારા અસીલોને વેચાણ આપવાનું નક્કી કરી મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે અમારી પાસે માંગણી કરેલી છે. આથી મજકુર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત સંબંધ, ગણોત હકક, ભાડુઆત હકક કે બોજો, તકરાર અગર કોઈપણ પ્રકારની કોર્ટ કાર્યવાહી ચાલતી હોય કે સદર જમીન અંગે સરકારી, બેંક કે અન્ય કોઈપણ વ્યકિત કે સંસ્થાનુ લેણુ હોય કે સદર જમીન અંગે કોઈ બાનાચિઠ્ઠી, બાનાખત, વેચાણ કરાર, કબજા કરાર, ભાડા કરાર, ગણોત હકક તબદીલીના કરાર, ગણોત કરાર, વેચાણ દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની, લખાણો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખિત ખરી નકલવાળા પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી.થી જાણ કરવી. નહિ તો મુદત પુરી થયા બાદ સદર જમીનમા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત સંબંધ વિગેરે નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટેની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈની તકરાર કે વાંધો વચકો ચાલશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

તા.૦૩/૧૧/૨૦૨૬.

એન.કે.પટેલ, એડવોકેટ તથા
હરેશ એન. પટેલ, એડવોકેટ
ઉજાસ એચ. પટેલ, એડવોકેટ
૩૨૪ થી ૩૨૬, થર્ડ ફલોર, ''શુકન મોલ'' વિસત પેટ્રોલ પંપની પાસે, સાબરમતી,
અમદાવાદ- ૩૮૦૦૦૫
મો.નં.૯૮૨૫૬૧૭૨૮૮

## જાહેર નોટિસ

**મોજે : લોદરીયાળ**

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદના તાલુકો -સાણંદના મોજે ગામ- લોદરીયાળની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં.૧૨૦/૬ કે જેનો આકાર રૂા.૧૫૭.૮૦ ખાતા નં.૭૦૬ ની ૨૬૩૦ ચો.મી. પૈકી ૨૦૨૧.૭૭ ચો.મી. પૈકી ૧૯૮૮ ચો.મી. બિનખેતીની જમીન તથા સર્વે/બ્લોક નં.૧૨૪/૩ પૈકી કે જેનો આકાર રૂા.૨૪૨.૯૦ ખાતા નં.૭૦૮ ની ૪૦૪૭ ચો.મી. પૈકી ૧૭૦૫.૫૮ ચો.મી. પૈકી ૪૯૪ ચો.મી. પૈકી ૨૧૮.૭૮ ચો.મી. રોડ રસ્તાની વણવહેંચાયેલ જમીન એમ બંને સર્વે નંબરોની મળીને કુલ ૨૭૦૦.૭૮ ચો.મી. બિનખેતીની ઔધોગિક હેતુની જમીન કે જે અરવિંદકુમાર મદનલાલ ભૂતડાની સ્વતંત્ર માલિકી અને કબજાવાળી તેમજ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ તેમજ તમામ પ્રકારના દાવાઓ અને બોજાઓથી મુકત હોવાનું જણાવી વેચાણ લાયક પરવાનગી મેળવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી ટાઈટલ કલીયરન્સના કાનુની અભિપ્રાયની માંગણી કરેલ છે જેથી ઉપરોકત જમીન અંગે ટાઈટલ કલીયર અભિપ્રાય આપવા સામે કોઈ વ્યકિત કે પેઢી સંસ્થાને વાંધો કે વિરોધ હોય અગર અન્ય કોઈ કાયદેસર હકક હિત પોષાતા હોય તો આજથી દિન-૧૫ માં જરૂરી કાયદા સમર્થિત પુરાવા સહીત નિચેના સરનામે રજીસ્ટર પોસ્ટ એડીથી જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી ટાઈટલ કલીયરન્સ અભિપ્રાય આપી દેવામાં આવશે ત્યારબાદ કોઈની તર-તકરાર ચાલશે નહી અને તેઓના હકો જતા (waive) કરેલ છે યાને છોડી દીધો છે તેમ માની ટાઈટલ અંગેના કાનુની અભિપ્રાય આપવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

અમારા અસીલની વકીલપત્રમાં આપેલ સુચના અને ફરમાઈશથી.

તા.૦૨/૧૧/૨૦૨૬

MEGHANI LAW FIRM
Lucky Meghani (Advocate)
Mo. 9033147527,07946040500
B-501,THE CAPITAL,
Opp.Hetarth Party Plot,
Science City Road,
Ahmedabad-380060.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ- ડીસ્ટ્રીકટ સાણંદ, તાલુકા- સાણંદના મોજે ગામ ખોડા ની સીમના રેવન્યુ નંબર-૯૭/૨ ની સમચોરસમીટર ૭૫૩૫ ની જમીનનો સમાવેશ ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર- ૧૩૬ (ખોડા) માં થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર ૯૭/૨ ની સમચોરસમીટર ૪૪૦૧ ની બહુહેતુક ઉપયોગની બીનખેતી જમીનમાં વાણીજ્ય હેતુ માટે બાંધવામાં આવનાર બ્લોક - એ (બિલ્ડીંગ) માં ગ્રાઉન્ડ, ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર તથા ટેરેસ ઉપર મળીને કુલ સમચોરસમીટર ૧૯૪૬.૨૧ ના વિસ્તારમાં કુલ ૭૫ યુનિટના બાંધકામવાળી મિલ્કત, રામસંગભાઈ સોમાભાઈ વાઘેલા, રહેવાસી-ખોડા, સાણંદ, અમદાવાદ નાની કુલ સ્વતંત્ર માલિકી-કબ્જા-ભોગવટાની બોજારહીત આવેલ હોવાનું જણાવી, અમારા અસીલને મજકુર મિલ્કત ભાડેપટ્ટે આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલ તરફથી મજકુર મિલ્કત પરત્વેના ઉપરોકત ફાઈનલ પ્લોટ નંબર- ૯૭/૨ ની જમીન તથા તેની ઉપર આવેલ બિલ્ડીંગ માં કુલ ૭૫ યુનીટ વાળી મિલ્કતના રાઈટસ- ટાઈટલ્સ કિલયર અને માર્કેટેબલ હોવા બાબતેના અમારા અભિપ્રાયોની માંગણી કરેલ છે. આથી મજકુર ફાઈનલ પ્લોટ નંબર- ૯૭/૨ ની જમીન તથા તેની ઉપર આવેલ બિલ્ડીંગમાં કુલ ૭૫ યુનીટ વાળી મિલ્કત કે તેના કોઈ ભાગ અંગે કોઈપણ શખ્સ, બેનિફિસયરી, બેન્ક, સંસ્થા કે મંડળીનો કોઈપણ પ્રકારનો હકક- હિસ્સો, ગીરો, બોજો, લાગભાગ કે દાવો- અલાખો હોય તો તેઓએ તે અંગેની લેખિત જાણ તેના લેખિત પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિદ્ધ થયેલ થી દિન સાત(૭) માં અમોને કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ફાઈનલ પ્લોટ નંબર- ૯૭/૨ ની જમીન તથા તેની ઉપર આવેલ બિલ્ડીંગમાં કુલ ૭૫ યુનીટ વાળી મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિસ્સો, લાગભાગ કે હિતસંબંધ નથી અને હોય તો તે ઉપરોકત જણાવેલ મિલ્કત માલિકની તરફેણમાં જતા યાને વેવ કરેલ છે, તેમ સમજી મજકૂર મિલ્કત અંગેના ટાઈટલ્સ ચકાસણીની કાર્યવાહી તેમજ મજકુર મિલ્કતના ભાડેપટ્ટા અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે ક્લેઈમ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

આજ રોજ તારીખ ૦૩, માહે - નવેમ્બર, સને ૨૦૨૬ ના દિને

શાલીન એન પરીખ,
એડવોકેટ એન્ડ મીડિયેટર
પી.એચ. પરીખ એન્ડ કંપની
પાંચમો માળ, સુમેરુ સેન્ટર, પરિમલ રેલવે ક્રોસિંગ પાસે. એલિસબ્રિજ
અમદાવાદ
ફોન નંબર- (૦) ૨૬૬૫૦૩૧૬

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડિસ્ટ્રિકટ અમદાવાદના સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદ - ૨ (વાડજ) ના તાલુકા સાબરમતીના મોજે ગામ વાડજ ની સીમમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૫ અને એફ. પી. નં. ૧૫ તેની ઉપર આવેલ આનંદધામ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. થી ઓળખાય છે તેમાં આવેલ પ્લોટ નં ૫ જેનું પ્લોટનુ જેનું માપ આશરે ૪૦૦ ચો. વાર એટલે કે ૩૩૪.૪૫ ચો. મીટર વાળી મિલકત કે જે હાલ અમરતભાઈ કરમનભાઈ અને વીણાબેન અમરતભાઈનાં માલિકી હકકમા આવેલ છે. જે પેટે અમારા અસીલ ઉપરોક્ત જગ્યાની માલિકો હકક ધરાવતા હોવાનું જણાવી અમારી પાસેથી નો-ઓબ્જેકશન સર્ટીફીકેટની માગણી કરેલ છે તો ઉપરોક્ત મિલ્કત ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાધો, તકરાર, હકક, હિત, દાવો, લિયન, હિસ્સો બોજો કે લાગભાગ કે કોઈપણ જાતની જવાબદારી હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વીત્યે આ મિલકત પરત્વે કોઈપણ જાતના વાંધા, તકરાર હોય તો તે જતા (વેવ) કરેલ છે એમ સમજી ઉપરોકત મિલકત અંગેનું નો ઓબ્જેકશન સર્ટીફીકેટ આપીશુ જેની જાહેર જનતાએ તથા લાગતાં વળગતાઓ એ નોંધ લેવી.

Gulshan N. Nasha
Advocate
B-503, B-Wing, Samudra Complex, Near Girish cold Drinks Char Rasta, Off. C. G. Road, Navrangpura, Ahmedabad-6.
Mobile- 9898591947

## જાહેર નોટિસ

અમો, નવીનચંદ્ર એન.મરાઠા- એડવોકેટ આથી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, શ્રીમતિ અનિતાબેન બિપીનચંદ્ર પટેલ, રહે.અમદાવાદનાએ રજી.ડી. અમદાવાદ સબ-ડી. અમદાવાદ-૭(ઓઢવ), જી.અમદાવાદના તા.મણીનગર(જુનો તાલુકો અમદાવાદ શહેર પુર્વ અને સીટી તાલુકા)ના મોજે રાજપુર-હીરપુર ગામની સીમમાં ચંડોળા કેનાલ રોડ, ભાઉઆતનગર-શિવમ સોસાયટી પાસે આવેલ સર્વે નં.૧૯૬ની ૧૧૫૩૪ સ.ચો.મી. જમીન, ટી.પી. સ્કીમ નં.૫૨ના ફાયનલ પ્લોટ નં.૯ પૈકીની રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીન ઉપર આવેલ ધી વૃંદાવન કો. ઓ. હા. સો. લી. (રજી. નં.ઘ/૬૩૮, તા.૧૦-૦૮-૧૯૬૨)ની ''વૃંદાવન સોસાયટી'' નામથી ઓળખાતી રેસીડેન્સીયલ ટેનામેન્ટ્સવાળી સ્કીમમાં સ.ચો.વાર ૩૦૬ યાને ૨૫૫.૮૫ સ.ચો.મી. પ્લોટ એરીયા તથા તેની ઉપર સ.ચો.વાર ૧૦૫ યાને ૮૭.૭૯ સ. ચો. મી. અ.મ્યુ.કોર્પોરેશન ટેક્ષ બીલ મુજબ ૯૩ સ.ચો.મી.(ગ્રાઉન્ડ ફલોર+ફર્સ્ટ ફલોર)ના બાંધકામવાળી ટેનામેન્ટ નંબાર-૧૧/એ તરીકે ઓળખાતી અને સદર સોસાયટીના સભ્ય તથા શેર હોલ્ડર તરીકેની જમીન/મિલકત એમની સ્વતંત્ર/સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી અને ન દાવાવાળી અને કાયદેસરના રજી.વેચાણ દસ્તાવેજથી પ્રાપ્ત કરેલ હોવાનું અમોને જણાવી સદર મિલકત પરત્વેના એમના રાઈટ્સ ટાઈટલ્સ કલીઅર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો ઉપરોકત મિલકત ઉપર અન્ય કોઈપણ ઈસમનો કે નાણાંકીય સંસ્થા સહિતની હરકોઈ સંસ્થાનો, બેંક, કોર્પોરેશન, કંપની કે પેઢીનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, ભાગીદારી, બોજો, ગીરો, લીયન, ચાર્જ, ઈઝમેંટ રાઈટ્સ વિગેરે આવેલ હોય કે કોઈનો ટેનન્ટ/લીઝ/ લાયસન્સ/કબજા ભોગવટો/ બાનાખત/ ભરણપોષણ-રહેણાંકનો કે ધંધા-વેપાર- રોજગાર ઈત્યાદી હકક હોય તો તેમણે તે અંગેની જાણ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં મળે તે રીતે દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં અમોને સ્પીડ પોસ્ટથી નીચે દર્શાવેલ સરનામે અચૂક કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર મિલકત પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિસ્સો કે કોઈ જ લેવા-દેવા નથી અને હોય તો તે તમામ સદર મિલકતના મજકુર માલીકની તરફેણમાં રાજીખુશીથી જતા યાને વેવ (Waive) કરેલ છે તેમ સમજી અમો મુદત વિત્યે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું .ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ-ફરીયાદ તકરાર ચાલશે નહીં તે બાબતની જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા.૩૦-૧૦-૨૦૨૬

નવીનચંદ્ર એન.મરાઠા-એડવોકેટ
Prop.નવીનચંદ્ર મરાઠા એન્ડ કું.
Advocates & Title Investigators
''કંચનકાશી'' ૫૫, આઝાદ સોસાયટી, બ્રહ્મભટ્ટ હોલની બાજુમાં, સહજાનંદ કોલેજની પાછળ, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો.નં-૯૩૨૭૦૬૮૭૪૦
ફાઈલ નં. ૪૫૨૦

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ- ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી) ના સાબરમતી તાલુકાના મોજે ગામ વાસણાની સીમના સરવે નંબર-૧૫૭/૩ ટી.પી.સ્કીમ નંબર-૨૧, ફાઈનલ પ્લોટ નંબર-૬૩૪ સબ પ્લોટ નંબર-૨ ની જમીન ઉપર આવેલ 'કલ્પના એવન્યુ કો.ઓ.હા.સો.લી.' ના બીજા માળે આવેલ ફલેટ નંબર-૨૦૧ ની સ.ચો.વાર ૧૨૫ યાને સ.ચો.મી. ૧૦૪.૫૨ ના બાંધકામવાલી મીલકત (૧) ધર્મેન્દ્ર હર્ષદરાય ખંડવી (૨) તૃપ્તિ ધર્મેન્દ્ર ખંડવીની સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. મજકુર સોસાયટીએ (૧) રૂપલ એમ. શાહ (૨) ઉષાબેન એમ. શાહને આપેલ અસલ એલોટમેન્ટ લેટર ખોવાઈ ગયેલ છે. તો સદરહુ મીલકત ઉપર અસલ એલોટમેન્ટ લેટરની રૂઈએ કે અન્ય કોઈ રીતે કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૨-૧૧-૨૦૨૬

રૂપેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
જીજ્ઞેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
ફોર ભગત એસોસીએટસ
સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯) ૨૬૪૦૬૮૨૫

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧ (સીટી) વિભાગના શહેર અમદાવાદમાં રતનપોળ, નાગોરી પોળમાં કાલુપુર વોર્ડ-૩ ના સીટી સર્વે નં.૨૬૪ ની આશરે ૨૭.૫૯૨૩ ચો.મી. ની તથા સીટી સર્વે નં.૨૬૫ ની આશરે ૨૭.૫૯૨૩ ચો.મી. તથા સીટી સર્વે નં.૨૬૬ ની આશરે ૨૫.૦૮૮૯ ચો.મી. ની જમીન તથા તેની ઉપર આવેલ ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર તથા સેકન્ડ ફ્લોરના બાંધકામવાળી જમીન ઉપરદળ સુધ્ધાંતની આકાશથી પાતાળ સુધીની મીલકત (૧) ડૉ.ચૈતન્ય બંસીધર નાગોરી અને (૨) ભદ્રેશ ઘનશ્યામભાઈ નાગોરીના સંયુક્ત માલીકી તથા અંશતઃ કબજા ભોગવટાની આવેલી હોવાનું જણાવી અમારી પાસે સદરહુ મીલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, બોજો કે લોન હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહીત જાણ કરવી. જો તે અંગે જાણ નહીં કરવામાં આવે તો સદર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હિસ્સો, બોજો કે લોન નથી અને હોય તે જતો (WAIVE) કરેલ છે તેમ માની સદરહુ મીલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેવી.

અમદાવાદ
તા.- 03/11/2026.


મારી મારફતે
વિશાલ જયંતિભાઈ બ્રહ્મભટ્ટ
(એડવોકેટ એન્ડ નોટરી)
ઠેકાણું-જુની કલેકટર ઓફિસ કંપાઉન્ડ, મેટ્રોપોલીટન કોર્ટ પાસે, ઘીકાંટા, અમદાવાદ. મો.૯૮૨૫૪૮૯૮૯૯

## જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ- અમદાવાદ (૪) (પાલડી), તાલુકા સાબરમતીના મોજે ગામ પાલડીની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૨ ના ફાઈનલ પ્લોટ નંબર ૯૭ ની ખાતા નંબર ૧૯૬૨ ની સમચોરસમીટર ૪૭૯૯ ના વિસ્તારની "સમસ્ત બ્રહ્મક્ષત્રિય કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ" ની માલિકીની બીનખેતીની જમીન ઉપર આવેલ અલગ-અલગ સબ- પ્લોટોની "સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી" ના નામે ઓળખાતી સ્કીમના સબ-પ્લોટ નંબર ૬-બી ની આશરે સમચોરસમીટર ૫૧૬.૭૨ યાને સમચોરસવાર ૬૧૮ ના વિસ્તારની બીનખેતીની જમીન તથા તે ઉપર આવેલ કુલ સમચોરસમીટર ૯૯.૪૯ ના વિસ્તારના બાંધકામ સહિતની સ્થાવર મિલ્કત (૧) જીતેન્દ્રકુમાર એસ. ભટ્ટ, (૨) અચલા જે. ભટ્ટ, (૩) હેતા આર. ભટ્ટ, (૪) મહેશ આર. ભટ્ટ તથા (૫) રમા એસ. ભટ્ટ નાઓની સંયુકત સહમાલિકીની આવેલ, જેઓ પાસેથી સદરહુ મિલ્કત અમારા અસીલ જીતેન્દ્ર પ્રકાશચંદ્ર શાહ, રહેવાસી- ૫૦૧, પંચશીલ રેસીડેન્સી, ઉસ્માનપુરા, અમદાવાદ નાએ તારીખ ૧૦-૦૪-૨૦૨૫ ના રોજ વેચાણ કરારની શરતોને આધીન વેચાણ રાખવાનું નક્કી કરેલ, આ વેચાણ કરાર સમયે તથા ત્યારબાદ અમોના અસીલે સદરહુ મિલ્કત ખરીદ રાખવા પરત્વે માતબર રકમોની ચુકવણી કરેલ છે. આમ, સદરહુ મિલ્કત ખરીદવાનો અમારા અસીલનો કાયદેસરનો પ્રથમ હક્ક અને અધિકાર હોઈ અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર સદરહુ મિલ્કત પરત્વે અમારા અસીલની સંમતી વગર કોઈપણ શખ્સે કોઈપણ પ્રકારના નાણાકીય વ્યવહાર, વેચાણ દસ્તાવેજો, કરારો કે દસ્તાવેજ પ્રકારના લખાણો કરવા કે કરાવવા નહીં, તેમ છતાં જો આવા કોઈપણ પ્રકારના વ્યવહારો, કરારો, લખાણો, દસ્તાવેજો કરવામાં આવશે તો જે તે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ ખોટા અને બનાવટી લખાણો ઉભા કરેલ હશે તો તેમાં સંડોવાયેલા તમામે તમામ નાઓની સામે અમારા અસીલ તેઓના ખર્ચે અને જોખમે કાયદેસરની કાનુની કાર્યવાહી દિવાની તેમજ ફોજદારી રાહે કરવાની ફરજ પડશે તેમજ અમારા અસીલ આ તમામ વ્યક્તિઓની સામે તેઓ દ્વારા ખોટા અને ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવેલા લખાણો, દસ્તાવેજો રદબાતલ જાહેર કરવા માટે દીવાની તેમજ ફોજદારી રાહે જરૂરી કાનુની કાર્યવાહી કરવાને હક્કદાર છીએ જેની જે તે વ્યક્તિઓએ તથા લાગતા વળગતા તમામ શખ્સો તથા સદરહુ સમસ્ત બ્રહ્મક્ષત્રિય કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના ચેરમેનશ્રી/સેકેટરીશ્રી તેમજ તમામ હોદેદારો, સભાસદો તથા જાહેર જનતાએ ગંભીર પણે નોંધ લેવી.

આજ રોજ તારીખ ૦૩, માહે - નવેમ્બર, સને ૨૦૨૬ ના દિને

શાલીન એન. પરીખ
એડવોકેટ એન્ડ મીડીએટર
પી.એચ.પરીખ એન્ડ કું.
પાંચમો માળ, સુમેરુ સેન્ટર, પરિમલ રેલવે ક્રોસિંગ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ
ફોન નંબર (ઓ) ૨૬૬ ૫૦૩ ૧૬



# UPI થકી રૂ. ૩૧.૬૩ લાખ કરોડના વિક્રમી વ્યવહાર

મુંબઈ, તા. ૨

ઓક્ટોબરમાં તહેવાર સંબંધિત ખર્ચને કારણે ડિજિટલ પેમેન્ટસમાં વધારો થયો હતો અને યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ પર વ્યવહાર વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકા વધારો થઈને ૨૫.૪૭ અબજ રહ્યા છે. મૂલ્યની દ્રષ્ટિએ વ્યવહાર આંક વિક્રમી રહ્યો છે.

## ઓક્ટોબરમાં યુપીઆઈથી વિક્રમી દૈનિક એક લાખ કરોડના ટ્રાન્ઝેકશન નોંધાયા : ઈ કોમર્સ ફેસ્ટિવલ સેલને કારણે વ્યવહારમાં વધારો

મૂલ્યની દ્રષ્ટિએ વ્યવહારના આંકમાં વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધારો થઈને તે રૂપિયા ૩૧.૬૩ લાખ કરોડ રહ્યો છે જે ઓલટાઈમ હાઈ છે એમ નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ના ડેટા જણાવે છે.

સપ્ટેમ્બરમાં યુપીઆઈ મારફતના સરેરાશ દૈનિક વ્યવહાર જે રૂપિયા ૯૭૯૧૩ કરોડ હતો તે ઓક્ટોબરમાં વધી રૂપિયા ૧.૦૧ લાખ કરોડ રહ્યો હતો.

સપ્ટેમ્બરમાં દૈનિક સરેરાશ વ્યવહારની સંખ્યા જે ૮૦.૨૦ કરોડ રહી હતી તે ગત મહિને વધી ૮૨.૨૦ કરોડ જોવા મળી હતી.




નવરાત્રી તથા દૂર્ગાપુજા ઉપરાંત ઈ કોમર્સ ફેસ્ટિલ સેલ્સને કારણે પણ યુપીઆઈ વ્યવહારમાં વધારો જોવા મળ્યો હોવાનું એનપીસીઆઈના સુત્રોએ જણાવ્યું હતું.

યુપીઆઈ વ્યવહાર પર મરચંટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)ને સરકારે મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. યુપીઆઈ વ્યવહાર સરળ બનાવવાને કારણે પણ તેના વપરાશકારોના સ્તરમાં વધારો થતો જાય છે.

નવેમ્બરમાં દિવાળી હોવાથી આ મહિનામાં પણ યુપીઆઈ વ્યવહારમાં વધારો થવાની સંભાવના રહેલી છે. સૂચિત એમડીઆર લાગુ થયા બાદ યુપીઆઈ વ્યવહાર વોલ્યુમ કેટલુ રહે છે તે જોવાનું રસપ્રદ બની રહેશે.

જો કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ આ અગાઉ જણાવ્યું હતું કે એમડીઆરના સ્વરૂપમાં થોડીઘણી ફી લાગુ કરવાથી યુપીઆઈ વ્યવહાર વોલ્યુમ પર મોટી અસર નહીં પડે.

નાની રકમની ફીથી વોલ્યુમ્સ પર કોઈ પ્રતિકૂળ અસર નહીં થાય, એમ તેમણે ગયા મહિને જણાવ્યું હતું. રૂપિયા ૨૦૦૦થી વધુના મૂલ્યના યુપીઆઈ ટ્રાન્ઝકશન પર ૦.૪૦ ટકા એમડીઆર વસૂલવાની દરખાસ્તને કેન્દ્રએ મંજુરી આપી છે અને તેનો અમલ જે ૧૫ ઓકટોબરથી થવાનો હતો તેને વિવિધ ક્ષેત્રો તરફથી ઉઠેલા વિરોધ બાદ મોકૂફ રાખવામાં આવ્યો છે.

# એપ્રિલથી સપ્ટેમ્બરમાં યુરોપ ખાતે આયર્ન, સ્ટીલની નિકાસ વીસ ટકા ઘટી

મુંબઈ, તા. ૨

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાંથી આયર્ન તથા સ્ટીલની યુરોપ ખાતે વોલ્યુમની દ્રષ્ટિએ નિકાસમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા ઘટાડો થઈને ૧૫.૩૦ લાખ ટન રહી છે.

આયાત કવોટામાં સખતાઈ તથા કારબન ટેકસને કારણે ભારતના આયર્ન તથા સ્ટીલના એક મુખ્ય મથક યુરોપ ખાતે નિકાસ ઘટી હોવાનું માનવામાં આવે છે.

ગયા નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં યુરોપ ખાતે નિકાસ આંક ૧૯.૧૦ લાખ ટન રહ્યો હતો. મૂલ્યની દ્રષ્ટિએ નિકાસ ૧.૭૯ અબજ ડોલર પરથી ઘટી ૧.૪૮ અબજ ડોલર રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા પરથી જણાય છે.

સપ્ટેમ્બરમાં નિકાસ ૫૦ ટકા જેટલી ઘટી ૧,૯૭,૪૩૩ ટન રહી હતી.

૧લી જુલાઈથી યુરોપે ડયૂટી ફ્રી સ્ટીલ આયાત કવોટા જે વાર્ષિક ૩.૩૮ કરોડ ટન હતો તે ઘટાડી ૧.૮૩ કરોડ ટન કર્યો છે. કવોટાથી ઉપરના સ્ટીલની આયાત પર ટેરિફ ૨૫ ટકા પરથી વધારી ૫૦ ટકા કરાયો છે.

યુરોપ દ્વારા સ્ટીલ આયાત નીતિ સખત બનાવવાને કારણે ભારત ખાતેથી નિકાસમાં ઘટાડો થયો હોવાનું સ્થાનિક ટ્રેડરે જણાવ્યું હતું. યુરોપની સરખામણીએ અન્ય મથકો ખાતે



નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને આફ્રિકા તથા અમેરિકા ખાતે નિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે.

આફ્રિકા ખાતે નિકાસ એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ૭૬ ટકા વધી ૩૩.૪૨ કરોડ ડોલર રહી છે જ્યારે અમેરિકા ખાતે નિકાસ ૬૫.૪૩ કરોડ ડોલર પરથી બમણી વધી ૧.૪૨ અબજ ડોલર રહી હોવાનું પણ વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

અમેરિકા ખાતે વોલ્યુમની દ્રષ્ટિએ નિકાસ ૨૬૦ ટકા જેટલી વધી છે. જ્યારે આફ્રિકા ખાતે નિકાસ વોલ્યુમ વૃદ્ધિ ૯૫ ટકા રહી હોવાનું પણ વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

## યુરોપે પોતાની સ્ટીલ આયાત નીતિ આકરી બનાવતા ભારતની નિકાસ પર અસર

# ઓકટોબરમાં ઉત્પાદન પ્રવૃત્તિનો વૃદ્ધિ દર ધીમો પડયોઃ પીએમઆઈ ઘટીને ૫૪.૭૦

મુંબઈ, તા. ૨

સપ્ટેમ્બરમાં રિકવરી બાદ સમાપ્ત થયેલા ઓકટોબરમાં દેશના ખાનગી ક્ષેત્રની ઉત્પાદન પ્રવૃત્તિનો વૃદ્ધિ દર ધીમો પડયો હતો. ઉત્પાદન તથા નવા ઓર્ડરમાં નબળી વૃદ્ધિ જોવા મળી હતી, એમ એક સર્વે રિપોર્ટમાં જણાવાયુ હતું.

## આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત માંગના કારણે માલસામાનના નિકાસ ઓર્ડરમાં જોવા મળેલી વૃદ્ધિ

એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરિંગ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) જે સપ્ટેમ્બરમાં ૫૫.૧૦ હતો તે ઓકટોબરમાં સાધારણ ઘટી ૫૪.૭૦ રહ્યો છે. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત માગને પરિણામે નિકાસ ઓર્ડરમાં વૃદ્ધિ છ મહિનાની ટોચે જોવા મળી છે જેને પરિણામે ઉત્પાદન પ્રવૃત્તિને ટેકો મળ્યો હતો, એમ સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. જો કે ઘરઆંગણે ઓર્ડરમાં મંદ વૃદ્ધિ રહી હતી.

બાંગલાદેશ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા,



સાઉદી અરેબિયા, કેનેડા, અમેરિકા, યુકે તથા યુએઈ ખાતેથી નિકાસ ઓર્ડરમાં વધારો થયો હતો. કાચા માલનો ફુગાવામાં પીછેહઠ થઈ હતી અને ફેબ્રુઆરી બાદ તેમાં નીચી વૃદ્ધિ રહી હતી.

ભારતની કંપનીઓએ ફિનિશ્ડ પ્રોડકટસની કિંમતમાં વધારો કર્યો હતો, પરંતુ તે સામાન્ય રહ્યો હતો. માર્જિન જાળવી રાખવા આ વધારો આવી પડયો હતો, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હતું. કામકાજનો ભાર વધતા ગત મહિને ફેકટરીમાં રોજગારમાં વધારો થયો હતો. જો કે સપ્ટેમ્બરની સરખામણીએ રોજગાર નિર્માણ મંદ રહ્યુ હતું. કાચા માલની અછત પડવાની શકયતાને ધ્યાનમાં રાખી ઉત્પાદકોએ કાચા માલની ઈન્વેન્ટરી ઊભી કરી હતી જે આઠ મહિનાની સૌથી ઊંચી હતી.

અમેરિકા દ્વારા ઈરાન પર મોટા હુમલાની ધમકી વચ્ચે અનિશ્ચિત વૈશ્વિક વાતાવરણને ધ્યાનમાં રાખી ઉત્પાદકોએ કાચા માલની ઈન્વેન્ટરી ઊભી કરવાનો વ્યૂહ અપનાવ્યો હતો.

# કાચા માલના ઊંચા ભાવને કારણે ફટાકડા ઉત્પાદન ખર્ચમાં વધારો

મુંબઈ, તા. ૨

કાચા માલના ઊંચા ભાવ તથા શ્રમિકોની અછતને પરિણામે વર્તમાન વર્ષમાં સિવાકાસીના ફટાકડા ઉત્પાદકો ઊંચા ખર્ચનો સામનો કરી રહ્યા છે. દેશમાં ઉત્પાદિત થતા ફટાકડામાંથી ૯૦ ટકાનું ઉત્પાદન સિવાકાસી ખાતે થાય છે.

## શ્રમિકોની અછતને કારણે ઉત્પાદકો પરેશાન



રંગ ઉત્પન્ન કરતા સોલ્ટસ તથા એલ્યુમિનિયમ પાવડર જેવા મુખ્ય કાચા માલના ભાવમાં વધારો થતા ફટાકડાના ઉત્પાદન ખર્ચમાં ૧૮થી ૨૫ ટકા જેટલો વધારો થયો છે.

નાના ઉત્પાદન એકમો જેઓ ઊંચા ખર્ચને પહોંચી વળી શકે એમ નથી તેમણે ઉત્પાદન બંધ કરી દેવાની ફરજ પડી છે. સિવાકાસી ખાતે વર્ષે અંદાજે રૂપિયા ૨૦૦૦ કરોડના ફટાકડાનું ઉત્પાદન થાય છે.

ઉત્પાદન ખર્ચની સરખામણીએ ફટાકડાના રિટેલ ભાવ ઘણાં જ ઊંચા જોવા મળે છે. અન્ય ક્ષેત્રોમાં સારા રોજગાર મળી રહેવાને પરિણામે ફટાકડા ઉત્પાદન એકમો ખાતે શ્રમિકો કામ કરવા તૈયાર થતા નહીં હોવાથી શ્રમિકો પાછળના ખર્ચમાં વધારો થયો હોવાનો પણ ફટૉકડા ઉત્પાદકો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. દેશમાં ફટાકડા મુદ્દે અવારનવાર બદલાતી રહેતી નીતિઓને કારણે પણ ઉત્પાદકો સતત મુંઝવણમાં રહેતા હોય છે.

પ્રદૂષણની સમસ્યાને લઈને દેશના અનેક રાજ્યોમાં જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. કેટલાક રાજ્યોમાં કમોસમી વરસાદની આગાહીએ પણ વેચાણ પર અસર કરી હોવાનું જોવા મળી રહ્યું છે.

# તહેવારોમા ૨.૬% જેટલી ઓછી સ્થાનિક ફ્લાઈટ્સનું સંચાલન થશે

અમદાવાદ, તા. ૨

ગત વર્ષના તહેવારોના મહિનાની સરખામણીએ આ વર્ષે દિવાળીના મહિના દરમિયાન ભારતીય એરલાઈન્સ સાપ્તાહિક ધોરણે ૨.૬ ટકા જેટલી ઓછી ડોમેસ્ટિક (સ્થાનિક) ફ્લાઈટ્સ સંચાલિત કરવા જઈ રહી છે. ઊંચા હવાઈ ભાડા અને મુસાફરોની ધીમી માંગના સંકેતોને કારણે એરલાઈન્સ કંપનીઓ ફ્લાઈટની સંખ્યામાં ઘટાડો કરવા મજબૂર બની છે.

## ઊંચા હવાઈ ભાડા અને મુસાફરોની ધીમી માંગના સંકેતોને કારણે એરલાઈન્સ કંપનીઓ ફ્લાઈટની સંખ્યામાં ઘટાડો કરવા મજબૂર

ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૫માં અઠવાડિયે ૨૨,૯૧૨ ફ્લાઈટ્સ સામે એરલાઈન્સે નવેમ્બર ૨૦૨૬માં અઠવાડિક ૨૨,૩૦૬ ફ્લાઈટ્સનું શિડ્યુલ રાખ્યું છે, એટલે કે દર સપ્તાહે ૬૦૬ ફ્લાઈટ્સનો ઘટાડો થયો છે.

ફ્લાઈટ્સની સંખ્યામાં આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે ઈંધણના વધતા ખર્ચ અને રૂપિયાના અવમૂલ્યન (ઘસારા)ના કારણે હવાઈ ભાડા ઊંચા છે, જેનાથી મુસાફરો માટે હવાઈ મુસાફરી વધુ મોંઘી બની છે. ફ્લાઈટ્સની સંખ્યા યથાવત રાખવાને બદલે એરલાઈન્સ કંપનીઓ માંગ અનુસાર શિડ્યુલમાં ફેરફાર કરી રહી છે.

એર ઈન્ડિયાએ સૌથી મોટો ઘટાડો કર્યો છે. ગત વર્ષે ઓક્ટોબરમાં સાપ્તાહિક ૩,૬૪૪ ફ્લાઈટ્સ સામે આ નવેમ્બરમાં ૧૪.૯ ટકા (૫૪૩ ફ્લાઈટ્સ) ઘટાડીને ૩,૧૦૧ કરી છે. તેની પેટાકંપની એર



ઈન્ડિયા એક્સપ્રેસે ૩.૧ ટકા (૭૮ ફ્લાઈટ્સ) ઘટાડીને ૨,૪૨૦ કરી છે.

સ્પાઈસજેટે તેના સાપ્તાહિક શિડ્યુલમાં ૫.૨ ટકા (૩૭ ફ્લાઈટ્સ)નો ઘટાડો કરીને ૬૭૯ ફ્લાઈટ્સ કરી છે. દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ પણ સાપ્તાહિક ફ્લાઈટ્સમાં ૨.૭ ટકા (૩૭૫ ફ્લાઈટ્સ) ઘટાડો કરીને ૧૩,૬૯૭ કરી છે.

આ ઘટાડો બિહારના એરપોર્ટો પર પણ સ્પષ્ટપણે જોવા મળે છે, જ્યાં દિવાળી પછી છઠ પૂજા મોટો તહેવાર હોવાથી મોટી સંખ્યામાં લોકો પોતાના વતન જાય છે. ગત વર્ષે ઓક્ટોબરમાં પટના એરપોર્ટ પરથી દર અઠવાડિયે ૩૭૭ ફ્લાઈટ્સ ઊપડતી હતી, જે આ નવેમ્બરમાં ઘટીને ૩૦૨ થવાની ધારણા છે (૭૫ ફ્લાઈટ્સ એટલે કે લગભગ ૨૦ ટકાનો ઘટાડો). દરભંગામાં સાપ્તાહિક ફ્લાઈટ્સ ૬૭ થી ઘટીને ૫૫ થઈ છે (૧૨ ફ્લાઈટ્સ એટલે કે આશરે ૧૮ ટકાનો ઘટાડો). હૈદરાબાદ-પટના રૂટ પર પણ ૪૮ ફ્લાઈટ્સ ઘટી છે, જ્યાં ફ્લાઈટ્સ ૯૦ થી ઘટીને ૪૨ થઈ ગઈ છે.

ભારતીય એરલાઈન્સે ઓક્ટોબર ૨૦૨૬માં સાપ્તાહિક ૨૧,૨૦૭ ફ્લાઈટ્સ ચલાવી હતી, જેનો અર્થ એ થાય છે કે નવેમ્બર ૨૦૨૬માં તેઓ આશરે ૧,૧૦૦ જેટલી વધારાની સાપ્તાહિક સેવાઓ આપી રહી છે. જોકે, મહિના-દર-મહિનાનો આ વધારો વાર્ષિક ધોરણે જોવા મળેલા ઘટાડાને સરભર કરવા માટે પૂરતો નથી.

### વિશ્વ બજારમાં સોનાના ભાવ ફરી વધી ૩૯૦૦ ડોલર પાર

# સોના-ચાંદીમાં મંદીને બ્રેકઃ ઘટાડો ધીમો પડ્યોઃ ક્રૂડમાં ૪થી ૫ ટકાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો પરંતુ ઘટાડાનો વેગ ધીમા પડ્યો હતો. વિશ્વ બજારના સમાચાર સોના-ચાંદીના ભાવમાં નીચા મથાળેથી પ્રત્યાઘાતી સુધારો બતાવી રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતાં તેની અસર પણ ઝવેરી બજાર પર દેખાઈ હતી.

## અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પ માટે કપરા ચઢાણઃ ઈરાન યુદ્ધનું કોકડું ઉકેલાશે એવી આશાએ ક્રૂડમાં ઘટાડો

અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ વધુ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૧૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૨૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૦૦૦ વધી રૂ.૧૮૪૦૦૦ રહ્યા હતા.

મુંબઈ બુલિયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર રૂ.૨૦૦થી ૩૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૩૬૯૭૩ તથા ૯૯૯ના રૂ.૧૩૭૫૨૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૫થી ૩૦ ઘટી રૂ.૧૭૯૯૭૨ રહ્યા હતા. જીએસટી સાથેના ભાવ ૩ ટકા ઉંચ હતા.

વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૩૮૭૪થી ૩૮૭૫ વાળા વધી ૩૯૧૯ થઈ ૩૯૦૨થી ૩૯૦૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં નીચા મથાળે ફંડો આજે ફરી દાખલ થયા હતા.

દરમિયાન, સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૪૯.૧૦થી ૪૯.૧૧ વાળા આજ ઉંચામાં ભાવ ૫૦.૫૫ થઈ ૫૦.૧૪થી ૫૦.૧૫ ડોલર રહ્યા હતા. અમેરિકામાં મંગળવારે યોજાનારી મિડટર્મ ચૂંટણીઓ પર વિશ્વ બજારની નજર રહી હતી.

આ ચૂંટણીમાં પ્રમુખ ટ્રમ્પ સામે પડકારો વધી રહ્યાના સમાચાર હતા તથા તેના પગલે વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ પર અસર પડી હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આજે ઝડપી ૪થી ૫ ટકા તૂટ્યા હતા.

વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ બરલના ૪થી ૫ ટકા તૂટી નીચામાં ભાવ ૧૦૮.૧૧ થઈ ૧૦૮.૫૦ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ તૂટી ૯૯.૧૨ થઈ ૯૯.૪૪ ડોલર રહ્યા હતા.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં જો ટ્રમ્પનો દેખાવ નબળો રહેશે તો ઈરાન યુદ્ધમાં વિરામ માટે કતારમાં પ્રયત્નો શરૂ થયાના સમાચાર પણ મળ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૪૩૬ વાળા ૧૪૨૫ થઈ ૧૪૩૧થી ૧૪૩૨ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૩૫૯૭ વાળા રૂ.૫૫૪૫૩ રહ્યા હતા. વિશ્વ બજારમાં પેલેડીયમ ના ભાવ ૯૭૯ વાળા ૯૭૧ થઈ ૯૭૩થી ૯૭૪ ડોલર રહ્યા હતા.

# રૂપિયો ઉંચકાયોઃ વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેકસ ઘટયાના નિર્દેશો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટાડા પર રહ્યા હતા. શેરબજાર ઉછળતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઝડપી ઘટતાં કરન્સી બજારમાં રૂપિયો ઉંચકાયો હતો.

## ફ્રાંસનું રેટીંગ ઘટાડાતાં વિશ્વ બજારમાં યુરો ગબડી ૧૭ મહિનાના તળિયેઃ પાઉન્ડના ભાવમાં ઘટાડો

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૪.૯૦ |
| પાઉન્ડ | રૂા. ૧૨૭.૩૭ |
| યુરો | રૂા. ૧૦૬.૪૬ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૦૭ ડોલર |

ડોલરના ભાવ રૂ.૯૪.૯૬ વાળા આજે સવારે રૂ.૯૪.૮૮ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૪.૬૯ તથા ઉંચામાં ભાવ રૂ.૯૫.૦૫ થઈ રૂ.૯૪.૯૦ રહ્યા હતા. ડોલરના ભાવ છ પૈસા ઘટતાં રૂપિયો ૦.૦૬ ટકા પ્લસમાં રહ્યો હતો.

વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૧.૯૯ થયા પછી નીચામાં ૧૦૧.૪૩ થઈ ૧૦૧.૫૮ રહ્યાના સમાચાર મળ્યા હતા.

અમેરિકામાં આ સપ્તાહમાં જોબગ્રોથના આંકડા પણ બહાર પડવાના છે.

બ્રિટન, ઓસ્ટ્રેલિયામાં આ સપ્તાહમાં નક્કી થનારા વ્યાજ દર પણ બજારની નજર રહી હતી. યુપોપીયન કરન્સી યુરોના ભાવ ૧૭ મહિનાના તળિયા નજીક ટ્રેડ થઈ રહ્યા હતા.

ફીચ રેટીંગ એજન્સીએ ફ્રાંસનું રેટીંગ ઘટાડયાના સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૧૪ પૈસા ઘટી નીચામાં રૂ.૧૨૬.૭૯ થઈ રૂ.૧૨૭.૩૭ રહ્યા હતા.

યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે જોકે આજે ૧૩ પૈસા વધી ઉંચામાં ભાવ ૧૦૬.૬૮ થઈ રૂ.૧૦૬.૪૬ રહ્યા હતા.

જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૬૩ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૦૩ ટકા પ્લસમાં રહી હતી.

# સેબીએ વિદેશી રોકાણકારો માટે LTCG ટેક્સ દૂર કરવાની કરેલી ભલામણ

અમદાવાદ, તા. ૨

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ સરકારને વિદેશી રોકાણકારો પર લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) ટેક્સ દૂર કરવાની ભલામણ કરી છે. તેણે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે કર રાહતનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આમાં એક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાંથી બીજી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાં રોકાણ ટ્રાન્સફર કરવા પર LTCG ટેક્સમાંથી મુક્તિનો સમાવેશ થાય છે, જો રોકાણકારે એક વર્ષથી વધુ સમય માટે યુનિટ રાખ્યા હોય. રોઈટર્સે આ બાબતની સીધી જાણકારી ધરાવતા બે સ્ત્રોતોને

**સેબીના સૂચનો પર અંતિમ નિર્ણય સરકાર લેશે**

ટાંકીને આ માહિતી આપી હતી. બજેટના થોડા મહિના પહેલા આ ભલામણો કરવામાં આવી હતી. જોકે, સેબીના સૂચનો બંધનકર્તા નથી અને તેના પર અંતિમ નિર્ણય સરકાર પર રહે છે.

સેબીએ જણાવ્યું છે કે ભારતમાં શેરમાં રોકાણ સાથે સંકળાયેલ વ્યવહાર ખર્ચ વૈશ્વિક સ્તરે અન્ય બજારોની તુલનામાં સૌથી વધુ છે. હાલમાં, રોકાણકારોએ એક વર્ષથી વધુ સમય માટે રાખેલી સિક્યોરિટીઝ પર ૧૨.૫% લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) ટેક્સ અને એક વર્ષ કે તેથી ઓછા સમય માટે રાખેલી સિક્યોરિટીઝ પર ૨૦% ટૂંકા ગાળાના મૂડી લાભ (STCG) ટેક્સ ચૂકવવો જરૂરી છે. આ ઉપરાંત, શેરની ખરીદી અને વેચાણ પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) અને ટેક્સ ડિડક્શન એટ સોર્સ (TDS) પણ લાગુ પડે છે.

### ક્રૂડમાં કડાકો, એલટીસીજી નાબૂદ કરવા સેબીની તરફેણ, સારા રિઝલ્ટની અસર

# રિલાયન્સની આગેવાનીએ શેરોમાં તોખાર તેજી : સેન્સેક્સ ૧૨૩૩ પોઈન્ટ ઉછળીને ૭૫૬૯૩

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

સંવત ૨૦૮૨ વિદાય લઈ રહ્યું છે, ત્યારે એકથી વધુ પોઝિટીવ પરિબળો સર્જાવા લાગતાં ભારતીય શેર બજારોમાં ફરી તેજીનો ઝગમગાટ થતો દેખાઈ રહ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ગત સપ્તાહમાં જાહેર કરેલા બીજા ત્રિમાસિકના રિઝલ્ટ ઓઈલ ટુ કેમિકલ્સ બિઝનેસની ઝળહળતી કામગીરી થકી ફેન્ટાસ્ટિક ૩૪ ટકા નફા વૃદ્ધિના જાહેર કરતાં આજે રિલાયન્સની આગેવાનીએ ફંડોએ શેરોમાં લાવલાવ કરી મૂકતાં તોખાર તેજી જોવાઈ હતી. આ સાથે ફોરેન ઈન્વેસ્ટરો પર લાગુ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) દૂર કરવા મૂડી બજાર નિયામક તંત્ર સેબીએ પણ તરફેણ કરતાં અને ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ચારથી પાંચ ટકા તૂટી જતાં ફોરેન ફંડો શેરોમાં આક્રમક ખરીદદાર બનતાં તેજીની આતશબાજી જોવાઈ હતી. અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીઓમાં ટ્રમ્પની પીછેહઠના અહેવાલો અને ઈરાન સાથે યુદ્ધ અંત માટે કત્તારમાં વાટાઘાટના અહેવાલોએ ક્રુડ ઓઈલના ભાવ તૂટવાનું પોઝિટીવ પરિબળ પણ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં તેજીને વેગ આપનાર નીવડ્યું હતું. આ સાથે અમેરિકી ડોલર સામે રૂપિયો ૯ પૈસા જેટલો મજબૂત બનતાં શેરોમાં આકર્ષણ વધ્યું હતું. પાછલા કેટલાક દિવસોથી કરેકશન ઝોનમાં મોટાપાયે તૂટી ગયેલા સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ ફરી તેજીના મંડાણ થતા જોવાયા હતા. કેપિટલ ગુડઝ-પાવર, ઓઈલ-ગેસ, મેટલ-માઈનીંગ, ઓટો, કન્ઝયુમર ડયુરેબલ્સ, એફએમસીજી, બેંકિંગ શેરોમાં ફંડોની મોટી ખરીદી થઈ હતી. જ્યારે આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગ થયું હતું. સેન્સેક્સ ૧૨૩૩.૨૫ પોઈન્ટની છલાંગે ૭૫૬૯૨.૭૮ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ૩૮૭.૭૦ પોઈન્ટ ઉછળીને ૨૩૪૪૦.૮૦ બંધ રહ્યો હતો.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો ચોખ્ખો નફો ૩૪ ટકા વધતાં શેરમાં ધૂમ ખરીદી : રૂ.૧૩૫ ઉછળી રૂ.૧૨૯૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ત્રિમાસિક પરિણામ ઓઈલ ટુ કેમિકલ્સ બિઝનેસમાં મજબૂત વૃદ્ધિ થકી પ્રોત્સાહક રજૂ થતાં શેરમાં ફંડોએ આજે ધૂમ ખરીદી કરી હતી. શેર રૂ.૧૩૫.૪૫ વધીને રૂ.૧૨૯૯ બંધ રહ્યો હતો. ગેઈલ ઈન્ડિયા રૂ.૮.૬૦ વધીને રૂ.૧૭૬.૬૦, પેટ્રોનેટ એલએનજી રૂ.૧૧.૭૦ વધીને રૂ.૩૦૦.૩૫, ઓએનજીસી રૂ.૮.૫૦ વધીને રૂ.૨૩૪.૫૦, ઈન્ડિયન ઓઈલ કોર્પ રૂ.૪.૫૦ વધીને રૂ.૧૩૪.૫૦, બીપીસીએલ રૂ.૮.૩૫ વધીને રૂ.૨૯૨.૬૫, અદાણી ટોટલ ગેસ રૂ.૧૫.૦૫ વધીને રૂ.૫૪૯.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૧૧૯૦.૫૨ પોઈન્ટ ઉછળીને ૨૫૫૧૩.૧૮ બંધ રહ્યો હતો.

## કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૩૯૪ ઉછળ્યો : આઈનોક્સ વિન્ડ, ટીમકેન, જયોતી સીએનસી, કાર્બોરેન્ડમ વધ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં પણ ફંડોએ મોટી ખરીદી કરી હતી. આઈનોક્સ વિન્ડ રૂ.૩.૯૦ વધીને રૂ.૫૯.૭૦, ટીમકેન રૂ.૧૬૪.૬૦ વધીને રૂ.૨૯૩૧, સિમેન્સ એનર્જી ઈન્ડિયા રૂ.૧૫૧ વધીને રૂ.૨૯૩૧, કાર્બોરેન્ડમ યુનિવર્સલ રૂ.૪૮.૫૫ વધીને રૂ.૧૦૭૯.૯૦, જયોતી સીએનસી રૂ.૩૫.૯૫ વધીને રૂ.૯૪૧.૮૫, કોચીન શિપ રૂ.૪૩.૨૫ વધીને રૂ.૧૧૬૨.૨૫, સિમેન્સ રૂ.૧૦૯ વધીને રૂ.૩૩૯૪ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૩૯૪.૦૧ પોઈન્ટ ઉછળીને ૭૦૨૦૩.૯૬ બંધ રહ્યો હતો.

## મેટલ શેરોમાં આક્રમક તેજી : ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, જિન્દાલ સ્ટીલ, નાલ્કો, સેઈલ ઉછળ્યા

મેટલ-માઈનીંગ શેરોમાં ફંડોએ ફરી તેજીનું તોફાન મચાવ્યું હતું. ટાટા સ્ટીલ રૂ.૯.૪૫ વધીને રૂ.૧૭૭.૧૫, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૬૫ વધીને રૂ.૧૩૧૦, જિન્દાલ સ્ટીલ રૂ.૪૫.૬૦ વધીને રૂ.૧૧૦૧, નાલ્કો રૂ.૧૩ વધીને રૂ.૩૨૭.૬૦, સેઈલ રૂ.૫.૪૦ વધીને રૂ.૧૬૫.૧૦, હિન્દુસ્તાન ઝિંક રૂ.૯.૮૫ વધીને રૂ.૫૧૫.૩૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૧૧૮૩.૧૭ પોઈન્ટ ઉછળીને ૩૮૯૪૮.૭૧ બંધ રહ્યો હતો.

## કન્ઝયુમર શેરોમાં તોફાન : ડિક્સન રૂ.૧૩૦૦ ઉછળ્યો : અંબર એન્ટરપ્રાઈસ, ક્રોમ્પ્ટન, એશીયન પેઈન્ટ વધ્યા

દિવાળીના તહેવારમાં હોમ એપ્લાયન્સિસની ખરીદી નીકળ્યાના અને કન્ઝયુમર ડયુરેબલ્સ કંપનીઓના વેચાણમાં મજબૂત વૃદ્ધિની અપેક્ષાએ પણ ફંડોએ આજે પસંદગીના શેરોમાં મોટી ખરીદી કરી હતી. ડિક્સન ટેકનોલોજી રૂ.૧૩૦૦.૧૦ ઉછળીને રૂ.૧૨,૩૦૦.૧૦, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૩૬૩ વધીને રૂ.૬૨૩૩, ક્રોમ્પ્ટન રૂ.૩.૦૫ વધીને રૂ.૧૯૫, એશીયન પેઈન્ટ રૂ.૩૩ વધીને રૂ.૨૩૪૮ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૧૦૮૬.૦૬ પોઈન્ટ વધીને ૫૬૮૪૬.૬૯ બંધ રહ્યો હતો.

## ઓટો શેરોમાં પસંદગીની ખરીદી : હ્યુન્ડાઈ સારા પરિણામે વધ્યો : ઉનો મિન્ડા, અપોલો ટાયર વધ્યા

ઓટોમોબાઈલ શેરોમાં પણ ફંડોએ આજે પસંદગીની ખરીદી કરી હતી. હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા સારા ત્રિમાસિક પરિણામ જાહેર થતાં શેર રૂ.૭૪.૧૦ વધીને રૂ.૧૯૮૫, ઉનો મિન્ડા રૂ.૩૯.૬૦ વધીને રૂ.૧૧૭.૧૦, અપોલો ટાયર રૂ.૧૧.૮૫ વધીને રૂ.૩૯૧.૫૫, અશોક લેલેન્ડ રૂ.૪.૧૦ વધીને રૂ.૧૪૯.૧૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૬૩૪.૪૬ પોઈન્ટ વધીને ૫૬૫૯૯.૫૬ બંધ રહ્યો હતો.

## બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોની સિલેક્ટિવ તેજી : એયુ સ્મોલ બેંક, સ્ટેટ બેંક, આઈડીએફસી ફર્સ્ટ બેંક વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફંડોએ આજે સિલેક્ટિવ તેજી કરી હતી. એયુ સ્મોલ બેંક રૂ.૨૫.૧૦ વધીને રૂ.૮૮૯.૧૦, સ્ટેટ બેંક રૂ.૨૬ વધીને રૂ.૯૮૭, આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૧.૬૬ વધીને રૂ.૭૩.૫૭ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૩૨૯.૧૬ પોઈન્ટ વધીને ૬૧૭૪૪.૪૧ બંધ રહ્યો હતો.

## સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં ફરી વ્યાપક તેજી : માર્કેટબ્રેડ્થ પોઝિટીવ : ૨૮૧૭ શેરો પોઝિટીવ બંધ

સ્મોલ, મિડ કેપ શેરો સાથે એ ગ્રુપના શેરોમાં ફંડો, ઈન્વેસ્ટરોએ આજે વ્યાપક વેલ્યુબાઈંગ કરતા માર્કેટબ્રેડથ ફરી પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૯૯ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૮૧૭ અને ઘટનારની સંખ્યા ૧૬૬૪ રહી હતી.

## FPIs/FIIની કેશમાં રૂ.૩૧૧૫ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની શેરોમાં રૂ.૩૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે સોમવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૩૧૧૪.૬૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૬,૪૯૯.૪૬ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૩,૩૮૪.૭૮કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૩૯૨.૨૦ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી. કુલ રૂ.૧૪,૯૮૮.૪૮ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૫,૩૮૦.૬૮કરોડની વેચવાલી કરી હતી.

## શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૭.૯૨ લાખ કરોડ વધીને રૂ.૪૮૨.૨૯ લાખ કરોડ

શેરોમાં ઈન્ડેક્સ બેઝડ તોફાની તેજી સાથે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં વ્યાપક વેલ્યુબાઈંગે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૭.૯૨ લાખ કરોડ વધીને રૂ.૪૮૨.૨૯ લાખ કરોડ રહ્યું હતું.

## નિફ્ટી ૩૮૮ પોઈન્ટની છલાંગે ૨૩૪૪૧ : રોકાણકારોની સંપતિમાં રૂ.૭.૯૨ લાખ કરોડનો વધારો : FIIની રૂ.૩૧૧૫ કરોડની ખરીદી

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

હતું ત્યારે ગઠબંધનના નેતા કોણ હશે એ બાબતે ઘણો વિવાદ થયો હતો. પહેલી નવેમ્બરની રામલીલા રેલી પછી હવે લગભગ એ નક્કી થઈ ગયું છે કે, ઈન્ડિયા ગઠબંધનના દરેક પક્ષોએ રાહુલ ગાંધીને પોતાના નેતા તરીકે હમણા તો સ્વિકારી લીધા છે. રેલીમાં ખુલ્લી બસમાં બેસીને જ્યારે અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી સાથે નિકળ્યા હતા ત્યારે બંનેની બોડી લેંગ્વેજ એમ કહેતી હતી કે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે બંને ખભા મેળવીને કામ કરશે. રેલી પછી આરજેડીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવ સોનિયા ગાંધીને મળ્યા હતા. લાલુ પ્રસાદ અને તેજસ્વીએ પણ રાહુલ ગાંધીને સંપૂર્ણ ટેકો આપવાનું વચન આપ્યું છે.

### દિલ્હીમાં અમિત શાહને એનસીપીના છ મોટા નેતા મળ્યા

મહારાષ્ટ્રના રાજકારણમાં એનસીપી (અજીત પવાર)ને લઈને રાજકારણ તેજ થઈ ગયું છે. એનસીપી (અજીત પવારના) છ સિનિયર નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. ધનંજય મુંડે, સુનીલ તટકરે, પ્રફુલ પટેલ, હસન મુશરીફ, છગન ભુજબળ અને દિલીપ વળશે પાટીલ કેન્દ્રીય ગૃહમંત્રીને મળ્યા હતા. એમ કહેવાય છે કે આ મીટિંગ દરમિયાન મહારાષ્ટ્ર સરકારનું નાણામંત્રાલય ફરીથી એનસીપીને (અજીત પવાર)ને આપવાની માંગણી કરવામાં આવી હતી. મુલાકાતમાં જોકે સુનેત્રા પવાર અને પાર્થ પવાર ગેરહાજર રહ્યા હતા. હવે બધાની નજર મુંબઈ તરફ છે. મુંબઈમાં અજીત પવારના નિવાસસ્થાને એનસીપીની કોર કમીટી મળવાની છે. હમણા જ મહારાષ્ટ્રમાં એમએલસીની પાંચ બેઠકોનું પરિણામ આવી ગયું છે. આ ચૂંટણીમાં સત્તાપક્ષ મહાયુતિ અને વિરોધ પક્ષ મહાવિકાસ અઘાડી વચ્ચે કાંટાની ટક્કર હતી.

### દાન ચોરી કેસમાં સુપ્રિમ કોર્ટે તમામ અરજીનો નિકાલ કર્યો

અયોધ્યા રામ મંદિર દાન ચોરી મામલે સુપ્રિમ કોર્ટે તમામ અરજીઓનો નિકાલ કર્યો છે. ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રિમ કોર્ટને જણાવ્યું હતું કે અયોધ્યા રામ મંદિરમાં મળેલા દાનની રકમમાં થયેલી ગેરરીતિ બાબતે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. કોર્ટે અરજી કરનારાઓને કેસ દરમિયાન સ્થાનિક મેજિસ્ટ્રેટને મદદ કરવા મંજૂરી આપી છે. સીજેઆઈ સૂર્યકાંતની બેંચે સાફ કહ્યું છે કે, આ કેસમાં આરોપોની ખરાઈ કે ગુણદોષ પર એણે કોઈ અભિપ્રાય આપ્યો નથી. ઉત્તર પ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, મંદીરમાં મળેલા દાનની ગણતરી વખતે ચોરી થઈ હતી. એમણે કહ્યું હતું કે દાનની રકમ ગણવામાં આવે ત્યારે કેટલાક અધિકારીઓ અમુક રકમ લઈ લેતા હતા અને પોતાના બેંક ખાતામાં જમા કરાવતા હતા. કિસ્સામાં જાહેરહીત જોતા કોર્ટે અરજી કરનારાઓને મેજીસ્ટ્રેટની કાર્યવાહીમાં મદદ કરવાની પરવાનગી આપી છે.

### 'ભાડુ પોસાતુ નહીં હોય તો હવાઈ યાત્રા નહીં કરો'

હવાઈ યાત્રાના ભાવ દિન પ્રતિદિન વધી રહ્યા છે. ભાવ વધારાથી ત્રસ્ત વ્યક્તિએ સુપ્રિમ કોર્ટમાં જાહેરહીતની અરજી કરી હતી. સુપ્રિમ કોર્ટે અરજી કરનારને કડક ભાષામાં સંભળાવી દીધું હતું. કોર્ટે કહ્યું હતું કે તેઓ વિમાન યાત્રા નહીં કરે. વકીલે સુપ્રિમ કોર્ટમાં જાહેરહીતની અરજી દાખલ કરીને કહ્યું હતું કે વિમાનનું ભાડુ ૭૦૦ ટકા વધી ગયું છે. આ એક જરૂરી સેવા છે અને આટલો મોટો ભાડા વધારો બંધારણની કલમ ૧૪નો ભંગ કરે છે. ત્યાર પછી સુપ્રિમ કોર્ટના જજ જે વિક્રમનાથએ ટીપ્પણી કરી હતી કે તો પછી હવાઈ યાત્રા નહીં કરો. ચાલો આગળ વધો. હવે પછીનો કેસ લાવો. કેન્દ્ર સરકારે ભારતીય વાયુ યાન નિયમ ૨૦૨૬ જાહેર કરતા કહ્યું હતું કે ભાડુ નક્કી કરવાની છૂટ કંપનીઓને આપવામાં આવે છે. આ નવો નિયમ ૨૦૨૭ની ૧લી જાન્યુઆરીથી લાગુ થશે. આ નિયમ પ્રમાણે હવે ભાડુ વધારવા માટે એર લાયન્સ કંપનીઓએ સરકારની પરવાનગી લેવી નહીં પડે.

### કોલકત્તા મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા ટીએમસીની હાલત ખરાબ

કોલકત્તા નગર નિગમ (કેએમસી)ની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં થવાની છે. જોકે ચૂંટણી પહેલા જ તૃણમુલ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. પક્ષના કેટલાક સિનિયર કોર્પોરેટરોએ ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો છે. કોલકત્તાના ભૂતપૂર્વ મેયર ફિરહાદ હકીમ અને શોભન ચેટર્જી પણ ચૂંટણીની રેસમાંથી હટી ગયા છે. આ ઉપરાંત મેયર ઈન કાઉન્સિલના ઘણા ભૂતપૂર્વ સભ્યો અને ચેરમેનો પણ ચૂંટણી લડવા માંગતા નથી. સિનિયર નેતાઓ ચૂંટણીથી દુર થઈ જવાને કારણે તૃણમુલ કોંગ્રેસના બંને જૂથો માટે ૨૦૯ વોર્ડોના ઉમેદવાર શોધવાનું મુશ્કેલ થઈ ગયું છે. એક જૂથનું નેતૃત્વ ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી કરી રહ્યા છે જ્યારે બીજા જૂથની કમાન વિધાનસભા વિરોધપક્ષના નેતા ઋતભ્રત બેનર્જી કરી રહ્યા છે. નવા સિમાંકન પછી શહેરમાં વોર્ડોની સંખ્યા ૧૪૪થી વધીને ૨૦૯ થઈ ગઈ છે. ચાર વખત તૃણમુલ કોંગ્રેસના કોર્પોરેટર રહેલા ફીરહાદ હકીમે જાહેરાત કરી છે કે, એમને ચૂંટણી લડવામાં કોઈ રસ નથી. તેઓ ઋતભ્રત બેનર્જીની આગેવાની વાળા જૂથના પ્રમુખ નેતા ગણાય છે.

### બીએમસીએ દિયા મીર્ઝાનો વીડિયો હટાવતા વિવાદ થયો

જમણેરી વિચારકોનો હંમેશનો વાધો છે કે, પ્રદુષણ હોય કે પક્ષી, હિન્દુઓના તહેવાર વખતે જ કેટલાકને ચિંતા થઈ આવે છે. હવે જ્યારે દિવાળી નજીક છે ત્યારે મુંબઈમાં પ્રદુષણ મુક્ત દિવાળી કરવાની અપીલ કરતો એક વીડિયો વાયરલ થયો હતો. નવાઈને વાત એ છે કે જ્યારે ભાજપના ટેકેદારો જ આવા વીડિયોનો વિરોધ કરે છે ત્યારે બીએમસીએ અભિનેત્રી દિયા મીર્ઝા પાસે એક વીડિયો બનાવડાવ્યો હતો, કે જેમાં દિયા મીર્ઝા લોકોને ફટાકડાથી દુર રહીને દિવાળી મનાવવાની અપીલ કરે છે. આ વીડિયો જોયા પછી ભાજપના ટેકેદારો ઉશ્કેરાયા હતા. સોશ્યલ મીડિયા પર ભારે ટીકા થયા પછી બીએમસીએ આ વીડિયો પોતાના સોશ્યલ મીડિયા પરથી હટાવી દીધો હતો. આ વીડિયો હટાવ્યા પછી વિરોધ પક્ષે હવે બીએમસીને કઠેરામાં ઉભી કરી છે. વિરોધ પક્ષો પૂછી રહ્યા છે કે બીએમસીએ આ વીડિયો શા માટે હટાવ્યો?

### લદ્દાખના દારૂ વેચનારાઓ વાંગચુકથી ભારે નારાજ

'ઓલ લદ્દાખ હોટલ્સ એન્ડ બાર્સ એસોસીએશન્સ'ના સભ્યોએ એક્ટીવીસ્ટ સોનમ વાંગચુકને લપેટમાં લીધા છે. લદ્દાખમાં દારૂના વેચાણ બાબતે વાંગચૂકની નિતિને વેપારીઓએ દંભી અને બેવડા માપદંડવાળી ગણાવી છે. વાંગચૂક થોડા દિવસો પહેલા કેટલીક મહિલાઓ સાથે બેઠા હતા જેમણે લદ્દાખને શરાબ મુક્ત (ડ્રાય સ્ટેટ) બનાવવાની માંગણી કરી હતી. એ જ વખતે એમણે સ્થાનિક દારૂ બનાવનારાઓનો ટેક્સ માફ કરવાની માંગણીને પણ ટેકો આપ્યો હતો. સોનમ વાંગચૂકના આ વિરોધાભાસી વલણને કારણે લદ્દાખના લીકર ટ્રેડર્સ નારાજ થયા હતા. લેહના એનડીએસ મેમોરિયલ પાર્કમાં ધાર્મિક સંગઠનો સાથે જોડાયેલી કેટલીક મહિલાઓ દારૂ વિરુદ્ધ દેખાવ કરી રહી હતી ત્યારે વાંગચૂક પણ વિરોધમાં બેસી ગયા હતા. લદ્દાખના કેટલાક લોકો હવે એવી ટીપ્પણી કરે છે કે કોઈપણ સ્થળે વિરોધ થતો દેખાય ત્યારે વાંગચૂક વિચાર કર્યા વગર વિરોધ કરનારાઓ સાથે જોડાય જાય છે.

## મુરાસુ વાવાઝોડું

(પહેલા પાનાનું ચાલુ)

હતી. તેલંગણાના મુખ્યમંત્રી રેવન્થ રેડીએ પણ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી અને વાવાઝોડાંની સ્થિતિ અને રાહત-બચાવ કામગીરીની તૈયારીનો રિપોર્ટ મેળવ્યો હતો. બંને રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ આ સંકટમાં સહયોગ આપવા માટે એકબીજાના સંપર્કમાં હોવાનું તેલંગણાના એક સત્તાવાર નિવેદનમાં કહેવાયું હતું.

આંધ્ર-તેલંગણાના કાંઠાં વિસ્તારોમાં શાળા-કોલેજો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોને એલર્ટ આપવાની સાથે સાથે માછીમારોને રેડ સિગ્નલ આપીને દરિયામાં ન ઉતરવાની સલાહ આપવામાં આવી છે. કાચા મકાનમાં રહેતા લોકોને સલામત સ્થળે આશ્રય લેવાની ભલામણ હવામાન વિભાગે કરી છે. આંધ્ર-ઓડિશા અને તેલંગણામાં આ વાવાઝોડાંના કારણે હજારો એકર ઉભા પાકને નુકસાન થયું છે.

ઉપરા-ઉપરી બે વાવાઝોડાં ત્રાટકતાં તૈયાર થઈ ગયેલી ફસલ ઉતારવાનો ખેડૂતોને મોકો મળ્યો ન હતો. તેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન થયું છે.

**ટ્રમ્પની નીતિઓના કારણે છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની હાલત કફોડી થઈ, તેમા પણ ઈરાન યુદ્ધે પડતા પર પાટું માર્યા જેવી સ્થિતિ**

**ખેડૂતોએ ૧૦૦ ગેલનની ટેન્ક ભરવી હોય તો ગયા વર્ષ કરતાં ૨૫૦ ડોલર વધુ ખર્ચવા પડે છે, ડીઝલના ભાવ હજી પણ ઊંચા**

## ટ્રમ્પે ચૂંટણીઓમાં

(પહેલા પાનાનું ચાલુ)

ડોલરથી વધુની રકમ ખેડૂતોને ડીઝલના આકાશને આંબતા ભાવની સામે રાહત આપવા માટે વન ટાઈમ પેમેન્ટ તરીકે ચૂકવાશે. યુએસએફડીએએ જણાવ્યું હતું કે તે આ મહિને અડધાથી પણ વધુ પેમેન્ટ જારી કરશે. હવે તે સ્પષ્ટ નથી કે આ પેમેન્ટ ક્યારે ખેડૂતો પાસે જશે, જે ટ્રકો, ટ્રેક્ટરો વગેરે માટે ડીઝલ પર આધારિત હોય છે.

આ ઉપરાંત પશુપાલકો અને માછીમારો માટે કમસેકમ પાંચ અબજ ડોલરની જાહેરાત કરવામાઁ આવી છે. આ ઉપરાંત વધારાના ૧.૮ અબજ ડોલરની ચૂકવણી ખેડૂતો અને જમીન માલિકોને કરાશે. આ ચૂકવણી તે જમીન માલિકો અને ખેડૂતોને કરશે. ૫૭.૩ કરોડ ડોલર ફર્ટિલાઈઝર મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સને કરાશે અને ૫.૭ કરોડ ડોલર મીટ પ્રોસેસર્સને કરવામાં આવશે. ખાસ પાક ઉગાડનારાઓને ૮.૬૬ કરોડ ડોલરની વધારાની ગ્રાન્ટ નવા જ પ્રકારના પ્રોજેક્ટ માટે મળશે.

હવે ટ્રમ્પનું આ પગલું ગ્રામીણ વિસ્તારોના ખેડૂતોને લોભાવી શકશે કે કેમ તે વિચારવા લાયક બાબત છે. ખાસ કરીને ટ્રમ્પે રવિવારે આયોવા અને કેન્સાસ જેવા વિસ્તારો પર ધ્યાન આપ્યું ત્યારે આ વાત વધુ સારી રીતે સમજાઈ હતી. ટ્રમ્પ તંત્રના કૃષિ વિભાગે ૧૫ અબજ ડોલરથી પણ વધુ રકમ આપવાની જાહેરાત કર્યા પછી એજન્સી ૨૦૨૫ના ક્રોપ યર માટે માપદંડમાં ફિટ બેસતા ખેડૂતો માટે ૧૩.૮ અબજ ડોલરનો સેફ્ટી નેટ પ્રોગ્રામ પેમેન્ટસ લાવવાનું આયોજન ધરાવે છે, જેથી ખેડૂતોને મકાઈ, સોયાબીન, ઘઉં અને ચોખા જેવા મહત્ત્વના પાક લેતી વખતે પડતી ઘટને પહોંચી વળી શકાય.

ગુરુવારે એજન્સીએ જણાવ્યું હતું કે તે ખેડૂત ઉત્પાદકોને સમર્થન આપવા કૃષિ કોમોડિટીઝ પાછળ ૪૭.૨૫ કરોડ ડોલરની ખરીદી કરશે. યુએસડીએએ પણ ઓફ રોડ યુઝ માટે ડીઝલનું વેચાણ વધાર્યું છે. ખેડૂતો માટે ચાલુ વર્ષ અત્યંત નિરાશાજનક રહ્યુ છે. ખાતર અને ઇંધણનો ખર્ચ વધી જતાં તેમના માટે નફો કરવો મુશ્કેલ રહ્યો છે.

ગયા વર્ષે ટેરિફના લીધે ખેડૂતો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સાધનોના ખર્ચા વધ્યા હતા અને ચીન સાથેની ટ્રેડ વોરના લીધે અમેરિકન કૃષિ ઉત્પાદનોનો લગભગ બહિષ્કાર જ થયો હતો. શુક્રવારે અમેરિકામાં ડીઝલનો ભાવ પ્રતિ ગેલન ૬.૩૨ ડોલર હતો. આજે ૧૦૦ ગેલનની ટેન્ક ભરતા ખર્ચો ગયા વર્ષ કરતાં ૨૬૦ ડોલર વધારે આવે છે. ગ્રામીણ મતદારોના મત ટ્રમ્પ માટે ઘણા મહત્ત્વના છે.

## ભારતીય રોકાણકારોની

(પહેલા પાનાનું ચાલુ)

ડોલર સામે રૂપિયો ૯ પૈસા જેટલો મજબૂત બનતાં શેરોમાં આકર્ષણ વધ્યું હતું.

આ અહેવાલો પાછળ આજે સેન્સેક્સ ૧૨૩૩.૨૫ પોઈન્ટની છલાંગે ૭૫૬૯૨.૭૮ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ૩૮૭.૭૦ પોઈન્ટ ઉછળીને ૨૩૪૪૦.૮૦ બંધ રહ્યો હતો. સેન્સેક્સમાં ઉછાળા પાછળ આજે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈ માર્કેટ કેપ. રૂ.૭.૯૨ લાખ કરોડ વધીને રૂ.૪૮૨.૨૯ લાખ કરોડ રહ્યું હતું.

**પોલીસ હેડક્વાર્ટર બહાર મોટી સંખ્યામાં પોલીસકર્મી એકઠા થયા અને સુત્રોચ્ચાર કર્યો**

## દિલ્હીમાં પોલીસ

(પહેલા પાનાનું ચાલુ)

**પોલીસ સ્ટેશનના એસએચઓ ઈન્સ્પેક્ટર અરુણ કુમાર અને એસીપી મનસ્વી વસીષ્ઠની ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.**

**આ નિર્ણયથી નારાજ આ બન્ને પોલીસ અધિકારીઓ પોતાના સમર્થક પોલીસકર્મીઓ સાથે દિલ્હી પોલીસ હેડક્વાર્ટર બહાર ધરણા પ્રદર્શન માટે પહોંચ્યા હતા.**

**તાજેતરમાં દિલ્હીમાં જેન-ઝીના વિરોધ પ્રદર્શનોને બળજબરીથી રોકવાનો પ્રયાસ કરનારી દિલ્હી પોલીસ પોતે પ્રદર્શન કરતી જોવા મળી હતી. સ્થિતિને શાંત પાડવા માટે બાદમાં ડીસીપી (નવી દિલ્હી) સચીન શર્માને વિરોધ પ્રદર્શન કરનારા પોલીસકર્મીઓને મનાવવા માટે મોકલવામાં આવ્યા હતા.**

**સચીન શર્માએ પ્રદર્શનકારી પોલીસકર્મીઓ, અધિકારીઓને હેડ ક્વાર્ટરની અંદર આવીને વાતચીત કરવા વિનંતી કરી હતી, જોકે તેઓ પોલીસ હેડક્વાર્ટરની અંદર જવા માટે તૈયાર નહોતા.**

**થોડા સમય બાદ મહિલા પોલીસકર્મીઓ પણ વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા લાગી હતી અને ધીરે ધીરે સંખ્યા વધવા લાગી હતી. તાજેતરમાં પ્રથમ વખત પોલીસકર્મીઓ વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા.**

## અમેરિકામાં આજે

(પહેલા પાનાનું ચાલુ)

૨૧૪ બેઠકો હતી. ડેમોક્રેટિક પાર્ટી આ ચૂંટણીમાં નીચલા ગૃહમાં બહુમતી મેળવી લે તેવી શક્યતા છે. બીજી તરફ સેનેટમાં ૧૦૦માંથી ૫૩ બેઠકો રિપબ્લિકન પાર્ટી પાસે હતી ને વિપક્ષ પાસે ૪૭ બેઠકો હતી. હવે આ સમીકરણો પણ બદલાય તેવી શક્યતા છે. દુનિયાના અનેક દેશો સાથે ટેરિફ વોર તથા ઈરાન સામેના યુદ્ધના કારણે અમેરિકામાં મોંઘવારી આસમાને પહોંચી છે, જેથી ટ્રમ્પની લોકપ્રિયતા હાલ તળીયે છે અને ટ્રમ્પ એટલે કે રિપબ્લિકન પાર્ટી ચૂંટણી હારી જાય તેવી આશંકા છે.

ચૂંટણી પરિણામો ડેમોક્રેટિક પાર્ટીની તરફેણમાં આવશે તો ટ્રમ્પના આગામી બે વર્ષ સંઘર્ષમાં વીતશે. જોકે, ટ્રમ્પે તે માટે વીટો પાવર વાપરવાની તૈયારી કરી લીધી છે. એટલું જ નહીં, જે નિર્ણયો કાયમી ધોરણે ન લઈ શકાય તેના માટે અમેરિકન પ્રમુખને કામચલાઉ નિર્ણયો લેવાની છૂટ મળે છે. ટ્રમ્પ આવા કાર્યકારી આદેશો આપીને પોતાનું ધાર્યું કરાવવાની કોશિશ કરશે. ડેમોક્રેટિક પાર્ટી હાઉસમાં ટ્રમ્પના ટેરિફના નિર્ણયોને પડકાર આપીને વોટિંગ કરાવી શકે છે, પરંતુ ટ્રમ્પના વીટો પાવર સામે લડવાનું મુશ્કેલ બનશે.

વીટો સદંતર નાકામ કરવા માટે બે-તૃત્યાંશ બહુમતી જોઈએ. આ સ્થિતિ વચ્ચે આગામી બે વર્ષ અમેરિકામાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ભારે સંઘર્ષ રહેશે.

## જાહેર નોટિસ

**મોજે-રાંચરડા**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-રાંચરડા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૪૯૦ (જુના બ્લોક નં. ૧૩૩) વિગેરેની બિનખેતીની જમીન ઉપર 'સાકેત ૪' નામની જુદા જુદા પ્લોટોની યોજના આવેલ છે, તેમાં આવેલ પ્લોટ નં. ૧૦૧ ની ચો.મી. ૫૩૫.૯૪ ના સુપર બિલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મીલકત દુલીચંદ કેદારનાથ એચ.યુ.એફ.ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના કર્તા અને મેનેજર તરીકે સુનિલ દુલીચંદ અગ્રવાલએ અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-રાંચરડા**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-રાંચરડા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૭૧૦ (જુના બ્લોક નં. ૨૩૦) ની જમીનને સીટી સર્વે વોર્ડ : રાંચરડા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA૭૧૦ ની ચો.મી. ૫૪૬૯ ની બિનખેતીની જમીન (૧) ચંદ્રેશ જયંતિલાલ પટેલ, (૨) ભાવનાબેન ચંદ્રેશભાઈ પટેલ તથા (૩) પીનાંક ચંદ્રેશભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ મહેસાણા તાલુકા- જોટાણાના મોજે ચાલાસણ ગામની સીમ ના રેવન્યુ ખાતા નંબર ૩૫૪ બ્લોક/સર્વે નંબર -૬૧૩ (જુનો સર્વે નં.- ૭૫/૪ પૈકી ૧) ક્ષેત્રફળ હે.આરે. ૦-૪૪-૪૭ ચો.મી. વાળી જૂની શરતની ખેતીની જમીન પ્રજાપતિ કનુભાઈ બબાભાઈની સંયુક્ત માલિકી સહકબજા ભોગવટા ની તમામ પ્રકાર નાં બોજાઓથી મુક્ત હોવાનું જણાવી વેચાણ લાયક પરવાનગી મેળવી અમારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરી ટાઈટલ કલીયરન્સ અભિપ્રાય ની માંગણી કરેલ છે જેથી ઉપરોક્ત જમીન અંગે ટાઈટલ અભિપ્રાય આપવા સામે કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા, મંડળી વિગેરેનો કોઈપણ પ્રકાર નો લાગભાગ, હક્ક, હિસ્સો, કબ્જા હક્ક, ગણોત હક્ક કે બોજો પોષાતો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન -૭ (સાત) માં સમર્થિત પુરાવા સહીત નીચેના સરનામે સ્પીડ પોસ્ટ થી જાણ કરવી અન્યથા સદરહુ જમીન ઉપર આવા હક્ક હિત હિસ્સા બોજા કે લાગભાગ સ્વેચ્છાએ જતા કરેલા છે તેમ સમજી સદરહુ જમીન નું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને વેચાણ ની કાર્યવાહી પૂર્ણ કરાવી લેવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકાર ની તકરાર ચાલશે નહિ

તારીખઃ ૦૨/૧૧/૨૦૨૬

**નિલમ એચ. પટેલ**
**(એડવોકેટ & નોટરી)**
૧૦૪, કવીશા એટ્રીઆ, શેલા, અમદાવાદ- ૩૮૦૦૫૮
મો.૭૯૯૦૬૮૪૨૭૧

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ આણંદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા તારાપુર ના ખાખસર ગામ ની સીમના ખાતા નં ૬૭૬ ના બ્લોક/સર્વે નં ૮૧૯ નું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૭૩-૮૫ પૈકી ૦-૨૪-૬૧ ક્ષેત્રફળની ખેતી ની જમીન (૧) મનુભાઇ ધુળાભાઇ ગોહેલ (૨) કંચનબેન મનુભાઇ ગોહેલના પત્ની (૩) રણજીતભાઇ મનુભાઇ ગોહેલ (૪) દશરથભાઇ મનુભાઇ ગોહેલ (૫) પિયુષભાઇ મનુભાઇ ગોહેલ ની માલીકી, કબજા-ભોગવટાની કોઇ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઇ પણ બેંક, શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઇ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખઃ ૩-૧૧-૨૦૨૬

**મંથન અજીતકુમાર રાવલ**
**(એડવોકેટ અને નોટરી)**
ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

## જાહેર નોટિસ

**મોજે - જાલીસણા**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ માંડલ તાલુકાના મોજે-જાલીસણા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૪૯૨ (જુના બ્લોક નં. ૫૫૫)ની ચો.મી. ૧૬૫૭૫ પૈકી ચો.મી. ૯૪૪૧ ની બિનખેતીની જમીન ચંદ્રકાન્ત નાથાલાલ મણીયારની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - સઈજ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે - સઈજ ગામની સીમના (એ) સર્વે નં. ૨૬/૧ ની હે.આરે.ચો.મી. ૦-૨૦-૨૩, (બી) સર્વે નં. ૨૬/૨ ની હે.આરે.ચો.મી. ૦-૩૫-૪૧ તથા (સી) સર્વે નં. ૨૫/૧બ ની હે.આરે.ચો.મી. ૦-૧૨-૧૪ ની ખેતીની જમીન પ્રેમલ ચિરાગ પ્રવિણકુમારની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તારીખ : ૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - ડભોડા**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર-૩ તાલુકાના મોજે-ડભોડા ગામની સીમના રી-સર્વે મુજબના નવા (એ) સર્વે નં.૩૪૩૧ (જુના સર્વે નં. ૧૧૦૨/૧) ની ચો.મી.૧૧૪૫ તથા (બી) સર્વે નં.૩૪૩૦ (જુના સર્વે નં. ૧૧૦૪) ની ચો.મી.૪૮૫૬ ની જમીન (૧) સુરેશભાઈ બચુભાઈ પટેલ (૭૫% હિસ્સો) તથા (૨) પુનિતકુમાર રમેશભાઈ પટેલ (૨૫% હિસ્સો) ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-રાંચરડા**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-રાંચરડા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૪૯૧ તથા ૪૯૦ (જુના બ્લોક નં. ૧૩૨ તથા ૧૩૩) વિગેરેની બિનખેતીની જમીન ઉપર ''સાકેત ૪'' નામની જુદા જુદા પ્લોટોની યોજના આવેલ છે, તેમાં આવેલ (એ) પ્લોટ નં. ૯૯ ની ચો.મી. ૫૬૨.૭૦ તથા (બી) પ્લોટ નં. ૧૦૦ ની ચો.મી. ૫૩૫.૯૫ ના સુપર બિલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મીલકત પાર્વતી ગુપ્તા પ્રાઈવેટ ટ્રસ્ટની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ટ્રસ્ટીએ અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-જોધપુર**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૪ (પાલડી) વેજલપુર તાલુકાના મોજે-જોધપુર (જુના પ્રમાણે વેજલપુર) ગામની સીમના સર્વે નં. ૨૬૦ (જુના વેજલપુર પ્રમાણે સર્વે નં.૩૫૫) ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૫ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૮૬ ની બિનખેતીની જમીન ઉપર ' સચેત એલ્યોર' નામથી યોજના આવેલ છે, તેમાં ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં. ૧૦૪ ની ચો.મી. ૧૩૩.૭૮ ના સુપર બિલ્ટઅપ એરીયાના બાંધકામવાળી મીલકત તથા સદર યોજનાની જમીનમાં વગર વહેંચાયેલ ચો.મી. ૩૬.૫૦ ના હક્કસહિતની મીલકત મીત યતીનકુમાર શાહની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - અસલાલી**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ (અસલાલી) દશક્રોઈ તાલુકાના મોજે- અસલાલી ગામની સીમના રી-સર્વે મુજબના નવા બ્લોક નં. ૧૩૦૧ ની ચો.મી.૧૫૦૯૨ ની જમીન (જુના બ્લોક નં.૧૧૨૯ ની ચો.મી.૧૫૦૭૫) પૈકી ચો.મી.૧૪૦૫૯ ની જમીન કે જેને ટી.પી.સ્કીમ નં.૪૩૧ (અસલાલી - નાઝ) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૩૦ ની ચો.મી. ૮૪૩૫ ની બીનખેતીની જમીન (૧) હિરેનકુમાર ભીખાભાઈ શાહ (૧૦% હિસ્સો), (૨) જયેશકુમાર હસમુખલાલ શાહ (૩૦% હિસ્સો), (૩) વિપુલભાઈ ભુપતભાઈ પટેલ (૩૦% હિસ્સો) તથા (૪) હિતેશ શરદભાઈ શાહ (૩૦% હિસ્સો)ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - બોડકદેવ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) ઘાટલોડીયા તાલુકાના મોજે- બોડકદેવ ગામની સીમના મુળ સર્વે નં. ૧૯૩/૧ ની કુલ ચો.મી. ૧૦૬૨૩ ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૫૦ (બોડકદેવ) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૨૯ ની ચો.મી. ૬૩૮૫ની જમીનને બિનખેતીમાં તબદીલ કરવામાં આવતા ફાઈનલ પ્લોટના ક્ષેત્રફળની જમીનનું સીટી સર્વેનું પાનીયું સીટી સર્વે નં. NA193/1/p1/p2 (સીટી સર્વે વોર્ડ : બોડકદેવ (બિનખેતી) ની ચો.મી. ૧૧ તથા સીટી સર્વે નં. NA193/1/p2 (સીટી સર્વે વોર્ડ : બોડકદેવ (બિનખેતી) ની ચો.મી. ૬૩૭૪ બનેલ છે, જ્યારે કપાત જમીનનું પાનીયુ રેવન્યુ સર્વે નં. ૧૯૩/૧/પૈકી ૧/પૈકી ૧ ની ચો.મી. ૪૨૩૮ બનેલ છે. તેવી સમગ્ર જમીન ઈલાબેન ધરમશીભાઈ સોજીત્રા પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-સાંતેજ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-સાંતેજ ગામની સીમના બ્લોક નં. ૪૭૫ ની જમીનને સીટી સર્વે વોર્ડ : સાંતેજ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA475 વિગેરેની બિનખેતીની જમીન ઉપર એમરેલ્ડ ગ્રીન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ (એમરેલ્ડ ગ્રીન) નામની યોજના આવેલ છે, તેમાં આવેલ (એ) ખાનગી સબ-પ્લોટ નં. ૨૩-આઈ ની ચો.મી. ૪૭૬ ની પ્લોટ એરીયા તથા સદર યોજનામાં આવેલ રોડ, રસ્તા, કોમન પ્લોટની વગર વહેંચાયેલ ચો.મી. ૧૯૩ ની જમીન એમ મળી કુલ ચો.મી. ૬૬૯ તથા (બી) ખાનગી સબ-પ્લોટ નં. ૨૩- એચ ની ચો.મી. ૪૭૬ ની પ્લોટ એરીયા તથા સદર યોજનામાં આવેલ રોડ, રસ્તા, કોમન પ્લોટની વગર વહેંચાયેલ આશરે ચો.મી. ૧૯૩ ની જમીન એમ મળી કુલ ચો.મી. ૬૬૯ ની ખુલ્લા પ્લોટ વાળી મીલકત આશિત અરવિંદભાઈ કોઠારીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૩-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## કિમી એન્ટોનેલીએ ૧૬ વર્ષ જૂનો સેબેસ્ટિયન વેટલનો રેકોર્ડ તોડ્યો : ૭૩ વર્ષ બાદ ઈટાલીને વર્લ્ડ ચેમ્પિયન મળ્યો

# ઈટાલીનો ૨૦ વર્ષનો એન્ટોનેલી F1ના ઈતિહાસનો સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બન્યો

મેકસિકો સીટી, તા ૨

કાર રેસિંગની દુનિયામાં ઝડપ, હિંમત, ટેકનોલોજી અને પ્રતિભાનો અનોખો સંગમ જોવા મળે છે. અહીં એક ક્ષણની ભૂલ પણ આખી રેસનું પરિણામ બદલી શકે છે. આવી જ સ્પર્ધાત્મક દુનિયામાં ઈટાલીના માત્ર ૨૦ વર્ષના કિમી એન્ટોનેલીએ એવી સિદ્ધિ મેળવી છે જે ફોર્મ્યુલા વનના ૭૬ વર્ષના ઈતિહાસમાં અગાઉ કોઈ માટે શક્ય નહોતી બની.

મર્સિડીઝના ડ્રાઈવર એન્દ્રિયા કિમી એન્ટોનેલીએ મેક્સિકો સિટી ગ્રાન્ડ પ્રિમાં ત્રીજું સ્થાન મેળવીને ૨૦૨૬ના ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કર્યો. આ સાથે ૨૦ વર્ષ અને ૬૮ દિવસની ઉંમરે તે એફ વનનો સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બની ગયો છે. ખાસ વાત એ છે કે આ તેની ફોર્મ્યુલા વનમાં માત્ર બીજી સિઝન છે અને હજુ સિઝનની ચાર રેસ બાકી હતી ત્યારે જ તેણે આ રેકોર્ડ સર્જ્યો છે.

### ૧૬ વર્ષ બાદ

એન્ટોનેલી પહેલાં સૌથી નાની ઉંમરે એફ. વન. વર્લ્ડ ચેમ્પિયન બનવાનો રેકોર્ડ જર્મનીના સેબેસ્ટિયન વેટલના નામે હતો. વેટલે ૨૦૧૦માં રેડ બુલ તરફથી ૨૩ વર્ષ અને ૧૩૪ દિવસની ઉંમરે પોતાનું પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ જીત્યું હતું. આ રેકોર્ડ ૧૬ વર્ષ સુધી અકબંધ રહ્યો.

### ઈટાલીનો બીજો

એન્ટોનેલીની બીજી એક ઐતિહાસિક સિદ્ધિ એ છે કે તે ૧૯૫૩માં આલ્બર્ટો અસકારી પછી વર્લ્ડ ચેમ્પિયન બનનાર પ્રથમ ઈટાલિયન ડ્રાઈવર છે. એટલે કે ઈટાલીને ૭૩ વર્ષ બાદ ફરી એક વખત F1નો વર્લ્ડ ચેમ્પિયન મળ્યો છે.





### પિતાની મૂંઝવણ

કીમીની સફળતાની પાછળ તેના પિતા માર્કો એન્ટોનેલીની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. માર્કો પોતે પણ મોટર રેસિંગ સાથે સંકળાયેલા રહ્યા છે. તેઓ સ્પોર્ટ્સ કાર રેસર હતા અને મોટર રેસિંગની દુનિયામાં તેમનો અનુભવ રહ્યો છે. કિમીનો ઉછેર પણ રેસિંગ કાર અને એન્જિનના અવાજ વચ્ચે થયો હતો.

પરંતુ રસપ્રદ વાત એ છે કે માર્કો શરૂઆતમાં કિમી રેસર બને તેવું ઈચ્છતા નહોતા. પોતે રેસિંગ કારકિર્દીમાં આર્થિક સહયોગના અભાવે જે નિરાશા અને મુશ્કેલીઓનો સામનો કર્યો હતો, તે જ અનુભવ પુત્રને ન થાય તેવી તેમની ઈચ્છા હતી. રેસિંગમાં માત્ર પ્રતિભા પૂરતી નથી, આર્થિક સહયોગ પણ અત્યંત જરૂરી હોય છે.

### ૩૨૦ કિ.મી. ની ઝડપ

એક પ્રસંગ તો ખાસ રસપ્રદ છે. કિમી માત્ર દસ વર્ષનો હતો ત્યારે તેના પિતાએ તેને લેમ્બોર્ગિની કારની ડ્રાઈવિંગ સીટ પર પોતાની સાથે બેસાડ્યો હતો. પિતા એક્સિલરેટર અને બ્રેક સંભાળતા હતા, જ્યારે કિમી સ્ટિયરિંગ અને ગિયર બદલવાની જવાબદારી સંભાળતો હતો. કારની ગતિ વધતી ગઈ અને એક તબક્કે ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. કિમીની કાર પરની પકડ અને નિયંત્રણ જોઈને પિતાને પણ સમજાયું કે પુત્રમાં કંઈક વિશેષ પ્રતિભા છે.

### જંગી રકમનું રોકાણ

જો કે કિમી એન્ટોનેલી કારકિર્દી વિકસાવવા માટે મર્સિડીઝનું યોગદાન પણ ભૂલવું ન જોઈએ. F1માં તેની પ્રથમ રેસમાં ઉતર્યો તે અગાઉ તેને ટ્રેનિંગ આપવા માટે મર્સિડીઝે અંદાજે ૧૦ મિલિયન ડોલર એટલે કે રુ ૯૦ કરોડ જેટલી રકમ ખર્ચી હતી. આ રકમમાં તાલીમ, ફીટનેસ, પોષણ, ટેક્નિકલ સમજ, મુસાફરી, રેસિંગ સાધનો, સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેનો ખર્ચ અને વિશેષ કોચિંગનો સમાવેશ થતો હતો.

### હેમીલ્ટનનું સ્થાન

૨૦૨૫માં જ્યારે સાત વખતના વર્લ્ડ ચેમ્પિયન લુઈસ હેમિલ્ટને મર્સિડીઝ છોડીને ફેરારીમાં જોડાવાનો નિર્ણય કર્યો, ત્યારે તેની ખાલી પડેલી બેઠક માટે મર્સિડીઝે ૧૮ વર્ષના કિમી પર પસંદગી ઉતારી. આ નિર્ણય પણ ઓછો સાહસિક નહોતો. એક તરફ હેમિલ્ટન જેવા મહાન ડ્રાઈવરની ખાલી જગ્યા હતી અને બીજી તરફ માત્ર ૧૮ વર્ષનો યુવાન હતો, જેને હજુ F1માં પોતાનું કૌશલ્ય સાબિત કરવાનું હતું.

### ત્રણ પેઢી એક સાથે

મેકસિકો સિટી ગ્રાન્ડ પ્રિમાં તેને ચેમ્પિયન બનવા માટે ઓછામાં ઓછું નવમું સ્થાન મેળવવું જરૂરી હતું. પરંતુ તેણે ત્રીજું સ્થાન મેળવીને પોતાની ચેમ્પિયનશિપ પર મહોર મારી. આ રેસ મેક્સ વર્સ્ટપેને જીતી હતી, જ્યારે લુઈસ હેમિલ્ટન બીજા સ્થાને રહ્યો હતો. એટલે એક જ પોડિયમ પર F1ની ત્રણ પેઢીના જાણીતા ડ્રાઈવરો જોવા મળ્યા હતા. રેસ પૂરી થયા બાદ કિમીના માતા-પિતા અને બહેન તેની સાથે ઉજવણીમાં જોડાયાં હતા.

## પુત્ર રેસર બને તેવું પિતા ઈચ્છતા નહોતા, છતાં મર્સિડીઝે નાની ઉંમરથી જ તેની પ્રતિભા પારખી ટ્રેનિંગ આપી : એન્ટોનેલીની તાલીમ પાછળ રૂા. ૯૦ કરોડ જેટલી રકમ ખર્ચ કરવામાં આવી : દસ વર્ષના એન્ટોનેલીની સ્ટીયરિંગ પરની પકડ અને નિયંત્રણ જોઈને પિતાને લાગ્યું કે પુત્રમાં કંઈક વિશેષ પ્રતિભા છે

### શ્રીકાંતે હેડ કોચ ગૌતમ ગંભીર અને ટીમ મેનેજમેન્ટની ટીકા કરી

# વૈભવ સૂર્યવંશીને તક નહીં મળવાથી તેના જેવી પ્રતિભા હતાશ થઈ શકે છે

ચેન્નાઈ, તા. ૨

ભારતીય ક્રિકેટમાં અત્યારે ૧૫ વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની પ્રતિભા જેટલી ચર્ચામાં છે એટલી જ ચર્ચા તેને ભારતીય ટીમમાં રમવાની તક ન મળવા અંગે પણ થઈ રહી છે. આઈપીએલમાં પોતાની આક્રમક બેટિંગથી દુનિયાભરના ક્રિકેટપ્રેમીઓનું ધ્યાન ખેંચનાર વૈભવને ન્યૂઝીલેન્ડ સામેની પાંચ ટી-૨૦ મેચની શ્રેણીમાં માત્ર બે મેચમાં જ રમવાની તક મળી હતી. શ્રેણીની અંતિમ અને પાંચમી ટી-૨૦ મેચમાં પણ તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું નહોતું. આ નિર્ણય સામે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને ઓપનર કૃષ્ણમાચારી શ્રીકાંતે આકરી નારાજગી વ્યક્ત કરી છે.

### ખેલાડીને નિરાશા

શ્રીકાંતનું માનવું છે કે આ પ્રકારનું વર્તન યુવા ખેલાડીને પ્રોત્સાહિત કરવાને બદલે નિરાશ કરી શકે છે. ખાસ કરીને જ્યારે કોઈ ખેલાડીમાં અસાધારણ પ્રતિભા હોય અને તે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ક્ષમતા સાબિત કરવાની રાહ જોતો હોય ત્યારે તેને વારંવાર ટીમમાં રાખીને મેદાનમાં ઉતારવામાં ન આવે તે યોગ્ય મેસેજ આપતું નથી. શ્રીકાંત ઉપરાંત ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે પણ વૈભવને તક ન આપવાના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા છે.

### ઘડતરની દિશા

આ વિવાદ માત્ર એક ખેલાડીને એક મેચમાં રમાડવા કે નહીં રમાડવા પૂરતો મર્યાદિત રહ્યો નથી. ભારતીય ક્રિકેટમાં યુવા પ્રતિભાને કેવી રીતે વિકસાવવી, અનુભવી ખેલાડીઓ અને નવા ખેલાડીઓ વચ્ચે સંતુલન કેવી રીતે જાળવવું તથા ટીમ મેનેજમેન્ટે ખેલાડીઓનો આત્મવિશ્વાસ જાળવવાની જવાબદારી કેવી રીતે નિભાવવી, તેવા મોટા પ્રશ્નો પણ આ ચર્ચામાંથી ઊભા થયા છે.ભારતીય ક્રિકેટ બોર્ડની પણ ઘડતર માટે જવાબદારી છે તેઓએ ગંભીર જોડે સંવાદ કરવો જોઈએ.



### બેટ્સમેન પર દબાણ

શ્રીકાંતના મતે,તેની ચિંતા માત્ર વૈભવની બેટિંગ પૂરતી નથી, પરંતુ તેની માનસિક સ્થિતિ અને આત્મવિશ્વાસ અંગે પણ છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશેલા યુવા ખેલાડીને જો પોતાની જગ્યાની ખાતરી ન હોય તો દરેક મેચમાં તે પોતાની ક્ષમતા કરતાં પસંદગીકારોને ખુશ કરવા અંગે વધુ વિચારવા લાગે તેવી શક્યતા છે.

શ્રીકાંતે તો એક પ્રસંગે એવું પણ કહ્યું હતું કે વૈભવને રમાડવામાં ન આવ્યો ત્યારે તેમની પત્નીએ પણ તેના ન રમવા અંગે સવાલ કર્યો હતો. શ્રીકાંતના મતે, વારંવાર સંજુ સેમસન અને વૈભવ વચ્ચે ખેલાડીઓની અદલાબદલી કરવાથી બંનેના મનમાં પોતાની જગ્યા અંગે અનિશ્ચિતતા ઊભી થાય છે.

### કૈફને પણ આશ્ચર્ય

ભૂતપૂર્વ બેટ્સમેન કૈફનો તર્ક પણ નોંધપાત્ર છે. તેણે કહ્યું કે ભારત શ્રેણીમાં ૩-૦થી આગળ હતું અને શ્રેણી જીતી ચૂક્યું હતું. આવી સ્થિતિમાં નવા ખેલાડીઓને તક આપવાની વાત કરવામાં આવતી હોય તો વૈભવને પણ તક મળવી જોઈતી હતી. ભારતે નવા ઝડપી બોલરો મયંક યાદવ અને પ્રિન્સ યાદવને વિકસાવવાની દિશામાં તક આપી હતી, તો પછી વૈભવ સાથે આવું કેમ નહીં?

વળી ભારતે ત્રીજી ટી ૨૦ અભિષેક શર્મા અને વૈભવની વિસ્ફોટક ઓપનિંગ ભાગીદારીથી જ જીતી શ્રેણી વિજય નિશ્ચિત કર્યો હતો.ટી ૨૦ વર્લ્ડ કપ પણ નજીકમાં નથી ત્યારે શ્રેણી જીત્યા પછી વૈભવ જેવાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો ત્યાંની પીચ પર અનુભવ મળે તે તક ઝડપી લેવી જોઈએ.

### ભારત ૩-૦થી શ્રેણી જીતી જ ચૂક્યું હતું તે પછી પણ વૈભવ નજરઅંદાજ કરાયો : કૈફ

### કતારમાં ૧૯ નવેમ્બરથી ટુર્નામેન્ટ રમાશે

# એશિયા કપ રાઈઝિંગ ટી ૨૦ : ભારતની ટીમનો કેપ્ટન તિલક વર્મા રહેશે

મુંબઈ, તા. ૨

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ૧૯થી ૨૯ નવેમ્બર દરમ્યાન આઠ દેશ વચ્ચેની મેન્સ રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ માટે ભારત 'એ'ની ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી છે. આ ટુર્નામેન્ટ કતારના દોહામાં રમાશે . યુવા બેટ્સમેન તિલક વર્માને ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે રજત પાટીદારને ઉપકપ્તાન બનાવવામાં આવ્યા છે. વૈભવ અને રિંકુ સિંઘનો પણ સમાવેશ થયો છે. ભારતને તેના ગ્રુપમાં ૨૦ નવેમ્બરે નેપાળ, ૨૨મીએ પાકિસ્તાન અને ૨૪મીએ યુ. એ. ઈ.ની રાઈઝીંગ ટીમ સામે રમવાનું છે.

### વૈભવ અને રિંકુ સિંઘ પણ ટીમમાં સામેલ

ભારત 'એ'ની ટીમ : તિલક વર્મા (કેપ્ટન), રાજત પાટીદાર (ઉપકપ્તાન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, પ્રભસિમરન સિંહ, રિંકુ સિંહ, કુમાર કુશાગ્ર, સૂર્યાંશ શેડગે, શાહબાઝ અહમદ, વિપ્રજ નિગમ, હર્ષ દુબે, તનુષ કોટિયન, હર્ષિત રાણા, પ્રિન્સ યાદવ અને અર્શદ ખાન.

### મુકેશ કુમારની પાંચ, સિરાજની ચાર વિકેટ

# ભારત 'એ'ના ૩૪૬ રન સામે ન્યુઝીલેન્ડ 'એ'ના પ્રથમ ઈનિંગમાં ૪૨૪ રન

કાઈસ્ટચર્ચ, તા.૨

ભારત 'એ' અને ન્યૂઝીલેન્ડ 'એ' વચ્ચે રમાઈ રહેલી બીજી ચાર દિવસીય અનૌપચારિક ટેસ્ટના ત્રીજા દિવસે યજમાન ન્યૂઝીલેન્ડની ટીમે પ્રથમ ઈનિંગમાં ૭૮ રનની મહત્ત્વપૂર્ણ સરસાઈ મેળવીને મેચમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે. ભારત 'એ'ના પ્રથમ ઈનિંગના ૩૪૬ રનના જવાબમાં ન્યૂઝીલેન્ડ 'એ'એ ૧૩૨.૫ ઓવરમાં ૪૨૪ રન કર્યા હતા. દિવસના અંતે ભારત 'એ'ના બીજી ઈનિંગ્સમાં વિકેટ ગુમાવ્યા વિના ૩૨ રન થયા હતા. આમ ભારત હજુ ૪૬ રન પાછળ છે. ભારતના ઝડપી બોલરો મોહમ્મદ સિરાજ અને મુકેશ કુમારે શાનદાર બોલિંગ કરીને ન્યૂઝીલેન્ડની નવ વિકેટ ઝડપી હતી. મુકેશે ૮૭ રનમાં પાંચ વિકેટ મેળવી હતી, જ્યારે સિરાજે ૧૧૮ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી.



### ભારતના બીજી ઈનિંગમાં વિના વિકેટે ૩૨ રન

**સ્કોર :** ભારત પ્રથમ ઈનિંગ ૩૪૬( જુરેલ ૧૦૫,પડીક્કલ ૮૦,આકાશ દીપ ૬૮,શીટ ચાર વિકેટ) ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ ૪૨૪ (બોયલે ૧૧૦,ફોક્સક્રોફ્ટ ૯૩,મુકેશ કુમાર પાંચ, સિરાજ ચાર વિકેટ )ભારત બીજી ઈનિંગ વિના વિકેટે ૩૨ રન

### લીગની પાંચેય મેચમાં વિજયી : ૮-૦ની મોટી જીત

# ભારત સાઉથ કોરિયાને હરાવી એશિયન હોકી ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ્યું

જલંધર, તા. ૨

ભારતીય પુરુષ હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની જીતનો સિલસિલો જાળવી રાખતાં સાઉથ કોરિયાને ૮-૦ના વિશાળ અંતરથી પરાજય આપ્યો છે.

કેપ્ટન હરમનપ્રીત સિંહના નેતૃત્વમાં રમતી ભારતીય ટીમે આ જીત સાથે લીગ તબક્કાની પાંચેય મેચ જીતીને અજેય અભિયાન પૂર્ણ કર્યું છે. અગાઉ ભારતે બાંગ્લાદેશને ૧૩-૦, ચીનને ૫-૨, જાપાનને ૪-૧ અને મલેશિયાને ૪-૨થી હરાવ્યું હતું. ભારત હવે સેમી ફાઈનલમાં સાઉથ કોરિયા સામે જ રમવાનું છે. પાંચ મેચમાં ભારતે કુલ ૩૪ ગોલ કર્યા છે.

### પ્રારંભથી તરખાટ

ભારતે પ્રથમ ક્વાર્ટરમાં જ ત્રણ ગોલ કરીને મેચ પર પકડ જમાવી દીધી હતી. ત્યારબાદ ત્રીજા ક્વાર્ટરમાં સતત ચાર ગોલ કરીને લીડ વધુ મજબૂત કરી હતી. અંતિમ ક્વાર્ટરમાં અંગદ સિંહે આઠમો ગોલ કરીને ભારતની ૮-૦થી જીત નિશ્ચિત કરી હતી.

### ભારતના ગોલ

દિલપ્રીત સિંહે ૮મી મિનિટે પહેલો ગોલ કર્યો હતો. ત્યારબાદ જુગરાજ સિંહે ૧૧મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા બીજો ગોલ નોંધાવ્યો હતો. કેપ્ટન હરમનપ્રીત સિંહે ૧૫મી મિનિટે પેનલ્ટી કોર્નરનો લાભ લઈને ત્રીજો ગોલ કર્યો હતો. દિલપ્રીત સિંહે ૪૦મી મિનિટે પોતાનો બીજો અને ટીમનો ચોથો ગોલ કર્યો હતો. શિલાનંદ લાકરાએ ૩૩મી મિનિટે, સુખજીત સિંહે ૩૪મી મિનિટે અને સંજયે ૩૬મી મિનિટે ગોલ કર્યા હતા. મેચની ૬૦મી મિનિટે અંગદ સિંહે આઠમો ગોલ કરીને ભારતની જીત પર મહોર મારી હતી.



### સેમિફાઈનલમાં પણ સાઉથ કોરિયા સામે જ મુકાબલો : મલેશિયા, જાપાનની પણ આગેકૂચ

### હવે સેમી ફાઈનલ

લીગ તબક્કાના અંતે પાંચેય વિજય સાથે ભારત ૧૫ પોઈન્ટ સાથે ટોચના સ્થાને રહ્યું છે. મલેશિયા, જાપાન અને સાઉથ કોરિયા પણ સેમિફાઈનલમાં પહોંચનારી ટીમોમાં સામેલ છે. હવે ૪ નવેમ્બરે મોહાલીમાં સેમિફાઈનલ રમાશે, જ્યારે ૫ નવેમ્બરે ફાઈનલ અને બ્રોન્ઝ મેડલની મેચ યોજાશે.

# ઈંગ્લેન્ડ સામે વનડે અને ટી૨૦ની શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાએ ટીમ જાહેર કરી

મેલબોર્ન, તા. ૨

ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે રમાનારી ત્રણ વન-ડે અને પાંચ ટી ૨૦ મેચની શ્રેણી માટે ટીમ જાહેર કરેલી આ ટીમમાં ઓસ્ટ્રેલિયાના ત્રણ અનુભવી ફાસ્ટ બોલર પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડને બંને શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ૧૩ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન આઠ વ્હાઈટ બોલ આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. ઓસ્ટ્રેલિયાની વન-ડે ટીમ : મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, મહલી બર્ડમેન, એલેક્સ કેરી, કૂપર કોનોલી, જેક એડવર્ડ્સ, કેમેરોન ગ્રીન, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, સ્પેન્સર જોન્સન, ઓલી પીકે, મેથ્યુ રેનશો, લિયમ સ્કોટ અને એડમ ઝમ્પા.ઓસ્ટ્રેલિયાની T20 ટીમ : મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, મહલી બર્ડમેન, નિખિલ ચૌધરી, ટિમ ડેવિડ, જોએલ ડેવિસ, જેક એડવર્ડ્સ, નાથન એલિસ, જેક ફ્રેઝર-મેકગર્ક, સેમ હાર્પર, સ્પેન્સર જોન્સન, મિચ ઓવેન, લચલાન શો અને એડમ ઝામ્પા.

### આર્ય દેસાઈના ૯૫ : કેરળ સામે ગુજરાતના ૩૦૦/૫

# વિદર્ભના સ્પિનર યશ દુબેએ નવ વિકેટ ઝડપી મધ્ય પ્રદેશને સસ્તામાં આઉટ કર્યું

નાગપુર, તા. ૨

રણજી ટ્રોફીની ૨૦૨૬-૨૭ની સિઝનના ચોથા રાઉન્ડની શરૂઆત જ એક અસાધારણ બોલિંગ પ્રદર્શનથી થઈ છે. વિદર્ભના ડાબોડી સ્પિનર હર્ષ દુબેએ મધ્ય પ્રદેશ સામે એક જ ઈનિંગ્સમાં નવ વિકેટ ઝડપીને રણજી ટ્રોફીમાં નવો ઈતિહાસ રચ્યો છે. નાગપુરમાં રમાઈ રહેલી આ મેચમાં તેણે ૫૩ રન આપીને નવ વિકેટ મેળવી હતી. વિદર્ભના રણજી ટ્રોફીના ઈતિહાસમાં કોઈ બોલરે એક ઈનિંગ્સમાં આ પહેલાં નવ વિકેટ ઝડપી નહોતી.

દુબેની સ્પિન સામે મધ્ય પ્રદેશના બેટ્સમેનો લાંબો સમય ટકી શક્યા નહોતા. મધ્ય પ્રદેશની પુરી ટીમ ૬૬.૧ ઓવરમાં ૨૦૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

મધ્ય પ્રદેશ તરફથી અથર્વ મહાજને સૌથી વધુ ૮૫ રન બનાવ્યા હતા.

કેપ્ટન રજત પાટીદાર માત્ર બે રન બનાવી શક્યો હતો.

જો કે મધ્ય પ્રદેશે પણ હતાશ થયા વિના વળતી લડત આપી હતી અને રમતના અંતે વિદર્ભની ૫૬ રનમાં ચાર વિકેટ ખેરવી દીધી હતી. મધ્ય પ્રદેશના કુમાર કાર્તિકેયાએ ત્રણ વિકેટ ઝડપી હતી.

### ગુજરાતની સંગીન બેટિંગ

અમદાવાદ : ગુજરાત અને કેરળ વચ્ચેની મેચમાં ગુજરાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. પ્રથમ દિવસના અંતે ગુજરાતે ૮૩ ઓવરમાં પાંચ વિકેટે ૩૦૦ રન બનાવ્યા હતા.

ગુજરાત તરફથી આર્ય દેસાઈએ ૧૩૨ બોલમાં ૯૫ રન કર્યા હતા. જેમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થતો હતો. ઓપનર અભિષેક દેસાઈએ ૧૪૪ બોલમાં ૪૨ રન સાવધ રમત રમી બનાવ્યા હતા. ઉર્વીલ પટેલે ૬૭ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૬૩ રને વિશાલ જયસ્વાલ સામે છેડે પણ ૮૩ બોલમાં ૫૦ રન સાથે રમતમાં છે.

### સૌરાષ્ટ્રનું પ્રભુત્વ

અગરતલા : ત્રિપુરા સામેની મેચમાં સૌરાષ્ટ્રે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ દિવસના અંતે ત્રિપુરાએ સાત વિકેટે ૨૧૯ રન બનાવ્યા હતા.

ત્રિપુરા તરફથી શ્રીદમ પોલે સૌથી વધુ ૮૬ રન બનાવ્યા હતા.

સૌરાષ્ટ્રના પાર્થ ભૂતે ફોર્મ જારી રાખતા ત્રણ અને મીડિયમ પેસર સાકરિયાએ બે વિકેટ ઝડપી છે.

### વડોદરાના ૨૬૯/૬

કાનપુર : વડોદરા અને ઉત્તર પ્રદેશ વચ્ચેની મેચમાં વડોદરાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. પ્રથમ દિવસના અંતે વડોદરા છ વિકેટે ૨૬૯ રન બનાવ્યા હતા.

વડોદરા તરફથી ધ્રુવ પટેલે શાનદાર બેટિંગ કરતાં ૨૬૭ બોલમાં ૧૨૪ રન બનાવ્યા હતા. તેની ઈનિંગ્સમાં ૧૭ ચોગ્ગા સામેલ હતા. શશાંક રાવતે ૪૭ રન અને વિકેટકીપર મિતેશ પટેલે ૪૯ રન બનાવ્યા હતા. બંનેએ ધ્રુવ પટેલ સાથે ઉપયોગી ભાગીદારીઓ કરી હતી.

ઉત્તર પ્રદેશ તરફથી કરણ શર્માએ ૧૭ ઓવરમાં ૩૯ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. મનન સોલંકી અને અતીત શેઠ રમતમાં છે.



### ઉત્તર પ્રદેશ સામે વડોદરાના ધ્રુવ પટેલના ૧૨૪ : સૌરાષ્ટ્ર સામે ત્રિપુરાના ૭ વિકેટે ૨૧૯ રણજી ટ્રોફી

### ૧૪ વર્ષ બાદ એનફિલ્ડમાં આર્સેનલે વિજય મેળવ્યો

# EPL : આર્સેનલે લિવરપૂલને પરાજય આપ્યો

એનફિલ્ડ, તા. ૨

ઈંગ્લિશ પ્રીમિયર લીગની હાઈવોલ્ટેજ મેચમાં આર્સેનલે લિવરપૂલને તેના જ ઘરઆંગણે ૧-૦થી હરાવીને ખળભળાટ મચાવી દીધો હતો. લિવરપૂલના ઐતિહાસિક એનફિલ્ડ મેદાન પર મળેલો આ વિજય આર્સેનલ માટે સામાન્ય ત્રણ પોઈન્ટ કરતાં ઘણો વધારે મહત્ત્વ ધરાવે છે. કારણ કે ૧૪ વર્ષથી આ મેદાન પર પ્રીમિયર લીગની જીતની રાહ જોઈ રહેલી આર્સેનલની ટીમે આખરે આ દુષ્કાળનો અંત આણ્યો છે.

### નવ મેચમાં ૨૪ પોઈન્ટ

જર્મન સ્ટ્રાઈકર કાઈ હાવર્ટ્ઝે ૧૬મી મિનિટે કરેલા ગોલથી આર્સેનલને સરસાઈ અપાવી હતી. ત્યારબાદ ટીમે રક્ષણાત્મક રમતનું ઉત્તમ પ્રદર્શન કરીને લિવરપૂલના વારંવારના હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. મેનેજર મિકેલ આર્ટેટાની ટીમે આ વિજય સાથે નવ મેચમાં ૨૪ પોઈન્ટ મેળવીને પ્રીમિયર લીગના પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મજબૂત કર્યું છે. બીજા ક્રમે રહેલી માન્ચેસ્ટર સિટી કરતાં આર્સેનલ હવે ત્રણ પોઈન્ટ આગળ છે.

બીજી ઉલ્લેખનીય વાત એ હતી કે લીવરપુલે ૧૭ વખત બોલ ગોલ પોસ્ટ તરફ મોકલવામાં સફળતા મેળવી હતી પણ તેમાંથી એક પણ ગોલ રૂપાંતર નહોતા કરી શક્યા.



### હાવર્ટ્ઝનો ૧૬મી મિનિટનો ગોલ નિર્ણાયક બન્યો

### આજથી કોરિયન બેડમિન્ટન ટુર્નામેન્ટનો પ્રારંભ : ભારતનો પ્રનોય ભાગ લેશે

દક્ષિણ અમેરિકાનાં ચિલીથી ૧ નવેમ્બર, ૧૯૯૮નાં રોજ યાત્રા શરૂ કરી હતી

# બ્રિટિશ નાગરિક કાર્લ બુશબી ૨૮ વર્ષમાં ૫૦ હજાર કિ.મી. ચાલી ઘરે પાછા ફર્યા

લંડન, તા. ૨

માતાને મળવા માટે પગપાળા વિશ્વની યાત્રા શરૂ કરનારા બ્રિટનનાં રહેવાસી ૫૭ વર્ષીય કાર્લ બુશવીએ અંતે ૨૮ વર્ષ પછી પોતાની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરી લીધી છે.

## ૫૭ વર્ષીય કાર્લ બુશબી ચાર મહાદ્વીપો અને ૩૦ દેશોમાંથી પસાર થયા, ૨૮ વર્ષ સડક, પર્વત, જંગલ, સમુદ્રમાં પસાર કર્યા

લગભગ ૫૦,૦૦૦ કિમીની યાત્રા પૂર્ણ કરીને તે ૨ નવેમ્બર, ૨૦૨૬નાં રોજ પોતાના ગૃહનગર હલ, ઈંગ્લેન્ડ પહોંચી ગયા હતાં. જો કે હવે પોતાની મંઝિલ પર પહોંચ્યા પછી તેમને હવે સામાન્ય જીવનમાં પરત ફરવાની ચિંતા સતાવી રહી છે.

તેમણે ૧ નવેમ્બર, ૧૯૯૮નાં રોજ દક્ષિણ અમેરિકાનાં સૌથી દક્ષિણ ભાગમાંથી પોતાની યાત્રા શરૂ કરી હતી.



### બુશબીનું વતન હુલેમાં ભવ્ય સ્વાગત, વેલકમ સન બેનરથી આવકાર અપાયો

તે વખતે તેમની ઉંમર ૩૦ વર્ષથી પણ ઓછી હતી. તેમણે પોતાના આ અભિયાનને ગોલિયથ એક્સપેડિશન આપ્યું હતું.

શરૂઆતમાં તેમનો અંદાજ હતો કે તે ૧૨ વર્ષમાં પગપાળા ચાલીને પોતાના ઘરે પહોંચી જશે. જો કે રસ્તામાં આવેલા પડકારો અને અલગ અલગ પરિસ્થિતિઓને કારણે આ યાત્રા ૧૨ વર્ષને બદલે ૨૮ વર્ષ સુધી ચાલી હતી.

કાર્લે પોતાના આ અભિયાન દરમિયાન ૫૦,૦૦૦ કિમીથી વધુનું અંતર કાપ્યું છે. તેઓ આ યાત્રા હેઠળ ચાર મહાદ્વીપો અને ૩૦ દેશોમાંથી પસાર થયા હતાં. તેમના માટે આ ફક્ત લાંબા અંતરની યાત્રા ન હતી પણ દરેક પગલે તેમની હિંમત અને સંકલ્પની પરીક્ષા હતી.

ચિલીથી યાત્રા શરૂ કરતી વખતે તેમણે બે સંકલ્પ લીધા હતાં. એક તે પોતાના અભિયાન દરમિયાન કોઇ પણ પ્રકારનાં વાહનનો ઉપયોગ કરશે નહીં. તે ત્યાં સુધી ઘરે પરત ફરશે નહીં જ્યાં સુધી તે ચાલીને ત્યાં પહોંચી જતા નથી.

લગભગ ત્રણ દાયકા સુધી સડક, પર્વત, જંગલ, સમુદ્ર અને અજાણ્યા દેશોની વચ્ચે જીવન પસાર કર્યા પછી હવે કાર્લ પોતાના ઘરે પહોંચી ગયા છે. આ લાંબી યાત્રાને કારણે તેમના જીવનનાં મોટા ભાગનાં વર્ષો યાત્રામાં જ પસાર થઇ ગયા છે.

ભારતીય હવાઈ દળ માટે ફાયદાની કામગીરી

# ભારત અને ઈઝરાયેલ વચ્ચે ૮૦૦૦ કરોડની મહાડીલ હાથવ્હેંતમાં

નવીદિલ્હી,તા.૨

ભારત અને ઈઝરાયેલ વચ્ચે ૯૦૦૦ લાખ ડોલર (લગભગ ૮૦૦૦ કરોડ રૂપિયા)ની કિંમતનો મોટો સંરક્ષણ સોદો છેલ્લા તબક્કામાં પહોંચ્યો છે.

## ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ કંપની એકમાત્ર ક્વોલિફાઈંગ બિડર બની રહી છે

આ સોદા અંતર્ગત ઈઝરાયેલની સરકારી સુરક્ષા કંપની ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (આઈએઆઈ) ભારતીય હવાઈદળ માટે હવાઈ ઈંધણ ભરનારા છ વિમાનો પૂરા પાડશે. હવાઈ ઈંધણ ભરનારા વિમાન એટલે આકાશમાં જ વિમાનોને રિફ્યુલ કરનારા વિમાન.

આઈએઆઈ વિશ્વની મુખ્ય એરોસ્પેસ અને એવિએશન ઉત્પાદક કંપનીઓમાંની એક છે, જે સૈન્ય અને નાગરિક, બંને પ્રકારના ઉપયોગ માટે એરિયલ અને એસ્ટ્રોનિક સિસ્ટમ બનાવે છે. ભારતની જરૂરિયાતના સંદર્ભે આઈએઆઈ, એકમાત્ર યોગ્ય ક્વોલિફાઈંગ બિડર બની છે.

જો આઈએઆઈ, હરાજી જીતી જશે તો એ આ કામ માટે છ બોઈંગ ૭૬૭ વિમાન ખરીદશે. આ સોદામાં 'મેક - ઈન- ઈન્ડિયા' અંતર્ગત પણ કામ થશે. રિફ્યુલિંગ ટેન્કર પ્રોજેક્ટના ઓછામાં ઓછા ૩૦ ટકા કામ ભારતમાં કરાશે. આ માટે એચએએલ (હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ), ભારતીય ભાગીદાર બને એવી સંભાવના છે. આ કામમાં લોકલ સિસ્ટમ ઈન્ટિગ્રેશન, વાયરિંગ તથા સ્ટ્રક્ચરલ અપડેટ સામેલ થશે. જરૂરી બધી મંજૂરીઓ મળ્યા પછી ૨૦૨૮ થી ૨૦૩૦ ની વચ્ચે વિમાનોની ડિલીવરી થવાની આશા છે.ઈઝરાયેલના એર-ટુ-એર રિફ્યુલિંગ એરક્રાફટ ભારતીય હવાઈદળનો ભાગ બનશે ત્યારે ભારતીય હવાઈદળની લાંબા અંતર સુધી લશ્કરી ઝુંબેશ ચલાવવા અને હવામાં જ લડાયક વિમાનોને ઈંધણ ભરી આપવાની ક્ષમતામાં ઘણો વધારો થશે.

### નાસાનું એન્ડેવર હવે એક મ્યુઝિયમમાં



નાસાનું સ્પેસ શટલ એન્ડેવર કેલિફોર્નિયા સાયન્સ સેન્ટરના નવા ૨,૦૦,૦૦૦ ચોરસ ફૂટના સેમ્યુઅલ ઓસ્ચિન એર એન્ડ સ્પેસ સેન્ટરમાં જોવા મળશે. આ સ્પેસ સેન્ટરને ૧૩ નવેમ્બરના રોજ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે. આ પ્રદર્શનમાં વિશ્વની એકમાત્ર અસલી સ્પેસ શટલ સિસ્ટમને તેની લોન્ચ સ્થિતિમાં ઊભી પ્રદર્શિત કરવામાં આવી છે. આ સ્પેસ શટલ અસલી સોલિડ રોકેટ બૂસ્ટર અને ઈટી-૯૪ સાથે જોડાયેલું છે. આ જાયન્ટ શટલ બિલ્ડિંગની અંદર ૨૦ માળ જેટલું ઊંચું ઊભું છે. મુલાકાતીઓ નીચે જમીન પરથી તેના વિશાળ એન્જિનને જોઈ શકશે. આ ઉપરાંત તેના પ્લેટફોર્મ પરથી તેના પેલોડને નજીકથી જોઈ શકાશે.

પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં ચીનની લશ્કરી પહોંચ વધશે

# ચીને કેરિયર કિલર મિસાઈલથી યુદ્ધ જહાજ તોડી પાડીને સફળ પરીક્ષણ કર્યું

બેઈજિંગ, તા. ૨

**ચીને શક્તિશાળી કેરિયર કિલર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. એક તરફ ચીને તાઈવાનને નિશાન બનાવીને સંઘર્ષ શરૂ કર્યો છે ત્યારે બીજી તરફ અમેરિકન યુદ્ધજહાજ હોય એવા દેખાતા એક ટાર્ગેટને સચોટ તોડી પાડ્યું હતું. તેનાથી ચીને એવો મેસેજ આપ્યો હતો કે તેની પાસે મિસાઈલની મારક ક્ષમતા એવી છે કે તેનાથી અમેરિકાનું યુદ્ધજહાજ પણ સલામત રહી શકશે નહીં.**

## ૪,૦૦૦ કિ.મી.ની ક્ષમતાવાળા ડીએફ-૨૬બી મિસાઈલથી 'અમેરિકન યુદ્ધજહાજ' પર હુમલો કરી ટ્રમ્પને ચેતવણી

ચીને શિનજિયાંગ પ્રાંતમાં ડીએફ-૨૬બી મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરથી પણ વધારે છે. દરિયામાં કોઈ યુદ્ધજહાજ આવતું દેખાય તો આ મિસાઈલ તેને અધવચ્ચે જ ઉડાવી શકે છે. અમેરિકાને ચીન તેનું મુખ્ય હરીફ ગણે છે. અમેરિકાના યુદ્ધજહાજની પ્રતિકૃતિ જેવું યુદ્ધજહાજ ગોઠવીને ચીને આ મિસાઈલથી તેને તોડી પાડ્યું હતું. ચીનના સરકારી મીડિયાએ એક વીડિયો જાહેર કર્યો હતો, જેમાં લોંચ થયેલી મિસાઈલે ગણતરીની સેકન્ડમાં એક જહાજને તોડી પાડ્યું હોય એવું દેખાતું હતું.

ડીએફ-૨૬બી નામની મિસાઈલ ભારી માત્રામાં વિસ્ફોટકોનું વહન કરી શકે છે. તે બેલાસ્ટિક મિસાઈલ સિસ્ટમનો જ ભાગ છે. આ એન્ટી શિપ પ્રકારની મિસાઈલને કેરિયર કિલર પણ કહેવાય છે. તે એક પ્રકારની રોડ-મોબાઈલ મિસાઈલ છે એટલે કે તેને જમીની માર્ગે સરળતાથી લઈ જઈ શકાય છે.પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં ફ્રી નેવિગેશનના નામે અમેરિકન યુદ્ધજહાજો ખૂબ સક્રિય રહે છે. ચીને તેનું પરીક્ષણ કરીને એ બતાવ્યું છે કે તે પશ્ચિમી પ્રશાંત ક્ષેત્રમાં મજબૂત પક્કડ ધરાવે છે. આ મોડલની મિસાઈલ અમેરિકા અને સહયોગી દેશો માટે ચિંતાનો વિષય છે. આ મિસાઈલ વિકસાવીને ચીને દરિયામાં તેની ક્ષમતા વધારી દીધી છે અને તેની રેન્જ પણ ૪૦૦૦ કિલોમીટર સુધીની કરી છે. તેના કારણે પ્રશાંત ક્ષેત્રનો ઘણો મોટો હિસ્સો આ એન્ટી શિપ મિસાઈલની રેન્જમાં આવી જાય છે.

પરીક્ષણનો વીડિયો રીલિઝ કરીને ચીને આંતરરાષ્ટ્રીય સ્તરે આ પરીક્ષણની ચર્ચા જગાવી છે. ઘણાં ડિફેન્સ એક્સપર્ટ માને છે કે આ રીતે ચીન શક્તિપ્રદર્શન કરી રહ્યું છે અને તાઈવાનને ડરાવી રહ્યું છે.

બાઈક કંપનીના ફાઉન્ડરે ૩૧.૮ કિ.મી.નો રેકોર્ડ તોડ્યો

# ઝાંગ જૂનો પાણી પર ૪૦.૭૪ કિ.મી. બાઈક ચલાવી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

બેઈજિંગ, તા. ૨

ચીનમાં એક બાઈક કંપનીના સ્થાપક ઝાંગ જૂએ પાણી પર ૪૧ કિ.મી. બાઈક ચલાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ કર્યો છે. જોકે તેણે બાઇકને મોડિફાઇડ કરીને હુઆંગ પ્રાંતમાં હુઆઈહુઆમાં આ કારનામું કર્યું હતું. મોટર સાયકલ બનાવનાર કંપની ઝેડએક્સમોટો ના ફાઉન્ડર ઝાંગ જૂએ આ રેકોર્ડ બનાવ્યો છે. તેણે પોતાના હોમટાઉનમાં આ રેકોર્ડ બનાવ્યો છે. ૨૫ ઓકટોબરના દિવસે ચીનના હુઆંગ પ્રાંતમા સ્થિત હુઆઈહુઆ રાજ્યમા આ રેકોર્ડ સ્થપાયો હતો. આ અનોખો રેકોર્ડ બન્યો હતો જે સાયન્સને ઘણી રીતે પડકાર્યું હતું. આ રેકોર્ડમાં પાણી પર બાઈક ચલાવવામાં આવી હતી. આ કેટલીક મીનિટ સુધી કે કેટલાક મીટર સુધી મર્યાદિત નહી પરંતુ પૂરા ૪૦.૭૪ કિલોમીટર સુધીની રાઈડ હતી.જેમા રેકોર્ડ પણ નોંધાયો હતો. ઝાંગ જૂ ના પ્રયાસથી અગાઉનો ૩૧.૮ કિલોમીટરનો રેકોર્ડ પણ તૂટી ગયો હતો. સાથે ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં નામ પણ નોંધાયું હતું. તેણે મોડિફાઇડ એમએક્સ ૪૫૦ બાઈક પર આ રેકોર્ડ બનાવ્યો છે.આ બાઈકમા ખાસ ફ્લોટિંગ પાર્ટ લગાવવામાં આવ્યાં હતાં. આ બાઇકમા વોટરપ્રુફ ફિચર પણ હતાં. બાઈકને મોડિફાઇડ કરવામા ૫ મહિનાનો સમય લાગ્યો હતો.

ઝાંગે નદીના ૬ ચક્કર માર્યા હતા. જેમા તેણે કેટલાક શાર્પ ટર્ન પણ માર્યા હતાં. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના અધિકારીઓએ જીપીએસ રેકોર્ડ અને ટાઈમિંગ પણ ચેક કર્યા હતાં.

બાલ્ટિક સમુદ્રમાં જહાજોનું પરિવહન રોકવાના પરિણામ ભોગવવા પડશે

# યુરોપ સાથે યુદ્ધ માટે રશિયા તૈયાર પણ સંઘર્ષ માટે આતુર નથી : પુતિન

મોસ્કો,તા.૨

**રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને યુરોપના દેશોને યુદ્ધની ચેતવણી આપી છે. રશિયા યુરોપ સાથે યુદ્ધ માટે તૈયાર છે પણ તેમનો દેશ તેવું કરવા ઈચ્છુક નથી. આ યુદ્ધનો કોઈ વિજેતા નહીં રહેશે તેવું પુતિને કહ્યું હતું. યુરોપના દેશો સાથે સંબંધો સામાન્ય કરવા રશિયા કોઈ પણ પગલાનું સ્વાગત કરશે તેવું પુતિને કહ્યું હતું. નોર્વેના પ્રમુખ એલેકઝાન્ડર સ્ટબ અને ફિનલેન્ડના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોન સાથે ફોન પર ૯૦ મિનિટ ચર્ચા કરી હતી તે પછી તેમણે કહ્યું હતું.**

## યુદ્ધ થશે તો કોઈ પણ વિનર નહીં રહે તેવી પુતિનની સ્પષ્ટ વાત, યુરોપ સાથે સારા સંબંધ વિકસાવવાના કોઈ પણ પગલાંનું સ્વાગત

બાલ્ટિક સમુદ્રમાં શિપિંગ અટકાવવાના કોઈપણ પગલાં ભરવા સામે પુતિને યુરોપના દેશોને ચેતવણી આપી હતી. જો શિપિંગ અટકાવવામાં આવશે તો રશિયા સંપૂર્ણ તાકાત સાથે જવાબ આપશે તેવું પુતિને કહ્યું હતું.

અમે તૈયાર છે પણ યુરોપ સાથે યુદ્ધ કરવાની અમારી ઈચ્છા નથી પણ જો વાત આગળ વધે તો કોઈપણ વિનર નહીં રહે તે કોઈએ ભૂલવું નહીં જોઈએ તેવું પુતિને કહ્યું હતું. જો કોઈ દેશની ઈચ્છા હોય તે તેઓ તૈયારી કરી શકે છે. રશિયાને ૨૦૩૦ સુધીમાં હરાવવાનો તેમનો વિચાર સફળ નહીં થશે તેવું પુતિને કહ્યું હતું. નોર્વે અને ફિનલેન્ડે પુતિન સાથે સીધી મંત્રણા કરી તેની યુરોપના કેટલાક દેશોએ ટીકા કરી છે. આ બંને દેશે પુતિન સાથે ચર્ચા કરીને પ્રોટોકોલ તોડ્યો છે અને એકતાનો ભંગ કર્યો છે. તેવો આક્ષેપ તેમણે લગાવ્યો છે.

૨૯મી ઓક્ટોબરે મોસ્કોમાં યોજાયેલા રશિયા-આફ્રિકા શિખરસંમેલન પછી પુતિને પત્રકારો સમક્ષ નિવેદન આપ્યું હતું. પુતિને કહ્યું કે યુરોપના દેશો સાથે સંપૂર્ણ સંબંધો પુનઃસ્થાપિત કરવાના પગલાંનું અમે સમર્થન કરીએ છે.' દરમ્યાન લિથુઅનિયા, લેટવિયા અને ઈસ્ટોનિયા સહિતના યુરોપના દેશોને રશિયા સામેની ચેવણીઓ હળવી બનાવવા વિનંતી કરી હતી. મોસ્કો સાથેના સંબંધ વધુ નહીં બગડે તેવી ભાષાનો ઉપયોગ નહીં કરવા, અમેરિકાએ યુરોપના દેશોને ચેતવણી આપી છે.

મશીન, ૧૧,૦૦૦ વોલ્ટની વીજલાઈનને અડકી ગયું

# રાજસ્થાનમાં સડક બનાવી રહેલા આઠ મજૂરોનું વીજકરંટથી મોત

ઝૂનઝૂનુ(રાજસ્થાન),તા.૨

રાજસ્થાનના ઝૂનઝૂનુ જિલ્લાના છાપોલી વિસ્તારમાં સોમવારે સડકનિર્માણના કાર્ય દરમિયાન એક મશીન, હાઈ વોલ્ટેજ વીજલાઈનના સંપર્કમાં આવતા આઠ મજૂરોના મોત થયા, જે પૈકી પાંચ જણના મોત ઘટનાસ્થળે થયા, જયારે અન્ય ત્રણ મજૂર ગંભીરપણે ઘાયલ થયા હતા, જેમણે મોડેથી છેલ્લા શ્વાસ લીધા.

દુર્ઘટના પછી આ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ. ઘટનાસ્થળે ગ્રામીણોના ટોળાં ભેગા થઈ ગયા. ઝૂનઝૂનુ જિલ્લાના છાપોલીમાં કદમકુંડ ભણી જતી સડકનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હતું. આ સડક બનાવવા માટે રોડી મેળવનારા મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

નોરાને છઠ્ઠી નવેમ્બરે હાજર થવા નવેસરથી સમન્સ

# સુકેશ કેસમાં નોરા હાજર ન થતાં કોર્ટે ફટકાર લગાવી

મુંબઈ, તા. ૨

**સુકેશ ચન્દ્રશેખરના ૨૦૦ કરોડ રૂપિયાની ખંડણીના કેસમાં નોરા ફતેહી સાક્ષી તરીકે હાજર ન રહેતાં દિલ્હી કોર્ટે તેને ફટકાર લગાવી હતી.**

## સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહેવું પડે, તમારું વર્તન અયોગ્ય,અદાલતને હળવાશથી ના લો : ન્યાયાધીશ

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ સેશન્સ જજ ગગનદીપ સિંહે નાખુશી વ્યક્ત કરી જણાવ્યું હતું કે આ બાબતને હળવાશથી ન લઈ શકાય,સાક્ષી તરીકે તમારે કોર્ટમોં હાજર રહેવું જોઇએ. તમારું વર્તન યોગ્ય નથી, કોર્ટને હળવાશથી ન લો. ન્યાયાધીશે નવા સમન્સ જારી કરી નોરાને છ નવેમ્બરે ફરી સાક્ષી તરીકે હાજર રહેવાની તાકીદ કરી હતી.

અદાલતે કાર્યવાહી દરમ્યાન સાક્ષી નોરા ફતેહીની ગેરહાજરી બાબતે પોલીસને સવાલ કરતાં પોલીસે અદાલતને જણાવ્યું હતું કે ૨૨ ઓક્ટોબરે ઈમેઈલ અને વોટ્સ એપ દ્વારા નોટીસ મોકલવામાં આવી હોવા છતાં તથા તે પછી ફોન કરવા છતાં તેમના તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો નથી. આ કેસની તપાસ દિલ્હી પોલીસ સ્પેશ્યલ સેલ દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસે આ કેસમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગનાઇઝડ ક્રાઈમ એક્ટ-મકોકા હેઠળ પણ આરોપો ઘડેલાં છે. હાલ આ કેસમાં પ્રોસિક્યુશન તેના પુરાવા સુપરત કરવાના તબક્કે છે. પોલીસ ચાર્જશીટમાં જેક્લિન ફર્નાન્ડિઝ અને નોરા ફતેહી સહિત ઘણાં લોકોના નિવેદન નોંધવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

### કેન્સરની સારવાર

(પહેલા પાનાનું ચાલુ)

ધરાવતી વેક્સિન વધુ અસરકારક સાબિત થઈ હતી. આ વેક્સિન લીધેલા ઉંદરોમાં કેન્સરના કોષો સામે લડતા ટી-સેલ્સની સંખ્યા પણ વધુ જોવા મળી હતી.

અન્ય એક પ્રયોગમાં સંશોધકોએ આંતરડાના કેન્સર સાથે સંકળાયેલા છઘ઼ઁયણ નામના નીઓએન્ટિજનનો ઉપયોગ કરીને વેક્સિન તૈયાર કરી હતી. આ વેક્સિન મેળવનારા ઉંદરોમાં આંતરડાના ટ્યૂમર વિકસવાની શક્યતા નોંધપાત્ર રીતે ઓછી જોવા મળી હતી.

### એઆઈ કંપનીઓની

(પહેલા પાનાનું ચાલુ)

આવશે. તેનો અમલ શરુ થાય કે સાત દિવસની અંદર તેને ટ્રાઈ સમક્ષ ફાઈલ કરવી પડશે. આ ઉપરાંત દરેક એઆઈ સિસ્ટમને હાઈ, મીડિયમ અને લો રિસ્ક કેટેગરીમાં વિભાજીત કરવામાં આવશે. તેના નેટવર્ક કે તેની સર્વિસના આધારે તેનું વર્ગીકરણ કરવામાં આવશે. તેની સાથે ગ્રાહકો પર તેની સંભવિત અસર પણ ચકાસવામાં આવશે. આ ઉપરાંત નિયત અધિકારીઓએ દરેક એઆઈ સિસ્ટમને અમલમાં મૂકતા પહેલા તેની મંજૂરી લેવી જરૂરી છે. ઓપરેટરોએ તેમની પાસેની બધી એઆઈ સિસ્ટમ્સની યાદી તૈયારી કરવી પડશે. ઈન્વેન્ટરીનો હિસ્સો હોય તેવી કોઈપણ એઆઈ સિસ્ટમ્સનો ઉપયોગ નહીં કરી શકાય. ઓપરેટરોએ લોન્ચ કરતાં પહેલા દરેક એઆઈ સિસ્ટમની ચોકસાઈ, મજબૂતાઈ, સમજાવટની ક્ષમતા અને યોગ્યતા ચકાસવી પડશે. તેની મજબૂતાઈ એવી હોઈએ કે તે દરેક પ્રકારના વાતાવરણમાં કામ કરી શકે.

ઓપરેટરોએ એઆઈ સંલગ્ન બનાવોનું ચાર સિક્યોરિટી લેવલમાં વર્ગીકરણ કરવું જોઈએ. દરેકનું સેન્ટ્રલ ડેટાબેઝમાં રેકોર્ડિંગ કરવું જોઈએ.કમસેકમ બે અત્યંત ગંભીર લેવલના બનાવનું ટ્રાઇને રિપોર્ટિંગ કરવું જોઈએ.

લોકોએ દરેક એઆઈ સિસ્ટમનું સુપરવિઝન કરવું જોઈએ. ઓપરેટરોએ એઆઈ સંલગ્ન નુકસાનનો યુઝર્સને નિયત સમયમાં પ્રતિભાવ આપવો પડશે. દરેક ઓપરેટરોએ એઆઈ ગવર્નન્સ અને સેફટી કમિટી રચવી પડશે, જેની આગેવાની સીનિયર એક્ઝિક્યુટિવ લેશે.


**PUBLIC NOTICE**

Notice is hereby given to the public at large that (1) Shri Arunkumar Jansukhlal Bhatt, (2) Smt. Ushaben Ashokkumar Bhatt and (3) Shri Nainesh Ashokkumar Bhatt (hereinafter referred to as the "Present Owners") are the present owners and are seized and possessed of, or otherwise well and sufficiently entitled to, the immovable property more particularly described in the Schedule hereunder written (hereinafter referred to as the "said Property"). The Present Owners have agreed to sell the said Property in favour of (1) Shri Roshanlal Dulichand Agarwal, (2) Shri Surendra Roshanlal Agarwal, (3) Shri Manoj Roshanlal Agarwal and (4) Shri Jitendra Roshanlal Agarwal (hereinafter collectively referred to as the "Proposed Purchasers"). Any person, bank, financial institution, company, society or any other entity having or claiming any right, title, interest, share, claim or demand of any nature whatsoever in or upon the said Property, or any part thereof, by way of sale, agreement, exchange, gift, inheritance, succession, mortgage, charge, lien, lease, tenancy, trust, easement, attachment, court order, litigation or otherwise, is hereby called upon to intimate the same in writing, together with supporting documents, to the undersigned Advocate at the address mentioned above within Fifteen (15) DAYS from the date of publication of this notice. If no such claim or objection is received within the aforesaid period, it shall be presumed that no person has any subsisting claim or objection to the proposed sale and transfer of the said Property, and the Present Owners and the Proposed Purchasers shall be at liberty to proceed with the transaction. Any claim or objection received thereafter shall be dealt with at the risk and consequences of the person raising the same. SCHEDULE OF THE PROPERTY All that piece and parcel of the freehold immovable property being Plot/Tenement No. 6/B, having plot/land area admeasuring about 246.00 Sq. Meters (294.50 Sq. Yards), together with the residential construction standing thereon admeasuring about 214.70 Sq. Meters, situated in the scheme known as "GANDHINAGAR SOCIETY", a scheme of Shree Gandhinagar Co-operative Housing Society Limited (Regd. No. B/272 dated 30/07/1946), constructed upon the freehold Non-Agricultural Land bearing Revenue Survey No. 117/1, Final Plot No. 169 of Town Planning Scheme No. 25, situated at Mouje/Village Khokhara-Mahemdabad, Taluka Maninagar, within the Registration District of Ahmedabad and Registration Sub-District Ahmedabad-05 (Narol), Gujarat.

**URMESH R.GUPTA**
**Advocate**
**U.R.GUPTA & CO.**
Off. No. 125, 126, 1st Floor, A.M.C. Building, Nr. Viratnagar Char Rasta, Viratnagar, Ahmedabad: 382415.
(M) 98790 33906



GUJARAT INDUSTRIES POWER COMPANY LTD.
TENDER FOR ARC CIVIL & STRUCTURAL WORK REPAIR AND MAINTENANCE FOR SLPP-COLONY
Interested bidders may submit their Bids on two part basis through website: https://tender.nprocure.com (Tender ID is 360590). It can also be viewed from Company's website: www.gipcl.com. The Last date of submission of bid is 25.11.2026 up to 17.30 hrs. Chief General Manager (Thermal)



લાઈફ ઈન્શ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
LIC
www.licindia.in "Tender" "Advertisement for letting out vacant premises, Ahmedabad"



**જાહેર નોટિસ**

જીલ્લો અમદાવાદ, તાલુકો સાણંદ મોજે તાજપુર ની સીમના સરવે/બ્લોક નં. ૨૨૭ (જુનો સરવે/બ્લોક નં. ૧૨૮ પૈકી) ની હે.આરે.ચો.મી. ૦-૬૦-૭૦ ક્ષેત્રફળ વાળી જુની શરતની ખેતીની જમીન કાંતાબેન રતીલાલ પટેલની દિકરી તે રસીકભાઈ પટેલની પત્ની, ગીતાબેન રતીલાલ પટેલ દિકરી તે રજનીકાંત દેસાઈની પત્ની, સ્નેહાબેન રતીલાલ પટેલની દિકરી તે ભાવેશકુમાર દેસાઈની પત્ની, અનીતાબેન રતીલાલ પટેલની દીકરી તે સંજયકુમાર પરીખની પત્ની ની સહીયારી મીલીકી કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સર્ટીફીકેટ માંગેલ છે જેથી મજકુર જમીનમાં અન્ય કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો પોષાતો હોયતો નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહી અને જે તે શખ્સનો પોષાતો લાગભાગ હકક, હીત, હીસ્સો જતો યાને વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનયન સર્ટિફિકેટ આપવામાં આવશે.

તારીખ - 02/11/2026.

**નીલેશ એન. પટેલ, એસોસીએટસ**
**પરેશા બી. પટેલ (એડવોકેટ)**
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી. રીંગરોડ, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯



ગુજરાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (GSID)
... office.gsid@gmail.com ... EMD ... 08.11.2026 ... 07.12.2026 ... 17:00 ... 02.11.2026 ... nProcure ...
તારીખ : 03.11.2026



AmulFed Dairy (A Unit of Gujarat Cooperative Milk Marketing Federation Ltd)
TENDER NOTICE
AmulFed Dairy is one of the advanced state-of-the-art plants in Asia. AmulFed Dairy (AFD), Gandhinagar manufactures Milk and Milk products like Milk Powder, Fermented Products, Ice-cream, Ghee, Butter and Long-life milk under the brand name AMUL. AFD invites bids from reputed vendors as per below:
1. Design, Supply, Testing, Loading, unloading and commissioning of Power Distribution panel for Fermented section at AFD, Gandhinagar.
2. Supply & Installation of Hydraulic Goods lifter (2.0 MT) at AFD, Gandhinagar.
3. DSITC of bucket (1Kg / 2Kg) filling machine for curd milk at AFD, Gandhinagar.
4. Semi-automatic volumetric filling machine (capacity: 400 containers per hour for 1Kg) at AFD, Gandhinagar.
For further information, please visit our website: www.amul.com/enquiries-tender-notice
Sr. General Manager, AmulFed Dairy, Gandhinagar
Plot No. 35, Nr. Indira Bridge,Village Bhat, Dist: Gandhinagar,Pin: 382428, Phone:079-23969055-56
Amul SAGAR



**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદનાં દેત્રોજ-રામપુરા તાલુકાનાં મોજે રૂદાતલ ગામની સીમનાં સર્વે નંબરઃ ૮૨૮ (જુના સર્વે નં. ૪૬૧/૧) ની કુલ ૬૩૧૮ ચોરસમીટર જમીન પૈકી ૨૧૦૬ ચોરસમીટર જમીન તેને લાગુ હક્કો હિતો સહીત દિલીપસિંહ ફતેસિંહ ઝાલાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની તેમજ અન્ય કોઇના કોઈપણ પ્રકારના હક્ક, હીત, હિસ્સા, બોજા સિવાયની તથા તમામ પ્રકારના ટાઈટલ ક્લિયર અને માર્કેટેબલ છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તે અન્વયે અમારી પાસે ઉપરોક્ત જમીન અંગેના ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો તે સામે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કંપની, પેઢી, બેંક, શ્રોફ ઈત્યાદીને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, ચાર્જ ઈત્યાદી કે વાંધો હોય તો તે અંગેની જાણ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં અસલ દસ્તાવેજી પુરાવાતી પ્રમાણિત નકલ સહીત અમોને નીચેના સરનામે પોસ્ટ દ્વારા કરવી નહિંતર મજકુર જમીન ઉપર કોઈનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો ઈત્યાદી નથી અને હોય તો તે તેમણે રાજી-ખુશીથી જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તારીખ: ૦૩/૧૧/૨૦૨૬

**Saiyed Raheel A. Sisgar,**
**Advocate**
Address at: B/14-5, Bag-E-Nishat Society, Opp. Sonal Cinema, Vejalpur Road, Ahmedabad- 380 055.
M. No. : 95 58585 860



**જાહેર નોટિસ**

જત ડીસ્ટ્રીકટ અમદાવાદના દસ્કોઈ તાલુકાના મોજે ગામ વહેલાલની સીમના બ્લોક/સર્વે નં.૩૫૬ (જુના બ્લોક/સર્વે નં.૩૪૩) ની હે.આરે.ચો.મી.૦-૧૦-૪૨ વાળી જુની શરતની ખેતીની જમીન મનોજકુમાર ભલાભાઇ, વસંતકુમાર ભલાભાઇ, કાશ્મીરાબેન વસંતકુમાર, પ્રીતિશ વસંતકુમાર, નેહા વસંતકુમાર, પીનાબેન મનોજકુમાર, ડીનલ મનોજકુમાર, પીનલ મનોજકુમારના સંયુક્ત માલીકી કબજા ભોગવટામાં આવેલ છે અને સદર જમીન તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનુ જણાવી તેઓએ અમારા અસીલશ્રીને વેચાણ આપવાનુ નક્કી કરેલ હોવાથી અમારા અસીલે અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. એ રીતે સદર જમીન ઉપર કોઇનો કોઈપણ પ્રકારનો બોજો, હક્ક-હીસ્સો પોષાતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખીતમાં રજી. એ.ડી.પોસ્ટથી જાણ કરવી જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદરહુ જમીન પરત્વે તેના માલીક સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના હક્કો પોષાતા નથી અને જો પોષાતા હોય તો રાજીખુશીથી વેવ કરેલ છે તેમ સમજીને ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઇની તકરાર ચાલશે નહી.

અમદાવાદ

**"D.T. Patel Associate"**
**પ્રિયંકા એસ. જૈન એડવોકેટ**
સેલર, માતૃછાયા કોમ્પલેક્ષ, મેટ્રો ટ્રેન બ્રૉજ પીલ્લર નં.૭૮ ની સામે, પો.ઓઢવ, અમદાવાદ-૧૫
મો.નં.૯૮૨૫૮૩૪૧૨૨

## ૧૩૦ વર્ષ જૂની પરંપરા : ૩૯૬ વેટરન કાર્સની રેલી













બ્રિટનની મોટરકાર સંસ્કૃતિ અને ઈતિહાસની અનોખી ઝલક સમાન વા ર્ષિક **RM Sotheby** લંડન ટુ બ્રાઇટન વેટરન કાર રનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે અંદાજે ૪૦૦ વેટરન કાર્સે આ રેલીમાં ભાગ લીધો હતો. લંડનના હાઇડ પાર્કથી શરૂ થયેલી લગભગ ૯૭ કિલોમીટરની સફર દક્ષિણ ઈંગ્લેન્ડના દરિયાકાંઠાના શહેર બ્રાઇટનના મેડેઇરા ડ્રાઇવ ખાતે પૂર્ણ થઈ હતી. રેલીમાં ભાગ લેનારી કાર્સમાં પેટ્રોલ, સ્ટીમ, ઈવી પર ચાલતી કાર્સનો સમાવેશ થતો હતો. નિયમ મુજબ આ રેલીમાં મનમોહક દૃશ્ય સર્જ્યું હતું. રસ્તાની બંને બાજુ મોટી સંખ્યામાં લોકોએ આ અનોખી સફર નિહાળી હતી. આ રેલીનું વિશેષ મહત્ત્વ એ છે કે તે ૧૮૯૬માં યોજાયેલી પ્રથમ 'એમન્સિપેશન રન'ની યાદમાં યોજાય છે. તે સમયે બ્રિટનમાં કાયદા દ્વારા મોટર વ્હીકલ્સની ટોપ સ્પીડની લિમિટ ચાર માઇલ પ્રતિ કલાકથી વધારીને ૧૪ માઇલ પ્રતિ કલાક કરવામાં આવી હતી. આ સાથે જ કારની આગળ લાલ ઝંડી લઈને ચાલતા વ્યક્તિની ફરજ પણ દૂર કરવામાં આવી હતી. આઝાદીની ઉજવણીરૂપે ૧૪ નવેમ્બર, ૧૮૯૬ના રોજ ૩૩ મોટરચાલકોએ લંડનથી બ્રાઇટન સુધી સફર કરી હતી. આ વર્ષે તે ઐતિહાસિક ઘટનાને ૧૩૦ વર્ષ પૂર્ણ થયાં હતા.

**આ રેલીમાં ૧૯૦૫ પહેલા બનેલી કાર જ ભાગ લઈ શકે છે : રેલીમાં પેટ્રોલ, સ્ટીમ અને ઈલેક્ટ્રિકથી ચાલતી કાર્સે ભાગ લીધો હતો**

**૧૮૯૬માં કારની સ્પીડ લિમિટ ચાર માઈલથી વધારીને ૧૪ માઈલ કરવામાં આવતા ઉજવણીના ભાગરુપે રેલીનું આયોજન કરાયું હતું**

૧૯૦૫ પહેલાં બનેલી કાર જ ભાગ લઈ શકે છે. લંડનના વેસ્ટમિન્સ્ટર બ્રિજ પરથી પસાર થતી આ ઐતિહાસિક કાર્સ બ્રિટિશ સંસદ ભવન અને બિગ બેનની પૃ ભૂમિમાં

### ગુલ ગુલશન ગુલફામ, કથાસાગર લોકપ્રિય બન્યાં હતાં

# દૂરદર્શનના જમાનાના ટોચના સર્જક વેદ રાહીનું નિધન

મુંબઈ, તા. ૨

દૂરદર્શનનો સુવર્ણકાલ હતો ત્યારે અનેક લોકપ્રિય સિરિયલોનું સર્જન કરનારા લેખક-નિર્દેશક વેદ રાહીનું મુંબઈ પાસેના થાણેમાં ૯૩ વર્ષની વયે અવસાન થયું હતું.

પચ્ચીસ જેટલી ફિલ્મોના પટકથા-સંવાદલેખક અને ત્રણ ફિલ્મોના નિર્દેશક તથા ડોગરીના ઉત્તમ સાહિત્યકાર વેદ રાહીના પરિવારમાં પુત્રીઓ ગીતાંજલિ



અને પૂનમ તથા તેમના પરિવારોનો સમાવેશ થાય છે.

૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં દૂરદર્શન પર તેમના શો 'ગુલ ગુલશન ગુલફામ', 'મીરા', કથા સાગર' અને 'રિશ્તે' લોકપ્રિય બન્યા હતા. ૧૯૩૩માં જમ્મુમાં જન્મેલા વેદ રાહીએ ડોગરીમાં સાહિત્યકાર તરીકે સ્થાપિત થયા બાદ ફિલ્મ ઉદ્યોગમાં નસીબ અજમાવવા મુંબઈ આવ્યા હતા. ડોગરી વાર્તાસંગ્રહ આલે માટે તેમને ૧૯૮૩નો સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હતો.

**આપ આયે બહાર આયી, બેઈમાન સહિત ૨૫ ફિલ્મોના પટકથા-સંવાદ લેખક વેદ રાહીએ નિર્દેશન પણ કરેલું**

### ભારતે ૫૦૦૦ વર્ષ પહેલાં પુષ્પક વિમાન બનાવેલું

# રણબીર કપૂરે ઈલોન મસ્કની ઉડતી કારની સરખામણી પુષ્પક વિમાન સાથે કરી

મુંબઈ, તા. ૨

'રામાયણ' ફિલ્મમાં ભગવાન શ્રીરામની ભૂમિકા ભજવી રહેલા રણબીર કપૂરે ભારતના સર્જનાત્મક દૃષ્ટિકોણ પર ભાર મુકવા ઈલોન મસ્કે તાજેતરમાં લોન્ચ કરેલી ઉડતી કાર રોડસ્ટરનો ઉલ્લેખ કરી તેની પુષ્પક વિમાન સાથે સરખામણી કરતાં જણાવ્યું હતું કે ઈલોન મસ્કે તાજેતરમાં ઉડતી કાર શોધી છે. મને લાગે છે કે ભારતે ૫૦૦૦ વર્ષ પહેલાં તે કરી બતાવ્યું હતું. આ જ શોમાં



નિર્દેશક નિતેશ તિવારીએ જણાવ્યું હતું કે અમને પુષ્પક વિમાન બનાવતાં બે વર્ષ લાગ્યા હતા. અમને પુષ્પક વિમાનની ડિઝાઇન ફાઇનલ કરતાં લગભગ બે વર્ષનો સમય લાગ્યો હતો જેને કારણે રાવણ અને જટાયુની લડાઈ સર્જવામાં અમને ઘણો સમય લાગ્યો હતો. રામાયણમાં જણાવ્યા અનુસાર પુષ્પક વિમાન વિચારવેગે ઉડવા અને પ્રવાસીઓની સંખ્યા અનુસાર વિસ્તરવા માટે સમર્થ હતું.

**પુષ્પક વિમાનની ડિઝાઇન ફાઇનલ કરવામાં બે વર્ષ લાગતાં રાવણ-જટાયુની લડાઈ ફિલ્માવવામાં વિલંબ**

### સેન્સરને ફિલ્મો સોંપવા બાબતે નવી એડવાઈઝરી

# સેન્સર બોર્ડ અધૂરી ફિલ્મો નહીં ચલાવે, ટાઈટલ બદલી શકશે

મુંબઈ, તા. ૨

તાજેતરમાં સેન્સર બોડ દ્વારા જારી કરવામાં આવેલી નવી એડવાઈઝરી અનુસાર સેન્સર બોર્ડને સબમીટ કરવા માટે અધૂરી ફિલ્મો ચાલશે નહીં અને ફિલ્મમેકર્સે ફાઈનલ વર્ઝન જ સર્ટિફિકેશન માટે સુપરત કરવાનું રહેશે. આ ઉપરાંત ફિલ્મનું ટાઈટલ અને તેની રીલિઝ ડેટને પણ ફાઈનલ ગણી ચાલવું નહીં



કેમ કે તેમાં સેન્સર બોર્ડ ફેરફાર કરી શકે છે. ૨૦૧૭ બાદ પહેલીવાર રચવામાં આવેલાં નવા ૧૮ સભ્યોના સેન્સર બોર્ડે બહાર પાડેલી તેની એડવાઈઝરીમાં જણાવ્યા અનુસાર ફિલ્મની એક્ઝામિનિંગ કે રિવાઈઝિંગ કમિટી સિનેમેટોગ્રાફ એક્ટ ૧૯૫૨ની જોગવાઈઓ અનુસાર ફિલ્મના ટાઈટલ તથા રીલિઝ ડેટમાં ફેરફાર કરી શકે છે. સેન્સર બોર્ડ ફિલ્મ મેકર્સે નક્કી કરેલાં ટાઈટલ અન રીલિઝ ડેટને અનુસરવા બંધાયેલું નથી.

**ફિલ્મ મેકર્સે જાહેર કરેલી રીલિઝ ડેટ તથા ટાઈટલ ફાઈનલ નહિ ગણાય**

### આ ચૂંટણી પાછળ ૩૧ ઓક્ટોબર સુધીમાં રાજકીય જાહેરાતો પર ૧૧.૬ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા છે

# મિડટર્મ ઈલેક્શન : અમેરિકી ઇતિહાસની સૌથી મોંઘી ચૂંટણી

મંગળવારે સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં મતદાન શરૂ થવા સાથે અત્યાર સુધી નોંધાયેલી સૌથી મોંઘી મધ્યસત્ર ચૂંટણી છે, અને કેટલાક

**એડઈમ્પેક્ટના અંદાજ અનુસાર, ૩૧ ઓક્ટોબર સુધીમાં રાજકીય જાહેરાતો પર ૧૧.૨ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા છે. તેનું અનુમાન છે કે આ અંતિમ આંકડો લગભગ ૧૧.૬ અબજ ડોલર સુધી પહોંચશે. આ આંકડો ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચૂંટણી ચક્રમાં ખર્ચાયેલા લગભગ ૧૧.૨ અબજ ડોલરને પણ વટાવી જશે અને ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીમાં ખર્ચાયેલા ૮.૯ અબજ ડોલર કરતાં ઘણો વધારે છે : રિપબ્લિકન અને તેમના સાથીઓએ જાહેરાત પર આશરે ૫.૧૮ અબજ ડોલર ખર્ચ્યા કે અનામત રાખ્યા છે, તેની સરખામણીમાં ડેમોક્રેટ્સે આશરે ૪.૭૭ અબજ ડોલર ખર્ચ્યા છે. કુલ ખર્ચમાં સૌથી મોટો હિસ્સો સેનેટની ચૂંટણીઓ રોકે તેવી શક્યતા છે. સેનેટ સ્પર્ધાઓમાં લગભગ ૩.૪ અબજ ડોલરનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે હાઉસ ચૂંટણીઓની જાહેરાત આશરે ૨.૨ અબજ ડોલર રહેવાનું અનુમાન હતું : જાણકારોના મતે ગવર્નરની ચૂંટણીઓ પણ રેકોર્ડ તોડવામાં પાછળ નથી. એડઈમ્પેક્ટ મુજબ કેલિફોર્નિયાની ગવર્નર રેસમાં ૨૭ ઓક્ટોબર સુધીમાં જાહેરાત ખર્ચ અને રિઝર્વેશન પેટે ૩૪.૯૪ કરોડ ડોલર નોંધાયા હતા, જે અત્યાર સુધીની સૌથી મોંઘી ગવર્નર ચૂંટણી બની છે. અબજોપતિ ડેમોક્રેટ ટોમ સ્ટેયરે ૨ જૂનની પ્રાઇમરી પહેલાં ૧૯.૫ કરોડ ડોલરથી વધુનો ખર્ચ કર્યો હતો. જ્યોર્જિયાની ગવર્નર રેસમાં પણ રિપબ્લિકન રિક જેક્સનની આશરે ૮.૩ કરોડ ડોલરની જાહેરાતો સાથે ભારે ખર્ચ જોવા મળ્યો હતો.**

જ, ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણીઓએ પહેલેથી જ એક એવો રેકોર્ડ બનાવી દીધો છે જેને કોઈ પરિણામ બદલી શકે તેમ નથી. તે માપદંડો મુજબ કોઈપણ પ્રકારની ચૂંટણીઓમાં આ સૌથી મોંઘો ચૂંટણી સમયગાળો બની રહ્યો છે. એડ-ટ્રેકિંગ ફર્મ એડઈમ્પેક્ટના અંદાજ અનુસાર, ૩૧ ઓક્ટોબર સુધીમાં રાજકીય જાહેરાતો પર ૧૧.૨ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા છે અથવા અનામત (રિઝર્વ) રાખવામાં આવ્યા છે, અને તેનું અનુમાન છે કે આ અંતિમ આંકડો લગભગ ૧૧.૬ અબજ ડોલર સુધી પહોંચશે. આ આંકડો ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચૂંટણી ચક્રમાં ખર્ચાયેલા લગભગ ૧૧.૨ અબજ ડોલરને પણ વટાવી જશે અને ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીમાં ખર્ચાયેલા ૮.૯ અબજ ડોલર કરતાં ઘણો વધારે છે.

આ નાણાં સમાન રીતે વહેંચાયેલા નથી. તે સેનેટની કેટલીક મુખ્ય બેઠકો, પુનર્ગઠિત થયેલા કેટલાક હાઉસ, મતવિસ્તારો અને અમુક ગવર્નરની ચૂંટણીઓમાં જ મોટાપાયે ઠલવાયા છે. આમાંના મોટાભાગના નાણાં ઉમેદવારો તરફથી નહીં, પરંતુ સુપર પીએસી, પક્ષ-સમર્થિત બિન-નફાકારક સંસ્થાઓ અને અત્યંત ધનાઢ્ય દાતાઓના એક નાના જૂથ તરફથી આવ્યા છે. આ વર્ષના ખર્ચનું પ્રમાણ અતિ વિશાળ છે. એડઈમ્પેક્ટના ટ્રેકર દર્શાવે છે કે આ ચક્રમાં રિપબ્લિકન અને તેમના સાથીઓએ જાહેરાત પર આશરે ૫.૧૮ અબજ ડોલર ખર્ચ્યા કે અનામત રાખ્યા છે, તેની સરખામણીમાં ડેમોક્રેટ્સે આશરે ૪.૭૭ અબજ ડોલર ખર્ચ્યા છે. કુલ ખર્ચમાં સૌથી મોટો હિસ્સો સેનેટની ચૂંટણીઓ રોકે તેવી શક્યતા છે; એડઈમ્પેક્ટ મુજબ સેનેટ સ્પર્ધાઓમાં લગભગ ૩.૪ અબજ ડોલરનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે હાઉસ ચૂંટણીઓની જાહેરાત આશરે ૨.૨ અબજ ડોલર રહેવાનું અનુમાન હતું.

જાણકારોના મતે ખર્ચની ઝડપ અવિરત રહી છે. એડઈમ્પેક્ટ દ્વારા ૧ જૂન સુધીમાં ૪ અબજ ડોલરની રાજકીય જાહેરાતો ટ્રેક કરવામાં આવી હતી, જે ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચક્રના તે જ સમયગાળા કરતાં લગભગ ૪૬ ટકા વધુ હતી. ઓગસ્ટના મધ્ય સુધીમાં આ આંકડો ૫.૨ અબજ ડોલરને વટાવી ગયો હતો, જે ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીના તે તબક્કા કરતાં ત્રીજા ભાગ કરતાં પણ વધુ હતો. આ ચક્ર ઓક્ટોબરના મધ્યમાં ૧૦ અબજ ડોલરનો આંકડો પાર કરી ગયું હતું. એડઈમ્પેક્ટના રાજ્ય-સ્તરીય અંદાજો દર્શાવે છે કે કેલિફોર્નિયા ૯૭.૯ કરોડ ડોલરના અંદાજિત રાજકીય જાહેરાત ખર્ચ સાથે દેશમાં મોખરે છે, ત્યારબાદ મિશિગન ૮૫.૧ કરોડ ડોલર, ટેક્સાસ ૮૫ કરોડ ડોલર અને ઓહાયો ૭૪.૮ કરોડ ડોલર પર છે.

ઉલ્લેખનીય છે કે, ટેક્સાસની સેનેટ સ્પર્ધા જેવી આ સ્થિતિનું પ્રતિબિંબ બીજે ક્યાંય જોવા મળતું નથી. ડેમોક્રેટિક રાજ્ય પ્રતિનિધિ ટેલારિકો ૧૯૯૪ પછી ટેક્સાસમાં રાજ્યવ્યાપી પદ જીતનારા પ્રથમ ડેમોક્રેટ બનવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના હરીફ રિપબ્લિકન એટર્ની જનરલ કેન પેક્સટન છે, જેમના પ્રચાર અભિયાન પર વિવાદોની છાયા રહી છે પરંતુ તેમને બહારના ખર્ચનો જબરદસ્ત ટેકો મળ્યો છે. એડઈમ્પેક્ટ અનુસાર, આ સ્પર્ધામાં જાહેરાત ખર્ચ અને રિઝર્વેશન હવે ૫૬ કરોડ ડોલરને વટાવી ચૂક્યા છે, જે બિન-રાષ્ટ્રપતિ ચૂંટણી માટે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ઓપનસિક્રેટ્સ પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવેલા વિશ્લેષણ (જે ઉમેદવાર અને બહારના ખર્ચને જોડે છે) મુજબ પણ ૨૩ ઓક્ટોબર સુધીમાં આશરે ૫૬ કરોડ ડોલરનો આંકડો સામે આવ્યો છે, જેણે ટેક્સાસને ૨૦૨૦ અને ૨૦૨૧ની જ્યોર્જિયા ચૂંટણીઓના અગાઉના સેનેટ રેકોર્ડ કરતાં લગભગ ૪.૪ કરોડ ડોલર આગળ મૂકી દીધું છે.

આ નાણાંનો પ્રવાહ એકતરફી રહ્યો છે. ટેલારિકોએ ઉમેદવાર સ્તરના ભંડોળ એકત્રીકરણમાં દબદબો જાળવ્યો છે, જેમાં તેમણે પેક્સટનના આશરે ૨.૨ કરોડ ડોલરની સામે લગભગ ૧૪.૬ કરોડ ડોલર એકત્ર કર્યા છે. પરંતુ બહારના જૂથોએ પેક્સટન વતી આશરે ૩૦ કરોડ ડોલર ખર્ચ્યા છે, જ્યારે ટેલારિકો માટે આ આંકડો લગભગ ૮ કરોડ ડોલર રહ્યો છે. પેક્સટન સમર્થક કુલ રકમમાંથી લગભગ ૩.૭ કરોડ ડોલર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંકળાયેલા સુપર પીએસી મેગા ઈન્ક તરફથી આવ્યા હતા, અને મસ્કે 'સેનેટ લીડરશિપ ફંડ' તથા પેક્સટનને સમર્થન આપતી 'લોન સ્ટાર લિબર્ટી' નામની પીએસી સહિતના જૂથો દ્વારા આ ચૂંટણીમાં નાણાં મોકલ્યા છે.

ટેક્સાસની ચૂંટણી સામાન્ય ચૂંટણી પહેલાંથી જ રેકોર્ડ તોડવા લાગી હતી. બંને સેનેટ પ્રાઇમરીઝમાં ફેબ્રુઆરીના અંત સુધીમાં ૧૨.૨ કરોડ ડોલરથી વધુની જાહેરાતો જોવા મળી હતી, જે સેનેટ પ્રાઇમરી માટે એક રેકોર્ડ હતો. ઓપિનિયન પોલ્સમાં ડેમોક્રેટ્સ થોડી લીડ સાથે નજીકની સ્પર્ધા દર્શાવે છે. ઓક્ટોબરના અંતમાં સીએનએનના એક સર્વેમાં ટેલારિકો ૪૯ ટકા અને પેક્સટન ૪૩ ટકા પર હતા, જ્યારે ૧૦થી ૧૪ ઓક્ટોબર દરમિયાન લેવાયેલા યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટનના પોલમાં ઉમેદવારો માર્જિન ઓફ એરરની અંદર (૪૮ ટકા સામે ૪૬ ટકા) હતા. વહેલા મતદાનના પ્રથમ સપ્તાહમાં જ લગભગ ૪૫ લાખ મતો પડ્યા હોવાના અહેવાલ સાથે મતદાન પણ ઉત્સાહજનક રહ્યું છે.

બીજી સૌથી મોંઘી સેનેટ સ્પર્ધા ઓહાયોની વિશેષ ચૂંટણી છે, જ્યાં ડેમોક્રેટ શેરડ બ્રાઉન રિપબ્લિકન સેનેટર જોન હસ્ટેડ પાસેથી બેઠક પાછી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેડી વેન્સ વાઇસ પ્રેસિડેન્ટ બન્યા બાદ આ બેઠક ખાલી થઈ હતી, અને પુનરાવર્તિત મુકાબલા જેવી આ ચૂંટણીમાં ભારે રકમ ખેંચાઈ આવી છે. ઓપનસિક્રેટ્સના વિશ્લેષણમાં લગભગ ૪૨.૩ કરોડ ડોલર ગણવામાં આવ્યા હતા, જેમાંથી આશરે ૩૪.૪ કરોડ ડોલર બહારના જૂથો તરફથી આવ્યા હતા. માત્ર જાહેરાતોની ગણતરી કરતા એડઈમ્પેક્ટનું કહેવું છે કે આ સ્પર્ધા જાહેરાતો અને રિઝર્વેશનમાં ૫૦ કરોડ ડોલર વટાવી ચૂકી છે, જેના કારણે આ એકમાત્ર એવું ચક્ર બન્યું છે જેમાં એક કરતાં વધુ બિન-રાષ્ટ્રપતિ ચૂંટણીઓએ આ મર્યાદા વટાવી હોય. આ વર્ષ પહેલાં માત્ર ૨૦૨૪માં બ્રાઉન અને રિપબ્લિકન




બર્ની મોરેનો વચ્ચેની ઓહાયો સેનેટ ચૂંટણી જ આ સ્તરે પહોંચી હતી. ગવર્નરની રસાકસીભરી સ્પર્ધાને કારણે પણ ઓહાયોના સમગ્ર એડ માર્કેટને વેગ મળ્યો છે. ઓહાયોની તમામ ચૂંટણીઓમાં કુલ જાહેરાત ખર્ચ આશરે ૭૪.૯ કરોડ ડોલર રહેવાનો અંદાજ છે.

આ ઉપરાંત નિવૃત્ત થઈ રહેલા ડેમોક્રેટ ગેરી પીટર્સની લાંબા સમયથી ખાલી પડેલી મિશિગનની સેનેટ બેઠક ત્રીજા ક્રમે છે. અહીં ડેમોક્રેટ અબ્દુલ અલ-સયીદનો સામનો રિપબ્લિકન માઇક રોજર્સ સામે છે, અને વિશ્લેષણ અનુસાર આ ભંડોળ આશરે ૩૩.૭ કરોડ ડોલરની આસપાસ છે. આ પેટર્ન ટેક્સાસ જેવી જ છે. અલ-સયીદે અત્યાર સુધીમાં ૧૧.૪ કરોડ ડોલર એકઠા કર્યા છે જ્યારે રોજર્સે આશરે ૨.૩ કરોડ ડોલર; પરંતુ બહારના જૂથોએ અલ-સયીદના આશરે ૯.૪ કરોડ ડોલર સામે રોજર્સના સમર્થનમાં લગભગ ૧૬.૯ કરોડ ડોલર ખર્ચ્યા છે. પીટર્સના ઉત્તરાધિકારી માટેની ડેમોક્રેટિક પ્રાઇમરી એ આ વર્ષની ટેક્સાસ પ્રાઇમરી અને એરિઝોનાની ૨૦૨૨ની સ્પર્ધા પછી રેકોર્ડ પરની ત્રીજી સૌથી મોંઘી સેનેટ પ્રાઇમરી હતી. ઓક્ટોબરના અંતમાં મિશિગન સ્ટેટ યુનિવર્સિટીના એક પોલમાં અલ-સયીદ ૪૮ ટકા સામે ૪૫.૫ ટકા સાથે આગળ હતા.

જાણકારોના મતે ગવર્નરની ચૂંટણીઓ પણ રેકોર્ડ તોડવામાં પાછળ નથી. એડઈમ્પેક્ટ મુજબ કેલિફોર્નિયાની ગવર્નર રેસમાં ૨૭ ઓક્ટોબર સુધીમાં જાહેરાત ખર્ચ અને રિઝર્વેશન પેટે ૩૪.૯૪ કરોડ ડોલર નોંધાયા હતા, જે અત્યાર સુધીની સૌથી મોંઘી ગવર્નર ચૂંટણી બની છે.

અબજોપતિ ડેમોક્રેટ ટોમ સ્ટેયરે ૨ જૂનની પ્રાઇમરી પહેલાં ૧૯.૫ કરોડ ડોલરથી વધુનો ખર્ચ કર્યો હતો. જ્યોર્જિયાની ગવર્નર રેસમાં પણ રિપબ્લિકન રિક જેક્સનની આશરે ૮.૩ કરોડ ડોલરની જાહેરાતો સાથે ભારે ખર્ચ જોવા મળ્યો હતો.

### ન્યુઝ ફોકસ

## અમેરિકાની ચૂંટણી : ક્યાંક અધધ ખર્ચ તો ક્યાંક નિયમોમાં ફેરફાર

* ટેક્સાસ અત્યાર સુધીની સૌથી મોંઘી સેનેટ રેસથ એડઈમ્પેક્ટના જણાવ્યા અનુસાર, ડેમોક્રેટ જેમ્સ ટેલારિકો અને રિપબ્લિકન કેન પેક્સટન વચ્ચેની ટેક્સાસ સ્પર્ધામાં જાહેરાત ખર્ચ અને બુકિંગ ૫૬ કરોડ ડોલર (૫૬૦ મિલિયન ડોલર)થી વધુ થઈ ગયું છે, જે બિન-રાષ્ટ્રપતિ ચૂંટણી માટે એક રેકોર્ડ છે.
* ઓહાયો અને મિશિગન ટોચના ત્રણમાં : ફેડરલ ફાઇલિંગ્સ અને ઓપનસિક્રેટ્સ ડેટાના વિશ્લેષણ મુજબ, ટેક્સાસ, ઓહાયો અને મિશિગન ત્રણેયમાં મળીને ઓક્ટોબરના અંત સુધીમાં આશરે ૧.૩ અબજ ડોલર ઠલવાયા હતા.
* બહારના જૂથો ઉઠાવી રહ્યા છે ખર્ચનો મોટો હિસ્સો : ટોચની દસ સૌથી મોંઘી સેનેટ સ્પર્ધાઓમાંથી નવમાં, સુપર પીએસી અને અન્ય બહારના જૂથોએ ઉમેદવારો કરતાં પણ વધુ ખર્ચ કર્યો છે.
* એલોન મસ્ક સૌથી મોટા જાણીતા દાતા : એક અંદાજ મુજબ આ મધ્યસત્ર ચૂંટણીમાં તેમનું દાન આશરે ૩૬.૬ કરોડ ડોલરથી ૪૪.૬ કરોડ ડોલર વચ્ચે રહ્યું છે.
* ચૂંટણીની વચ્ચે જ નિયમો બદલાયા : જૂનમાં સુપ્રીમ કોર્ટના એક નિર્ણયે રાજકીય પક્ષો પોતાના ઉમેદવારો સાથે સંકલન સાધીને કેટલી રકમ ખર્ચી શકે છે તેની મર્યાદા હટાવી દીધી હતી.
* આખરી આંકડા હજુ બાકી છે : ચૂંટણી પહેલાંના છેલ્લા અહેવાલો માત્ર ૧૪ ઓક્ટોબર સુધીની પ્રવૃત્તિઓને આવરી લે છે, તેથી સંપૂર્ણ આંકડા ડિસેમ્બરમાં ચૂંટણી પછીના ફાઇલિંગ બાદ જ જાણી શકાશે.

### પામ બિચ કાઉન્ટીના ક્રેસ્ટહેવનની ઘટનાનો વીડિયો વાયરલ

# ફ્લોરિડામાં બિઝનેસ જેટ આગનો ગોળો બનીને તૂટી પડ્યું, નવનાં મોત

**રહેણાંક વિસ્તારમાં વિમાન અગન-ગોળો બનીને મિસાઈલની જેમ ત્રાટકતાં અનેકને ઈજા : ૬૦૦ લોકોનું તાત્કાલિક સ્થળાંતર કરાયું**

ફ્લોરિડા, તા. ૨

ફ્લોરિડાના પામ બિચ કાઉન્ટીમાં એક પ્રાઈવેટ બિઝનેટ જેટ તૂટી પડ્યું હતું. તેમાં સવાર પાયલટ સહિત ૯ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. રહેણાંક વિસ્તારમાં આ જેટ તૂટી પડ્યું હોવાથી અનેકને ઈજા થઈ હતી. મોટી જાનહાનિ ટળી છે. ઘણાં મકાનો તુરંત ખાલી કરાવાયા હતા. આ ઘટનાના ફૂટેજ વાયરલ થઈ રહ્યાં છે. પ્રાઈવેટ જેટ ઓસ્ટિનથી બહામાસ જઈ રહ્યું હતું.

દક્ષિણ ફ્લોરિડામાં ૯ પ્રવાસીઓને લઈ જતું એક ખાનગી બિઝનેસ જેટ તૂટી પડતાં તેમાં રહેલા ક્રૂ-મેમ્બર સહિત નવે નવ પ્રવાસીઓનાં મૃત્યુ થયાં છે. દક્ષિણ ફ્લોરિડા સ્થિત પ્રમુખ ટ્રમ્પનાં રિસોર્ટ માર-એ-લાગોથી માત્ર ૯ માઈલ જ દૂર બનેલી આ ઘટનાથી અમેરિકામાં હડકંપ મચી ગયો છે. વિમાન વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓને લઈને કેરેબિયન સીમાં રહેલા બાહમાસ દ્વિપ સમુહ તરફ જઈ રહ્યું હતું ત્યાં જ તે પામ-બીચ કાઉન્ટીમાં આવેલાં ક્રેસ્ટ-હેવન શહેર પાસે તૂટી પડ્યું. રસ્તાના કાંઠે મિસાઈલની જેમ અગન-ગોળામાં ફેરવાયેલું વિમાન તૂટી પડ્યું હતું, પરંતુ રહેણાક વિસ્તારથી થોડું દૂર પડ્યું હોવાથી સદભાગ્યે મોટી



જાનહાની બચી ગઈ હતી, પરંતુ ધોરી માર્ગ પર તેથી વિશાળ ખાડો પડી ગયો હતો. વાસ્તવમાં તે ધોરીમાર્ગ ઉપર વાહનોની સતત આવન-જાવન રહે છે, પરંતુ તે દુર્ઘટના સમયે તે દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારમાંથી કોઈ વાહન, જતાં, આવતાં ન હતાં. બીજી તરફ તે ધોરી માર્ગ ઉપર પસાર થતાં વાહનો બંને તરફ થંભી ગયાં હતાં. જેમાં રહેલાઓએ આ દુર્ઘટનાના વિડીયો ઉતાર્યા છે તેમાં આકાશમાંથી ઊંધે માથે પડતું તે વિમાન જોવા મળે છે. પછી રોડ ઉપર જોરથી પટકાતાં અને ધડાકા સાથે અગન-ગોળો બની જતું જોવા મળે છે. આ સાથે તે સ્થળેથી કાળા ધૂમાડાના ગોટે-ગોટા ઉડતા દેખાતા હતા, અને પ્લેનની આજુબાજુ આગની જ્વાળો લટકાતી દેખાતી હતી તેમજ વિમાનના ટુકડાઓમાંથી પણ આગની જ્વાળો લટકાતી દેખાતી હતી. આ જોતાં જ બંનેતરફ ઉભી રહેલી મોટરોમાં બેઠેલા સૌ કોઈએ સહજ રીતે અનુમાન બાંધી લીધું કે તે દુર્ઘટનામાં કોઈ બચે જ નહીં, બચી શકે જ નહીં.

## દિવાળી પાર્ટીમાં અભિનેત્રીઓનો ગ્લેમરસ અંદાજ



દિવાળીના તહેવાર પહેલા બોલિવૂડમાં પાર્ટીઓનો માહોલ જામ્યો છે. આવી જ એક પ્રી-દિવાળી પાર્ટીમાં બોલિવૂડની અનેક અભિનેત્રીઓ ટ્રેડિશનલ લૂકમાં જોવા મળી હતી. અભિનેત્રી ડેઝી શાહ ગ્રીન અને મસ્ટર્ડ રંગના લહેંગા-ચોલીમાં જોવા મળી હતી, જ્યારે ગૌહર ખાને શરારા પસંદ કર્યો હતો. અભિનેત્રી ક્રિસ્ટલ ડિસૂઝા બ્લૂ કલરના આઉટફિટમાં જોવા મળી હતી અને સુચિત્રા કૃષ્ણમૂર્તિએ ફ્લોરલ આઉટફિટ પસંદ કર્યો હતો. પાર્ટીમાં સોનમ બાજવા, અમીષા પટેલ, તનિષા મુખર્જી, સોનાલી સેગલ, નાયરા બેનર્જી, મહિમા ચૌધરી, પદ્મિની કોલ્હાપુરે અને પૂનમ ધિલ્લોન સહિતની અભિનેત્રીઓ પણ ઉપસ્થિત રહી હતી.

### સમગ્ર યુરોપની કૂલિંગ સિસ્ટમ ખોરવી નાખવાની બીજી ઘટના

# યુરોપમાં ફરી સાઈબર હુમલો, હેકરે હજારો ફ્રિજનું તાપમાન ૫૦ ડિગ્રી કર્યું

**રાત્રીના સમયે સુપરમાર્કેટને નિશાન બનાવીને સાઈબર એટેક કરાયો, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, સ્વીડનમાં વધુ હુમલા**

નવી દિલ્હી, તા. ૨

સમગ્ર યુરોપમાં હવે સુપરમાર્કેટના ફ્રીઝર્સ પર સાઈબર હુમલો કરવામાં આવ્યો છે. સ્વીડન, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, એસ્ટોનિયામાં અનેક સ્ટોરની કૂલિંગ સિસ્ટમમાં અચાનક ગડબડ થવા લાગી હતી. કેટલીક જગ્યાઓએ ફ્રિજ અને ફ્રીઝરનું તાપમાન વધીને ૫૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જે બાદ સાઈબર હુમલો થયો હોવાનો કંપનીઓએ દાવો કર્યો હતો.

સ્વીડનની કૂપ કંપનીએ મીડિયાને જણાવ્યું હતું કે અમારા છ સ્ટોર પર આ અસર જોવા મળી હતી, કંપનીઓએ જણાવ્યું હતું કે રાત્રીના સમયે અચાનક જ તમામ ફ્રીઝરના તાપમાનમાં મોટો ફેરફાર થયો હતો, અને ૫૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

આ પહેલા પણ ફ્રાન્સમાં આ જ પ્રકારના હુમલા થઈ ચુક્યા છે જેમાં અનેક સુપરમાર્કેટના હજારો ફ્રિજને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. તાજેતરમાં ફ્રિજ પર સામૂહિક સાઈબર હુમલાની આ બીજી ઘટના છે.

સોમવારે બેલ્જિયમ, લક્ઝમબર્ગમાં સુપરમાર્કેટ ચલાવનારી કંપનીઓ અહોલ્ડ પર સાઈબર હુમલો કરવામાં આવ્યો હતો.



અચાનક જ તાપમાનમાં વધારો કરી દેવામાં આવ્યો હતો. બેલ્જિયમન રેફ્રિજરેશન કંપની સબકોબેલેના સાઈઓએ જણાવ્યું હતું કે આ એક સાઈબર હુમલો હતો, અમારી કૂલિંગ યુનિટના ઈવેપોરેટરને ડીફ્રાસ્ટ મોડમાં નાખી દેવામાં આવ્યું હતું.

જેને કારણે કૂલિંગ સિસ્ટમ જ ઠપ થઈ ગઈ હતી અને તાપમાન વધી ગયું હતું. કંપનીઓના જણાવ્યા મુજબ એક સાથે અનેક ફ્રિજનું તાપમાન વધી જતા મોટું નુકસાન પણ થયું છે.

ડેલાઈઝ અને કોલરૂઈટે જણાવ્યું હતું કે રાત્રીના સમયે કંપનીની કૂલિંગ સિસ્ટમ આંકડો ત્રણ લાખને વટાવી ગયો છે. હુથી બળવાખોરો અને સાઉદી સમર્થિત સરકારી લશ્કર વચ્ચેનો જંગ રોકાવવાનું નામ લેતો નથી, આના પગલે વધુને વધુ લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે. હાલમાં હુથીઓએ તાઈઝ શહેર ફરતે ઘેરો ઘાલ્યો છે. યમનની પ્રજા રાહત, આશ્રય, ખોરાક અને પીવાના પાણી માટે ટળવળી રહી છે. ચીને જણાવ્યું હતું કે તે ઈરાન, ઓમાન અને સાઉદી અરેબિયા ખાસ રાજદૂત મોકલવા વિચારી રહ્યુ છે. ચીન મધ્યપૂર્વમાં તેનો પ્રભાવ પાથરવા આતુર છે અને શાંતિના પુરસ્કરતા તરીકે ઉભરી આવવા માંગે છે. ચીનના માઓનિંગે જણાવ્યું હતું કે આ રાજદૂત તનાવ ઘટાડવા અને સ્થિરતાને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### હુથી-યમનની સેનાની લડાઈમાં ત્રણ લાખ લોકો વિસ્થાપિત

# અમેરિકા શરતો સ્વીકારે તો ૪૮ કલાકમાં હોર્મુઝ ખોલવા ઈરાન તૈયાર

**અમેરિકામાં જેડી વાન્સ અને ખાસ દૂત સ્ટીવ વિટકોફ જ ઈરાન સાથે સમાધાન કરવા ઇચ્છુક, બાકીના યુદ્ધ કરવા માટે ઉત્સુક**

વોશિંગ્ટન,તા.૨

ઈરાને જણાવ્યું હતું કે જો વોશિંગ્ટન તેની સાત માંગ માની લે તો તેઓ ૪૮ કલાકમાં જ હોર્મુઝ ખોલવા અને પરમાણુ કરાર અંગે મંત્રણા કરવા માટે તૈયાર છે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વોશિંગ્ટન સાથે મધ્યસ્થીઓ દ્વારા થયેલા સંવાદના આધારે આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જો કે સમયમર્યાદા ઘણી ઓછી છે. આ બાબત ફરીથી શાંતિ પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નેતન્યાહુએ સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથ અને સેંટકોમ કમાંડર બ્રેન્ડ કુપર સહિત તંત્રના ટોચના અધિકારીઓ પર દબાણ કરવા માંડ્યુ છે. ઈરાન સામેના યુદ્ધને યોગ્ય રીતે સંભાળવામાં નિષ્ફળ ગયેલા બંને જણા કોઈપણ પ્રકારની સમજૂતીના વિરોધમાં છે. બંને મોટું ઓપરેશન શરૂ કરવાની તરફેણમાં છે. વિદેશપ્રધાન માર્કો રૂબિયો અને સીઆઈએ ડાયરેક્ટર જોન રેડક્લિફ પણ નેતન્યાહુની વાત માની રહ્યા છે.

ઈઝરાયેલે પણ ઈરાન સાથે સંભવિત લશ્કરી સંઘર્ષને લઈને પૂરેપૂરી તૈયારી કરી લીધી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના પ્રમુખે પ્રમુખ ટ્રમ્પ સમક્ષ ઈરાન પર ફરીથી યુદ્ધ શરૂ કરવાના વિવિધ વિકલ્પો રજૂ કર્યા છે. આ પરિ સ્થિતિમાં સંરક્ષણાત્મક અને આક્રમક તૈયારીઓ પૂરી કરી લીધી છે. જો કે યુદ્ધનો નિર્ણય ટ્રમ્પના હાથમાં છે. વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ અને દૂત સ્ટીવ વિટકોફ માને છે કે ઈરાન સાથે સમાધાન કરી શકાય છે.

આ દરમિયાન હોર્મુઝમાં જહાજો પર હુમલાના સમાચારે ફરીથી હિલચાલ વધારી દીધી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડસની સેનાએ દાવો કર્યો હતો કે બે ઓઈલ ટેન્કર સુરંગ સાથે ટકરાઈને વિસ્ફોટનો શિકાર થયા છે. એક જહાજમાં વિસ્ફોટ થયા પછી ભારે આગ લાગી છે. યુએન માઈગ્રેશન એજન્સીએ જણાવ્યું હતું કે યમનમાં ચાલતા ગૃહયુદ્ધના લીધે વધુને વધુ લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે. નવેસરથી ભડકી ઉઠેલા ગૃહયુદ્ધમાં વિસ્થાપિતોનો




### સીબીઆઈ તપાસની માગ કરતી અરજી સુપ્રીમે બંધ કરી

# રામ મંદિરમાં દાન ચોરીની સીબીઆઈ તપાસ નહીં થાય

**દાનની ગણતરી કરનારાઓ દ્વારા જ ચોરી કરવામાં આવી હતી : રાજ્ય સરકાર**

નવી દિલ્હી, તા. ૨

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરીના આરોપો સાથે જોડાયેલી અરજીઓનો સુપ્રીમ કોર્ટ દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો. આ અરજીઓમાં મંદિરમાં થયેલી દાન ચોરીની તપાસ સીબીઆઈને સોંપવાની માગણી કરવામાં આવી હતી.

સીબીઆઈ તપાસની માગ ફગાવતી વખતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય સરકારે સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આ સમગ્ર મામલે એસઆઈટીએ ચાર્જશીટ દાખલ કરી દીધી છે. કાયદા મુજબ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આગળની કાર્યવાહી કરશે. જોકે આ મામલામાં જાહેર હિત પણ જોડાયેલું છે માટે અરજદાર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને મદદરૂપ થવા પ્રયાસ કરશે.

સુપ્રીમ કોર્ટને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે આ મામલામાં ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

દાન પેટીમાં આવેલા દાનની ગણતરી કરનારાઓ જ આ ચોરીમાં સામેલ હતા, અગાઉ તપાસમાં સામે આવ્યું હતું કે રામ મંદિરમાં દાન ચોરી કરનારાઓએ બાદમાં મોંઘી સંપત્તિ પણ ખરીદી હતી. હાલમાં સુપ્રીમ કોર્ટે આ મામલાની તપાસ સીબીઆઈને સોંપવાની માગ ફગાવી હતી. જોકે અરજદારને સિવિલ કોર્ટમાં જવાની છૂટ આપી હતી.

### દિવાળીમાં દિલ્હીમાં ગ્રીન ફટાકડા ફોડવા સુપ્રીમની મંજૂરી

# ફટાકડા પર પ્રતિબંધથી પ્રદૂષણનો અંત આવશે તેવા કોઈ ડેટા નથી : સુપ્રીમ

**દિલ્હીમાં દિવાળી પહેલાં પ્રદૂષણમાં તિવ્ર વધારો, સ્મોગ છવાયું : એક્યુઆઈ ૩૫૦ને પાર થયો**

નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ અને તહેવારોની વચ્ચે સમતુલા જાળવવા માટે દિવાળી પર્વે ગ્રીન ફટાકડા ફોડવાની પરવાનગી આપી છે. એ મુદ્દે સ્પષ્ટ નિર્દેશ પણ જાહેર કર્યા છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ આદર્શ પગલું છે, પરંતુ એવો કોઈ ડેટા નથી જે બતાવે કેઆ પ્રતિબંધના કારણે હવામાં પ્રદૂષણની તકલીફનું કાયમી નિરાકરણ આવી જશે.

કોર્ટે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ની દિવસના પોતાના પૂર્વ આદેશનું પાલન કરવાની સાથે દિલ્હી-એનસીઆરમાં ૭-૮ નવેમ્બર, ૨૦૨૬ ના દિવાળી પર્વે નિર્ધારિત સમયમર્યાદામાં ફકત ગ્રીન ફટાકડા ફોડવાની પરવાનગી આપી છે.

કોર્ટના આદેશ અનુસાર, લોકો ફકત સવારે ૭ થી ૮ વાગ્યા સુધી, જ્યારે રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી ગ્રીન ફટાકડા ફોડી શકશે. આ સિવાયના બીજા કોઈ પણ સમયે ફટાકડા સહિતનું દારૂખાનું ફોડવા પર સંપૂર્ણપણે મનાઈ અમલી રહેશે.

સુપ્રીમ કોર્ટે સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સૂચવ્યું છે કે કેટલીક સંસ્થાનોની ૩૦૦ મીટરની મર્યાદામાં કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડી શકાશે નહિ. આ સંસ્થાનોમાં હોસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રાથમિક અને જિલ્લા સ્વાસ્થ્ય કેન્દ્ર, વૃધ્ધાશ્રમ, નોટિફાઈડ સાયલન્સ ઝોન (પ્રદૂષણ બોર્ડ દ્વારા નિશાન કરાયેલા શાંત ક્ષેત્ર)નો સમાવેશ કરાયો છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઉપરોક્ત બધા સંવેદનશીલ સ્થળો અને શૈક્ષણિક સંસ્થાનો (સ્કૂલ-કોલેજો)ને અનિવાર્યપણે 'નો-ક્રેકરઝોન' ઘોષિત કરવામાં આવશે. વહીવટી તંત્રને જણાવાયું છે કે આ વિસ્તારોની ઉચિત બૈરિકેડિંગ અને માર્કિંગ કરવામાં આવે તેમજ આમ જનતાની માહિતીમાટે એનો ચોક્કસપણે વ્યાપક પ્રચાર-પ્રસાર નિશ્ચિતપણે કરાય, જેથી નિયમભંગ થાય નહિ.

### ત્રણ નવા હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

# સહારામાં ૫૦,૦૦૦ કે દસ લાખ નહીં પણ સમગ્ર રકમ પરત મળશે

નવી દિલ્હી, તા. ૨

**જો તમારા નાણાં સહારામાં ફસાયેલા છે અને રિફંડ પોર્ટલ પર અનેક વખત અરજી કરવામાં આવ્યા પછી પણ રકમ તમારા ખાતામાં જમા થઈ નથી તો તમારા માટે આ મહત્ત્વપૂર્ણ સમાચાર છે.**

**૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૯૫૮૫ કરોડ રૂપિયાની રકમ રિફંડ કરવામાં આવી**

હવે તમે ૫૦,૦૦૦ કે ૧૦ લાખ રૂપિયા નહીં પણ પૂરી રકમ માટે અરજી કરી શકો છો. આ અપડેટની માહિતી સહકાર મંત્રાલયે એક્સ પર પોસ્ટ શેર કરીને આપી છે. આ ઉપરાંત સહારા ઈન્ડિયા રિફંડ પોર્ટલ પર ત્રણ નવા હેલ્પ નંબર જારી કરવામાં આવ્યા છે. સહકાર મંત્રાલયનાં જણાવ્યા અનુસાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૯૫૮૫ કરોડ રૂપિયાની રકમ રિફંડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અરજી જમા કરાવવાની સમંગ્ર પ્રકિયા મફત છે. અરજી સંબધિત માહિતી સીઆરસીએસ-સહારા રિફંડ પોર્ટલ પર ઉપલબ્ધ છે. જે લોકોએ અગાઉથી અરજી કરીછે અને જેમને પેમેન્ટ ફેલ થવાનો મેસેજ આવ્યો છે તેઓ બતાવવામાં આવેલી ખામીઓ દૂર કરીને રી સબમિશન પોર્ટલ પર ફરીથી અરજી કરી શકે છે. સહારા રિફંડની પ્રક્રિયા હેઠળ ચાર સહકારી સમિતિઓનાં લાયક જમાકર્તા અરજી કરી શકે છે. તેમાં સહારા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડ, લખનઉ, સહારાયન યુનિવર્સલ મલ્ટી પર્પઝ સોસાયટી લિમિટેડ, ભોપાલ, હમારા ઈન્ડિયા ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડ, કોલકાતા અને સ્ટાર્સ મલ્ટીપર્પઝ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડ, હૈદરાબાદ સામેલ છે.

અરજી જમા કર્યાનાં ૩૦ દિવસની અંદર સહારા ગ્રુપ ઓફ કોઓપરેટિવ સોસાયટી દ્વારા તેની તપાસ કરવામાં આવશે. ત્યાર પછીનાં ૧૫ દિવસની અંદર એસએમએસ કે પોર્ટલનાં માધ્યમથી નિર્ણયની માહિતી આપવામાં આવશે.

### સાત ડિસેમ્બર સુધી ભારત છોડો નોટિસ પર મનાઈહુકમ

# 'વિરોધનો અધિકાર ફક્ત ભારતીય નાગરિકોને' હાઈકોર્ટના ઠપકા બાદ ઈમરાને માફી માગી

**આ તો ભારતની ઉદારતા છે કે તમને પહેલાં નોટિસ આપી, અમેરિકામાં આવું કર્યું હોત તો બીજી જ ફ્લાઈટમાં રવાના કરી દીધા હોત : હાઈકોર્ટ**

મુંબઈ, તા.૨

અમેરિકન નાગરિક અને ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડધારક અભિનેતા ઈમરાન ખાન મતદારયાદીના સ્પેશ્યલ ઈન્સેન્ટિવ રિવિઝન (એસઆઈઆર) સામેના વિરોધમાં કથિત ભાગ લેવા બદલ બિનશરતી માફી માગ્યા બાદ બોમ્બે હાઈકોર્ટે તેને ભારતમાં રહેવાની મંજૂરી આપી હતી. કોર્ટે અભિનેતાની અરજી પર સાત ડિસેમ્બરે સુનાવણી રાખીને ત્યાં સુધી ભારત છોડવાની નોટિસને સ્થગિત રાખવામાં આવી છે.

કોર્ટે ખાનને સવાલ કર્યો હતો કે તમે આંદોલનના સ્થળે શા માટે ગયા હતા? તમારે તેની સ્પષ્ટતા કરવી પડશે કે આંદોલન સાથે મારે કોઈ સંબંધ નહોતો. આંદોલન એસઆઈઆરને મુદ્દે હતું જેની સાથે તમારે કોઈ લેવાદેવા નહોતી.

દેખીતી રીતે તમે ભારતીય નાગરિક નથી . ભારતમાં વિરોધ કરવાનો મૂળભૂત અધિકાર ફક્ત ભારતીય નાગરિકોને છે. આ તો ભારતની ઉદારતા છે કે તમને પહેલાં નોટિસ આપવામાં આવી છે. તમારા અમેરિકામાં જો કોઈ ભારતીય નાગરિકે આ રીતે આંદોલનમાં ભાગ લીધો હોત તો તેને બીજી જ ફલાઈટમાં રવાના કરી દેવાયો હોત એમ કોર્ટે જણાવ્યું હતું.

ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (એફઆરઆરઓ) દ્વારા જારી ભારત છોડો નોટિસને પડકારતી તેમની અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટે અવલોકન કર્યું હતું કે ઓસીઆઈ કાર્ડધારકો દેશની મહેરબાનીથી અહીં રહે છે અને ભારતીય નાગરિકો જેવા જ અધિકારોનો દાવો કરી શકે નહીં. કોર્ટે અભિનેતાને બાંયધરી રજૂ કરવા કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં વિરોધ પ્રદર્શનો અને આંદોલનમાં ભાગ લેવાનું ટાળશે. બાળપણથી ભારતમાં રહો છો, દેશ પ્રત્યે થોડું મોટું મન દાખવો. તમારા ફોલોઅર્સ યુવાનો છે તેમને ખોટો સંદેશો આપો નહીં, એમ કોર્ટે ટકોર કરી હતી. ફક્ત બાંયધરી નહીંચાલે તમારે બિનશરતી માફી માગવી પડશે, અમે કોર્ટે જણાવ્યું હતું.

ઈમરાન ખાને પોતાની અરજીમાં દલીલ કરી હતી કે એક્ઝિક્યુટિવ અધિકારીઓએ તેમને કોઈ પૂર્વ સુનાવણી આપી ન હતી, ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) તરીકેના તેમના કાયદાકીય અધિકારોને અવગણ્યા હતા અને દેશ છોડવાનો નિર્દેશ આપતી વખતે ઉતાવળમાં કામ કર્યું હતું.

૧૭ ઓક્ટોબરના રોજ દાખલ કરાયેલી અરજીમાં ખાને હકાલપટ્ટીના નિર્દેશ જારી કરવામાં અસામાન્ય ઉતાવળ પર પ્રકાશ પાડ્યો છે. ઈમરાન ખાને આરોપ લગાવ્યો છે કે અધિકારીઓએ સ્વતંત્ર રીતે કાર્ય કરવાને બદલે રાજકીય કાર્યકરો દ્વારા જાહેર સોશિયલ મીડિયા ઝુંબેશના દબાણ હેઠળ કામ કર્યું હતું.

અરજીમાં દલીલ કરવામાં આવી છે કે એફઆરઆરઓએ નાગરિકતા કાયદાની કલમ ૭ડીને અવગણી છે જ ઓસીઆઈ કાર્ડધારકના આજીવન નિવાસી દરજ્જાને રદ કરતા પહેલા ઔપચારિક કારણ બતાવો નોટિસ અને સુનાવણીની વાજબી તકને ફરજિયાત બનાવે છે. ૧૭ ઓક્ટોબરના રોજ, એફએફઆરઓએ ખાનને કારણદર્શક નોટિસ પણ જારી કરી હતી જેમાં પૂછવામાં આવ્યું હતું કે નાગરિકતા કાયદાની કલમ ૭ડીહેઠળ તેમનું ઓસીઆઈ નોંધણી કેમ રદ ન કરવી જોઈએ.

### વહેલી સુનાવણીની જરૂરીયાત નથી તેવી ટકોર

# હવાઈ ભાડા ન પોસાતા હોય તો મુસાફરી ન કરવી જોઈએ : સુપ્રીમ

**હવાઈ ભાડાંમાં ૭૦૦ ટકાનો વધારો, એર ટ્રાવેલ જરૂરી સેવા, સમાનતાના અધિકારોનો ભંગ : અરજદારની દલીલ**

નવી દિલ્હી, તા. ૨

દેશમાં તહેવારો અને રજાઓની સીઝન વચ્ચે હવાઈ મુસાફરી મોંઘી થઈ રહી છે. જે મુદ્દે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ કરવામાં આવી હતી, જેને સુપ્રીમે તેની તાત્કાલીક સુનાવણીની ના પાડી હતી અને કહ્યું હતું કે હવાઈ મુસાફરી ના કરો.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા, અપરેશ કુમાર સિંહની બેંચ સમક્ષ એક વકીલે આ મામલાની તાત્કાલીક સુનાવણી કરવાની માગણી કરી હતી, જેના પર ટિપ્પણી કરતા સુપ્રીમની બેંચે કહ્યું હતું કે તો હવાઈ મુસાફરી ના કરો. વકીલે એવી દલીલ કરી હતી કે હાલ તહેવારોની સીઝન છે જેને કારણે વિવિધ ફ્લાઈટોના ભાડામાં ૭૦૦ ટકાનો વધારો થયો છે અને એર ટ્રાવેલ હવે જરૂરી સેવા બની ગઈ છે. જેને કારણે આ ભાવ વધારો બંધારણના આર્ટિકલ ૧૪ અંતર્ગત સમાનતાના અધિકારોનું ઉલ્લંઘન છે.

જોકે આ દલીલો બાદ પણ સુપ્રીમની બેંચે વહેલા સુનાવણીની ના પાડી દીધી હતી અને એવી સલાહ આપી હતી કે જો મોંઘુ ભાડુ હોય તો મુસાફરો ના કરો. આ પહેલા પણ બેફામ ભાવ વધારાને કાબુમાં લાવવા માટે એક સ્વતંત્ર માળખુ તૈયાર કરવાની માગ સાથે એક અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી જે હાલ પણ પેન્ડિંગ છે. આ પહેલા જાન્યુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટે તહેવારો દરમિયાન ઉંચા ભાડાને મુસાફરોનું શોષણ ગણાવ્યા હતા. હાલ આ મામલે તાત્કાલીક સુનાવણી નહીં થાય જોકે સુપ્રીમે અરજીને ફગાવી નથી. તેથી અગાઉ થયેલી અરજીઓની સાથે સુનાવણી કરવામાં આવી શકે છે.

### ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીએ કરેલો દાવો

# રામલીલા મેદાનની રેલીથી દિલ્હીનાં વેપારીઓને ૧૧૦૦૦ કરોડનું નુકસાન

**એક નવેમ્બરે રવિવારે રેલી અને ટ્રાફિક પ્રતિબંધોને કારણે દિલ્હીની ૨.૫ લાખ દુકાનો બંધ રહી હતી**

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીનાં રામલીલા મેદાનમાં ૧ નવેમ્બરે યોજાયેલી મહારેલી અસર દેશની રાજધાનીનાં વેપાર ઉપર પણ પડી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (સીટીઆઈ)નાં જણાવ્યા અનુસાર આ એક દિવસની રેલીને કારણે દિલ્હીનાં વેપારને ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

સીટીઆઈનો દાવો છે કે રેલી અને ટ્રાફિક પ્રતિબંધોને કારણે ૨.૫ લાખ દુકાનો બંધ રહી હતી. તેની અસર ફક્ત બજારો સુધી મર્યાદિત રહી ન હતી. આ રેલીની અસર ટ્રાન્સપોર્ટ, હોટેલ, રેસ્ટોરન્ટ અને ટુરિઝમ જેવા સેક્ટરને પણ થઈ હતી.

સીટીઆઈએ પ્રશ્ન કર્યો છે કે વેપારીઓ, ફેક્ટરી માલિકા અને દુકાનદારોને થયેલ આ નુકસાનનું વળતર કોણ ચુકવશે?

સીટીઆઈ ચેરમેન બૃજેશ ગોયેલનાં જણાવ્યા અનુસાર મહારેલીને કારણે દિલ્હીનાં રિટેલ અને જથ્થાબંધ બિઝનેસને લગભગ ૮૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

રામલીલા મેદાનનાં આસપાસનાં ૫ કિમીનાં વિસ્તારમાં અનેક મોટા અને વ્યસ્ત બજારો આવેલા છે. સીટીઆઈનાં જણાવ્યા અનુસાર આ બજારોમાં કુલ ૩ લાખ દુકાનો આવેલી છે.

આ નુકસાન એવા સમયે થયું છે જ્યારે બજારોમાં ધનતેરસ (૬ નવેમ્બર) અને દિવાળી (૮ નવેમ્બર)ની તૈયારીઓ ચાલી રહી હતી. બજારો માટે તહેવારો પહેલાની આ પીક સિઝન છે.

સીટીઆઈએ જણાવ્યું છે કે સોનીપત, પાનીપત, ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ, નોએડા, મેરઠ, બહાદુરગઢ સહિતનાં આસપાસનાં ૧૦૦ શહેરો અને પ્રાંતોમાંથી દરરોજ ૩ થી ૪ લાખ ગ્રાહકો દિલ્હીનાં બજારોમાં ખરીદી માટે આવે છે.

જો કે મહારેલીનાં દિવસે ટ્રાફિક અને અવરજવરમાં અવરોધને કારણે લોકોએ દિલ્હીનાં બજારોમાં આવવાનું ટાળ્યું હતું.


દરેક ફેમિલીની ફેવરીટ EV એટલે
iQUBE
₹10 000* સુધીના લાભ
TVS
212 KM IDC RANGE
SMART HILL-HOLD
TFT TOUCH DISPLAY
TRUSTED BY
10 LAKH+
HAPPY FAMILIES
₹59 999# BaaS કિંમત
₹1 19 039# ઓન-રોડ એક્સ-શોરૂમ કિંમત
₹3 997 સહિત ચેમ્પ્સ
₹2 199 ના સસ્તા EMI
INDIA'S FAVOURITE
FAMILY EV
*Benefits of up to ₹10 000 on select bank cards. #Effective ex-showroom price in Gujarat. T&C apply.
Also available on Flipkart
Available in CSD
1000+ CITIES 3500+ OUTLETS
Benefits of up to ₹10 000
Search for TVS iQube
HDFC BANK
SBI


Hyundai Super Delight Days
Get benefits of up to ₹1 00 000* on your favourite Hyundai Cars.
HYUNDAI
AURA benefits up to ₹30 000*
CRETA benefits up to ₹1 00 000*
EXTER benefits up to ₹50 000*
Low starting EMI of ₹999 per Lakh^
3 Unlimited Kilometer Warranty
10 Road Side Assistance (RSA)
HYUNDAI
Ahmedabad: Karnavati Hyundai Sola, Ph: 9825007045, Nikol Ph: 7600330999, Vtex Hyundai Chandkheda Ph: 9727588890, Veda Hyundai Gota Ph: 9978078040, Sharma Hyundai Ashram Road Ph: 40018800, 7574850193, Naroda Ph: 7226070700, 9099938777, Planet Hyundai Ph: 9825005590, 66107000, Pratham Hyundai Shantipura Ph: 9377808050, Concept Hyundai SG Highway Ph: 8980007060, Narol Ph:9099033012, Vasna Ph: 9099099404, Akhabarnagar Ph: 9825604222, Gallops Hyundai Shilaj Ph: 9909991939, Panjrapole / Manav Mandir Ph: 7878781666, S.G. Highway (YMCA) Ph: 8238083636, Vastral Ph: 9374611001, Bareja Ph: 9909992122, Kuha Ph: 9909049903,
Sanand: Pratham Hyundai Ph: 9377808050, Bavla Ph: 9925015249, Dholka Ph: 9825064191, Viramgam Ph: 9825018515, Anand: Downtown Hyundai Ph: 02692-619191, 9227108694, Borsad Ph:9913558265,
Nadiad Ph: 252700/800, 9227108001, Gandhinagar: Punjab Hyundai Ph: 7820003300, Kalol Ph:7820003300,Dehgam Ph: 7820003300, Himmatnagar: Bhurawala Hyundai Ph: 9825146286, Modasa Ph: 6354910513, Idar Ph: 6354910517,
Prantij Ph: 9099047544, Mehsana: SP Hyundai Ph: 9687788000, Kadi Chhatrai Road Ph: 9227702676, Visnagar Ph: 9274683049, Unjha Ph:9227990744, Palanpur: Shubh Hyundai Ph: 75758 08003, Deesa Ph: 6358376259, 7573844844,
Tharad Ph:7573946944, Patan Ph: 7575030326, Surendra Nagar: Concept Hyundai Ph: 9879000042 Limbdi Ph: 6357888045, Dhangadhra Ph: 63579 88008, Balasinor: President Hyundai, Ph: 9099095407
my Hyundai
Hyundai Promise
Certified Pre-Owned Car